SUPREME AUDIT INSTITUTION OF INDIA
लोकहितार्थ सत्यनिष्ठा
Dedicated to Truth in Public Interest

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
માર્ચ 2023 અંતિત અવધિ માટેનો અહેવાલ

ગુજરાત સરકાર

2025નો અહેવાલ ક્રમાંક 5

(અનુપાલન ઓડિટ - મુલ્કી)

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
માર્ચ 2023 અંતિત અવધિ માટેનો અહેવાલ

ગુજરાત સરકાર

2025નો અહેવાલ ક્રમાંક 5

વિષયસૂચી

વિગતો	ફકરો	પૃષ્ઠ
પ્રસ્તાવના		v-vi
કાર્યલક્ષી સમીક્ષા		vii-xiii
પ્રકરણ I – પ્રસ્તાવના		
આ અહેવાલ વિષે	1.1	1
ઓડિટ કરવામાં આવેલા એકમોની રૂપરેખા	1.2	1
ઓડિટ સંબંધી સત્તાઓ	1.3	4
ઓડિટનું આયોજન અને સંચાલન	1.4	4
મહત્વપૂર્ણ ઓડિટ અવલોકનો	1.5	5
ઓડિટ માટે સરકારનો પ્રતિભાવ	1.6	6
પ્રકરણ II –વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ		
નાણા વિભાગ		
ગુજરાત માલ અને સેવા વેરા હેઠળ ઇ-વે બિલ પ્રણાલી	2.1	11
ગુજરાત માલ અને સેવા વેરા હેઠળ કમ્પોઝિશન લેવી યોજના	2.2	43
પ્રકરણ III – અનુપાલન ઓડિટના ફકરાઓ		
મહેસૂલ વિભાગ		
સરકારી જમીનની ફાળવણી પર સ્ટેમ્પ ડ્યુટીની બિન/ઓછી વસૂલાત	3.1	75
રૂપાંતર વેરાની બિન/ઓછી વસૂલાત	3.2	81
વ્યાજની બિન/ઓછી વસૂલાત	3.3	91
ખરેખર ઔદ્યોગિક ઉપયોગ માટે ખેતીની જમીન ખરીદવાના કેસોમાં દંડની બિન/ઓછી વસૂલાત	3.4	94
બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતીની પરવાનગીઓ આપવામાં આવી હોય તેવા કિસ્સાઓમાં પ્રીમિયમની ઓછી વસૂલાત	3.5	100
પ્રીમિયમની બિન/ઓછી વસૂલાત	3.6	101
સર્વિસ ચાર્જની બિન/ઓછી વસૂલાત	3.7	104
સરકારી જમીનની ફાળવણી માં ભોગવટાની કિમતની ઓછી વસૂલાત	3.8	105
માર્ગ અને મકાન વિભાગ		
જમીનના સંપાદનમાં વિલંબના કારણે સમય મર્યાદા અને ખર્ચમાં વધારો	3.9	108

વિગતો	ફકરો	પૃષ્ઠ
તોડી પાડવામાં આવેલી સામગ્રી માટે ક્રેડિટની વસૂલાત	3.10	111
ગૃહ વિભાગ		
જમીનના માલિકી હકની ખાતરી અથવા આવશ્યક મંજૂરીઓ મેળવ્યા વિના બાંધકામ શરૂ કરવાના કારણે નકામો ખર્ચ અને ખર્ચમાં વધારો	3.11	112
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ		
એક્વેટિક્સ ગેલેરીની નબળી જાળવણી	3.12	117
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ		
હજીરા ક્ષેત્ર માટે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ નિગમ લિમિટેડ અને NIKO રિસોર્સિસ લિમિટેડ પાસેથી રોયલ્ટી અને વ્યાજની ઓછી વસૂલાત	3.13	120

પરિશિષ્ટો

પરિશિષ્ટ સંખ્યા	વિષય	સંદર્ભ ફકરો	પૃષ્ઠ
I	30 સપ્ટેમ્બર 2023 ની સ્થિતિએ બાકી નિરીક્ષણ અહેવાલો અને ફકરાઓની વર્ષવાર વિગતો	1.6.1	125
II	મુખ્ય સમસ્યા ક્ષેત્ર	2.1.5 અને 2.1.8.1	126
III	કમ્પોઝિશન લેવી યોજના માટેની પાત્રતા	2.2.6.1 અને 2.2.6.4 v	127
IV	ઔદ્યોગિક હેતુ માટે જમીનના ઉપયોગમાં વિલંબ માટે વસૂલ કરવાપાત્ર દંડની વિગતો	3.4(A)	128
V	વસૂલ કરવી જરૂરી બજાર કિમતની વિગતો	3.4(B)	130
VI	કંપનીનના વિભાજન/જોડાણ વખતે જમીનની તબદીલી માટે પ્રીમિયમની બિન-વસૂલાત	3.4(C)	131
VII	બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતીની પરવાનગી આપવામાં	3.5	132

પરિશિષ્ટો			
પરિશિષ્ટ સંખ્યા	વિષય	સંદર્ભ ફકરો	પૃષ્ઠ
	આવી હતી એવા કેસોમાં પ્રીમિયમની ઓછી વસૂલાત		
VIII	પ્રીમિયમ કિમતની બિન/ઓછી વસૂલાત	3.6	140
IX	સર્વિસ ચાર્જની ઓછી વસૂલાત	3.7	148
X	કામ નં. 1 નો ઘટનાક્રમ: લેવલ ક્રોસીંગ 81 ની જગ્યાએ રેલ ઓવર બ્રિજ	3.9	151
XI	નિર્ધારિત સંખ્યા કરતાં ઓછી જળચર પ્રજાતિઓ હોય એવી પ્રદર્શન ટાંકીઓની મહિના-મુજબ વિગતો અને વસુલવાપાત્ર દંડ	3.12	152
XII	ઓડિટ સમયગાળા દરમિયાન પર્યાપ્ત સંખ્યા કરતાં ઓછી પ્રજાતિઓ ધરાવતી ટાંકીઓ દર્શાવતો હીટ મેપ	3.12	157
XIII	ગુજરાત સરકારને ચૂકવવાપાત્ર રોયલ્ટી અને વ્યાજ	3.13	159

પ્રસ્તાવના

2022-23ના સમયગાળાનો આ અહેવાલ ભારતના બંધારણની કલમ 151 હેઠળ ગુજરાતના રાજ્યપાલશ્રીને સોંપવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

આ અહેવાલમાં રાજ્ય સરકારના છ વિભાગોને લગતા મહત્વના અનુપાલન ઓડિટ અવલોકનોનો સમાવેશ થાય છે આ ઓડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની (ફરજો, સત્તાઓ, અને સેવાની શરતો) અધિનિયમ, 1971 અને આની અંતર્ગત ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા બહાર પાડવામાં આવેલા ઓડિટ અને હિસાબી નિયમનો, 2020 હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. આ અહેવાલ ભારતના બંધારણના કલમ ૧૫૧(૨) હેઠળ રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવો જરૂરી છે.

2022-23ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલા પ્રતિક ઓડિટમાં ધ્યાને આવેલા, તેમજ પહેલાના વર્ષોમાં ધ્યાને આવેલા પરંતુ અગાઉના ઓડિટ અહેવાલમાં સમાવેશ નહી થઇ શકેલા કિસ્સાઓનો પણ આ અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે; 2022-23 પછીના સમયના કિસ્સાઓ પણ જ્યાં જરૂર જણાય ત્યાં સમાવવામાં આવ્યાં છે.

આ ઓડિટ, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જારી કરવામાં આવેલા ઓડિટના ધોરણો અનુસાર હાથ ધરવામાં આવ્યું છે.

નોંધ: મૂળ અંગ્રેજી અહેવાલ ઉપરથી અનુવાદ કરેલ હોઈ, આ અહેવાલમાં રહેલ હકીકત દોષ માટે મૂળ અંગ્રેજી અહેવાલમાં આપેલી વિગત સાચી ગણવી.

કાર્યલક્ષી સમીક્ષા

કાર્યલક્ષી સમીક્ષા

પ્રસ્તાવના

આ અહેવાલમાં બે વિષય-વિશિષ્ટ અનુપાલન ઓડિટ અને 13 વ્યક્તિગત ઓડિટ ફકરાઓમાંથી ઉદભવતા ઓડિટ અવલોકનોનો સમાવેશ થાય છે. મહત્વપૂર્ણ ઓડિટ અવલોકનોની ચર્ચા નીચે કરવામાં આવી છે.

વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ

આ અહેવાલમાં સામેલ રાજ્ય સરકારના નાણા વિભાગ સંબંધિત વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટના મુખ્ય અંશો નીચે મુજબ છે.

નાણા વિભાગ

ગુજરાત માલ અને સેવા વેરા હેઠળ ઇ-વે બિલ પ્રણાલી

ઇ-વે બિલની (EWB) સરકાર દ્વારા દેખરેખ હેઠળના કર વહીવટ મોડેલથી કરદાતા દ્વારા સેલ્ફ-રિપોર્ટિંગ મોડેલમાં પરિવર્તન તરીકે કલ્પના કરવામાં આવે છે. તે માલની હેરફેર માટે જરૂરી દસ્તાવેજ છે અને માલ રવાના કરતાં પહેલાં તેની વિગતો મેળવવા માટે રચાયેલ છે.

ઓડિટમાં 01 એપ્રિલ 2018 થી 31 માર્ચ 2022 વચ્ચેના સમયગાળા દરમિયાન ઇ-વે બિલ પોર્ટલમાં નોંધાયેલી વ્યક્તિઓના ઇ-વે બિલના વ્યવહારોની સમીક્ષા કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય સરકારના મહેસૂલી હિતોનું રક્ષણ કરવામાં ઇ-વે બિલ પ્રણાલીની અસરકારકતાનું મૂલ્યાંકન કરવાનો અને ઇ-વે બિલની જોગવાઈઓના અમલીકરણમાં વિભાગના નિવારક અને અમલીકરણ પગલાંની કાર્યક્ષમતા અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવાનો હતો. આ હેતુ માટે, ઓડિટે 2018-19 થી 2021-22 ના સમયગાળા માટે 18 એકમો હેઠળ આવતા 30 કરદાતાઓના 89 ઇ-વે બિલ અને કુલ 14 એકમોમાંથી આઠ નિવારક એકમોની પસંદગી કરી હતી અને આ પસંદ કરેલા નિવારક એકમોમાંથી 376 કેસોની તપાસ કરી હતી.

GSTR-1માં ઇન્વોઇસ મુજબ બાહ્ય પુરવઠાની વિગતો વિભાગના SSOID-દ્વારા GSTN પોર્ટલ પર ઓડિટ માટે સુલભ ન હતી. પરિણામે, ઓડિટે વિભાગને 2018-19 થી 2021-22 ના સમયગાળા માટે 10 એકમોમાં 18 કરદાતાઓ માટે આ વિગતો પૂરી પાડવા વિનંતી કરી હતી. જો કે, માહિતી પૂરી પાડવામાં આવી ન હતી. વિભાગે જણાવ્યું હતું કે આ મુદ્દો ઇ-ગવર્નન્સ શાખા સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો.

ઓડિટ ચકાસણીમાં તપાસાયેલા 30 કરદાતાઓમાંથી 13 કરદાતાઓ દ્વારા અનુપાલનમાં વિચલન ધ્યાન પર આવ્યુ હતું, જેનું નાણાકીય મૂલ્ય ₹ 23.57 કરોડ હતું. ઓડિટના તારણોમાં રદ કરાયેલા કરદાતાઓ દ્વારા, GST રિટર્ન ફાઇલ ન કરનારાઓ દ્વારા, શૂન્ય રિટર્ન ફાઇલ કરનારા કરદાતાઓ દ્વારા અને નિર્ધારિત મર્યાદા પાર કરી હોય એવા કમ્પોઝિશન કરદાતાઓ દ્વારા ઇ-વે બિલ જનરેટ

કરવામાં આવ્યા હતા. કમ્પોઝિશન કરદાતાઓ દ્વારા આંતર-રાજ્ય ઇ-વે બિલ જનરેટ કરવામાં આવ્યા હતા. ત્રણ કેસોમાં ડેટા એન્ટ્રી ભૂલો હતી કારણ કે બાહ્ય પુરવઠાનું મૂલ્ય અસામાન્ય રીતે ઊંચું હતું. ઇ-વે બિલ પોર્ટલે અમાન્ય પીન કોડ અને બે પીન કોડ વચ્ચે અયોગ્ય અંતર હોવા છતાં ઇ-વે બિલ જનરેટ કરવાની મંજૂરી આપી હતી. આ સંદર્ભમાં મહત્વપૂર્ણ ઓડિટ તારણો નીચે રજૂ કરવામાં આવ્યા છે:

2018-19 થી 2020-21 દરમિયાન જનરેટ કરવામાં આવેલા નમૂનારૂપ 63 ઇ-વે બિલો પૈકી પાંચ ઇ-વે બિલ રદ થયેલા કરદાતાઓ દ્વારા જનરેટ કરવામાં આવ્યા હતા જેમની નોંધણી પાછલી અસરથી સ્વતઃ રદ કરવામાં આવી હતી. આ તમામ કરદાતાઓએ નોંધણી રદ થવાની અસરકારક તારીખ બાદ ₹ 15.80 કરોડનો વેરો સંકળાયેલ હતો એવા ₹ 98.87 કરોડની આકારણી કિંમત વાળા 1,901 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા. આમ છતાં, વિભાગે ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ 63 હેઠળ આ કરદાતાઓની વેરાની જવાબદારીની આકારણી કરી ન હતી.

ઓડિટે 2018-19 થી 2020-21 દરમિયાન છ ઘટકો હેઠળ આવતા આઠ કરદાતાઓ દ્વારા જનરેટ કરવામાં આવેલા 17 ઇ-વે બિલોની પ્રતિક ચકાસણી કરી હતી. ઓડિટે આવલોકન કર્યું હતું કે બે કરદાતાઓએ શૂન્ય GSTR-3B રજૂ કર્યા હોવા છતાં 2019-20 અને 2020-21 ના સમયગાળા દરમિયાન ₹ 1.49 કરોડનો વેરો સામેલ હતો એવા ₹ 17.65 કરોડના 175 ઇ-વે બિલો બાહ્ય પુરવઠા માટે જનરેટ કર્યા હતા. આના પરિણામે કરપાત્ર પુરવઠો જાહેર ન થયો અને વેરાની ચુકવણી ન થઇ હતી.

ઓડિટમાં વિભાગના નિવારક એકમો દ્વારા કરવામાં આવતી નિવારણ અને અમલીકરણ પ્રવૃત્તિમાં પણ ખામીઓ જોવા મળી હતી જેમ કે યોગ્ય કર, દંડ અને ફાઈન વસૂલ્યા વિના વાહન છોડવું, કેશ લેજર દ્વારા કર, દંડ અને ફાઈન સરભર કર્યા વિના, અટકાવાયેલા વાહનો પર કર, દંડ અને ફાઈનની ઓછી વસૂલાત.

ઓડિટે સાત નિવારક એકમો અને સંરાવેક (અમલીકરણ), અમદાવાદને લગતા બુક કરેલા 373 કેસોની તપાસ કરી હતી અને જોવામાં આવ્યુ હતું કે 82 કેસોમાં, નિર્દિષ્ટ પ્રક્રિયાનો અમલ કરવામાં આવ્યો ન હતો (તપાસ અહેવાલ GST-MOV-04 વાહનનો હવાલો ધરાવનાર વ્યક્તિને જારી કરવામાં આવ્યો ન હતો, GST-EWB-03 (Part-B) નમૂનામાં અંતિમ તપાસ અહેવાલ બાકી હતો વગેરે).

કલમ 129 અને 130 હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી અંગેની માહિતી ન તો ક્ષેત્રાધિકાર ધરાવનાર સત્તાધિકારી પાસે ઉપલબ્ધ હતી કે ન તો નિવારણ વિભાગો દ્વારા આપવામાં આવી હતી. આના પરિણામે, ક્ષેત્રાધિકાર ધરાવનાર સત્તાધિકારી કરદાતા સામે કરવામાં આવેલ અન્વેષણ કાર્યવાહી અંગે અજાણ રહ્યા હતા.

નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર કેન્દ્ર અને રાજ્ય સરકારો હેઠળના માલ અને સેવા વેરાના વિભાગો સાથે ઇ-વે બિલના વ્યવહારો પર વિશ્લેષણાત્મક અહેવાલો પુરા પાડે છે. ઇ-વે બિલની ચકાસણીના આયોજન માટે નિવારક ઘટકો દ્વારા આ અહેવાલોનો કેટલો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની

ઓડિટમાં તપાસ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે નિવારક એકમો અને મોબાઇલ સ્ક્વોડ ટીમોના યોગ્ય અધિકારીઓ પાસે MIS રિપોર્ટ સુધી પહોંચ મર્યાદિત હતી.

ઓડિટની ભલામણો નીચે મુજબ છે:

- *સરકારે GSTN પોર્ટલ અને ઇ-વે બિલ પોર્ટલનું જોડાણ કરવા અને બેકએન્ડ એપ્લિકેશન, એટલે કે બોવેબ (Boweb) પર વેરા અધિકારીઓને તેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) અને GST કાઉન્સિલ સમક્ષ આ મુદ્દો ઉઠાવવો જોઇએ.*

- *સરકારે આ મુદ્દો GSTN અને મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવવો જોઇએ જેથી ડેટા એન્ટ્રી ભૂલોને રોકવા અને વિભાગના સંસાધનોના વધુ સારી ચકાસણી અને શ્રેષ્ઠ ઉપયોગને સરળ બનાવવા માટે ઇ-વે બિલ પ્રણાલીમાં માન્યતા નિયંત્રણો અને સોફ્ટ એલર્ટના વિવેકપૂર્ણ મિશ્રણ પર વિચાર કરી શકાય.*

- *કાયદાની કલમ 129 અને 130 હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય એવા કિસ્સાઓમાં અધિકારક્ષેત્રના સત્તાધિકારી માટે ચેતવણી ઉત્પન્ન કરવા માટે એક પદ્ધતિ વિકસાવવાનું વિભાગે વિચારવું જોઇએ જેથી બિન-પાલન કરનારા કરદાતાઓ સામે અધિકારક્ષેત્રના સત્તાધિકારી દ્વારા સમયસર કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય.*

- *વિભાગ અમલીકરણ વિભાગોને વ્યવસ્થાપકો માટેની માહિતી પધ્ધતિના અહેવાલોના યોગ્ય ઉપયોગ દ્વારા આંતરવાની પ્રવૃત્તિઓનું આયોજન કરવા નિર્દેશ આપવા જોઇએ.*

(ફકરો 2.1)

ગુજરાત માલ અને સેવા વેરા હેઠળ કમ્પોઝીશન લેવી યોજના

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, 2017 હેઠળ કમ્પોઝીશન લેવી યોજના નાના કરદાતાઓ માટે વેરો વસૂલાતની વૈકલ્પિક પદ્ધતિ પૂરી પાડે છે જે રિટર્ન રજૂ કરવાની પ્રક્રિયાને સરળ બનાવીને, રેકોર્ડની મુશ્કેલીમુક્ત જાળવણી અને મર્યાદિત વેરો જવાબદારી પૂરી પાડીને તેમને રાહત આપી શકે.

નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા કમ્પોઝીશન કર વસૂલાત યોજનામાં દાખલ થતાં કે બહાર નીકળતી વખતે નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા અનુપાલન અને વિભાગની ચકાસણી અને દેખરેખ પ્રક્રિયાઓની તપાસ કરવા માટે આ ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું. પરિકલ્પિત ઓડિટ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે, 1 જુલાઈ 2017થી 31 માર્ચ 2022 વચ્ચેના સમયગાળા માટે નમૂના તરીકે લેવામાં આવેલા નોંધાયેલી વ્યક્તિઓની પરીક્ષણ તપાસ નવેમ્બર 2022 અને જાન્યુઆરી 2024 વચ્ચે હાથ ધરવામાં આવી હતી. પદ્ધતિમાં GSTN કોમન પોર્ટલ પર ઓનલાઈન રજૂ કરેલા રિટર્ન/પત્રકો ચકાસવા માટે SSOID (સિંગલ સાઇન ઓન આઈડેન્ટિટી) સુવિધાનો ઉપયોગ કરીને નમૂના લેવામાં આવેલા નોંધાયેલી વ્યક્તિઓની વિગતોની ચકાસણીનો સમાવેશ થતો હતો.

ઓડિટના તારણો, અન્ય બાબતોની સાથે, ટર્નઓવરની મર્યાદાનો ભંગ થયો હોવા છતાં કમ્પોઝિશન લેવી યોજના હેઠળ લાભનો અનિયમિત ઉપયોગ, રિટર્ન રજૂ કરવામાં વિલંબ માટે મોડી ફીની બિન/ઓછી ચુકવણી, નોંધાયેલ વ્યક્તિઓએ તેમના હાલના સ્ટોક અને ઇનપુટ વેરા શાખ (ITC) ઉલટાવવા વિશે ફરજિયાત સ્વ-મૂલ્યાંકન ઘોષણા ફોર્મ રજૂ ન કરવા અને ડેટા એન્ટ્રી ભૂલોનો સમાવેશ કરે છે. ઓડિટમાં નોંધણી રદ કરવાની પ્રક્રિયાઓમાં ખામીઓ જોવા મળી હતી જેમ કે અરજીની તારીખ પહેલાં નોંધણી રદ કરવી, વાર્ષિક રિટર્ન રજૂ કરવાની ખાતરી આપ્યા વિના રદ કરવી અને યોગ્ય અધિકારી દ્વારા સ્વયં-પ્રેરણાથી નોંધણી રદ ન કરવી. વધુમાં, કમ્પોઝિશન યોજના હેઠળ નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા અનુપાલન સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પધ્ધતિનો અભાવ હતો.

ઓડિટ નીચે મુજબ ભલામણો કરે છે:

- *વિભાગે કમ્પોઝિશન યોજના માટે નિર્ધારિત ટર્નઓવરની મર્યાદાનો ભંગ થાય ત્યારે તત્ક્ષણ ચેતવણીઓ મળે તે માટે GSTNમાં માન્યતા ચકાસણી સુનિશ્ચિત કરવા માટે કામગીરી કરવી જોઇએ.*

- *વિભાગે કમ્પોઝિશન લેવી યોજના કરદાતાઓના અનુપાલનની ચકાસણી પધ્ધતિની સમીક્ષા કરવી જોઇએ અને ખાતરી કરવી જોઇએ કે જ્યાં CLS કરદાતાએ CLS માટેની પાત્રતા શરતોનો ભંગ કર્યો હોય તેવા કિસ્સાઓમાં યોગ્ય કાર્યવાહી કરવાનું સુનિશ્ચિત કરવામાં આવે.*

- *સરકાર GST પ્રણાલીમાં માન્યતા નિયંત્રણો દાખલ કરવા માટે GSTN સાથે આ બાબત ઉઠાવવી શકે છે કે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કોઈપણ કરદાતા CLS યોજના માટે પસંદગી કરે અથવા સામાન્ય યોજનામાંથી કમ્પોઝિશન લેવી યોજનામાં જાય ત્યારે તેની આવશ્યક ફોર્મ જેમ કે ITC-03 નિશ્ચિત સમયગાળામાં ફરજિયાત પણે રજૂ કરે. જો કરદાતાઓ આવા ફોર્મ રજૂ ન કરે તો કરદાતાઓને સ્વચાલિત પ્રણાલીથી નોટીસો જારી કરી શકાય.*

- *વિભાગે કમ્પોઝિશન કરદાતાઓના નમૂનાની સમયાંતરે ચકાસણી કરવા માટે એક પદ્ધતિ ઘડવાની જરૂર છે જેથી ખાતરી કરી શકાય કે તેઓ તેમના વ્યવસાયના સ્થળો અને પુરવઠાના બિલોમાં કમ્પોઝિશન કરપાત્ર વ્યક્તિ તરીકેની તેમની સ્થિતિ દર્શાવવાની શરતોનું પાલન કરી રહ્યા છે.*

(ફકરો 2.2)

અનુપાલન ઓડિટના ફકરાઓ

મહેસૂલ વિભાગ

2014-15થી 2022-23ના સમયગાળા દરમિયાન સાત કચેરીઓના રેકર્ડની પ્રતિક ચકાસણી દરમિયાન, ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે વિભિન્ન એકમોને ફાળવવામાં આવેલી સરકારી

જમીનની બજાર કિંમત પર ફાળવણીના 142 કેસોમાં ₹ 34.07 કરોડની સ્ટેમ્પ ડ્યુટી ક્યાં તો વસૂલાત ન કરેલી અથવા ઓછી વસૂલાત કરવામાં આવેલ.

(ફકરો 3.1)

2014-15 થી 2022-23 ના સમયગાળા માટે 13 કચેરીઓના રેકર્ડની પ્રતિક ચકાસણી દરમિયાન, ઓડિટે અવલોકન કર્યું હતું કે ખેતી થી બિન-ખેતી હેતુ માટે ઉપયોગમાં અથવા એક બિન-ખેતી હેતુમાંથી અન્યમાં ફેરફારના હિસાબે 147 કેસોમાં ₹ 12.52 કરોડનો રૂપાંતર વેરો ક્યાં તો વસૂલવામાં આવ્યો ન હતો અથવા ઓછો વસૂલ કરવામાં આવ્યો હતો.

(ફકરો 3.2)

અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર અને છ જીલ્લા કલેક્ટર કચેરીઓના ઓડિટ દરમિયાન, ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે 21 કેસોમાં ભોગવટાની કિમતના તફાવત અથવા પટાના ભાડાની વિલંબિત ચુકવણી પર ₹ 5.74 કરોડનું વ્યાજ ક્યાં તો ઓછું વસૂલ કરવામાં આવ્યું હતું અથવા વસૂલ કરવામાં આવ્યું ન હતું.

(ફકરો 3.3)

નિર્ધારિત સમયગાળામાં ઔદ્યોગિક હેતુ માટે ખેતીની જમીનનો ઉપયોગ/વેચાણ અથવા કંપનીના વેચાણ અથવા વિભાજન/વિલય અંગેની જોગવાઈઓનું પાલન ન થવાને કારણે 34 કેસોમાં ₹ 17.40 કરોડનો દંડની ઓછી/બિન વસૂલાત થઇ.

(ફકરો 3.4)

ગુજરાત ગણોત અને ખેતીની જમીન અધિનિયમ, 1948ની કલમ 43ને વખતોવખત બહાર પડાયેલા વિવિધ સરકારી ઠરાવો અને માર્ગદર્શિકાઓની સાથે વંચાણે લેતાં તે કલમ હેઠળ 210 કેસોમાં વસૂલ કરવાપાત્ર ₹ 28.79 કરોડનું પ્રીમિયમ ઓછું વસૂલવામાં આવ્યું હતું.

(ફકરો 3.5)

'નવી અને પ્રતિબંધિત શરત' હેઠળની ખેતીની જમીનને વિભિન્ન બિન-ખેતી હેતુઓ માટે 'જૂની શરત' માં રૂપાંતરિત કરવા સંબંધિત 161 કેસોમાં ₹ 19.35 કરોડનું પ્રીમિયમ વસૂલવામાં આવ્યું ન હતું અથવા ઓછું વસૂલવામાં આવ્યું હતું.

(ફકરો 3.6)

સરકારી જમીનની ફાળવણીમાં અરજદારો પાસેથી 49 કેસોમાં ₹ 1.98 કરોડના સર્વિસ ચાર્જની બિન અથવા ઓછી વસૂલાત કરવામાં આવી હતી.

(ફકરો 3.7)

વિભિન્ન અરજદારોને ફાળવવામાં આવેલી સરકારી જમીનની બજાર કિમત નક્કી કરવાની નિર્ધારિત મૂલ્યાંકન પ્રક્રિયાનું પાલન ન કરવાના કારણે ત્રણ કેસોમાં ₹ 48.72 કરોડની ભોગવટાની કિંમતની ઓછી વસૂલાત થઇ હતી.

(ફકરો 3.8)

માર્ગ અને મકાન વિભાગ

કાર્ય આદેશ આપતા પહેલાં માર્ગ અને મકાન વિભાગે રેલવે ઓવર બ્રિજોના બાંધકામ માટે જમીનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી ન હતી. ત્યારબાદ જમીનના સંપાદનમાં વિલંબને કારણે બે કેસોમાં ખર્ચમાં ₹ 15.22 કરોડનો વધારો થયો હતો.

(ફકરો 3.9)

કરાર સમજુતીમાં તોડી પાડવામાં આવેલ સામગ્રીની ક્રેડિટની વસૂલાત માટેની જોગવાઇ સામેલ હોવા છતાં, માર્ગ અને મકાન વિભાગોએ પાંચ કેસોમાં ઇજારદારોને કરવામાં આવેલી ચૂકવણીઓમાંથી ₹ 1.07 કરોડની રકમની વસૂલાત કરી ન હતી. છ વિભાગોમાં 14 અન્ય કામોમાં, ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવ્યા બાદ સંબંધિત વિભાગો દ્વારા ₹ 1.89 કરોડની રકમની તોડી પાડવામાં આવેલી સામગ્રી માટે શાખની વસૂલાત કરી હતી.

(ફકરો 3.10)

ગૃહ વિભાગ

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડે કામ શરૂ કરતા પહેલાં ન તો જમીનની માલિકીની ખાતરી કરી હતી કે ન તો આવશ્યક મંજૂરી મેળવી હતી. પરિણામે, ત્રણ કેસોમાં કામો અધવચ્ચે બંધ કરવા પડ્યા હતા જેથી બે કામોમાં ₹ 7.81 કરોડના નિરર્થક ખર્ચ થયો હતો અને એક કેસમાં ₹ 5.27 કરોડનો વધારાનો ખર્ચ થયો હતો.

(ફકરો 3.11)

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી (GCSC) એ 'એક્વાટિક્સ ગેલેરી' ના બાંધકામ અને જાળવણીનો ઇજારો એક ઇજારદારને આપ્યો હતો જેમાં જૂલાઇ 2021 થી 60 મહિનાના સમયગાળાની જાળવણી સામેલ હતી. ઇજારાની શરતો હેઠળ, ઇજારદાર સ્વખર્ચે એક માસની અંદર મૃત જળચર પ્રજાતિઓ 100 ટકા બદલવા માટે જવાબદાર હતા. ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે એક્વાટીક ગેલેરી ખુલ્લી મુકાઇ ત્યારથી ચોક્કસ પ્રદર્શન ટાકીઓમાં બાંધકામ અને જાળવણીના કરારમાં દરેક ટાંકી માટે નિયત કરેલી સંખ્યા કરતાં ઓછી જળચર પ્રજાતિઓ હતી અને તે ઘટ 33.82 ટકા (જૂલાઇ 2021) થી 61.76 ટકા (જૂલાઇ 2022) વચ્ચે હતી. આમ છતાં, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી એ જળચર પ્રજાતિઓની નિર્દિષ્ટ સંખ્યા જાળવવાના કરારની જરૂરિયાતના બિન-અનુપાલન માટે ઇજારદાર પાસેથી ₹ 7.11 કરોડનો લાગુ પડતો દંડ વસૂલ કર્યો ન હતો.

(ફકરો 3.12)

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

હજીરા તેલક્ષેત્રનું સંચાલન કરતા સંયુક્ત સાહસે ઉત્પાદન વહેંચણી કરારની શરતો અનુસાર ગુજરાત સરકારના રોયલ્ટી અને વ્યાજના હિસ્સાની ચૂકવણી કરી ન હતી જેના પરિણામે ₹ 6.72 કરોડની રોયલ્ટીની અને રોયલ્ટીની ચુકવણીમાં વિલંબ બદલ ₹ 36.52 કરોડની વ્યાજની ઓછી વસૂલાત થઇ હતી.

(ફકરો 3.13)

પ્રકરણ ।

પ્રસ્તાવના

પ્રકરણ I

પ્રસ્તાવના

1.1 આ અહેવાલ વિષે

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (કેગ) નો આ અહેવાલ ગુજરાત સરકારના વિભાગોના અનુપાલન ઓડિટમાથી ઉદભવતા મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યો છે.

અનુપાલન ઓડિટ એ ઓડિટ કરાયેલી સંસ્થાઓના કાર્ય અને વ્યવહારોનું મૂલ્યાંકન છે જેથી ખાતરી કરી શકાય કે ભારતના બંધારણની જોગવાઈઓ, લાગુ પડતા કાયદાઓ, નિયમો, નિયમનો અને સક્ષમ અધિકારીઓ દ્વારા જારી કરાયેલા વિવિધ આદેશો અને સૂચનાઓનું પાલન થઈ રહ્યું છે કે નહીં. આમ, અનુપાલન ઓડિટ નિયમિતતા અને યોગ્યતાના મુદ્દાઓ પર સંસ્થાઓના કાર્યનું મૂલ્યાંકન કરે છે.

આ અહેવાલનો મુખ્ય હેતુ રાજ્ય વિધાનસભાના ધ્યાન પર ઓડિટના મહત્વપૂર્ણ પરિણામો લાવવાનો છે. ઓડિટના ધોરણો અનુસાર, અહેવાલ માટેનું ભૌતિક સ્તર વ્યવહારોની પ્રકાર, જથ્થો અને પરિમાણ સાથે સુસંગત હોવું જોઈએ. ઓડિટના તારણોથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કારોબારી સંસ્થાઓના નાણાકીય વ્યવસ્થાપનમાં સુધારો લાવવા માટે નીતિઓ અને નિર્દેશો ઘડવા માટે સુધારાત્મક પગલાં લઈ શકાશે, આમ, વધુ સારા શાસનમાં ફાળો આપશે.

આ અહેવાલના પ્રકરણોની નીચે મુજબ રચના કરવામાં આવી છે

- આ પ્રકરણ (પ્રકરણ I) ઓડિટના આયોજન અને વ્યાપની સમજણ આપવા ઉપરાંત વિવિધ પ્રકારના ઓડિટ દરમિયાન કરવામાં આવેલા અવલોકનોનો સારાંશ આપે છે અને અગાઉના ઓડિટ અહેવાલો પરની અનુવર્તી કાર્યવાહીનું સંક્ષિપ્તમાં વિશ્લેષણ પણ કરે છે.

- પ્રકરણ II માં પ્રકરણ II માં બે વિષય-વિશિષ્ટ અનુપાલન ઓડિટ (SSCA) એટલે કે નાણા વિભાગ હેઠળના 'GST હેઠળ ઇ-વે બિલ સિસ્ટમ' અને 'GST હેઠળ કમ્પોઝિશન લેવી યોજના' બન્નેના પરિણામો સામેલ છે.

- પ્રકરણ III માં પાંચ સરકારી વિભાગો એટલે કે મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ગૃહ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના વ્યવહારો પરના 13 વ્યક્તિગત ઓડિટ ફકરાઓનો સમાવેશ થાય છે.

1.2 ઓડિટ કરવામાં આવેલા એકમોની રૂપરેખા

ગુજરાતના પ્રધાન મહાલેખાકાર (ઓડિટ-II) ગુજરાત સરકારના 14 વિભાગોનું ઓડિટ કરે છે. આમાં સચિવાલય સ્તરે, ક્ષેત્રીય કચેરીઓ અને આ વિભાગોના અધિકારક્ષેત્ર હેઠળ આવતી સ્વાયત્ત સંસ્થાઓનું ઓડિટ શામેલ છે. દરેક વિભાગનું નેતૃત્વ અધિક મુખ્ય સચિવ/ મુખ્ય સચિવ/ સચિવ

કરે છે, જેમને ડિરેક્ટરો/ કમિશનરો/ મુખ્ય ઇજનેરો અને તેમના હેઠળના અધિકારીઓની સહાય મળે છે.

ગુજરાત સરકાર ના 2018-19 થી 2022-23 સુધીના નાણાકીય વ્યવહારોનો સારાંશ નીચે મુજબ છે:

આલેખ 1.1: કુલ ચૂકવણીઓ અને કુલ આવક (₹ કરોડમાં)



આલેખ 1.2: કુલ આવકની રૂપરેખા (₹ કરોડમાં)



આલેખ 1.3: મહેસૂલ અને સહાયક અનુદાનની રૂપરેખા (₹ કરોડમાં)



આલેખ 1.4: કુલ ખર્ચ, જાહેર ઋણની ચુકવણી અને જાહેર હિસાબની ચુકવણીઓની રૂપરેખા[1]

(₹ કરોડમાં)



આલેખ 1.5: કુલ ખર્ચની રૂપરેખા (₹ કરોડમાં)



તમામ આલેખો માટેનો સ્રોત: ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2023-24 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30)

[1] આકસ્મિક નિધિની રકમ ફક્ત (2018-19: ₹ 0.25 કરોડ, 2022-23: 20 કરોડ) આલેખ 1.4માં દર્શાવેલ નથી.

1.3 ઓડિટ સંબંધી સત્તાઓ

નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા ઓડિટ માટેની સત્તા ભારતના બંધારણની કલમ 149 અને 151 અને નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તા અને સેવાની શરતો) અધિનિયમ, 1971 માંથી લેવામાં આવી છે.

- નિયંત્રક અને મહાલેખાપરીક્ષક, નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તા અને સેવાની શરતો) અધિનિયમની કલમ 13[2] અને કલમ 16[3] હેઠળ, ગુજરાત સરકારના વિભાગોના ખર્ચનું ઓડિટ અને આવકનું ઓડિટ કરે છે.

- વધુમાં, નિયંત્રક અને મહાલેખાપરીક્ષક, નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તા અને સેવાની શરતો) અધિનિયમની[4] કલમ 14 હેઠળ, સરકાર દ્વારા નોંધપાત્ર રીતે ભંડોળ પૂરું પાડવામાં આવતું હોય એવી અન્ય સ્વાયત્ત સંસ્થાઓ નું પણ ઓડિટ કરે છે.

વિવિધ ઓડિટ માટેના સિદ્ધાંતો અને કાર્યપદ્ધતિઓ ઓડિટ અને હિસાબ 2020 પરના નિયમનો અને નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જારી કરાયેલ ઓડિટના ધોરણો અને માર્ગદર્શિકામાં નિયત કરવામાં આવ્યા છે.

1.4 ઓડિટનું આયોજન અને સંચાલન

ઓડિટની પ્રક્રિયા વિવિધ સરકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા જોખમોના મૂલ્યાંકનથી શરૂ થાય છે જે ખર્ચ, આવક, પ્રવૃત્તિઓની જટિલતા અને સંકુલતા, સોંપાયેલ નાણાકીય સત્તાઓ અને જવાબદારીઓ, આંતરિક નિયંત્રણોનું વિશ્લેષણ અને હિસ્સેદારોની હિતોના આધારે થાય છે. આ કવાયતમાં અગાઉના ઓડિટ તારણો પણ ધ્યાનમાં લેવામાં આવે છે. આ જોખમના મૂલ્યાંકનના આધારે, ઓડિટનું આવર્તન અને હદ નક્કી કરવામાં આવે છે.

---

[2] આ કલમ નિયંત્રક અને મહાલેખાપરીક્ષકને આનું ઓડિટ કરવાની સત્તા આપે છે - (a) રાજ્યના સંકલિત ભંડોળમાંથી તમામ ખર્ચ અને એવી ખાતરી કરવા માટે કે હિસાબોમાં ચૂકવણી તરીકે દર્શાવવામાં આવેલા નાણાં કાયદેસર રીતે ઉપલબ્ધ હતા અને તે સેવા અથવા હેતુ માટે વાપરવામાં આવ્યા હતા કે જેના માટે તેમને લાગુ કરવામાં આવ્યા હતા અથવા વસૂલ કરવામાં આવ્યા હતા અને ખર્ચ તેને નિયંત્રિત કરતી સત્તાને અનુરૂપ છે કે કેમ; (b) આકસ્મિક ભંડોળ અને જાહેર હિસાબો સંબંધિત રાજ્યના તમામ વ્યવહારો; (c) રાજ્યના કોઈપણ વિભાગમાં રાખવામાં આવેલા તમામ વેપાર, ઉત્પાદન, નફા અને નુકસાનના હિસાબો અને સરવૈયા અને અન્ય પેટા હિસાબો; અને દરેક કિસ્સામાં તેમના દ્વારા ઓડિટ કરાયેલા ખર્ચ, વ્યવહારો અથવા ખાતાઓની જાણ કરવી.

[3] આ કલમ નિયંત્રક અને મહાલેખાપરીક્ષક ને રાજ્યના સંકલિત ભંડોળમાં ચૂકવવાપાત્ર બધી આવકોનું ઓડિટ કરવાની અને પોતાને ખાતરી કરવાની સત્તા આપે છે કે તે માટેના નિયમો અને પ્રક્રિયાઓ આકારણી, વસૂલાત અને મહેસૂલની યોગ્ય ફાળવણી પર અસરકારક તપાસ સુનિશ્ચિત કરવા માટે અને તેનું યોગ્ય રીતે પાલન કરવામાં આવી રહ્યું છે અને આ હેતુ માટે તેમને યોગ્ય લાગે એવી હિસાબોની યોગ્ય તપાસ કરવા અને તેના પર અહેવાલ આપવા માટે રચાયેલ છે.

[4] આ કલમ નિયંત્રક અને મહાલેખાપરીક્ષક ને (i) રાજ્યના એકત્રિત નિધિમાંથી અનુદાન અથવા લોન દ્વારા નોંધપાત્ર રીતે ભંડોળ પૂરું પાડવામાં આવતું હોય એવી સંસ્થા/સત્તામંડળ અને (ii) કોઈપણ સંસ્થા અથવા સત્તામંડળ જ્યાં રાજ્યના એકત્રિત નિધિમાંથી આવી સંસ્થા અથવા સત્તામંડળને નાણાકીય વર્ષમાં અનુદાન અથવા લોન ₹ એક કરોડથી ઓછી ન હોય તેની આવક અને ખર્ચનું ઓડિટ કરવાની અને તેમના દ્વારા ઓડિટ કરાયેલ આવક અને ખર્ચનો અહેવાલ આપવાની સત્તા આપે છે.

દરેક એકમનું ઓડિટ પૂર્ણ થયા પછી, ઓડિટ તારણો ધરાવતા નિરીક્ષણ અહેવાલો કચેરીઓના વડાઓને મોકલવામાં આવે છે. વિભાગોને નિરીક્ષણ અહેવાલો મળ્યાના એક મહિનાની અંદર ઓડિટ તારણો પર જવાબો આપવા વિનંતી કરવામાં આવે છે. જવાબો મળ્યા પછી, ઓડિટ અવલોકનો ક્યાં તો બંધ કરવામાં આવે છે અથવા અનુપાલન માટે આગળની કાર્યવાહી કરવાની સલાહ આપવામાં આવે છે.

આ નિરીક્ષણ અહેવાલો માંથી ઉદભવતા મહત્વપૂર્ણ ઓડિટ અવલોકનોને સંબંધિત ઓડિટ અહેવાલોમાં સમાવિષ્ટ કરવા માટે પ્રક્રિયા કરવામાં આવે છે, જે ભારતના બંધારણની કલમ 151 હેઠળ રાજ્યના રાજ્યપાલને સુપરત કરવામાં આવે છે. 2022-23 દરમિયાન ઓડિટ માટે આવરી લેવાયેલી બાબતો પરનો ડેટા નીચે મુજબ છે:

અનુપાલન ઓડિટ માટે 7,843 માનવ-દિવસોનો ઉપયોગ થયો	અનુપાલન ઓડિટ હેઠળ 154 એકમો આવરી લેવાયા	બે વિષય-વિશિષ્ટ અનુપાલન ઓડિટ હાથ ધરવામાં આવ્યા

1.5 મહત્વપૂર્ણ ઓડિટ અવલોકનો

છેલ્લા કેટલાક વર્ષોમાં, કામગીરી અને અનુપાલન ઓડિટ દ્વારા, ઓડિટે આ અંગે અહેવાલ આપ્યો છે:

- વિવિધ કાર્યક્રમો/યોજનાના અમલીકરણમાં ખામીઓ,
- પસંદગીના વિભાગોમાં આંતરિક નિયંત્રણોની ગુણવત્તા જે કાર્યક્રમોની સફળતાને અસર કરે છે,
- વિભાગોની કામગીરીમાં નિયમિતતા અને યોગ્યતાની બાબતોમાં ખામીઓ, વગેરે.

આ અહેવાલમાં સમાવિષ્ટ છે:

બે વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ	13 મુસદ્દારૂપ ફકરા
•નાણા વિભાગ (2)	• મહેસૂલ વિભાગ (8) • માર્ગ અને મકાન વિભાગ (2) • ગૃહ વિભાગ (1) • વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (1) • ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (1)

1.6 ઓડિટ માટે સરકારનો પ્રતિભાવ

1.6.1 નિરીક્ષણ અહેવાલો

ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા 1992 માં જારી કરાયેલ ઓડિટ વાંધા/નિરીક્ષણ અહેવાલના તાત્કાલિક નિકાલ માટેની સૂચનાઓની હેન્ડબુકમાં પ્રધાન મહાલેખાકાર (PAG) દ્વારા જારી કરાયેલા નિરીક્ષણ અહેવાલો (IRs) પર કારોબારી દ્વારા તાત્કાલિક પ્રતિભાવ આપવાની જોગવાઈ છે. કાર્યાલયોના વડાઓ અને ઉચ્ચ અધિકારીઓએ નિરીક્ષણ અહેવાલો માં સમાવિષ્ટ અવલોકનોનું પાલન કરવું, ખામીઓ, ભૂલો વગેરેને સુધારવી અને જવાબદારી તાત્કાલિક નક્કી કરવી જરૂરી છે, અને નિરીક્ષણ અહેવાલો મળ્યાના ચાર અઠવાડિયાની અંદર મહાલેખાકારને તેમના પાલનની જાણ કરવી જરૂરી છે. વિભાગોના વડાઓને સમયાંતરે સ્મૃતિપત્રો જારી કરવામાં આવે છે જેમાં નિરીક્ષણ અહેવાલો માં બાકી રહેલા ફકરાઓ પર ઝડપથી જવાબો આપવા વિનંતી કરવામાં આવે છે.

બાકી રહેલા નિરીક્ષણ અહેવાલોના ફકરાઓ અને તેમાંથી કેટલાકનો ઝડપથી નિકાલ કરવા માટે ઓડિટ અને કારોબારી વચ્ચે ઓડિટ સમિતિની બેઠકોનું આયોજન કરવામાં આવે છે. કચેરીના ત્રણ ઓડિટ વ્યવસ્થાપન જૂથો હેઠળના ચાર વિભાગોને[5] લગતા નીરિક્ષણ અહેવાલોમાં સમાવિષ્ટ ફકરાઓ સંદર્ભે વર્ષ 2022-23 દરમિયાન પાંચ ઓડિટ સમિતિની બેઠકો યોજવામાં આવી હતી.

30 સપ્ટેમ્બર 2023 ની સ્થિતિએ, ત્રણ ઓડિટ વ્યવસ્થાપન જૂથો હેઠળના 14 વિભાગો સામે 1,029 નિરીક્ષણ અહેવાલો (4,730 ફકરાઓ) બાકી હતા. નિરીક્ષણ અહેવાલો અને બાકી રહેલા ફકરાઓ ની વર્ષ-વાર વિગતો **પરિશિષ્ટ I**માં આપવામાં આવી છે.

1.6.2 ઓડિટના પરિણામો

વર્ષ 2022-23 દરમિયાન, સંબંધિત વિભાગોએ:

- 2022-23 અને તે પહેલાંના નિરીક્ષણ અહેવાલો દ્વારા ઓડિટમાં ધ્યાન પર લાવવામાં આવેલી 143 કેસોમાં સંડોવાયેલી ₹ 97.48 કરોડની ઓછી આકારણી અને અન્ય ગેરરીતિઓ સ્વીકારી, અને

- ઓડિટના હિસાબે 85 કેસોમાં ₹ 6.75 કરોડ વસૂલ કર્યા હતા.

1.6.3 વિષય-વિશિષ્ટ અનુપાલન ઓડિટ અને ફકરા

બે વિષય-વિશિષ્ટ અનુપાલન ઓડિટના ફકરા અને 13 વ્યક્તિગત ઓડિટ ફકરા સપ્ટેમ્બર 2024 અને જાન્યુઆરી 2025 વચ્ચે સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવને છ અઠવાડિયામાં તેમના પ્રતિભાવો મોકલવાની વિનંતી સાથે મોકલવામાં આવ્યા હતા.

[5] (i) નાણા, (ii) બંદરો અને પરિવહન, (iii) મહેસૂલ, (iv) માર્ગ અને મકાન.

આ અહેવાલને અંતિમ સ્વરૂપ આપતી વખતે વિભાગોના જવાબો અને તેમના પ્રતિભાવોને યોગ્ય રીતે વિચારણામાં લેવામાં આવ્યા છે.

1.6.4 ઓડિટ અહેવાલોની આગળની કાર્યવાહી

જાહેર હિસાબ સમિતિ (કાર્યવાહી નિયમો) 1990 ના નિયમ 7 માં સરકારના તમામ વિભાગો દ્વારા ઓડિટ અહેવાલોમાં દર્શાવવામાં આવેલા અવલોકનો વિધાનસભાના ટેબલ પર રજૂ થયાના 90 દિવસની અંદર વિગતવાર સ્પષ્ટીકરણ રજૂ કરવાની જોગવાઈ છે. સંબંધિત મહાલેખાકાર દ્વારા ચકાસણી થયા બાદ આ વિગતવાર સ્પષ્ટીકરણો જાહેર હિસાબ સમિતિને રજૂ કરવાના રહેશે.

1.6.4.1 ઓડિટ અહેવાલોના ફકરાઓ પર પ્રાપ્ત થયેલા વિગતવાર સ્પષ્ટીકરણની સ્થિતિ

નીચે મુજબ અનેક ઓડિટ અહેવાલો ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યા હતા:

- વર્ષ 2011-12, 2012-13, 2013-14, 2014-15, 2015-16, 2016-17, 2017-18, 2018-19 અને 2019-22 માટેના આર્થિક ક્ષેત્ર અને મહેસૂલી આવક/ક્ષેત્ર પરના ઓડિટ અહેવાલો અનુક્રમે એપ્રિલ 2013, જૂલાઇ 2014, માર્ચ 2015, માર્ચ 2016, માર્ચ 2017, માર્ચ 2018, ડિસેમ્બર 2019, સપ્ટેમ્બર 2020 અને માર્ચ 2025 માં ગુજરાત વિધાનસભામાં મુકવામાં આવ્યા હતા.

- માર્ચ 2020 (એક અહવાલ), માર્ચ 2021 (બે અહેવાલો), અને માર્ચ ૨૦૨૨ (એક અહેવાલ) માં પૂરા થયેલા વર્ષો માટે ચાર એકલ સ્વતંત્ર (સ્ટેન્ડઅલોન) કામગીરી ઓડિટ અનુક્રમે સપ્ટેમ્બર 2022, માર્ચ અને સપ્ટેમ્બર 2023 અને માર્ચ 2025 માં મૂકવામાં આવ્યા હતા.

કોષ્ટક 1.1 માં વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે એ મુજબ આ અહેવાલોમાં 11 વિભાગોને લગતા ફકરાઓનો[6] સમાવેશ થતો હતો:

[6] જો કોઈ ફકરો બે અલગ અલગ વિભાગોને લગતો હોય તો, તો તેને પ્રત્યેક વિભાગ હેઠળ એક અલગ ફકરા તરીકે ગણવામાં આવ્યો છે.

કોષ્ટક 1.1: ઓડિટ અહેવાલોમાં સામેલ ફકરા અને મળેલા વિગતવાર સ્પષ્ટિકરણોની વિગતો

વિભાગનું નામ	ઓડિટ અહેવાલ*	2011-12	2012-13	2013-14	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	2019-20	2020-21	2021-22	કુલ	પ્રાપ્ત વિગતવાર ખુલાસા
ઉદ્યોગ અને ખાણ	ES	0	0	0	2	1	0	0	1	2			23	3
	RS	9	0	2	0	2	1	2	1					17
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ	RS	3	0	1	0	2	0	0	0	0			6	6
વન અને પર્યાવરણ	ES	0	0	1	3	0	1	0	1	0	0	0	6	5
	SPA	0	0	0	0	0	0	0	0	1	2	0	3	0
જળ-વાયુ પરિવર્તન	ES	0	0	0	0	0	0	1	0	0			1	0
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી	ES	0	0	0	0	0	0	1	0	0			1	0
ગૃહ	SPA	0	0	0	0	0	0	0	0	0	0	1	1	0
બંદરો અને પરિવહન	ES	0	1	0	0	1	0	0	0	2			27	1
	RS	8	0	5	2	1	1	4	2					21
માર્ગ અને મકાન	ES	5	4	5	3	3	4	3	0	1			28	24
માહિતિ અને પ્રસારણ	RS	2	0	0	0	0	0	0	0	0	0	0	2	2
મહેસૂલ	RS	18	14	19	4	11	10	10	14	10			110	86
નાણા વિભાગ	ES	0	0	0	2	0	0	0	0	3			124	2
	RS	33	24	24	7	7	9	7	8					114
કુલ		78	43	57	23	28	26	28	27	22			332	281

***ES: આર્થિક ક્ષેત્ર, RS: મહેસૂલી આવક/ મહેસૂલ ક્ષેત્ર, SPA: એકલ સ્વતંત્ર કામગીરી ઓડિટ અહેવાલ.**

વર્ષ 2011-12 થી 2021-22 માટેના 332 ફકરામાંથી, માર્ચ 2025 સુધીમાં 281 ફકરા માટેના વિગતવાર ખુલાસા પ્રાપ્ત થયા છે. બાકીના 51 ફકરા[7] માટે માર્ચ 2025 સુધીમાં કોઈ વિગતવાર સ્પષ્ટીકરણ પ્રાપ્ત થયા નથી.

[7] 2015-16 (પાંચ ફકરા), 2016-17 (11 ફકરા), 2017-18 (નવ ફકરા), 2018-19 (ચાર ફકરા), 2019-22 (22 ફકરા).

1.6.4.2 જાહેર હિસાબ સમિતિ દ્વારા ઓડિટ અહેવાલોની ચર્ચા

જાહેર હિસાબ સમિતિ (PAC) દ્વારા વિવિધ ઓડિટ અહેવાલોમાંથી કામગીરી ઓડિટ (PA) અને અનુપાલન ઓડિટના ફકરાઓ પર ચર્ચાની સ્થિતિ નીચે મુજબ હતી:

કોષ્ટક 1.2: 31 માર્ચ 2025 ના રોજ જાહેર હિસાબ સમિતિ દ્વારા કામગીરી ઓડિટ/અનુપાલન ઓડિટ ના ફકરાઓની ચર્ચાની સ્થિતિ

ઓડિટ અહેવાલનો સમયગાળો	કામગીરી ઓડિટ/અનુપાલન ઓડિટના ફકરાઓની સંખ્યા			
	ઓડિટ અહેવાલમા સામેલ થયા		ચર્ચા કરાયેલા ફકરા	
	PA	CA	PA	CA
2011-12	1	77	1	75
2012-13	3	40	3	40
2013-14	3	54	3	54
2014-15	2	21	2	21
2015-16	2	26	0	9
2016-17	1	25	0	0
2017-18	1	27	0	0
2018-19	1	26	0	0
2019-20	1	18	0	0
2020-21	2		0	
2021-22	1		0	
કુલ	**18**	**314**	**9**	**199**

સ્રોત: ઓડિટ અહેવાલો પરની જાહેર હિસાબ સમિતિની ચર્ચાઓના આધારે સંકલિત

2001 થી, પ્રધાન મહાલેખાકાર (ઓડિટ–II), ગુજરાત ની કચેરીને (માર્ચ 2025 ની સ્થિતિએ) વિવિધ વિધાનસભાઓની જાહેર હિસાબ સમિતિના 20 અહેવાલો મળ્યા છે. આ અહેવાલોમાં, 11 વિભાગોને[8] લગતા આર્થિક ક્ષેત્ર અને મહેસૂલ ક્ષેત્ર/રિસિટ ઓડિટ અહેવાલોમાં સમાવવામાં આવેલા ઓડિટ અવલોકનોના સંદર્ભમાં 50 ભલામણો સામેલ હતી.

આમ છતાં, માર્ચ 2025 ની સ્થિતિએ સંબંધિત વિભાગો પાસેથી 44 ભલામણોના સંદર્ભમાં કાર્યવાહી નોંધો (ATN) પ્રાપ્ત થઇ ન હતી. આમ, ઓડિટ અહેવાલો પર જાહેર હિસાબ સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણો પર કાર્યવાહી કરવામાં સરકારના વિભાગો તરફથી વિલંબ થયો હતો.

[8] (i) કૃષિ અને સહકાર (ત્રણ), (ii) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ (આઠ), (iii) નાણા (પાંચ), (iv) વન અને પર્યાવરણ (એક), (v) ગૃહ (એક), (vi) ઉદ્યોગ અને ખાણ (બે), (vii) માહિતી અને પ્રસારણ (એક), (viii) બંદરો અને પરિવહન (11), (ix) મહેસૂલ (11), (x) માર્ગ અને મકાન (ત્રણ) અને (xi) જળ સંસાધન (ચાર).

પ્રકરણ II

વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ

પ્રકરણ II

વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ

નાણા વિભાગ

2.1 ગુજરાત માલ અને સેવા વેરા હેઠળ ઇ-વે બિલ પ્રણાલી

ઇલેક્ટ્રોનિક- વે બિલ દાખલ કરવા પાછળનો સરકારનો મુખ્ય ઉદ્દેશ આવકને સુરક્ષિત કરવાનો હતો. સમગ્ર પ્રક્રિયાનું સ્વયંચાલન અને માનકીકરણ કરવાનો આશય માલ અને સેવા વેરાની કરચોરી અટકાવવાનો અને માલ અને સેવા વેરાની વસૂલાત વધારવાનો હતો.

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, 2017ના નિયમ 138માં ઇ-વે બિલ પધ્ધતિની જોગવાઇ કરવામાં આવી છે.

ઓડિટમાં ઇ-વે બિલ પ્રણાલીની એકંદર કામગીરીની વિવેચનાત્મક તપાસ કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ્ય ઇ-વે બિલ પ્રણાલીની અસરકારકતા અને ઇ-વે બિલ જોગવાઈઓને લાગુ કરવામાં વિભાગની નિવારક/અમલીકરણ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવાનો હતો.

ઓડિટ તપાસમાં પરીક્ષણ કરવામાં આવેલા 30 કરદાતાઓમાંથી 13 કરદાતાઓ દ્વારા અનુપાલનમાં વિચલન બહાર આવ્યું હતું, જેનું નાણાકીય મૂલ્ય ₹ 2,356.64 લાખ હતું. અન્ય બાબતોની સાથે, અનુપાલન વિચલનમાં રદ કરાયેલા કરદાતાઓ દ્વારા જનરેટ કરાયેલા ઇ-વે બિલ, કરદાતાઓએ શૂન્ય રિટર્ન રજૂ કર્યા હતા અથવા ઇ-વે બિલ જનરેટ કર્યા હોવા છતાં રિટર્ન રજૂ કર્યા ન હતા અને ડેટા એન્ટ્રીની ભૂલોનો સમાવેશ થાય છે. ઓડિટમાં વિભાગના નિવારક એકમો દ્વારા કરવામાં આવતી નિવારક અને અમલીકરણ પ્રવૃત્તિમાં પણ ખામીઓ જોવા મળી હતી.

2.1.1 પ્રસ્તાવના

માલ અને સેવા વેરા (GST), 'એક રાષ્ટ્ર એક કર'ના સિધ્ધાંતના આધારે પરોક્ષ કરોની વિશાળ શ્રેણીને સમાવી લઈ 01 જૂલાઇ 2017થી લાગુ કરવામાં આવ્યો છે. GST શાસનના ઉદ્દેશો પૈકી એક ઉદ્દેશ પ્રક્રિયા સંબંધિત સમયગાળાનો વિલંબ ઘટાડીને માલનું પરિવહન અને સેવાઓની કાર્યક્ષમતા સુધારવાનો હતો.

GST પહેલાના શાસનમાં વે-બિલ એક એવી સુવિધા પ્રવર્તમાન હતી જેમાં માલની હેરફેર માનવ સંચાલિત (મહેસૂલ) ચેક પોસ્ટ દ્વારા કરવામાં આવતી હતી. ચોક્કસ રાજ્યમાં પ્રવેશતા માલ પર 'પ્રવેશ કર' વસૂલવામાં આવતો હતો જે હવે GSTમાં સમાઇ ગયો છે. ઇલેક્ટ્રોનિક-વે બિલની કલ્પના કરદાતા દ્વારા સરકાર દ્વારા દેખરેખ હેઠળના કર વહીવટ મોડેલથી સેલ્ફ-રિપોર્ટિંગ મોડેલમાં પરિવર્તન તરીકે કરવામાં આવી છે.

ઇ-વે બિલ અમલમાં મુકવા પાછળનો સરકારનો મુખ્ય ઉદ્દેશ આવક સુરક્ષિત કરવાનો છે. ઇ-વે બિલ માલની હેરફેર કરવા માટે જરૂરી દસ્તાવેજ છે અને માલની હેરફેર થાય એ પહેલાં તેની વિગતો મેળવી લેવાય એ રીતે રચના કરવામાં આવેલી છે. સમગ્ર પ્રક્રિયાના સ્વચાલન અને માનકીકરણનો હેતુ કરચોરી રોકવા અને GSTની વસૂલાત વધારવામાં મદદ કરવાનો હતો. બિન-વ્યાપાર અવરોધો પણ દૂર થાય એ રીતે ઇ-વે બિલની રચના કરવામાં આવી છે, જેથી પરિવહનના સમયમાં ઘટાડો થાય અને પુરવઠાના પ્રવાહની કાર્યક્ષમતામાં સુધારો થાય.

₹ 50,000 કરતાં અધિક મૂલ્યના તમામ માલસામાનની આંતર-રાજ્ય હેરફેર માટે 01.04.2018થી ઇ-વે બિલ લાગુ કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યની અંદર થતી હેરફેર માટે માલસામાનના ₹ 50,000ના નિયત મૂલ્ય માટે ઇ-વે બિલ ફરજિયાત કરવામાં આવ્યુ હતું.

ગુજરાત GST નિયમો, 2017ના નિયમ 138માં ઇ-વે બિલ પધ્ધતિની જોગવાઇ કરવામાં આવી છે. માલસામાનની હેરફેર કરતાં પહેલાં માલસામાનની માહિતી પૂરી પાડવાની હોય છે અને તે હેરફેર પુરવઠા સંબંધિત હોય કે મજૂરી કામ (જોબ વર્ક) જેવા પુરવઠા સિવાયના કારણોસર હોય તે ધ્યાનમાં લીધા વિના પુરી પાડવાની હોય છે.

ઇ-વે બિલો માટે ઉપયોગમાં લેવાતી માહિતી પ્રણાલીઓ

ઇ-વે બિલ કોમન પોર્ટલનું સંચાલન કર્ણાટક સ્થિત નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા કરવામાં આવે છે. ફેબ્રુઆરી 2020 માં, ઇ-વે બિલ પોર્ટલને માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના "વાહન" સોફ્ટવેર સાથે સંકલિત કરવામાં આવ્યું હતું, જેથી ઇ-વે બિલ જનરેટ કરતી વખતે વાહનનો નોંધણી નંબર માન્ય કરી શકાય. 01 જાન્યુઆરી 2021થી ફાસ્ટેગ (*FasTag*) પધ્ધતિને પણ ઇ-વે બિલ પ્રણાલી સાથે સંકલિત કરવામાં આવી છે. ઇ-વે બિલ બનાવવા, લંબાવવા, રદ્દ કરવા અને ઇ-વે બિલનો અસ્વીકાર કરવા માટે કરદાતાની ઇ-વે બિલ કોમન પોર્ટલ પર એક વખતની નોંધણી કરાવવી જરૂરી છે.

યોગ્ય અધિકારીઓ (કેન્દ્ર અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ બંન્ને) પુરા પાડવામાં આવેલા લોગ-ઇન માટેની ઓળખનો ઉપયોગ કરીને વેબ બ્રાઉઝર દ્વારા ઇ-વે બિલના કોમન પોર્ટલમાં દાખલ થઇને (લોગ-ઇન કરીને) અથવા GSTની ઇ-વે બિલ પ્રણાલીની મોબાઇલ એપ્લિકેશનમાં લોગ-ઇન કરીને ઇ-વે બિલ પોર્ટલમાં પ્રવેશ કરી શકે છે. ઇ-વે બિલોની ચકાસણી, ઇ-વે બિલોનો અંતરાય દૂર કરવો, વ્યવસ્થાપકો માટેની માહિતી પધ્ધતિના અહેવાલો (MIS રિપોર્ટ) જોવા વગેરે યોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવતા કાર્યો છે.

ઇ-વે બિલ પ્રણાલીમાં સામેલ પ્રક્રિયાઓ

ઇ-વે બિલ પ્રણાલીમાં વિવિધ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે, જેમ કે પોર્ટલમાં જરૂરી વ્યક્તિઓની નોંધણી, ઇ-વે બિલ જનરેટ કરવું, જનરેટ કરેલા ઇ-વે બિલની સમય મર્યાદામાં વધારો, રદ કરવા

અને નકારવા વગેરે. GST હેઠળ ઇ-વે બિલ પ્રણાલીનો સમગ્ર પ્રક્રિયા-પ્રવાહ **આકૃતિ 1**માં **(Figure 1)** દર્શાવવામાં આવ્યો છે.

Figure 1: E-Waybill Mechanism - Process Flow Chart



2.1.2 ઓડિટના ઉદ્દેશો

GST હેઠળ ઇ-વે બિલ પ્રણાલીનું ઓડિટ એ મૂલ્યાંકન માટે હાથ ધરવામાં આવ્યું હતું કે શું:

i. ઇ-વે બિલ પદ્ધતિ સરકારની આવકના હિતના રક્ષણ માટે અસરકારક છે, અને

ii. ઇ-વે બિલની જોગવાઈઓનો અમલ કરવામાં વિભાગની નિવારક/અમલીકરણ પ્રવૃત્તિઓ કાર્યક્ષમ અને અસરકારક છે.

2.1.3 ઓડિટના માપદંડો

GST હેઠળ ઇ-વે બિલની પધ્ધતિના ઓડિટનું મૂલ્યાંકન નીચેના ઓડિટ માપદંડો સામે કરવામાં આવ્યું છે:

i. ગુજરાત GST અધિનિયમ, 2017ની કલમ 10, 17, 25, 29, 30, 31, 37, 39, 44, 61, 62, 63, 68, 73, 74, 122, 129, 130,

ii. ગુજરાત GST નિયમો, 2017ના નિયમ 46, 59, 60, 61, 62, 80, 138,

iii. GST કાઉન્સિલ દ્વારા અધિકૃત અને કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડ (CBIC) અને રાજ્ય કર વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જારી કરાયેલ જાહેરનામાં/પરિપત્રો/સૂચનાઓ,

iv. ગુજરાત સરકાર, NIC, CBIC અને રાજ્ય કર વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જારી કરાયેલ સલાહસૂચન/પ્રમાણિત સંચાલન પ્રક્રિયાઓ.

2.1.4 ઓડિટનો વ્યાપ અને કાર્યપધ્ધતિ

આ ઓડિટમાં 01 એપ્રિલ 2018થી 31 માર્ચ 2022 વચ્ચેના સમયગાળા દરમિયાન ઇ-વે બિલ પોર્ટલમાં નોંધાયેલી વ્યક્તિઓના ઇ-વે બિલના વ્યવહારોને આવરી લેવામાં આવ્યા હતા. ઓડિટના ઉદ્દેશોના સંદર્ભમાં ઓડિટે GST શાસનમાં ઇ-વે બિલ પધ્ધતિની એકંદર કામગીરીની વિવેચનાત્મક તપાસ કરી હતી. ઓડિટના સમયગાળા માટેનો ઇ-વે બિલનો ડેટા GST નેટવર્કમાંથી કાઢવામાં આવ્યો હતો અને વિશ્લેષણ કરવામાં આવ્યુ છે. આ ઓડિટ માટે ફક્ત સડકમાર્ગે વાહનોની અવરજવર ધ્યાન પર લેવામાં આવી છે અને રેલ્વે/હવાઇ માર્ગ/દરિયાઇ માર્ગના ઇ-વે બિલને આ ઓડિટના વ્યાપમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

ઓડિટના વ્યાપમાં ઇ-વે બિલના સંદર્ભમાં વિભાગની નિવારક કામગીરી જેમ કે વાહનોને અટકાવવા, દસ્તાવેજોની ચકાસણી કરવી, માલનું નિરીક્ષણ અને તે અંગે કરવામાં આવેલી કાર્યવાહીનું મૂલ્યાંકન પણ સામેલ હતું.

ગુજરાત સરકારના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ સાથે એપ્રિલ 2024માં એક પ્રાથમિક બેઠક યોજવામાં આવી હતી જેમાં ઓડિટના ઉદ્દેશો, ઓડિટનો વ્યાપ અને કાર્યપધ્ધતિ અને નમૂના વગેરેની ચર્ચા કરવામાં આવી હતી. સમાપન બેઠક ફેબ્રુઆરી 2025માં ગુજરાત સરકારના નાણા

વિભાગના સચિવ (આર્થિક બાબતો) સાથે કરવામાં આવી હતી, જેમાં ઓડિટ અવલોકનોની ચર્ચા કરવામાં આવી હતી. સમાપન બેઠક દરમિયાન મુસદ્દારૂપ અહેવાલના સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યો અને માર્ચ 2025 સુધીમાં મળેલા લેખિત જવાબોનો સંબંધિત ફકરાઓમાં યથાયોગ્ય સમાવેશ કરવામાં આવ્યો છે.

2.1.5 ઓડિટ માટે નમૂનાચયનની પધ્ધતિ

આ ઓડિટ માટે સમસ્યા-કેન્દ્રિત અભિગમ અપનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કારણ કે માલની કોઈપણ હેરફેર પહેલાં GST હેઠળ નિયત મર્યાદાને આધીન ઇ-વે બિલ જનરેટ કરવા એ જરૂરી શરત છે. પ્રથમ ઓડિટ ઉદ્દેશ માટેના નમૂના મુખ્ય સમસ્યા ક્ષેત્રો/ઓળખાયેલા જોખમના પરિમાણોના આધારે નક્કી કરવામાં આવ્યા હતા. સરકાર માટે મહેસૂલની વસૂલાતને અવરોધતા મુખ્ય સમસ્યા ક્ષેત્રો **પરિશિષ્ટ- II**માં આપવામાં આવ્યા છે. આ ઓડિટ ઉદ્દેશ માટે, 18 ઘટકો[1] હેઠળના 30 કરદાતાઓના 2018-19થી 2021-22ના સમયગાળા માટેના 89[2] ઇ-વે બિલોની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

દ્વિતિય ઓડિટ ઉદ્દેશ્યમાં અમલીકરણ/નિવારક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સમસ્યાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમ કે કરચોરી વિરોધી પગલાંની અસરકારકતા, આંતર-વિભાગ સંકલન અને કાર્યકારી તૈયારી. આ ઓડિટ ઉદ્દેશ માટે કુલ 14 નિવારક એકમોમાંથી આઠ[3] નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. પસંદ કરેલા નિવારક એકમોમાં, આ નિવારક એકમોમાં નોંધાયેલા 376 કેસો સ્તરીકૃત નમૂના પદ્ધતિ દ્વારા ઓડિટ વિશ્લેષણ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

2.1.6 ઇ-વે બિલ ડેટાના વલણો અને જાણકારી

ઓડિટના સમયગાળા માટે જનરેટ થયેલા ઇ-વે બિલોની સંખ્યાના વલણો નીચેના આલેખમાં દર્શાવ્યા છે:

આલેખ 1: વર્ષ-વાર જનરેટ થયેલા ઇ-વે બિલોની સંખ્યા



સ્રોત: વિભાગ દ્વારા આપવામાં આવેલી વિગતો

---

[1] સરાવેક: 08, 09, 10, 11, 12, 20, 21, 22- અમદાવાદ (08 ઘટકો), 30-મહેસાણા, 36-ઉંઝા, 38-પાટણ, 79-સુરેન્દ્રનગર, 82-અમરેલી, 89, 92, 93 –રાજકોટ (03 અકમો), 91-મોરબી અને 103- ગાંધીધામ.

[2] આમાં નમૂના તરીકે પસંદ કરેલા 80 ઇ-વે બિલો અને ત્રણ અસામાન્ય રીતે ઊંચા નાણાં મૂલ્યના ઇ-વે બિલો અને છ એવા ઇ-વે બિલોનો સમાવેશ થાય છે જ્યાં મોકલનાર અને પ્રાપ્તકર્તાના PAN સમાન હતા.

[3] સંયુક્ત રાવેક (અન્વેષણ) અને સાત નિવારક એકમો એટલે કે નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગઃ 1, અમદાવાદ, 4 મહેસાણા, 5 અને 6 વડોદરા, 7 સુરત, 9 ભાવનગર અને 10 રાજકોટ.

આલેખ દર્શાવે છે કે વર્ષ 2020-21 સિવાય, રાજ્યના અધિકારક્ષેત્ર હેઠળ નોંધાયેલા કરદાતાઓ દ્વારા 2018-19 અને 2021-22 વચ્ચે જનરેટ થયેલા ઇ-વે બિલોની સંખ્યામાં વધારો થયો હતો.

વિભાગે જનરેટ થયેલા ઇ-વે બિલોની આકારણીપાત્ર કિંમત પુરી પાડવાની અસમર્થતા વ્યક્ત કરી હતી (નવેમ્બર 2024). વિભાગે વધુમાં જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે આકારણીપાત્ર કિંમતની ઉપલબ્ધતા ન હોવાનો મુદ્દો નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) સમક્ષ જરૂરી ડેટા માટે ઉઠાવવામાં આવ્યો છે.

ઓડિટ અવલોકનો

ઓડિટ દરમિયાન ધ્યાન પર આવેલી ઊણપોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

2.1.7 દસ્તાવેજો રજૂ ન કરવાના કારણે વ્યાપની મર્યાદા

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971ની કલમ 16, આવકના ઓડિટ અંગે નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઓડિટ આદેશને નિર્ધારિત કરે છે. વધુમાં, નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971ની કલમ 18(2) કચેરીઓ/વિભાગો પર માહિતી માટેની વિનંતીઓનું શક્ય તેટલું સંપૂર્ણ અને તમામ વાજબી કાર્યવાહી સાથે પાલન કરવાની વૈધાનિક ફરજ લાદે છે.

GSTR-1 માં, ઇન્વોઇસ મુજબ જાવક પુરવઠાની વિગતો, વિભાગના GSTN પોર્ટલ[4], એટલે કે વિભાગની બેક-એન્ડ એપ્લિકેશન, સિંગલ સાઇન-ઓન આઇડેન્ટિટી (SSOIDs) આધારિત પ્રવેશ હક્ક (ઍક્સેસ) દ્વારા ઓડિટ માટે ઉપલબ્ધ ન હતી. તેથી, ઓડિટ દ્વારા વિભાગને 10 ઘટકોના 18 કરદાતાઓના સંદર્ભમાં 2018-19થી 2021-22ના સમયગાળા માટે GSTR-1માં રજૂ કરવાની જરૂરિયાત મુજબ ઇન્વોઇસ મુજબની વિગતો સંબંધિત માહિતી અને રેકોર્ડ પૂરા પાડવાની માંગણી કરવામાં આવી હતી. જો કે, માંગણી કરી હતી તે માહિતી ઓડિટને પૂરી પાડવામાં આવી ન હતી.

માંગવામાં આવેલી માહિતી રજૂ ન થવાના કારણે, આ કેસોમાં કરદાતાઓએ જાવક ઇ-વે બિલ પુરવઠાની સાચી વિગતો GSTના રિટર્નમાં દર્શાવી હતી કે કેમ તેની ખાતરી કરી શકાઇ ન હતી.

વિભાગે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે ઇન્વોઇસ મુજબ જાવક પુરવઠાની વિગતો GST નેટવર્ક (GSTN) પોર્ટલમાં ઉપલબ્ધ ન હતી અને આ મુદ્દો ઇ-ગવર્નન્સ શાખા સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો.

આ સંદર્ભમાં, GSTની ચૂકવણી અને રિટર્ન રજૂ કરવામાં વિભાગની દેખરેખ પર વિષય વિશિષ્ટ અનુપાલન ઓડિટ દરમિયાન ઓડિટે આ જ મુદ્દો ઉઠાવ્યો હતો (2024 નો અનુપાલન ઓડિટ અહેવાલ નં. 4 અનુપાલન ઓડિટ-મુલ્કી અને વાણિજ્યિક, ગુજરાત સરકાર) અને અહેવાલ આપ્યો હતો કે GSTR-1ના જુદા જુદા કોલમની હરોળવાર માહિતી યોગ્ય અધિકારી અને ઓડિટને દેખાતી ન હતી. ઓડિટે ભલામણ કરી હતી કે વિભાગે GSTR-1ની બધી માહિતી/વિગતો વિભાગના બેક-

[4] https://boweb.internal.gst.gov.in/boservices.

એન્ડ પોર્ટલ પર યોગ્ય અધિકારીને અલગથી ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી પગલાં લેવા જોઇએ. જોકે, આ સમસ્યા હજુ સુધી ઉકેલાઈ નથી.

ભલામણ-1:

રાજ્ય સરકારે આ બાબત GSTN અને મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવવી જોઇએ જેથી GSTR-1ની પંક્તિ-મુજબ બધી માહિતી/વિગતો વિભાગના બેક-એન્ડ પોર્ટલ પર યોગ્ય અધિકારીને અલગથી ઉપલબ્ધ કરવાનું સુનિશ્ચિત કરી શકાય.

2.1.8 ઓડિટના પરિણામો

2.1.8.1 ઇ-વે બિલોના ડેટાના વિશ્લેષણમાં ધ્યાન પર આવેલા અવલોકનો

એપ્રિલ 2018થી માર્ચ 2022ના સમયગાળા દરમિયાન જનરેટ થયેલા ઇ-વે બિલો સંબંધિત ડેટાબેઝમાંથી GSTN દ્વારા પૂરા પાડવામાં આવેલા કુલ 22,747 કરદાતાઓના (339 કમ્પોઝિશન કરદાતાઓ સહિત) જોખમ-આધારિત નમૂના પર ડેટા વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું હતું. ઓડિટમાં 22 જોખમ-પરિબળો પર ઇ-વે બિલો પરના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યુ હતું જેની મુખ્ય સમસ્યા ક્ષેત્રો તરીકે ઓળખ કરવામાં આવી હતી. જોખમના આ પરિબળોની વિગતો **પરિશિષ્ટ- II**માં આપી છે. વિભાગને જણાવવામાં આવેલા અવલોકનોની વિગતોની ચર્ચા નીચેના કોષ્ટકમાં કરવામાં આવી છે.

કોષ્ટક 2.1: ડેટાના વિશ્લેષણના અવલોકનોની વિગતો

ક્રમાંક	માહિતીના વિશ્લેષણના અવલોકનો	કરદાતાઓની સંખ્યા	ઇ-વે બિલોની સંખ્યા (2018-19થી 2021-22)	આકારણીપાત્ર કિંમત (₹ કરોડમાં)
1	રદ્દ કરાયેલા કરદાતાઓ દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા	4,520	1,43,539	7,655.28
2	એક જ ઇન્વોઇસનો ઉપયોગ કરીને ઇ-વે બિલોની બીજી નકલ તૈયાર કરવી	15,455	64,469	3,271.01
3	GSTના પત્રકો રજૂ ન કરનાર દ્વારા ઇ-વે બિલો તૈયાર કરવા	2,432	29,619	1,266
4	કમ્પોઝીશન (ઉચ્ચક વેરો) કરદાતાઓ દ્વારા આંતર-રાજ્ય ઇ-વે બિલો જનરેટ કરવા	337	1,054	13.76
5	કમ્પોઝીશન કરદાતાઓ દ્વારા નિયત મર્યાદાથી વધુ રકમના હોય એવા ઇ-વે બિલો જનરેટ કરવા	3	288	7.78

સ્રોત: માલ અને સેવા કર નેટવર્ક દ્વારા આપવામાં આવેલી માહિતી

આ મુખ્ય સમસ્યા ક્ષેત્રો હેઠળ ડેટા વિશ્લેષણના તારણો વિભાગને આગળના ઉપચારાત્મક પગલા પર વિચારણા માટે મોકલવામાં આવ્યા હતા અને લેવામાં આવેલા પગલા પર સંક્ષિપ્ત અહેવાલ મંગાવ્યો હતો.

આ ધ્યાન પર લાવવામાં આવ્યુ (મે 2024) ત્યારે વિભાગે નીચે મુજબ જવાબ આપ્યો હતો:

- રદ કરાયેલા કરદાતાઓ દ્વારા ઇ-વે બિલ જનરેટ કરવાના સંદર્ભમાં, વિભાગે જણાવ્યું હતું કે જો GSTનો નંબર રદ કરવામાં આવે તો પ્રણાલીમાં એક એવી જોગવાઇ છે કે આવા કરદાતા ઇ-વે બિલ જનરેટ કરી શકતા નથી. આ સુવિધા 21 નવેમ્બર 2019થી નિયમ 138 હેઠળ જાહેરનામા નંબર 26/2019 (ક્રમાંક 1) દ્વારા શરૂ કરવામાં આવી છે.

- ઇ-વે બિલોની નકલોના સંદર્ભમાં, ડાઉનલોડ કરેલા અહેવાલ મુજબ, સામાન્ય રીતે મોટી કંપનીઓ અથવા જાહેર ક્ષેત્રના ઉપક્રમો વગેરે દ્વારા એક કરતાં વધારે ઇ-વે બિલ જનરેટ કરવામાં આવે છે. તેથી, પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે કોઈ ખોટું અર્થઘટન હોઈ શકે છે. જો કે, વિગતવાર અભ્યાસ પછી NIC સમક્ષ આ મુદ્દો ઉઠાવવામાં આવશે (ક્રમ નં. 2).

  ઓડિટના મતાનુસાર ડુપ્લિકેટ ઇ-વે બિલો જનરેટ કરવાના કારણે કર ચૂકવણી વિના માલ ચોરી-છૂપીથી મોકલવાનું જોખમ હતું, કારણ કે કરદાતાઓએ એક જ ઇન્વોઇસનો ઉપયોગ કરીને માલની અનેક વાર હેરફેર કરી હોઇ શકે.

- રિટર્ન રજૂ ન કરવાના સંદર્ભમાં, વિભાગે જણાવ્યુ હતું કે જો કરદાતાએ વેરાના બે સમયગાળા માટે સતત રિટર્ન રજૂ ન કર્યા હોય તો, ઇ-વે બિલ જનરેટ કરવાની સુવિધા ઇ-વે બિલ પ્રણાલી દ્વારા અટકાવવામા આવે છે. ગુજરાત GST નિયમો 2017ના નિયમ 138 મુજબ ડિસેમ્બર 2019થી આ પ્રણાલી સક્રિય હતી. વધુમાં, વિભાગે ઉપરોક્ત કેસોની ચકાસણી શરૂ કરી દીધી છે અને ઉપચારાત્મક કાર્યવાહી પણ અમલમાં મૂકી છે. બનાવટી કેસોમાં, વિભાગે ગુજરાત GST કાયદા 2017 (ક્રમ નં. 3)ની કલમ 122[5] હેઠળ કાર્યવાહી શરૂ કરી છે.

- વિભાગે એવો પણ જવાબ આપ્યો કે ઇ-વે બિલ એનાલિટિક્સ રિપોર્ટ નં. C-7[6] મુજબ ખૂબ જ ઓછા કેસ મળી આવ્યા હતા. જોકે, યોગ્ય અધિકારીને ચેતવણી આપવા માટે એક તંત્ર વિકસાવવા માટે NIC અને GSTNને સંકલન માટે જાણ કરવામાં આવશે. વધુમાં, વિભાગે ચકાસણી માટે કેસોની પસંદગી માટે આંતરિક સુવિધા વિકસાવી છે અને અસંખ્ય કેસોમાં ન્યાય-નિર્ણય લે છે. ભવિષ્યમાં ચકાસણી માટે કેસોની પસંદગી દરમિયાન પણ આ માપદંડો ધ્યાનમાં લેવામાં આવશે (ક્રમ નં. 4 અને 5).

- જોકે, ઓડિટ દ્વારા નિર્દેશ કરાયેલા કેસો પર કરવામાં આવેલી ઉપચારાત્મક કાર્યવાહી, જેમ કે ઓડિટ દ્વારા નિર્દેશ કર્યા પછી તેમના દ્વારા તપાસવામાં આવેલા કેસોની સંખ્યા

---

[5] ગુજરાત માલ અને સેવા વેરા કાયદાની કલમ 122 હેઠળ કરચોરી માટે દસ હજાર રૂપિયાનો દંડ અથવા કરચોરી કરેલી રકમ જેટલી રકમ, જે વધારે હોય તે.

[6] વર્ષ માટે ઇ-વે બિલોમાં ₹ 1.5 કરોડ કરતાં વધારે ટર્નઓવર ધરાવતા કમ્પોઝિશન કરદાતાઓ.

અને વસૂલાતની સ્થિતિની વિગતો, જો કોઈ હોય તો, તે અંગે વિભાગના જવાબમાં ઉલ્લેખ ન હતો (માર્ચ 2025).

2.1.8.2 વાસ્તવિક ઓડિટ

નીચેનું **કોષ્ટક** 30 કરદાતાઓના 89 ઇ-વે બિલોની વિગતવાર ચકાસણી દરમિયાન ધ્યાન પર આવેલી ઉણપો અને ત્યારબાદ આવક પર પડેલી અસરનું પ્રમાણ દર્શાવે છે.

કોષ્ટક 2.2: નમૂનાના કેસોમાં અવલોકનોની વિગતો

ક્રમાંક	અવલોકનનો પ્રકાર	નમૂના			અનુપાલનમાં વિચલન		
		કરદાતાઓની સંખ્યા	જારી કરાયેલા કુલ ઇ-વે બિલ	સંકળાયેલો વેરો (₹ લાખમાં)	કરદાતાઓની સંખ્યા	જારી કરાયેલા કુલ ઇ-વે બિલ	સંકળાયેલો વેરો (₹ લાખમાં)
1	રદ્દ કરાયેલા કરદાતાઓ દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા	12	63	88.70	5	1,901	1,579.78
2.	*GST*ના પત્રકો રજૂ ન કરનાર દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા	6	20	28.87	5	1,015	591.73
3.	શૂન્ય પત્રકો રજૂ કરનાર કરદાતાઓ દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા	8	17	51.45	2	175	148.60
4.	કમ્પોઝીશન યોજના હેઠળ ચાલુ રહેલા અયોગ્ય કરદાતાઓ	1	23	27.88	1	29	36.53
કુલ		**27***	**123**	**196.90**	**13**	**3120**	**2,356.64**

સ્રોત: ઓડિટ દરમિયાન સંકલિત માહિતી

* એક કરદાતાની ત્રણ જોખમ પરિમાણો માટે, આઠ કરદાતાઓની બે પરિમાણો માટે, આઠ કરદાતાઓની એક પરિમાણ માટે તપાસ કરવામાં આવી હતી. 13 કરદાતાઓ ઉપરોક્ત કોઈપણ પરિમાણો હેઠળ આવતા ન હતા.

વાસ્તવિક ઓડિટ કરવા માટે ઓડિટે જોખમ આધારિત મોડેલનો ઉપયોગ કરી નમૂનાના કેસ પસંદ કર્યા હતા અને ઓડિટ દરમિયાન ધ્યાનમાં આવેલા પ્રણાલીગત મુદ્દાઓની ચર્ચા દરેક મુખ્ય જોખમ ક્ષેત્ર હેઠળ કરવામાં આવે છે જેથી ઓળખ કરાયેલા જોખમોની અસરો જણાવી શકાય. ઓડિટ તપાસમાં 13 કરદાતાઓ દ્વારા કાયદાઓ અને નિયમોમાંથી વિચલન બહાર આવ્યું છે જેના પરિણામે ₹ 23.57 કરોડના વેરાની બિન/ઓછી વસૂલાતમાં પરિણમી શકે છે.

વાસ્તવિક ઓડિટની આવક પરના પરિણામોની ચર્ચા હવે પછીની ફકરાઓમાં કરવામાં આવી છે.

(i) રદ થયેલા કરદાતાઓ દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા

ગુજરાત GST (GGST) અધિનિયમની કલમ 63 મુજબ, જ્યાં કોઈ કરપાત્ર વ્યક્તિની નોંધણી રદ કરવામાં આવી હોય પરંતુ જે કર ચૂકવવા માટે જવાબદાર હોય ત્યાં યોગ્ય અધિકારી તેમના શ્રેષ્ઠ નિર્ણય મુજબ આવી કરપાત્ર વ્યક્તિની વેરાની જવાબદારીની આકારણી કરી શકે છે. રદ કરાયેલ કરદાતા ઇ-વે બિલ જનરેટ કરી ન શકે, કારણ કે તે રિટર્ન રજૂ કર્યા વિના ઇનપુટ વેરા શાખ આગળ પસાર કરી રહ્યો હોવાની શક્યતા છે, જે વેરાની બિન-ચુકવણીમાં પરિણમે છે.

GGST કાયદા 2017ની કલમ 16 મુજબ, કોઈપણ નોંધાયેલી વ્યક્તિ માલ અથવા સેવાઓ અથવા બંન્નેના પુરવઠાના સંદર્ભમાં કોઈપણ ઇનપુટ વેરા શાખ મેળવવા માટે હકદાર રહેશે નહીં, સિવાય કે, (a) તેની પાસે ટેક્સ ઇન્વોઇસ અથવા નિર્ધારિત કરી શકાય તેવા અન્ય કર ચૂકવણી દસ્તાવેજો હોય; (b) તેણે માલ અથવા સેવાઓ અથવા બંને પ્રાપ્ત કર્યા હોય; (c) કલમ 41ની જોગવાઈઓને આધીન, આવા પુરવઠાના સંદર્ભમાં વસૂલવામાં આવેલ ટેક્સ ખરેખર સરકારને ચૂકવવામાં આવ્યો હોય, કાં તો રોકડમાં અથવા ઉપરોક્ત પુરવઠાના સંદર્ભમાં સ્વીકાર્ય ઇનપુટ ટેક્સ ક્રેડિટના ઉપયોગ દ્વારા; અને (d) તેણે કલમ 39 હેઠળ રિટર્ન રજૂ કર્યું હોય.

ઓડિટ દરમિયાન, 2018-19થી 2020-21 દરમિયાન સાત ઘટકો[7] હેઠળ આવતા 12 કરદાતાઓ સંબંધિત ₹ 10.44 કરોડના આકારણીપાત્ર મૂલ્ય ધરાવતા 63 ઇ-વે બિલોની પ્રતિક ચકાસણી કરવામાં આવી હતી, જેમાં ₹ 88.70 લાખનો વેરો સંકળાયેલો હતો. ઓડિટમાં પાંચ કેસોમાં[8] ધ્યાન પર આવ્યુ હતું કે આ ઇ-વે બિલો રદ કરાયેલા કરદાતાઓ દ્વારા જનરેટ કરવામાં આવ્યા હતા. આ કરદાતાઓની નોંધણી 'કરદાતાઓના મુખ્ય વ્યવસાય સ્થળ પર બિન-કાર્યકારી / અસ્તિત્વમાં ન હોવાનું જણાયું' હોવાથી પાછલી અસરથી સ્વતઃ રદ કરવામાં આવ્યા હતા. આ બધા કરદાતાઓએ નોંધણી રદ કરવાની અસરકારક તારીખ પછી ₹ 98.87 કરોડના આકારણીપાત્ર મૂલ્યવાળા 1,901 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા જેમાં ₹ 15.80 કરોડનો કર સામેલ હતો.

ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે આ કરદાતાઓ ઇન્પુટ વેરા શાખનો ઉપયોગ કરીને વેરાની જવાબદારીઓ પુરી કરી રહ્યા હતા. ઘટક 21, અમદાવાદના એક કિસ્સામાં, કરદાતાએ GSTR-2Aમાં ઉપલબ્ધ ન હોવા છતાં ઇન્પુટ વેરા શાખનો લાભ લીધો હતો અને તેનો ઉપયોગ કર્યો હતો. વધુમાં, કરદાતાએ GSTR-1 રજૂ કર્યું હતું પરંતુ જાન્યુઆરી 2019થી GSTR-3B રજૂ કર્યું ન હતું, જોકે તેણે 92 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા, જેનું આકારણી મૂલ્ય ₹ 4.16 કરોડ હતું, જેમાં સંબંધિત મહિનામાં ₹ 45.19 લાખનો વેરો સામેલ હતો. જો કે, વિભાગે GGST અધિનિયમની કલમ 63 હેઠળ આ કરદાતાઓની વેરાની જવાબદારીની આકારણી કરી ન હતી અને એ રીતે સરકારના હિતમાં મહેસૂલનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયા હતા.

જ્યારે ઓડિટ દ્વારા આ ધ્યાન પર લાવવામાં આવ્યું (એપ્રિલ 2024થી મે 2024), ત્યારે વિભાગે પાંચેય કેસોમાં ઓડિટ અવલોકન (ફેબ્રુઆરી 2025થી માર્ચ 2025) સ્વીકાર્યું હતું અને જણાવ્યું હતું

[7] સરાવેક: ઘટક 11, 21 અને 22 અમદાવાદ, ઘટક 30 મહેસાણા, ઘટક 36 ઉંઝા, ઘટક 38 પાટણ અને ઘટક 91 મોરબી.

[8] સરાવેક: ઘટક-11 (બે કેસો), 21 અને 22- અમદાવાદઅને 38-પાટણ.

કે આવા કેસોની આકારણી GGST અધિનિયમ, 2017ની કલમ 122 હેઠળ કરવું જરૂરી છે (માર્ચ 2025).

એક ઉદાહરણરૂપ કેસ નીચે આપેલ છે:

ઘટક-22, અમદાવાદ હેઠળ આવતા એક કરદાતાએ રદ કરવાની અસરકારક તારીખ પછી 2019-20 અને 2020-21 દરમિયાન ₹ 52.88 કરોડના જાવક પુરવઠા માટે 1,074 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા, જેમાં ₹ 9.21 કરોડ જેટલો વેરો સામેલ હતો. ઓડીટે જોયું હતું કે GSTN પોર્ટલ પર GSTR-1ના રીટર્ન ઉપલબ્ધ/દેખાતા ન હતા. કરદાતાએ ડિસેમ્બર 2019થી ડિસેમ્બર 2020ના સમયગાળા માટે GSTR-3B રજૂ કર્યું હતું અને ઉપરોક્ત સમયગાળા માટે ઇનપુટ વેરા શાખનો ઉપયોગ કરીને વેરાની જવાબદારી પૂર્ણ કરી હતી જે મળવાપાત્ર ન હતી કારણ કે કરદાતાની નોંધણી ફેબ્રુઆરી 2021માં વિભાગ દ્વારા 'કરદાતા મુખ્ય વ્યવસાય સ્થળ પર કાર્યરત નથી/અસ્તિત્વમાં નથી' તે કારણસર 19 ડિસેમ્બર 2019ની અસરકારક તારીખથી સ્વતઃ રદ કરવામાં આવી હતી. વિભાગ કાયદાની કલમ 62 અથવા 63 હેઠળ નિર્દિષ્ટ વેરાની જવાબદારીની આકારણી કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં નિષ્ફળ ગયો અને આમ સરકારના મહેસૂલ હિતનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયો હતો.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી (મે 2024), ત્યારે વિભાગે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે આ કેસમાં GST અધિનિયમની કલમ 122 હેઠળ કાર્યવાહી જરૂરી છે.

(ii) GSTના રિટર્ન રજૂ ન કરનાર દ્વારા ઇ-વે બિલ જનરેટ કરવા

GGST અધિનિયમની કલમ 29 મુજબ, જ્યારે કોઈ કમ્પોઝિશન કરદાતાએ સતત ત્રણ કર સમયગાળા માટે રિટર્ન રજૂ ન કર્યું હોય, અથવા કોઈ અન્ય નોંધાયેલ વ્યક્તિએ સતત છ મહિના સુધી રિટર્ન રજૂ ન કર્યું હોય, ત્યારે યોગ્ય અધિકારી કરદાતાની નોંધણી રદ કરી શકે છે.

અધિનિયમની કલમ 62 મુજબ, જ્યાં નોંધાયેલ વ્યક્તિ નોટિસ આપ્યા બાદ પણ રિટર્ન રજૂ કરવામાં નિષ્ફળ જાય ત્યારે યોગ્ય અધિકારી ઉપલબ્ધ બધી સંબંધિત સામગ્રી અથવા જે તેણે એકત્રિત કરી છે તેને ધ્યાનમાં લઈને, તેના શ્રેષ્ઠ નિર્ણય મુજબ ઉપરોક્ત વ્યક્તિની વેરાની જવાબદારીની આકારણી કરી શકે છે અને આકારણી આદેશ જારી કરી શકે છે.

GGST અધિનિયમની કલમ 63 મુજબ, જ્યાં કોઈ કર પાત્ર વ્યક્તિ જેની નોંધણી રદ કરવામાં આવી છે, પરંતુ જે કર ચૂકવવા માટે જવાબદાર છે, ત્યાં યોગ્ય અધિકારી તેમના શ્રેષ્ઠ નિર્ણય મુજબ આવી કરપાત્ર વ્યક્તિની કર જવાબદારીનું મૂલ્યાંકન કરી શકે છે.

ઉપરોક્ત કાયદાની કલમ 30(1) મુજબ, કોઈપણ નોંધાયેલ વ્યક્તિ જેની નોંધણી રદ કરવામાં આવી છે, તે રદ કરવાના આદેશની સેવાની તારીખથી ત્રીસ દિવસની અંદર નિર્ધારિત રીતે નોંધણી રદ કરવા માટે અરજી કરી શકે છે.

ઓડિટમાં રિટર્ન રજૂ ન કરનારને જોખમી કરદાતાઓ તરીકે ઓળખવામાં આવ્યા હતા અને 2018-19 અને 2019-20ના સમયગાળા દરમિયાન જનરેટ થયેલા 20 ઇ-વે બિલોની પ્રતિક-

ચકાસણી કરવામાં આવી હતી, જેમાં ત્રણ ઘટક[9] હેઠળ આવતા છ રિટર્ન રજૂ ન કરનારાઓ જેમની આકારણીપાત્ર કિંમત ₹ 2.21 કરોડ છે જેમાં ₹ 28.87 લાખનો કર સામેલ છે તેનો સમાવેશ થાય છે.

ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે 2018-19થી 2019-20ના સમયગાળા દરમિયાન પાંચ કરદાતાઓએ[10] ₹ 40.77 કરોડના જાવક પુરવઠા માટે ₹ 5.92 કરોડનો વેરો સામેલ છે એવા 1,015 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા. જોકે, સંબંધિત સમયગાળા માટે રિટર્ન રજૂ કરવામાં આવ્યા ન હતા. ઓડિટમાં વધુમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે વિભાગે રિટર્ન ભરવામાં નિષ્ફળ જવા બદલ આ પાંચ કરદાતાઓની નોંધણી રદ કરી હતી. આ પાંચ કરદાતાઓ પૈકી, એક કિસ્સામાં, કરદાતાએ[11] જુલાઈ 2019માં ₹ 5.05 કરોડના જાવક પુરવઠા માટે ₹ 25.27 લાખના કર સાથે 37 ઇ-વે બિલો જનરેટ કર્યા હોવા છતાં, તે મહિના માટે શૂન્ય રિટર્ન રજૂ કર્યું હતું. જોકે, વિભાગે કાયદાની કલમ 62 અથવા 63 હેઠળ ઉલ્લેખિત વેરાની જવાબદારીનું મૂલ્યાંકન કરવા માટે કાર્યવાહી શરૂ કરી ન હતી અને આમ સરકારના મહેસૂલ હિતનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયો હતો.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવતા (એપ્રિલ 2024થી મે 2024), વિભાગે તમામ કેસોમાં ઓડિટ અવલોકન સ્વીકાર્યું હતું (ફેબ્રુઆરી 2025) અને જણાવ્યું હતું કે GGST અધિનિયમ, 2017ની કલમ 122 હેઠળ કાર્યવાહી કરવામાં આવશે (માર્ચ 2025). વધુમાં, એક કેસમાં (ઘટક-36), વિભાગે એમ પણ જણાવ્યું કે ઘટક સ્તરે, ઇ-વે બિલ પોર્ટલનો કોઈ પ્રવેશ હક્ક ન હતો.

એક ઉદાહરણરૂપ કેસ નીચે આપેલ છે:

ઘટક-91, મોરબી હેઠળ આવતા કરદાતાના કિસ્સામાં ઇ-વે બિલ પોર્ટલ દર્શાવે છે કે કરદાતાએ 2018-19 દરમિયાન ₹ 13.39 કરોડની રકમ માટે 362 જાવક પુરવઠાના ઇ-વે બિલો જનરેટ કર્યા હતા જેમાં ₹ 2.39 કરોડનો વેરો સામેલ હતો. કરદાતાએ નોંધણીની તારીખથી ન તો GSTR-1 કે ન તો GSTR-3B રજૂ કર્યું હતું. વધુમાં, 2018-19 સમયગાળા માટે GSTR-2A શૂન્ય હતું, તેથી નોંધાયેલા વેપારીઓ તરફથી કોઈ પુરવઠો અંદર આવ્યો ન હતો. રિટર્ન રજૂ ન કરવાને કારણે ફેબ્રુઆરી 2019માં (16 ઓગસ્ટ 2018થી સ્વતઃ) કરદાતાની નોંધણી રદ કરવામાં આવી હતી, જો કે, કરદાતાની નોંધણી રદ કરતી વખતે કોઈ બાકી રકમની આકારણી કરવામાં આવી ન હતી. આમ, વિભાગ કાયદાની કલમ 62 અથવા 63 હેઠળ ઉલ્લેખિત કર જવાબદારીનું મૂલ્યાંકન કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં નિષ્ફળ ગયો અને આમ સરકારના મહેસૂલી હિતનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયો.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવતા (મે 2024), વિભાગે ઓડિટ અવલોકન સ્વીકાર્યું હતું અને જવાબ આપ્યો (ફેબ્રુઆરી 2025) કે આવા કિસ્સામાં GGST અધિનિયમની કલમ 122 હેઠળ કાર્યવાહી જરૂરી છે.

[9] સરાવેક: ઘટક 21-અમદાવાદ (એક કરદાતા), 36-ઉંઝા (એક કરદાતા) અને 91- મોરબી (ચાર કરદાતાઓ).

[10] સરાવેક: ઘટક 36-ઉંઝા (એક કરદાતા) અને 91-મોરબી (ચાર કરદાતાઓ).

[11] સરાવેકઃ ઘટક 36-ઉંઝા.

(iii) શૂન્ય રિટર્ન રજૂ કરતા કરદાતાઓ દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા

GGST કાયદાની કલમ 61 મુજબ, કરદાતાઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ રિટર્નની યોગ્ય અધિકારી દ્વારા ચકાસણી કરવી જરૂરી છે જેથી રિટર્નની ચોકસાઇની ખાતરી થાય અને રિટર્નમાં પ્રતિબિંબિત થતી કોઈપણ વિસંગતતાઓ અથવા અસંગતતાઓ પર યોગ્ય પગલાં લઇ શકાય.

ઓડિટમાં, 2018-19થી 2020-21 દરમિયાન છ ઘટકો[12] હેઠળ આવતા આઠ કરદાતાઓ દ્વારા જનરેટ કરાયેલા 17 ઇ-વે બિલો, જેનું આકારણી મૂલ્ય ₹ 4.33 કરોડ હતું અને ₹ 51.45 લાખનો કર સામેલ હતો, તેની પ્રતિક-ચકાસણી કરવામાં આવી હતી. ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે 2019-20 અને 2020-21ના સમયગાળા દરમિયાન બે કરદાતાઓ[13]એ ₹ 17.65 કરોડના 175 જાવક પુરવઠાના ઇ-વે બિલો જનરેટ કર્યા હતા જેમાં ₹ 1.49 કરોડનો વેરો સામેલ હતો. જો કે, તે સમયગાળા દરમિયાન આ કરદાતાઓએ શૂન્ય GSTR-3B રજૂ કર્યું હતું જેના પરિણામે કરપાત્ર પુરવઠો દબાવવામાં આવ્યો હતો અને વેરો ચૂકવવામાં આવ્યો ન હતો. વિભાગે બાકી રકમની આકારણી અને વસૂલાત માટે કોઈ કાર્યવાહી કરી ન હતી (ફેબ્રુઆરી 2025).

આ ધ્યાન પર લાવવામાં આવ્યુ ત્યારે (એપ્રિલ અને મે 2024), વિભાગે બન્ને કેસોમાં ઓડિટ અવલોકનનો સ્વીકાર કર્યો હતો (ફેબ્રુઆરી 2025) અને ઘટક-9 અમદાવાદના એક કેસમાં જણાવ્યુ હતું કે કારણદર્શક નોટીસ જારી કરવામાં આવી છે (મે 2024) ઘટક 30 મહેસાણાના અન્ય કેસમાં વિભાગે જણાવ્યું હતું કે આવા કેસની આકારણી GGST અધિનિયમની કલમ 122 હેઠળ કરવી જરૂરી છે.

એક ઉદાહરણરૂપ કેસ નીચે આપેલ છે.

ઘટક-30, મહેસાણા હેઠળ આવતા એક કરદાતાએ 2019-20 અને 2020-21 દરમિયાન ₹ 15.90 કરોડ જેટલી રકમના જાવક પુરવઠા માટે 174 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા, જેમાં ₹ 1.17 કરોડનો કર સામેલ હતો. GSTN પોર્ટલમાં, 2020-21ના સમયગાળા માટે GSTR-1 ઉપલબ્ધ નહોતું. વધુમાં, 2019-20 અને 2020-21ના સમયગાળા માટે GSTR-2A શૂન્ય હતું, તેથી નોંધાયેલા વેપારીઓ તરફથી કોઈ આવક પુરવઠો ન હતો. કરદાતાએ ફોર્મ GSTR-3B (માર્ચ-2020થી જૂન 2020)માં શૂન્ય રિટર્ન રજૂ કર્યું હતું અને ત્યારબાદ કોઈ રિટર્ન રજૂ કરવામાં આવ્યું ન હતું. તેથી, કરદાતાએ તેમની કર જવાબદારી નિભાવી ન હતી. સ્થળ મુલાકાત સમયે વ્યવસાયનું મુખ્ય સ્થળ ન મળવાને કારણે સપ્ટેમ્બર 2020માં (13 માર્ચ 2020ની અસરથી સ્વતઃ) કરદાતાની નોંધણી રદ કરવામાં આવી હતી. વધુમાં, કરદાતાની નોંધણી રદ કરતી વખતે કોઈ બાકી રકમની આકારણી કરવામાં આવી ન હતી. વિભાગ કાયદાની કલમ 62 અથવા 63 હેઠળ ઉલ્લેખિત કર જવાબદારીની આકારણી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં નિષ્ફળ ગયો અને આમ સરકારના મહેસૂલી હિતનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયો.

---

[12] સરાવેક: ઘટક-9 અને 11-અમદાવાદ, 30-મહેસાણા, 36-ઉંઝા, 79- સુરેન્દ્રનગર અને 93-રાજકોટ.

[13] સરાવેક: ઘટક -9 અમદાવાદ અને ઘટક 30-મહેસાણા.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી (એપ્રિલ 2024) ત્યારે વિભાગે ઓડિટ અવલોકનનો સ્વીકાર કર્યો હતો અને જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે આવા કેસની GGST અધિનિયમની કલમ 122 હેઠળ આકારણી કરવી જરૂરી છે.

(iv) કમ્પોઝિશન યોજના હેઠળ અયોગ્ય કરદાતાઓ ચાલુ રહેવા

GGST કાયદાની કલમ 10(1) મુજબ, એક નોંધાયેલ વ્યક્તિ જેનું પાછલા નાણાકીય વર્ષમાં એકંદર ટર્નઓવર નિર્દિષ્ટ મર્યાદા[14] કરતાં વધુ ન હોય, તે કમ્પોઝિશન યોજના હેઠળ વેરાની ચૂકવણી પસંદ કરી શકે છે. વધુમાં, GGST કાયદાની કલમ 10(2)(c)માં જોગવાઈ છે કે જો કરદાતા માલના આંતર-રાજ્ય જાવક પુરવઠામાં રોકાયેલ હોય, તો તે કમ્પોઝિશન યોજના પસંદ કરવા માટે પાત્ર રહેશે નહીં.

વધુમાં, GGST કાયદાની કલમ 10(3) મુજબ, નોંધાયેલ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષ દરમિયાન જે દિવસે તેનું એકંદર ટર્નઓવર નિર્દિષ્ટ મર્યાદા કરતાં વધી જાય કમ્પોઝિશન યોજના માટે મેળવેલ વિકલ્પ તે દિવસથી સમાપ્ત થઈ જશે.

GGST કાયદાની કલમ 61 મુજબ, કરદાતાઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ રિટર્નની યોગ્ય અધિકારી દ્વારા રિટર્નની ચોકસાઇની ખાતરી કરવા ચકાસણી કરવી જોઇએ છે અને રિટર્નમાં પ્રતિબિંબિત થતી કોઈપણ વિસંગતતાઓ અથવા અસંગતતાઓ પર યોગ્ય પગલાં લેવા જોઈએ.

ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે GGST કાયદા, 2017ની કલમ 10 (1) હેઠળ કમ્પોઝિશન યોજના હેઠળ નોંધાયેલા કરદાતા, જે ઘટક-38 પાટણ હેઠળ આવે છે, તેણે જાન્યુઆરી 2019 અને ફેબ્રુઆરી 2019 દરમિયાન ₹ 6.49 કરોડના આંતર-રાજ્ય જાવક પુરવઠા માટે 29 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા જેમાં ₹ 36.53 લાખનો વેરો સામેલ હતો. વધુમાં, કરદાતાનું એકંદર ટર્નઓવર કમ્પોઝિશન યોજના માટે ₹ એક કરોડની નિર્દિષ્ટ મર્યાદાને વટાવી ગયું હતું અને તેથી, કરદાતાએ તેની નોંધણી 'સામાન્ય શ્રેણી' કરદાતા હેઠળ ફેરવવાની જરૂર હતી.

ઓડિટે વધુમાં અવલોકન કર્યુ હતું કે વિભાગે (ફેબ્રુઆરી 2021) વેરાના સતત ત્રણ સમયગાળા માટે રિટર્ન રજૂ ન કરવા બદલ કરદાતાને કારણદર્શક નોટિસ જારી કરી હતી અને માર્ચ 2021માં સ્વતઃ નોંધણી રદ કરી હતી, જે રદ કરવાની અસરકારક તારીખ 10 ડિસેમ્બર 2018 હતી, એટલે કે આંતર-રાજ્ય પુરવઠા માટે ઇ-વે બિલો[15] જનરેટ કર્યાના બે વર્ષથી વધુ સમયગાળા બાદ. જો કે, કરદાતાની નોંધણી રદ કરતી વખતે કોઈ બાકી રકમની આકારણી કરવામાં આવી ન હતી. આમ, વિભાગ કાયદાની કલમ 62 અથવા 63 હેઠળ ઉલ્લેખિત વેરાની જવાબદારીનું મૂલ્યાંકન કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં નિષ્ફળ ગયો અને આમ સરકારના મહેસૂલના હિતનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયો.

[14] કમ્પોઝિશન સ્કીમ માટે પાત્ર બનવા માટેની વાર્ષિક મર્યાદા 01.04.2018 થી 31.03.2019ના સમયગાળા માટે ₹ એક કરોડ હતી અને ત્યારબાદ ₹ 1.5 કરોડ હતી.

[15] પ્રથમ ઇ-વે બિલ જાન્યુઆરી 2019માં જનરેટ કરવામાં આવ્યુ હતું.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતા (એપ્રિલ 2024), વિભાગે જવાબ આપ્યો હતો (ફેબ્રુઆરી 2025) કે ઇ-વે બિલ પોર્ટલ NIC દ્વારા વિકસાવવામાં અને જાળવવામાં આવે છે જ્યારે GSTN પોર્ટલ GST નેટવર્ક દ્વારા વિકસાવવામાં અને જાળવવામાં આવે છે. ઇ-વે બિલ અને GSTN પોર્ટલ અલગ છે અને આ બે પોર્ટલ વચ્ચે કોઈ જોડાણ નથી. જો કે, GSTNને ઇ-વે બિલ પોર્ટલ સાથે જોડવાના મુદ્દાને વધુ આગળ વધારવા માટે ઈ-ગવર્નન્સ શાખા સમક્ષ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

ભલામણ-2:

(a) GST પોર્ટલ અને ઇ-વે બિલ પોર્ટલનું જોડાણ કરવાનું અને તેની ઉપલબ્ધતા બેક-એન્ડ એપ્લીકેશન એટલે કે Bowebમાં વેરા અધિકારીઓને ઉપલબ્ધ કરાવવાનું સુનિશ્ચિત કરવા માટે સરકારે આ બાબત મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) અને GST કાઉન્સિલમાં ઉઠાવવી જોઇએ.

(b) રાજ્ય સરકાર આ બાબતને GST કાઉન્સિલ સમક્ષ પણ ઉઠાવી શકે છે કે ઇ-વે બિલ પોર્ટલ GSTN સાથે લિંક ન થાય ત્યાં સુધી એ બાબતને ફરજિયાત બનાવવાનો વિચાર કરી શકાય, જેથી પાછલી અસરથી નોંધણી રદ કરનાર યોગ્ય અધિકારી, પ્રમાણિત કરી શકે કે કરદાતા દ્વારા જનરેટ કરાયેલ દરેક ઇ-વે બિલ તપાસવામાં આવ્યું છે અને વેરાની જવાબદારી, જો કોઈ બાકી હોય તો તે પૂર્ણ કરવામાં આવી છે.

(c) સરકાર GSTN સમક્ષ આ મામલો ઉઠાવી શકે છે જેથી GST સિસ્ટમમાં સોફ્ટ એલર્ટ દાખલ કરી શકાય જેથી કરદાતા દ્વારા ઇ-વે બિલ જનરેટ કરવામાં આવ્યા હોય પરંતુ GSTR-1 અને GSTR-3B જેવા રિટર્ન તેમના દ્વારા રજૂ ન કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં યોગ્ય અધિકારીને ચેતવણી સંદેશ મોકલી શકાય.

2.1.8.3 અન્ય મુદ્દાઓ

ઓડિટ દરમિયાન ઓડિટમાં અન્ય પ્રણાલીગત ખામીઓ પણ જોવા મળી હતી. આ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

(i) ડેટા એન્ટ્રીની ભૂલો

ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે ત્રણ ઘટકો[16] હેઠળ આવતા ત્રણ કરદાતાઓને લગતા ત્રણ ઇ-વે બિલો માં, જાવક પુરવઠાનું મૂલ્ય અસામાન્ય રીતે ઊંચું હતું એટલે કે ₹ 1,81,21,200 કરોડ, ₹ 71,017 કરોડ અને ₹ 65,132 કરોડ.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવતા (જાન્યુઆરી 2024), તમામ સંબંધિત ઘટકોના યોગ્ય અધિકારીઓએ જવાબ આપ્યો હતો (એપ્રિલ 2024થી જૂન 2024) કે ઇ-વે બિલ જનરેટ કરતી વખતે ટાઇપ કરવામાં ભૂલ થઈ હતી.

[16] સરાવેકઃ ઘટક-11, 12 અને 20 અમદાવાદ.

માર્ચ 2021ના રોજ અંતિત વર્ષ માટે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઓડિટ રિપોર્ટ (૨૦૨૨ના નંબર 5) - કેન્દ્ર સરકારના મહેસૂલ-પરોક્ષ કર વિભાગ-GST, ઓડિટમાં પહેલાથી જ GSTN ડેટામાં ગુણવત્તાના મુદ્દા અને GST ડેટામાં નોંધપાત્ર વિસંગતતાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને ભલામણ કરવામાં આવી હતી કે મંત્રાલયે યોગ્ય માન્યતા નિયંત્રણ (ગેરવાજબી ડેટા એન્ટ્રીઓને રોકવા અને/અથવા કરદાતાને ગેરવાજબી ડેટા પ્રત્યે ચેતવણી આપવા માટેના નિયંત્રણો) દાખલ કરવાનું વિચારવું જોઈએ. ડેટા એન્ટ્રી ભૂલોને કારણે ઇ-વે બિલ ડેટામાં અસામાન્ય રીતે ઊંચા મૂલ્યોની હાજરી અનુપાલન કામગીરીમાં ઘટાડો અને કર વહીવટના દુર્વ્યય તરફ દોરી જઇ શકે છે.

ભલામણ-3:

સરકારે આ મુદ્દો GSTN અને મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવવો જોઇએ કે જેથી ઇ-વે બિલ પ્રણાલીમાં માન્યતા નિયંત્રણો અને સોફ્ટ એલર્ટના વિવેકપૂર્ણ મિશ્રણ પર વિચારણા કરી શકાય જેથી ડેટા એન્ટ્રી ભૂલોને નિયંત્રિત કરી શકાય અને વિભાગના સંસાધનોનો વધુ સારી ચકાસણી અને શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય.

(ii) એક જ ઇન્વોઇસ પર અનેક ઇ-વે બિલો જનરેટ કરવા

GGST નિયમોના નિયમ 46(b) મુજબ, એક નાણાકીય વર્ષ માટે અનન્ય, સોળ અક્ષરોથી વધુ ન હોય તેવો સળંગ ક્રમિક સંખ્યા ધરાવતો ટેક્સ ઇન્વોઇસ નોંધાયેલ વ્યક્તિ દ્વારા જારી કરવામાં આવશે.

એનઆઇસી દ્વારા જારી કરવામાં આવેલી વપરાશકર્તા માર્ગદર્શિકા મુજબ, EWB જનરેટ કરતી વખતે કરદાતાએ કન્સાઇનમેન્ટ સંબંધિત દસ્તાવેજ નંબર દાખલ કરવો જરૂરી છે. દાખલ કરેલ દસ્તાવેજ નંબર અનન્ય હોવો જોઈએ. ઇન્વોઇસ નંબર એ પુરવઠા સંબંધિત કન્સાઇનમેન્ટના સંદર્ભમાં દસ્તાવેજ નંબર છે. તેથી, દરેક ઇન્વોઇસના આધારે ફક્ત એક જ ઇ-વે બિલ જનરેટ કરવાની જરૂર છે.

2018-19 અને 2019-20 દરમિયાન છ કરદાતાઓ[17] દ્વારા જનરેટ કરાયેલા 12 ઇ-વે બિલોની પ્રતિક ચકાસણી દરમિયાન, ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે ઘટક-91 મોરબી હેઠળ આવતા એક કરદાતાએ મે 2018માં માલની હેરફેર માટે બે ઇન્વોઇસ (એક ઇન્વોઇસ પર ત્રણ ઇ-વે બિલ અને બીજા ઇન્વોઇસ પર બે ઇ-વે બિલ) પર પાંચ ઇ-વે બિલ જનરેટ કર્યા હતા.

આ ઇ-વે બિલ પોર્ટલમાં એક જ ઇન્વોઇસનો ઉપયોગ કરીને અનેક ઇ-વે બિલ બનાવાતા અટકાવવા બાબતમાં માન્યતા નિયંત્રણોનો અભાવ દર્શાવતું હતું. આના પરિણામે વેરો ચૂકવ્યા વિના ચોરીછૂપીથી માલની હેરફેર થઈ શકે છે.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે (મે 2024), વિભાગે જવાબ આપ્યો (ફેબ્રુઆરી 2025) કે નોંધાયેલ કરદાતા બનાવટી હોવાનું જણાયું છે. તેથી, કરદાતાની નોંધણી

[17] સરાવેક, ઘટક-10, 11 અમદાવાદ, ઘટક-89, 92 અને 93 રાજકોટ અને ઘટક-91 મોરબી.

મે 2018માં શરૂથી રદ કરવામાં આવી હતી. ઉપરોક્ત કેસની આકરણી કલમ 122 હેઠળ કરવી જરૂરી રહેશે.

ભલામણ-4:

સરકારે મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) અને GST કાઉન્સિલ સમક્ષ આ મુદ્દો ઉઠાવવો જોઇએ જેથી એક જ ઇન્વોઇસ પર અનેક ઇ-વે બિલ બનાવવાનું નિયંત્રિત કરવા માટે ઇ-વે બિલ સિસ્ટમમાં માન્યતા નિયંત્રણોનો સમાવેશ કરી શકાય.

(iii) અમાન્ય પિન કોડનો ઉપયોગ કરીને ઇ-વે બિલ અથવા પિનથી પિન વચ્ચે અંતરમાં વિસંગતતા

ઘટક-91, મોરબી હેઠળ આવતા એક કરદાતાના બે ઇ-વે બિલમાં ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે ઇ-વે બિલમાં દાખલ કરેલા પીન (PIN) કોડ (થી અને સુધી) અને ઇ-વે બિલમાં જાહેર કરેલા અંતર વચ્ચે તથા વાસ્તવિક અંતર વચ્ચે મેળ ખાતો ન હતો. બંને કિસ્સાઓમાં, ઇ-વે બિલમાં દર્શાવેલ અંતર ઇ-વે બિલમાં દાખલ કરેલા પીન કોડ (661040769588 અને 671041080353) વચ્ચેના વાસ્તવિક અંતરથી અનુક્રમે 268 કિમી અને 1,354 કિમી વધુ હતું. આના પરિણામે વેરો ચૂકવ્યા વિના માલનો અયોગ્ય રીતે પુરવઠો મોકલાવી શકે છે.

ઓડિટમાં જોવા મળ્યું કે, ઘટક-30, મહેસાણા હેઠળ કરદાતાના બે ઇ-વે બિલોમાં (601194595419 અને 651196789747) કરદાતા દ્વારા અમાન્ય પીન કોડ દાખલ કર્યા પછી પણ ઇ-વે બિલ જનરેટ કરવામાં આવ્યા હતા.

આમ, ઇ-વે બિલ પોર્ટલ અમાન્ય PIN કોડ અને બે PIN કોડ વચ્ચે અયોગ્ય અંતર હોય તો પણ ઇ-વે બિલ જનરેટ કરવાની પરવાનગી આપે છે. પ્રણાલીમાં આટલા પ્રમાણમાં ખામી હતી.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવ્યુ (એપ્રિલ 2024 અને મે 2024) ત્યારે વિભાગે જવાબ આપ્યો (ફેબ્રુઆરી 2025) કે જનરેટ થયેલા ઇ-વે બિલ માટે, ઇ-વે બિલમાં ઉલ્લેખિત પિન કોડના આધારે અંતરની આપમેળે ગણતરી થાય છે. ખોટા પિન કોડના કિસ્સામાં ઇ-વે બિલ જનરેટ કરવા પર નિયંત્રણ છે. GSTN અને ઇ-વે બિલ પોર્ટલ સાથે તેને વધુ આગળ વધારવા માટે આ મુદ્દો ઇ-ગવર્નન્સ શાખાને મોકલવામાં આવ્યો છે.

ભલામણ-5:

(a) સરકારે મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) અને GST કાઉન્સિલ સમક્ષ આ મુદ્દો ઉઠાવવો જોઇએ જેથી ઇ-વે બિલ સિસ્ટમમાં માન્યતા નિયંત્રણોનો સમાવેશ થાય અને કરદાતાઓ 'થી' અને 'સુધી' પિન કોડ વચ્ચે આપમેળે ગણતરી થયેલા અંતરમાં ફેરફાર ન કરી શકે.

(b) સરકારે આ મુદ્દો મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) અને GST કાઉન્સિલ સમક્ષ ઉઠાવવો જોઇએ જેથી અમાન્ય પીન (PIN) કોડ પર ઇ-વે બિલ જનરેટ કરવાનું રોકવા માટે ઈ-વે બિલ પ્રણાલીમાં માન્યતા નિયંત્રણોનો સમાવેશ થાય.

વિભાગની નિવારક કામગીરી

કમિશનર[18] અથવા તેમના દ્વારા આ સંદર્ભમાં સત્તા આપી હોય એવા અધિકારી કોઈપણ અધિકારીને માલની આંતર-રાજ્ય અને રાજ્યની અંદરની હેરફેર માટે ઇ-વે બિલ ચકાસવા માટે કોઈપણ વાહનને અટકાવવા માટે અધિકૃત કરી શકે છે. વાહનની ભૌતિક ચકાસણી કમિશનર અથવા તેમના દ્વારા સત્તા આપી આપી હોય એવા અધિકારી દ્વારા અધિકૃત યોગ્ય અધિકારી પણ કરી શકે છે. વાહનમાં માલના દરેક નિરીક્ષણનો સારાંશ અહેવાલ યોગ્ય અધિકારી દ્વારા નિરીક્ષણના ચોવીસ કલાકની અંદર ફોર્મ GST EWB-03ના ભાગ Aમાં ઓનલાઈન અહેવાલ કરવામાં આવશે અને ફોર્મ GST EWB-03ના ભાગ Bમાં અંતિમ અહેવાલની નોંધ આવા નિરીક્ષણના ત્રણ દિવસની અંદર કરવામાં આવશે.

નિયમ 138C(2) મુજબ, જ્યારે રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશની અંદર અથવા અન્ય કોઈ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં પરિવહન દરમિયાન કોઈ પણ વાહન પર પરિવહન કરવામાં આવતા માલની ભૌતિક ચકાસણી કરવામાં આવી હોય, ત્યારે રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉપરોક્ત વાહનની ભૌતિક ચકાસણી ફરીથી કરવામાં આવશે નહીં, સિવાય કે કરચોરી સંબંધિત ચોક્કસ માહિતી પછીથી ઉપલબ્ધ કરાવવામાં આવી હોય. જ્યાં કોઈ વાહનને ત્રીસ મિનિટથી વધુ સમય માટે અટકાવવામાં આવ્યું હોય અને અટકાયતમાં રાખવામાં આવ્યું હોય, ત્યાં પરિવહનકર્તા કોમન પોર્ટલ પર ફોર્મ GST EWB-04માં ઉપરોક્ત માહિતી અપલોડ કરી શકે છે.

અપ્રત્યક્ષ કર અને સીમાશુલ્કના બોર્ડ અને રાજ્ય કર વિભાગે વિગતવાર પરિપત્રો જેમ કે 41/2018 (02 મે 2018), 49/23/2018-GST (21 જૂન 2018) અને 64/2018 (18 સપ્ટેમ્બર 2018) જારી કર્યા છે જેમાં વાહન અટકાવવા, માલનું નિરીક્ષણ કરવા, ઉલ્લંઘન કરતા માલ અને વાહનને અટકાયતમાં લેવા, છોડવા અને જપ્ત કરવા અને ત્યારબાદની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. GGST અધિનિયમ, 2017ની કલમ 129 અને 130[19] ઇ-વે બિલ અને/અથવા વાહનની ચકાસણીના સંબંધમાં વિભાગ દ્વારા કરવામાં આવતી નિવારક પ્રવૃત્તિઓ પર લાગુ થશે.

---

[18] ઇ-વે બિલો સામે અમલીકરણ પ્રવૃત્તિઓ અધિકારક્ષેત્ર-અજ્ઞેયવાદી છે. એટલે કે, કોઈપણ યોગ્ય અધિકારી ઇ-વે બિલો ચકાસવા માટે અધિકારક્ષેત્ર રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની અંદર કોઈપણ વાહનને અટકાવી શકે છે, પછી ભલે કરદાતા CBIC દ્વારા સંચાલિત હોય કે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ-પ્રશાસિત.

[19] 01.01.2022 થી, ઇ-વે બિલ ન બનાવવા બદલ દંડ ચૂકવવાપાત્ર વેરાના 100% થી વધારીને 200% કરવામાં આવ્યો છે. ગુજરાત માલ અને સેવા વેરા કાયદા, 2017ની કલમ 129 અને 130 હેઠળ કોઈપણ યોગ્ય અધિકારી દ્વારા અટકાવવામાં આવેલા આવક પુરવઠા પર ચૂકવવામાં આવેલા વેરા માટે ઇનપુટ વેરા શાખ પ્રાપ્તકર્તાઓ માટે અવરોધિત છે.

2.1.9 રેકર્ડ રજૂ ન કરવા

નિયંત્રક અને મહાલેખપરીક્ષકની ફરજો, સત્તાઓ અને સેવાની શરતો અધિનિયમ 1971ની કલમ 16, આવકના ઓડિટ અંગે નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઓડિટ માટેના આદેશને નિર્ધારિત કરે છે. વધુમાં, નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ફરજો, સત્તાઓ અને સેવાની શરતો અધિનિયમ 1971ની કલમ 18(2) કચેરીઓ/વિભાગો પર માહિતી માટેની વિનંતીઓનું શક્ય તેટલું પૂર્ણ રૂપે અને બધી વાજબી ઝડપ સાથે પાલન કરવાની વૈધાનિક ફરજ લાદે છે.

ઓડિટ દ્વારા ઇ-વે બિલોના સંદર્ભમાં વિભાગોની નિવારક પ્રવૃત્તિઓ સંબંધિત માહિતી અને રેકોર્ડની માંગણી કરવામાં આવી હતી. વિભાગ દ્વારા ચકાસાયેલ ઇ-વે બિલોની માહિતી પ્રાપ્ત થયા પછી, ઓડિટ દ્વારા નોંધવામાં આવેલા કેસોના રેકોર્ડ માટે વિનંતી કરવામાં આવી હતી, એટલે કે એવા કેસ જ્યાં GST-EWB-03 (ભાગ B) જારી કરવામાં આવ્યા હતા. માંગણીઓ અને અનુવર્તી કાર્યવાહી કરવા છતાં, 376 નોંધવામાં આવેલા કેસોના મૂળ નમૂનામાંથી, સાત નિવારક એકમોએ 39 નોંધવામાં આવેલા કેસોના રેકર્ડ રજૂ કર્યા ન હતા. આમ, 10.37 ટકા નમૂનાનું ઓડિટ થઈ શક્યું ન હતું. જોકે, ઓડિટ દ્વારા આ રજૂ ન કરવામાં આવેલા કેસોના બદલે બીજા 36 કેસો[20]ની વિનંતી કરવામાં આવી હતી જે સંબંધિત નિવારક એકમો દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા.

અધિકારક્ષેત્ર મુજબ રજૂ કરવામાં ન આવેલા રેકર્ડનો સારાંશ નીચેના કોષ્ટકમાં આપવામાં આવ્યો છે.

કોષ્ટક 2.3: અધિકારક્ષેત્ર મુજબ રજૂ ન કરાયેલા રેકર્ડ

વિભાગનું નામ	નમૂના તરીકે પસંદ થયેલા નોંધાયેલા કેસોની સંખ્યા	રજૂ ન કરાયેલા નોંધાયેલા કેસોની સંખ્યા
નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-1, અમદાવાદ	50	9
નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-4, મહેસાણા	50	10
નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-5, વડોદરા	50	5
નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-6, વડોદરા	50	5
નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-7, સુરત	50	0
નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-9, ભાવનગર	50	3
નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-10, રાજકોટ	50	4
અન્ય સંયુક્ત રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) અમદાવાદ	26	3
કુલ	376	39

સ્રોત: ઓડિટ દરમિયાન સંકલિત માહિતી

[20] સંરાવેક (એન્ફોર્સમેન્ટ) અમદાવાદમાં ત્રણ રજૂ ન કરવામાં આવેલા કેસોને અન્ય બુક કરાયેલા કેસોની અનુપલબ્ધતાના કારણે બદલી શકાયા નથી.

2.1.10 ઇ-વે બિલની જોગવાઈઓ લાગુ કરવામાં વિભાગની નિવારક/અમલીકરણ પ્રવૃત્તિઓની કાર્યક્ષમતા અને અસરકારકતા

ઓડિટમાં નિવારક એકમોની ઇ-વે બિલ સંબંધિત કામગીરીનો અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં (i) કરચોરી-વિરોધી પગલાંની અસરકારકતા, (ii) ઇ-વે બિલ સંબંધિત વ્યવહારોનું નિરીક્ષણ કરવામાં આંતર-વિભાગીય સંકલન અને (iii) કાર્યકારી તૈયારી પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ હેતુ માટે, ઓડિટે નાયબ રાજ્ય વેરા કમિશનર અન્વેષણના સાત નિવારક એકમો[21] અને સંયુક્ત રાજ્ય વેરા કમિશનર અન્વેષણના કાર્યાલયને નમૂના ચકાસણી માટે પસંદ કર્યા હતા. ચકાસણી દરમિયાન, ઓડિટને નિવારક એકમો દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓમાં ઘણી ખામીઓ અને ઉણપો ધ્યાનમાં આવી, જે નીચેના ફકરામાં વિગતવાર છે.

કરચોરી-વિરોધી પગલાંની અસરકારકતા

2.1.10.1 મોબાઇલ સ્ક્વોડ (ફરતી ટુકડી) દ્વારા નોંધાયલા કેસોમાં ધ્યાન પર આવેલી વિસંગતતાઓ

GGST અધિનિયમની કલમ 129(1) મુજબ, જ્યાંરે કોઈ પણ વ્યક્તિ આ અધિનિયમની જોગવાઈઓ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમોનું ઉલ્લંઘન કરીને કોઈપણ માલનું પરિવહન કરે, ત્યારે તમામ માલ અને આવા માલને લઇ જવા માટેના પરિવહનના સાધનને અને આવા માલ અને પરિવહનના સાધનને લગતા દસ્તાવેજો અટકાયત અથવા જપ્તીને પાત્ર રહેશે અને અટકાયત અથવા જપ્તી પછી, આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના[22] સો ટકા જેટલો લાગુ પડતો વેરો અને દંડ ચૂકવીને અને કરમુક્ત માલના કિસ્સામાં, માલના મૂલ્યના બે ટકા જેટલી રકમ અથવા પચીસ હજાર રૂપિયા, જે ઓછું હોય તે ચૂકવીને, જ્યારે માલનો માલિક આવા કર અને દંડ ચૂકવવા માટે આગળ આવે ત્યારે મુક્ત કરવામાં આવશે.

રાજ્ય વેરા કમિશનર[23] દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અનુસાર, ફોર્મ GST MOV-09માં ઓર્ડર કોમન પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે અને આવી કાર્યવાહીમાંથી ઉભુ થતું માંગણું ઇલેક્ટ્રોનિક જવાબદારી રજિસ્ટરમાં ઉમેરવામાં આવશે.

જ્યાં યોગ્ય અધિકારીનો અભિપ્રાય હોય કે વેરાની ચૂકવણીથી બચવા માટે માલની આવી હેરફેર કરવામાં આવી રહી છે, ત્યારે તે ફોર્મ GST MOV-10માં માલ અને વાહન જપ્ત કરવાની દરખાસ્ત કરતી નોટિસ જારી કરીને GGST કાયદાની કલમ 130નો સીધો ઉપયોગ કરી શકે છે. ઉપરોક્ત નોટિસમાં, GGST અધિનિયમની કલમ 122 સાથે વંચાણે લેતાં કલમ 130 હેઠળ વસૂલવામાં આવતા કર અને દંડનું પ્રમાણ અને GGST કાયદાની કલમ 130ની પેટા-કલમ (2) હેઠળ વસૂલવામાં આવતા જપ્તીના બદલામાં ફાઈનનો ઉલ્લેખ કરવામાં આવશે.

---

[21] નારાવેક (અન્વેષણ) વિભાગ:1 અમદાવાદ, 4 મહેસાણા, 5 અને 6 વડોદરા, 7 સુરત, 9 ભાવનગર અને 10 રાજકોટ.

[22] 1.1.2022 થી, ચૂકવવા પાત્ર રકમ ચૂકવવા પાત્ર વેરાના બસ્સો ટકા જેટલા દંડ તરીકે સુધારવામાં આવી હતી.

[23] રાજ્ય વેરા કમિશનર, ગુજરાત દ્વારા જારી કરાયેલા તારીખ 02.05.2018ના પરિપત્ર નં. 41/2018 નો ફકરો 2(h).

નોંધવામાં આવેલા 373 કેસોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં ઓડિટને નોંધવામાં આવેલા 33 કેસોમાં નીચે આપેલા **કોષ્ટક**માં વિગતવાર જણાવ્યા મુજબની કેટલીક વિસંગતતાઓ જોવા મળી હતી:

કોષ્ટક 2.4: મોબાઇલ સ્ક્વોડએ પકડેલા કેસોમા ધ્યાન પર આવેલી વિસંગતતાઓ

નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ)નું નામ વિભાગ	ધ્યાન પર આવેલી વિસંગતતાઓ	નમૂનો	અનુપાલન વિચલન				
			કેસોની સંખ્યા	સંકળાયેલી રકમ (₹ લાખમાં)			
				વેરો	દંડ	અન્ય[24]	કુલ
વિભાગ-1 અને સંયુક્ત રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ), અમદાવાદ, વિભાગ 10 રાજકોટ	અટકાવવા દરમિયાન અટકાયત કરાયેલા વાહનોને કર અથવા દંડ અથવા બંનેની ચુકવણીની ખાતરી કર્યા વિના અને માંગણી કર્યા વિના છોડી દેવામાં આવ્યા હતા.	123	5	5.41	5.79	17.35	28.55
વિભાગ-1 અમદાવાદ, વિભાગ 4 મહેસાણા, વિભાગ 5 અને 6 વડોદરા, વિભાગ 9 ભાવનગર, વિભાગ 10 રાજકોટ	અટકાવવા દરમિયાન અટકાયત કરાયેલા વાહનોને કર અથવા દંડ અથવા બંનેની કેશ લેજર મારફત ચુકવણીની ખાતરી કર્યા વિના છોડી દેવામાં આવ્યા હતા	300	22	9.70	3.31	1.65	14.66
વિભાગ-5 અને 6 વડોદરા	વાહનોને માંગણુ ઉભુ કર્યા વિના કર અથવા દંડ અથવા બંનેની ચુકવણીની ખાતરી કરીને છોડી દેવામાં આવ્યા હતા	100	4	1.88	1.80	5.48	9.16
વિભાગ-1 અમદાવાદ, વિભાગ-6 વડોદરા	અવરોધ દરમિયાન અટકાયત કરાયેલા વાહનોને કલમ 130 (દંડ ન વસૂલવા)ને બદલે કલમ 129 હેઠળ છોડી દેવામાં આવ્યા હતા.[25]	100	2	-0.48	-0.48	4.60	3.65
	કુલ		33	16.51	10.42	29.08	56.02

સ્રોત: ઓડિટ દરમિયાન સંકલિત માહિતી

---

[24] તેમાં જપ્ત કરાયેલા માલના બજાર મૂલ્ય માટે દંડ અને માલ પર ચૂકવવાપાત્ર કર જેટલો વાહન જપ્ત કરવાના બદલામાં દંડનો સમાવેશ થાય છે.

[25] આ એવા કિસ્સાઓ છે જેમાં ન તો ઇન્વોઇસ ઉપલબ્ધ હતું કે ન તો ઇ-વે બિલ. વેરા અને દંડમાં નકારાત્મક આંકડો છે કારણ કે યોગ્ય અધિકારીએ કલમ 129 હેઠળ સમગ્ર જથ્થા પર વેરા અને દંડની આકારણી કરી હતી જ્યારે ઓડિટમાં કલમ 130 હેઠળ તફાવતવાળા જથ્થા પર વેરો અને દંડની ગણતરી કરવામાં આવી હતી.

(i) માંગણુ ઉભુ કર્યા વિના અને કર અથવા દંડ અથવા બંનેની વસૂલાત કર્યા વિના વાહનો છોડી દેવા

ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું (ઓગસ્ટથી સપ્ટેમ્બર 2024) કે વિભાગ-1 અમદાવાદ, વિભાગ 10 રાજકોટ અને સંયુક્ત રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ)ની કચેરી હેઠળ નોંધાયેલા પાંચ કેસોમાં, યોગ્ય અધિકારીએ ₹ 28.55 લાખના લાગુ કર, દંડ અને ફાઈનની વસૂલાત કર્યા વિના અટકાવાયેલા વાહનોને છોડી દીધા.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવ્યુ (જુલાઈ 2024થી ઓક્ટોબર 2024) ત્યારે એક કિસ્સામાં વિભાગે ઓડિટ અવલોકન સ્વીકાર્યું (ફેબ્રુઆરી 2025) અને ₹ 0.38 લાખની વસૂલાત કરી જ્યારે બાકીના ચાર કિસ્સાઓમાં વિભાગે નીચે દર્શાવેલ કારણો જણાવીને ઓડિટ અવલોકનો સ્વીકાર્યા ન હતા:

i. એક કિસ્સામાં, વિભાગ-1 અમદાવાદે જણાવ્યું હતું કે કરદાતા દ્વારા એક જ માલસામાન ખરીદનારને અલગ અલગ દિવસોમાં (14-04-2021 અને 15-04-2021) મોકલવામાં આવેલ માલ પરિવહનકર્તા દ્વારા એક જ વાહનમાં લાદવામાં આવ્યો હતો અને બંને માલસામાનનું મૂલ્ય ₹ 50,000થી ઓછું હતું. કરદાતા તરફથી કરચોરીનો કોઈ ઈરાદો નહોતો, તેથી કોઈ દંડકીય કાર્યવાહી કરવામાં આવી ન હતી.

   વિભાગનો જવાબ પ્રતીતિજનક નથી, કારણ કે જો 14.04.2021ના રોજ માલનું પરિવહન કરવામાં આવ્યું ન હતું અને બીજો માલ (15.04.2021) એ જ કરદાતા દ્વારા તે જ પરિવહનકર્તા દ્વારા તે જ માલ લેનારને પુરો પાડવામાં આવ્યો હતો, તો બંને ઇન્વોઇસના કુલ મૂલ્ય માટે ઇ-વે બિલ જનરેટ કરવાની જરૂર હતી. ઓડિટમાં એ પણ ધ્યાન પર આવ્યું હતું કે આવા જ કિસ્સામાં વિભાગ 10 (એન્ફોર્સમેન્ટ), રાજકોટના યોગ્ય અધિકારીએ કાયદાની કલમ 129 હેઠળ કાર્યવાહી કરી હતી.

ii. બીજા કિસ્સામાં, વિભાગ-1, અમદાવાદે જણાવ્યું હતું કે કરદાતાનો માલ પરિવહનકર્તાના ગોડાઉનથી માલ લેનાર સુધી લઈ જવામાં આવી રહ્યો હતો, જેનું અંતર 20 કિમીથી ઓછું હતું. આમ, નવું ઈ-વે બિલ જનરેટ કરવાની કોઈ જરૂર ન હતી. કરદાતાના વાહનને કોઈપણ દંડ ભર્યા વિના, કરદાતાની રજૂઆત સ્વીકારીને મુક્ત કરવામાં આવ્યું હતું.

   વિભાગનો જવાબ પરિપત્ર નં. 61/35/2018-GST (04 સપ્ટેમ્બર 2018)ના મુદ્દા નં. 3ની દ્રષ્ટિએ પ્રતીતિજનક નથી, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જ્યારે માલ પરિવહનકર્તાના ગોડાઉનમાં રાખવામાં આવે છે (ભલે ગોડાઉન પ્રાપ્તકર્તા કરદાતાના શહેર/નગરમાં સ્થિત હોય) ત્યારે તેની ડિલિવરી પહેલાં હંમેશા માન્ય ઇ-વે બિલ સાથે હોવું જોઈએ.

iii. બીજા એક કેસમાં, વિભાગ-1 અમદાવાદે જણાવ્યું હતું કે કરદાતાએ કરચોરી કરવાનો કોઈ ઈરાદો દર્શાવ્યો નથી અને વાહન રોકવાના સામાન્ય સમયની અંદર ભાગ-B જનરેટ કરવામાં આવ્યો હતો, તેથી કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, કરદાતાના વાહનને કોઈપણ દંડ ભર્યા વિના મુક્ત કરવામાં આવ્યું હતું.

વિભાગનો જવાબ પ્રતીતિજનક નથી કારણ કે GGST અધિનિયમ/નિયમોમાં આવી કોઈ સામાન્ય સમય મર્યાદા વ્યાખ્યાયિત કરવામાં આવી ન હતી. માલની હેરફેર પહેલાં ઇ-વે બિલ જનરેટ કરવું જરૂરી છે.

iv. એક કેસમાં, વિભાગ 10 રાજકોટે જણાવ્યું હતું કે વાહન અટકાવવાના સમયે, ડીલરનો ઇતિહાસ સાચા કરદાતાનો હોઈ શકે છે. તેથી, કલમ 129 લાગુ કરવામાં આવી હતી. જો કે, GST MOV-09માં જારી કરાયેલા એક આદેશના સંદર્ભમાં, એક જ અટકાયત માટે જારી કરાયેલા બે આદેશોમાંથી ₹ 25,200ની બાકી રકમની વસૂલાત ન થવા અંગે વિભાગનો જવાબ મૌન છે.

એક ઉદાહરણરૂપ કિસ્સો નીચે આપ્યો છે:

ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું (સપ્ટેમ્બર 2024) કે માલનું પરિવહન બે ઇન્વોઇસ અને બે ઇ-વે બિલોનો ઉપયોગ કરીને કરવામાં આવી રહ્યું હતું. વાહનને અટકાવવાની તારીખના લગભગ બે મહિના પહેલા બંને ઇ-વે બિલો સમાપ્ત થઈ ગયા હતા અને નવા ઇ-વે બિલો જનરેટ કરવામાં આવ્યા ન હતા. યોગ્ય અધિકારીએ આવા માલ પર કોઈ દંડ વસૂલ્યો ન હતો. આના પરિણામે ₹ 17.95 લાખનો દંડ વસૂલવામાં આવ્યો ન હતો.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી (સપ્ટેમ્બર 2024) ત્યારે, વિભાગે જવાબ આપ્યો હતો (ફેબ્રુઆરી 2025) કે કરદાતાનું વાહન 28 જુલાઈ 2021ના રોજ માલ મોકલનારના ગોડાઉનથી પ્રાપ્તકર્તા તરફ પરિવહન કરવામાં આવી રહ્યું હતું. જેનું અંતર 20 કિમીથી ઓછું છે. જેના માટે નવું ઇ-વે બિલ જનરેટ કરવાની જરૂર નથી. તેથી, કરદાતાના વાહનને કોઈપણ દંડ ભર્યા વિના મુક્ત કરવામાં આવ્યું છે.

તારીખ 4 સપ્ટેમ્બર 2018ના પરિપત્ર ક્રમાંક ૬૧/૩૫/૨૦૧૮-GSTના મુદ્દા નંબર ૩ને ધ્યાનમાં લેતાં વિભાગનો જવાબ સ્વીકાર્ય નથી, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જ્યારે માલ પરિવહનકર્તાના ગોડાઉનમાં રાખવામાં આવે છે (ભલે તે ગોડાઉન પ્રાપ્તકર્તા કરદાતાના શહેર/નગરમાં આવેલું હોય) ત્યારે તેની ડિલિવરી પહેલાં હંમેશા માન્ય ઇ-વે બિલ સાથે હોવું જોઈએ.

(ii) કેશ લેજરમાં વેરો અને દંડની રકમ સેટ ઓફ કર્યા વિના વાહનો મુક્ત કરવામાં આવ્યા

છ[26] વિભાગો હેઠળ નોંધાયેલા 22 કેસોમાં, યોગ્ય અધિકારીએ રોકવામા આવેલા વાહનોને બાકી રકમ જમા કરવા માટે કેશ લેજરમાંથી ભરવાપાત્ર ₹ 14.66 લાખનો કર, દંડ અને ફાઈન સરકારના ખાતામાં સરભર કર્યા વિના છોડી દીધા હતા.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી (ઓગસ્ટ 2024 અને સપ્ટેમ્બર 2024) ત્યારે, વિભાગે નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ)ની પાંચ[27] કચેરીઓ હેઠળ આવતા 14 કેસોમાં

[26] નારાવેક (અન્વેષણ) વિભાગ: 1 અમદાવાદ, 4 મહેસાણા, 5 વડોદરા, 6 વડોદરા, 9 ભાવનગર અને 10 રાજકોટ.

[27] નારાવેક (અન્વેષણ) વિભાગ: 1 અમદાવાદ, 4 મહેસાણા, 5 વડોદરા, 9 ભાવનગર અને 10 રાજકોટ.

₹ 7.46 લાખ રૂપિયાની વસૂલાત કરી હતી જ્યારે બાકીના આઠ કેસોમાં વિભાગે ઓડિટ અવલોકન સ્વીકાર્યું હતું અને યોગ્ય કાર્યવાહી શરૂ કરવા માટે કેસની વિગતો સંબંધિત અધિકારક્ષેત્રના અધિકારીને મોકલી હતી.

ઉદાહરણરૂપ કિસ્સો અહીં આપેલ છે:

નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-4, મહેસાણામાં, વાહનને અટકાવ્યા પછી, કરદાતાએ GGST કાયદાની કલમ 129 હેઠળ કેશ લેજરમાં ₹ 0.98 લાખની બાકી રકમ ચૂકવી દીધી. યોગ્ય અધિકારીએ મે 2021માં DRC-07 જારી કર્યું હતું પરંતુ બાકી રકમ સરભર કરવાની બાકી હતી અને સરકારી ખાતામાં જમા કરવામાં આવી ન હતી.

નાયબ રાજ્ય વેરા કમિશનરે અવલોકનનો સ્વીકાર કર્યો હતો (ઑગષ્ટ 2024) અને વસૂલાત કરી હતી.

(iii) વેરો અથવા દંડ અથવા બંને ચૂકવીને તેના માટે માંગણું ઉભુ કર્યા વિના વાહનોને મુક્ત કરવા.

બે વિભાગો[28] હેઠળ નોંધાયેલા ચાર કેસોમાં, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે યોગ્ય અધિકારીએ ફોર્મ DRC-07માં ₹ 9.16 લાખની માંગણી કર્યા વિના, પરિવહનમાં માલની વાસ્તવિકતા અને કોઈ ઇન્વોઇસ/ઇ-વે બિલ ન હોવાના આધારે અટકાવાયેલા વાહનોને મુક્ત કર્યા હતા. વધુમાં, આ ચાર કેસો પૈકી, નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-6, વડોદરામાં બે કેસોમાં, બે કરદાતાઓએ ટેમ્પરરી રેફરન્સ નંબર (TRN) દ્વારા જાતે ચલણ જનરેટ કરીને યોગ્ય બાકી રકમ ચૂકવી હતી. જોકે, બાકી રકમ સરભર કરવાની બાકી હતી. તેથી, તે આજ સુધી સરકારી ખાતામાં જમા થઈ ન હતી.

આ ધ્યાન પર લાવવામાં આવ્યુ (ઑગષ્ટ 2024 અને સપ્ટેમ્બર 2024) ત્યારે નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-5, વડોદરાએ બે કેસોમાં અવલોકનનો સ્વીકાર કરીને, ₹ 2.01 લાખની વસૂલાત કરી હતી.

નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-6, વડોદરા સંબંધિત બે કેસોમાં, વિભાગે જવાબ આપ્યો હતો (ફેબ્રુઆરી 2025) કે કરદાતાએ પોતે ટેમ્પરરી રેફરન્સ નંબર (TRN) લઈને ચલણ ભર્યું હતું. પ્રણાલીની ખામીના કારણે યોગ્ય અધિકારી DRC-07 જનરેટ કરી શક્યા નહીં જેની રજૂમાં નોંધ કરવામાં આવી હતી. હાલમાં આ TRN અમાન્ય હોવાનું દર્શાવાઇ રહ્યું છે અને સ્ક્રીનશોટ પણ આપ્યો હતો. આ કિસ્સાઓમાં, MOV-11 માંગણા હુકમ તત્કાલીન યોગ્ય અધિકારી દ્વારા જારી કરવામાં આવ્યો હતો. આ માંગણા હુકમ મુજબ, ચૂકવવાપાત્ર રકમ કરદાતાના ઇલેક્ટ્રોનિક કેશ લેજરમાં ચૂકવવામાં આવી હતી.

કરદાતાના કેશ લેજરમાં જમા થયેલી રકમનો અર્થ વેરાની જવાબદારી પૂર્ણ કરેલ છે એમ નથી એ હકીકતને ધ્યાનમાં રાખીને આ જવાબ સ્વીકાર્ય નથી. વિભાગે કેશ લેજરમાંથી સરકારી લેણાં

[28] નારાવેક (અન્વેષણ) વિભાગ: 5 (બે કેસો) અને 6 વડોદરા (બે કેસો).

ઉધાર કરવા અને તેને સરકારી ખાતામાં જમા કરવા માટે જરૂરી કાર્યવાહી કરવી જોઈએ. વધુમાં, વિભાગે તકનીકી સમસ્યાના ઉકેલ માટે જરૂરી કાર્યવાહી કરવી જોઇએ.

(iv) આંતરેલા વાહનો પરનો વેરા, દંડ અને ફાઈનની ઓછી વસૂલાત

GGST અધિનિયમની કલમ 129(1) મુજબ, જ્યાં કોઈ પણ વ્યક્તિ આ કાયદાની જોગવાઈઓ અથવા તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરીને કોઈપણ માલનું પરિવહન કરે ત્યારે આવા માલ અને વાહન સંબંધિત દસ્તાવેજો અટકાયત અથવા જપ્તીને પાત્ર રહેશે અને આવા માલ પર લાગુ કર અને ચૂકવવાપાત્ર કરના સો ટકા જેટલો દંડ ચૂકવ્યા પછી તેને મુક્ત કરવામાં આવશે.

કરચોરીના કિસ્સામાં રાજ્ય વેરા કમિશનર, ગુજરાત દ્વારા જારી કરાયેલા પરિપત્ર નં. 41/2018ના ફકરા 2(1) મુજબ, યોગ્ય અધિકારીએ GGST અધિનિયમની કલમ 130 હેઠળ માલ અને વાહન જપ્ત કરવા માટે કાર્યવાહી કરવી જોઈએ અને માલ અને વાહન જપ્ત કરવાના બદલામાં કર, દંડ અને ફાઈન વસૂલ કર્યા પછી માલ અને વાહન છોડી શકે છે.

બે વિભાગો[29] હેઠળ નોંધાયેલા બે કેસોમાં, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે યોગ્ય અધિકારીએ બે વાહનોને કોઈ ઇન્વોઇસ અને કોઈ ઇ-વે બિલ ન હોવાના કારણે અટકાવ્યા હતા અને GGST અધિનિયમ, 2017ની કલમ 129 હેઠળ બાકી રકમની વસૂલાત અને દંડકીય કાર્યવાહી કર્યા પછી વાહનોને મુક્ત કર્યા હતા. જો કે, આ કેસ કરચોરીને લગતા હતા અને તેથી, GGST કાયદા, 2017ની કલમ 129ને બદલે કલમ 130 હેઠળ કાર્યવાહી કરવાની જરૂર હતી. આના પરિણામે ₹ 3.65 લાખના બાકી લેણાંની ઓછી આકારણી થઇ હતી.

આ ધ્યાન પર લાવવામાં આવ્યુ (સપ્ટેમ્બર 2024) ત્યારે, વિભાગે એક કેસમાં ઓડિટ અવલોકનનો સ્વીકાર કર્યો હતો (ફેબ્રુઆરી 2025) અને ₹ 0.58 લાખની વસૂલાત કરી હતી .

બાકીના કિસ્સામાં વિભાગે ઓડિટ અવલોકન સ્વીકાર્યું ન હતું અને જણાવ્યું હતું કે 2,500 કિલો ટીન પ્લેટનો માલ મજૂરી કામ (જોબ વર્ક) માટે મોકલવામાં આવ્યો હતો. મજૂરી કામ માટે મોકલવામાં આવેલા માલ પર કર આકારણી કરવાની કોઈ જરૂર નથી. વધુમાં, કરદાતાએ લેખિતમાં માલની માલિકી સ્વીકારી છે અને દંડ ચૂકવવાની તૈયારી દર્શાવી છે. પ્રથમ નજરે કરદાતા સાચા દેખાતા હતા અને કરદાતાની વિગતો જોતાં એવું માની લેવામાં આવ્યુ હતું કે કરદાતા કોઈ છેતરપિંડી કરવાનો ઇરાદો ધરાવતા ન હતા. કરચોરીનો હેતુ જાણી શકાયો ન હોવાથી, GGST અધિનિયમની કલમ 129 મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ જવાબ પ્રતીતિજનક નથી કારણ કે મજૂરી કામ માટે મોકલવામાં આવેલા માલ માટે કર આકારણી કરવાની કોઈ જરૂર નથી, તેમ છતાં, કરદાતાએ ડિલિવરી ચલણના આધારે માલની હેરફેર માટે ઇ-વે બિલ જનરેટ કરવાની જરૂર હતી. આ કિસ્સામાં વાહનને અટકાવતા સમયે ઇ-વે બિલ અને ડિલિવરી ચલણ બંને રજૂ કરવામાં આવ્યા ન હતા, તેથી કલમ 130 લાગુ પડતી હતી.

[29] નારાવેક (અન્વેષણ) વિભાગ: 1 અમદાવાદ અને 6 વડોદરા.

2.1.10.2 વાહનો આંતરવા માટેની માર્ગદર્શિકા

કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમાશુલ્ક બોર્ડ અને રાજ્ય વેરા વિભાગે ત્રણ પરિપત્રો[30] દ્વારા, માલની અવરજવર, અટકાયત, મુક્તિ અને જપ્તી માટે માલની અવરજવરના નિરીક્ષણ માટે વાહનો આંતરવા માટેની પ્રક્રિયા અંગે માર્ગદર્શિકા પૂરી પાડી છે. ઓડિટમાં ક્ષેત્રીય સંરચના દ્વારા આ પ્રક્રિયાઓનું પાલન કેટલે અંશે કરવામાં આવે છે તે નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ માટે, આઠ નિવારક યુનિટોના કુલ 6,534 નોંધાયલા કેસોમાંથી, ઓડિટે સાત નિવારક યુનિટો અને સંયુક્ત રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ), અમદાવાદ સંબંધિત 376 નોંધાયેલા કેસોને ચકાસણી માટે પસંદ કર્યા અને 373 નોંધાયોલા કરાયેલા કેસોની ચકાસણી કરી હતી. ધ્યાન પર આવેલા વિચલનોની ચર્ચા નીચેના **કોષ્ટક**માં કરવામાં આવી છે:

કોષ્ટક 2.5: નોંધાયેલા કેસોના રેકર્ડમાં ધ્યાન પર આવેલી ઉણપો

ક્રમાંક	ધ્યાન પર આવેલી ઉણપોની વિગતો	વિભાગ	જેમાં ઉણપ ધ્યાન પર આવી હતી એવા બુક થયેલા કેસોની સંખ્યા
1.	વાહન અટકાવવા દરમિયાન વાહનના હવાલો ધરાવનાર વ્યક્તિનું નિવેદન GST-MOV-01માં નોંધવામાં આવ્યું નથી.	રાજકોટ- 10	01
2.	GST-MOV-02માં વાહનના ભૌતિક નીરિક્ષણનો આદેશ જારી કરવામાં આવ્યો ન હતો	વડોદરા-6, રાજકોટ-10	15
3.	GST-MOV-04માં નીરિક્ષણ અહેવાલ વાહનનો હવાલો ધરાવનાર વ્યક્તિને આપવામાં આવ્યો ન હતો	મહેસાણા-4, વડોદરા-6, સુરત-7, રાજકોટ-10	41
4.	GST-EWB-03 (ભાગ-B)માં અંતિમ નિરીક્ષણ અહેવાલ બાકી હતો.	રાજકોટ-10	25
		કુલ કેસો	82

સ્રોત: ઓડિટ દરમિયાન સંકલિત માહિતી

GST-EWB-03 (ભાગ B) દ્વારા જારી કરાયેલા કેસોની ચકાસણી દરમિયાન, ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે 82 કેસોમાં, વિભાગે 02.05.2018ના પરિપત્ર નંબર 41/2018-GSTમાં જણાવેલ નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કર્યું ન હતું, એટલે કે જ્યાં લાગુ પડે ત્યાં MOV-01થી MOV-4 જારી કરવું. નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-1, અમદાવાદ હેઠળના એક કેસમાં, ઇ-વે બિલ નંબર, માલ લેનાર અને માલ આપનારના નામ, માલનું નામ, મૂલ્ય અને ઇન્વોઇસ વગેરે જેવી કોઈ માહિતી GST MOV-01 ફોર્મના પરિશિષ્ટમાં નોંધવામાં આવી ન હતી. વધુમાં, નોટિસ જારી કરવાની અને હુકમ આપવાની કોઈ વિગતો રેકોર્ડ પર ઉપલબ્ધ ન હતી.

[30] પરિપત્ર નં, 41/2018 (02 મે 2018), 49/23/2018-GST (21 જૂન 2018) અને 64/2018 (18 સપ્ટેમ્બર 2018).

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવ્યુ ત્યારે વિભાગે એક કેસમાં (ક્રમાંક 01) જવાબ આપ્યો કે (ફેબ્રુઆરી 2025) MOV-1 હાલમાં અનુપલબ્ધ છે અને તેને શોધી કાઢવામાં આવી રહ્યું છે. વધુમાં, કોઈ મહેસૂલ નુકસાન થયું નથી અને ફક્ત એક પ્રક્રિયાગત ભૂલ થઈ છે.

ક્રમાંક 2 અને 3 માટે વિભાગે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે ભૌતિક ચકાસણીનો ઓર્ડર (MOV-2) અને નિરીક્ષણ અહેવાલનો ઓર્ડર (MOV-4) દસ્તાવેજો હાલમાં ઉપલબ્ધ નથી. જો કે, રેકર્ડ ભૌતિક રીતે તેમજ GST પોર્ટલ પર જાળવવામાં આવશે જેથી ભવિષ્યમાં આવી વિસંગતતાઓ ન થાય. વધુમાં એવું જણાવવામાં આવ્યું હતું કે કોઈ મહેસૂલી નુકસાન થયું નથી અને તે ફક્ત એક પ્રક્રિયાગત ભૂલ હતી.

ક્રમાંક 4 માટે, 25 કેસોમાં, GST-EWB-03 (ભાગ-B)માં અંતિમ નિરીક્ષણ અહેવાલ ઓડિટ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યો ન હતો (માર્ચ 2025).

2.1.10.3 ઇ-વે બિલો સંબંધિત વ્યવહારોની દેખરેખમાં આંતરિક-વિભાગીય સંકલન

ઇ-વે બિલ માલની હેરફેર સાથે સીધી રીતે જોડાયેલું છે અને નિવારક એકમોને ઇ-વે બિલ સંબંધિત અમલીકરણની કામગીરી સોંપવામાં આવી હતી. NIC એ વિવિધ વિશ્લેષણાત્મક અહેવાલો જનરેટ કર્યા હતા અને નિવારક પાંખ NIC પોર્ટલ દ્વારા તે અહેવાલો જોઇ શકે છે. ઇ-વે બિલના વ્યવહારો પરની વેરાની જવાબદારી કરદાતાઓ દ્વારા સામયિક રિટર્ન દ્વારા ચૂકવીને પુરી કરવામાં આવશે, અને અધિકારક્ષેત્રના અધિકારીઓ (ઘટક સ્તરે સહાયક રાજ્ય વેરા કમિશનર/રાજ્ય વેરા અધિકારી) રિટર્નની ચકાસણી અને આકારણી માટે યોગ્ય અધિકારી છે. ઓડિટનો હેતુ નિવારક એકમો દ્વારા વિશ્લેષણાત્મક અહેવાલોના ઉપયોગની અસરકારકતા અને વિભાગમાં કેટલી હદ સુધી આંતરિક-વિભાગીય સંકલન અસ્તિત્વમાં છે તે સુનિશ્ચિત કરવાનો હતો.

અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

(i) અધિકારક્ષેત્રના અધિકારીને માહિતી પહોંચાડવી

GGST અધિનિયમની કલમ 129 મુજબ, જ્યારે વાહનો આંતરતી વખતે કોઇ પણ વિસંગતતાઓ ધ્યાન પર આવે ત્યારે, વેરો અને દંડ 31 ડિસેમ્બર 2021 સુધી વસૂલ કરવાપાત્ર હતા. અધિનિયમ[31]ની કલમ 17(5) મુજબ, કલમ 129ની જોગવાઇઓ હેઠળ ચુકવેલા કોઇ પણ વેરા પર ઇનપુટ વેરા શાખ ઉપલબ્ધ થશે નહીં.

ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે કલમ 129 અને 130 હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી અંગેની માહિતી ન તો અધિકારક્ક્ષેત્રના સત્તાવાળા પાસે ઉપલબ્ધ હતી અને ન તો અમલીકરણ વિભાગો દ્વારા સંબંધિત અધિકારક્ષેત્રના સત્તાવાળાને પુરી પાડવામાં આવી હતી. આ આંતરિક વિભાગીય સંકલનના અભાવને કારણે, કરદાતા પર અમલીકરણ વિભાગો દ્વારા કરવામાં આવતી કાર્યવાહીથી અધિકારક્ષેત્રના સત્તાધિકારી અજાણ રહે છે. વધુમાં, પ્રણાલી તેના અધિકારક્ષેત્રના

[31] આ કલમ 01 નવેમ્બર 2024ની અસરથી સુધારવામાં આવી હતી અને તે માત્ર કલમ 74 માટે લાગુ કરવામાં આવી હતી.

કરદાતા પર લેવામાં આવેલી આવી કાર્યવાહી અંગે અધિકારક્ષેત્રના સત્તાધિકારીને કોઈ ચેતવણી સંદેશ જનરેટ કરતી નથી. જો આ સંદર્ભમાં અધિકારક્ષેત્રના સત્તાધિકારીને માહિતી પૂરી પાડવામાં આવે, તો તે અધિકારક્ષેત્રના કરદાતા દ્વારા કરવામાં આવતી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિને રોકવા માટે સમયસર પગલાં લઈ શકે છે.

એક દ્રષ્ટાંતરૂપ કેસ નીચે આપ્યો છેઃ

સુરતના નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-7 હેઠળ નોંધાયેલા એક કેસમાં ઓડિટમાં એવુ સામે આવ્યુ હતું કે યોગ્ય અધિકારીએ બનાવટી બિલો બનાવવાના કારણોસર GGST અધિનિયમની કલમ 130 હેઠળ બાકી રકમની આકારણી કરી હતી (માર્ચ 2020). યોગ્ય અધિકારીએ કેસ અંગે અધિકારક્ષેત્રના અધિકારી (એટલે કે સંબંધિત ઘટકના સ.રા.વે.ક./રાવેઅ STO)ને જાણ કરી ન હતી. વધુમાં, GSTN પ્રણાલી અધિકારક્ષેત્રના અધિકારી માટે અટકાવાયેલા વાહનો અંગે કોઈ ચેતવણી સંદેશ જનરેટ કરી રહી ન હતી. કરદાતાની નોંધણી 08 માર્ચ 2020ની અસરથી 08 જુલાઈ 2021ના રોજ, અટકાયતની તારીખના (14 માર્ચ 2020) 16 મહિના પછી પાછલી તારીખથી રદ કરવામાં આવી હતી. સક્રિયતાના સમયગાળા દરમિયાન, કરદાતાએ ₹ 965.58 લાખના જાવક પુરવઠા માટે 506 ઇ-વે બિલો જનરેટ કર્યા હતા જેમાં ₹ 173.96 લાખનો કર સંકળાયેલો હતો. કરદાતાએ ઉપરોક્ત સમયગાળા દરમિયાન કોઈ રિટર્ન રજૂ કર્યું ન હતું અને ₹ 173.96 લાખનો વેરો સંકળાયેલો હતો એવા બનાવટી વ્યવહારો કર્યા હતા. યોગ્ય આંતરિક નિયંત્રણ પદ્ધતિ સાથે સમયસર કાર્યવાહી કરવામાં આવી હોત તો કરદાતા દ્વારા કરવામાં આવતા બનાવટી વ્યવહારો અટકાવી શકાયા હોત.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે વિભાગે જણાવ્યું (ફેબ્રુઆરી 2025) કે 21/12/2021ના જાહેરનામા નંબર 39/2021 મુજબ, 01 જાન્યુઆરી 2022થી કલમ 129 અને 130 હેઠળની વસૂલાત માટે ઇનપુટ વેરા શાખ લેજરમાંથી થતી ચુકવણીને પ્રતિબંધિત કરી તેને બદલે કેશ લેજરથી કરવાનું નિયત કરવામાં આવ્યું કારણ કે તે જોગવાઈમાં ફેરફાર કરીને ફક્ત દંડના ભાગ તરીકે વસૂલાત કરવામાં આવી હતી અને કરના ભાગ તરીકે નહીં. તેથી, કલમ 129 અને 130 હેઠળ દંડ વસૂલવાના હેતુ માટે ઇનપુટ વેરા શાખનો ઉપયોગ કરવો હવે શક્ય નથી.

ઓડિટ અવલોકન મોટા ભાગે વિભાગના આંતરિક નિયંત્રણ અને દેખરેખ તંત્ર અને અધિકારક્ષેત્રના અધિકારીઓ પાસે અદ્યતન માહિતીની ઉપલબ્ધતા સંબંધિત હતું. તેથી, ભવિષ્યમાં આવું ન થાય તે માટે વિભાગ આંતરિક પ્રક્રિયાઓને વધુ સારી બનાવવા માટે કામગીરી કરવી જોઇએ.

ભલામણ-6:

વિભાગે કાયદાની કલમ 129 અને 130 હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેવા કિસ્સાઓમાં, અધિકારક્ષેત્રના સત્તાવાળાઓ માટે રેડ ફ્લેગ જનરેટ કરવા માટે એક પદ્ધતિ વિકસાવવાનું વિચારવું જોઈએ જેથી અનુપાલન ન કરનારા કરદાતાઓના કિસ્સાઓમાં અધિકારક્ષેત્રના સત્તાવાળાઓ દ્વારા સમયસર પગલાં લઈ શકાય.

(ii) બિન-નોંધાયેલ કરદાતાઓ દ્વારા માલની હેરફેરની દેખરેખ

"નાગરિકો દ્વારા જનરેટ કરવામાં આવતા ઇ-વે બિલો (H5 અહેવાલ)" નામનો એક વિશ્લેષણાત્મક અહેવાલ NIC તૈયાર કરે છે જે બિન-નોંધાયેલ એવી વ્યક્તિઓ દ્વારા જનરેટ કરાયેલા ઇ-વે બિલોની વિગતો પ્રદાન કરે છે. આ અહેવાલોનો ઉપયોગ વિભાગ દ્વારા કરવામાં આવ્યો ન હતો. વિભાગ દ્વારા આવા અહેવાલોનો ઉપયોગ ન કરવાથી આવા અહેવાલનો હેતુ એટલે અંશે નિષ્ફળ જાય છે.

ઓડિટમાં ડેટા વિશ્લેષણ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું (ઓક્ટોબર 2024) કે 2018-19થી 2021-22ના સમયગાળા દરમિયાન બિન-નોંધાયેલ વ્યક્તિઓ દ્વારા અથવા તેમના વતી ₹ 32,763.64 કરોડના આકારણીપાત્ર મૂલ્યના 4,426 ઇ-વે બિલ જાવક પુરવઠા માટે જનરેટ કરવામાં આવ્યા હતા (સોર્સ-H5 રિપોર્ટ ડેટા). ઓડિટમાં ફક્ત એવા ઇ-વે બિલો પસંદ કરવામાં આવ્યા હતા જે બિન-નોંધાયેલ વ્યક્તિઓ દ્વારા ₹ 40 લાખ (કોઈપણ મહિનામાં)થી વધુ આકારણીપાત્ર મૂલ્ય ધરાવતા માલનો જાવક પુરવઠો પુરો પાડવા માટે જનરેટ કરવામાં આવ્યા હતા, જે GST હેઠળ નોંધણી મેળવવા માટેની લઘુત્તમ મર્યાદા હતી.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતા, વિભાગે જવાબ આપ્યો હતો (ફેબ્રુઆરી 2025) કે તેમણે ડેપ્યુટી કમિશનર અને તેનાથી ઉપરની કક્ષાના અધિકારીને ઇ-વે બિલના વિશ્લેષણાત્મક અહેવાલ જોવાનો વધુ હક્ક આપ્યો છે. વિભાગે એ પણ ખાતરી આપી હતી કે તેઓ આ અહેવાલોનો ઉપયોગ કરશે અને જરૂર પડ્યે નિવારક પગલાં લેશે.

2.1.11 વિભાગની કાર્યકારી તૈયારી

2.1.11.1 લક્ષ્યાંકો અને સિધ્ધિઓ

સાત નિવારક એકમો (નારાવેક અન્વેષણ) તરફથી વાહન અટકાવીને ઇ-વે બિલોની ચકાસણી માટે મુખ્ય કાર્યાલય દ્વારા નક્કી કરાયેલા લક્ષ્યો અને તેમની સામેની સિદ્ધિઓની વિગતો ઓડિટે મંગાવી હતી (જુલાઈ 2024થી સપ્ટેમ્બર 2024). બધા નિવારક એકમો તરફથી મળેલા જવાબોમાં જાણવા મળ્યું છે કે આ એકમો પાસે ઇ-વે બિલોની ચકાસણી કરવા માટે ચોક્કસ લક્ષ્યો નહોતા.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતા, નાયબ રાજ્ય વેરા કમિશનર, મોબાઇલ સ્ક્વોડ દ્વારા સપ્ટેમ્બર 2024થી દર મહિને 20,000 ઇ-વે બિલની ચકાસણીનો લક્ષ્યાંક (ઓગસ્ટ 2024) નક્કી કરવામાં આવ્યો હતો.

2.1.11.2 વ્યવસ્થાપક મંડળના માહિતી પ્રણાલીના અહેવાલોનો (MIS રિપોર્ટ) ઉપયોગ

NIC ઇ-વે બિલ ના વ્યવહારો પર વિશ્લેષણાત્મક અહેવાલો બનાવે છે અને કેન્દ્ર અને રાજ્યના તંત્રો હેઠળના GST વિભાગોને આપે છે. ઓડિટમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો કે ઇ-વે બિલની ચકાસણીના આયોજન માટે નિવારક તંત્ર દ્વારા આ અહેવાલોનો કેટલો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરિણામો હવે પછીના ફકરાઓમાં આપવામાં આવ્યા છે:

- નિવારક યુનિટના હવાલો ધરાવતા નાયબ રાજ્ય વેરા કમિશનરને (અન્વેષણ) MIS રિપોર્ટ જોવાનો હક આપવામાં આવ્યો હતો જ્યારે મોબાઇલ સ્ક્વોડ ટીમના યોગ્ય અધિકારી પાસે MIS રિપોર્ટ જોવાનો હક મર્યાદિત હતો.

- ચાર નિવારક એકમોએ[32] જણાવ્યું હતું કે (ઓગસ્ટ 2024થી સપ્ટેમ્બર 2024) કે તેઓ વાહનોને અટકાવવાનું આયોજન કરવા માટે વિશ્લેષણાત્મક અહેવાલોનો ઉપયોગ કરી રહ્યા ન હતા અને તે યાદચ્છિક રીતે કરવામાં આવી રહ્યું હતું. જો કે, મુખ્ય કાર્યાલયમાં રાખવામાં આવેલ એક નિયંત્રણ કક્ષમાં આ અહેવાલોનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યુ હતું જેના આધારે ચેતવણીઓ જનરેટ કરવામાં આવી હતી અને મોબાઇલ સ્ક્વોડને આપવામાં આવી હતી. આનો ઉપયોગ વાહનને અટકાવવા માટે કરવામાં આવ્યો હતો.

  વધુમાં, નારાવેક (અન્વેષણ) વિભાગ-7, સુરતે જવાબમાં જણાવ્યુ હતું (સપ્ટેમ્બર 2024) કે વાહનોને અટકાવવાનું આયોજન કરવા માટે MIS વિશ્લેષણાત્મક અહેવાલોનો ઉપયોગ કરીને મોબાઇલ સ્ક્વોડને સમયાંતરે ચેતવણી સૂચનાઓ આપવામાં આવે છે. નાયબ રાજ્ય વેરા કમિશનર (અન્વેષણ) વિભાગ-10, રાજકોટે જવાબ આપ્યો હતો (સપ્ટેમ્બર 2024) કે ઘણા કિસ્સાઓમાં, વાહનને અટકાવવાનું આયોજન કરતી વખતે ઇ-વે બિલ MIS સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. નારાવેક (અન્વેષણ) ડિવિઝન-6, વડોદરાએ (સપ્ટેમ્બર 2024) જવાબ આપ્યો કે MIS અહેવાલોનો ઉપયોગ વાહનને અટકાવવા સહિત વિવિધ અમલીકરણ સંબંધિત કામગીરી માટે કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યો હતો, જો કે, કચેરીમા આવી કામગીરી માટેનો કોઈ માહિતીપ્રદ ડેટા જાળવવામાં આવતો નથી.

  મોબાઇલ સ્ક્વોડ/અન્વેષણ વિભાગને પૂરા પાડવામાં આવેલા એલર્ટની સંખ્યા, નોંધાયેલા કેસોની સંખ્યા અને બાકી રકમની વસૂલાતની વિગતો માટે ઓડિટમાં માંગણી કરવામાં આવી (સપ્ટેમ્બર 2024) હોવા છતાં, વિભાગ દ્વારા MIS રિપોર્ટ્સનો ઉપયોગ કરીને કરવામાં આવેલા કોઈપણ વિશ્લેષણ અથવા વાહનોને અટકાવવા માટે જનરેટ કરાયેલ ચેતવણીઓ, જો કોઈ હોય, તેના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવા પૂરા પાડવામાં આવ્યા ન હતા.

- સાત નિવારક યુનિટોમાં, રિટર્નની ચકાસણીમાં તેનો ઉપયોગ કરવા માટે વિશ્લેષણાત્મક અહેવાલો અધિકારક્ષેત્રના અધિકારીઓમાં વહેંચવામાં આવ્યા ન હતા.

- સાત નિવારક યુનિટોમાં, NICને કોઈપણ નવા MIS રિપોર્ટની કોઈ જરૂરિયાત જણાવવામાં આવી ન હતી.

ભલામણ-7

વિભાગે અમલીકરણ વિભાગોને MIS રિપોર્ટનો યોગ્ય ઉપયોગ કરીને વાહનો આંતરવાની પ્રવૃત્તિઓનું આયોજન કરવા નિર્દેશ આપવો જોઇએ અને વધુ સારી આંતરિક નિયંત્રણ પદ્ધતિ માટે સંબંધિત માહિતી અધિકારક્ષેત્રના અધિકારીને પણ જણાવવી જોઇએ.

[32] નારાવેક (અન્વેષણ) વિભાગ: 1 અમદાવાદ, 4 મહેસાણા, 5 વડોદરા અને 9 ભાવનગર.

2.1.12 ઉપસંહાર

ઇ-વે બિલ એ માલની હેરફેર માટે જરૂરી દસ્તાવેજ છે અને માલની હેરફેર કરતાં પહેલા તેની વિગતો મેળવવા માટે રચાયેલ છે. સમગ્ર પ્રક્રિયાનું ઓટોમેશન અને માનકીકરણ કરચોરીને રોકવા અને GSTની વસૂલાત વધારવા માટે કરવામાં આવ્યું હતું. ઇ-વે બિલ 01.04.2018થી ₹ 50,000થી વધુ મૂલ્યના માલની તમામ આંતર-રાજ્ય હેરફેર માટે દાખલ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં રાજ્યની અંદર થતી હેરફેર માટે, નિયત લઘુતમ મર્યાદા તરીકે ₹ 50,000ના કન્સાઇનમેન્ટ મૂલ્ય માટે ઇ-વે બિલ ફરજિયાત બનાવવામાં આવ્યું હતું.

ઓડિટમાં 2018-19થી 2021-22ના સમયગાળા માટે ઇ-વે બિલની પદ્ધતિ અને આવકના રક્ષણમાં તેની અસરકારકતાની તપાસ માટે 18 ઘટકો હેઠળ આવતા 30 કરદાતાઓના 89 ઇ-વે બિલ પસંદ કરવામાં આવ્યા હતા. વિભાગની અન્વેષણની પ્રવૃત્તિઓની કાર્યક્ષમતા અને અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે ઓડિટમાં આઠ નિવારક એકમો પણ પસંદ કરવામાં આવ્યા હતા અને આ પસંદ કરેલા નિવારક એકમોમાંથી 376 નોંધાયેલા કેસોની તપાસ કરવામાં આવી હતી.

ઓડિટ પરીક્ષામાં તપાસ કરાયેલા 30 કરદાતાઓમાંથી 13 કરદાતાઓ દ્વારા અનુપાલનમાં વિચલન બહાર આવ્યું હતું, જેનું નાણાકીય મૂલ્ય ₹ 23.57 કરોડ હતું. ધ્યાન પર આવેલા મહત્વપૂર્ણ અનુપાલનના વિચલનોના પ્રકારોમાં 'રદ કરાયેલ કરદાતા દ્વારા જનરેટ કરાયેલા ઇ-વે બિલ' અને 'કરદાતાઓએ શૂન્ય રિટર્ન રજૂ કર્યા હતા અથવા ઇ-વે બિલ્સ જનરેટ કર્યા હોવા છતાં રિટર્ન રજૂ કર્યા ન હતા' તે હતા. ઓડિટના તારણો કરદાતાઓ દ્વારા અનુપાલન સુનિશ્ચિત કરવા માટે ઇ-વે બિલ પધ્ધતિમાં ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરવામાં વિભાગની કાર્યક્ષમતામાં રહેલી ખામીઓને પણ પ્રકાશમાં લાવે છે.

ઓડિટ દરમિયાન ઇ-વે બિલ પ્રણાલીમાં પ્રણાલીગત ખામીઓ પણ જોવા મળી હતી જેમ કે એક જ ઇન્વોઇસ પર અનેક ઇ-વે બિલ જનરેટ કરવા અને અમાન્ય પીન કોડનો ઉપયોગ કરીને ઇ-વે બિલ જનરેટ કરવા.

ઓડિટમાં વિભાગના નિવારક એકમો દ્વારા કરવામાં આવતી નિવારક અને અન્વેષણ પ્રવૃત્તિમાં પણ ખામીઓ જોવા મળી હતી જેમ કે કર, દંડ અને ફાઈન વસૂલ્યા વિના વાહન મુક્ત કરવું, કેશ લેજરમાંથી સરકારના ખાતામાં બાકી રકમ સરભર કર્યા વિના વાહન છૂટું કરવું, GGST અધિનિયમ, 2017ની ખોટી કલમ લાગુ કરવાને કારણે કર, દંડ અને ફાઈનની ઓછી વસૂલાત થવી.

એ મુજબ, ઓડિટમાં વિભાગની ઇ-વે બિલ પ્રણાલી અને અનુપાલન ચકાસણી પદ્ધતિને મજબૂત કરવા માટે નીચેની છ ભલામણો કરવામાં આવી હતી.

1. ***GSTR-1ની હરોળવાર બધી માહિતી/વિગતો વિભાગના બેક-એન્ડ પોર્ટલ પર યોગ્ય અધિકારીને અલગથી ઉપલબ્ધ થાય એ સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે આ બાબત GSTN અને મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવવી જોઇએ.***

2. (a) રાજ્ય સરકારે આ બાબત મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) અને GST કાઉન્સિલ સમક્ષ ઉઠાવવી જોઇએ જેથી GSTN પોર્ટલ અને ઇ-વે બિલ પોર્ટલને સાંકળી શકાય અને બેક-એન્ડ એપ્લિકેશન, એટલે કે Boweb પર કર અધિકારીઓને તેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય.

(b) રાજ્ય સરકાર આ બાબતને GST કાઉન્સિલ સમક્ષ પણ ઉઠાવી શકે છે કે ઇ-વે બિલ પોર્ટલ GSTN સાથે લિંક ન થાય ત્યાં સુધી એ બાબતને ફરજિયાત બનાવવાનો વિચાર કરી શકાય, જેથી પાછલી અસરથી નોંધણી રદ કરનાર યોગ્ય અધિકારી, પ્રમાણિત કરી શકે કે કરદાતા દ્વારા જનરેટ કરાયેલ દરેક ઇ-વે બિલ તપાસવામાં આવ્યું છે અને વેરાની જવાબદારી, જો કોઈ બાકી હોય તો તે પૂર્ણ કરવામાં આવી છે.

(c) રાજ્ય સરકારે GSTN સમક્ષ આ મામલો લઇ જવો જોઇએ જેથી GST સિસ્ટમમાં સોફ્ટ એલર્ટ દાખલ કરી શકાય જેથી કરદાતા દ્વારા ઇ-વે બિવ જનરેટ કરવામાં આવ્યા હોય પરંતુ GSTR-1 અને GSTR-3B જેવા રિટર્ન રજુ ન કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં યોગ્ય અધિકારીને ચેતવણી સંદેશ મોકલી શકાય.

3. રાજ્ય સરકાર આ મુદ્દો GSTN અને મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવવો જોઇએ કે જેથી ઇ-વે બિલ પ્રણાલીમાં માન્યતા નિયંત્રણો અને સોફ્ટ એલર્ટના વિવેકપૂર્ણ મિશ્રણ પર વિચાર કરી શકાય જેથી ડેટા એન્ટ્રી ભૂલોને નિયંત્રિત કરી શકાય અને વિભાગના સંસાધનોની વધુ સારી ચકાસણીની સુવિધા આપી શકાય અને તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય.

4. રાજ્ય સરકાર ઇ-વે બિલ પ્રણાલીમા માન્યતા નિયંત્રણ અને સોફ્ટ એલર્ટ દાખલ કરવાનો મુદ્દો GSTN તથા મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવી શકે જેથી

   (i) એક જ ઇન્વોઇસ પર બહુવિધ ઇ-વે બિલ બનાવવા પર પ્રતિબંધ મૂકી શકાય;

   (ii) કરદાતાઓ દ્વારા 'થી' અને 'સુધી' પિન કોડ વચ્ચે આપમેળે ગણતરી થયેલા અંતરમાં ફેરફાર કરવાનું પ્રતિબંધિત કરી શકાય; અને.

   (iii) અમાન્ય PIN કોડ પર ઇ-વે બિલ જનરેટ કરવા પર રોક લગાવી શકાય.

5. વિભાગે કાયદાની કલમ 129 અને 130 હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેવા કિસ્સાઓમાં, અધિકારક્ષેત્રના અધિકારી માટે રેડ ફ્લેગ જનરેટ કરવા માટે એક પદ્ધતિ વિકસાવવાનું વિચારવું જોઈએ જેથી બિન-અનુપાલનવાળા કરદાતાઓના કિસ્સાઓમાં અધિકારક્ષેત્રના સત્તાધિકારી દ્વારા સમયસર પગલાં લઈ શકાય.

6. વિભાગે અન્વેષણ વિભાગોને MIS રિપોર્ટનો યોગ્ય ઉપયોગ કરીને વાહન આંતરવાની પ્રવૃત્તિઓનું આયોજન કરવા નિર્દેશ આપવો જોઇએ અને વધુ સારી આંતરિક નિયંત્રણ પદ્ધતિ માટે સંબંધિત માહિતી અધિકારક્ષેત્રના અધિકારીને પણ જણાવવી જોઇએ.

2.2 ગુજરાત માલ અને સેવા વેરા હેઠળ કમ્પોઝિશન લેવી યોજના

માલ અને સેવા વેરા (GST) અધિનિયમ હેઠળ કમ્પોઝિશન લેવી યોજના (CLS) નાના કરદાતાઓને રિટર્ન રજૂ કરવાની પ્રક્રિયાઓને સરળ બનાવીને, રેકર્ડની મુશ્કેલીમુક્ત સરળ જાળવણી અને મર્યાદિત કર જવાબદારી પૂરી પાડે છે.

CLSના ઓડિટમાં રજૂ કરેલા રિટર્નની કાયદેસરતાની ચકાસણી, રિટર્નમાં જાહેર કરાયેલા તથ્યો અને આંકડાઓ, જાહેર કરાયેલા અને ચૂકવવામાં આવેલા વેરાની જવાબદારી અને રાજ્ય વેરા સત્તાવાળાઓ દ્વારા શરૂ કરાયેલી આકારણીનો સમાવેશ થાય છે.

ઓડિટના તારણોને બે શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા છે, એટલે કે અનુપાલનની સમસ્યાઓ અને પ્રણાલીગત સમસ્યાઓ. ઓડિટ દરમિયાન ધ્યાન પર આવેલી ખામીઓમાં મુખ્યત્વે CLSના લાભનો અનિયમિત ઉપયોગ, ત્રિમાસિક અને વાર્ષિક રિટર્ન મોડા રજૂ કરવા બદલ વિલંબ ફીની બિન/ઓછી ચુકવણી, યોગ્ય અધિકારીઓ દ્વારા નોંધણી રદ કરવામાં ભૂલો, હાલના સ્ટોક અને ઇનપુટ વેરા શાખ ઉલટાવવા અંગે જાહેર કરવાના ફોર્મ ન આપવા અને ડેટા એન્ટ્રીની ભૂલોનો સમાવેશ થાય છે. CLS કરદાતાઓની અનુપાલનની ચકાસણી સુનિશ્ચિત કરવા માટે વિભાગમાં કોઈ પદ્ધતિ ન હતી.

2.2.1 પ્રસ્તાવના

ગુજરાત માલ અને સેવા વેરા (GGST) અધિનિયમ, 2017, માલ અથવા સેવાઓ અથવા બંન્નેના રાજ્યની અંદરના પુરવઠા પર વેરો લાગુ પાડવા અને વસૂલવા અને તેની સાથે જોડાયેલી અથવા આનુષંગિક બાબતોની જોગવાઈ કરે છે. GST અધિનિયમ હેઠળ કમ્પોઝિશન લેવી યોજના (CLS) જેમનું ટર્નઓવર ₹ 1.5 કરોડ સુધી હોય (01 એપ્રિલ 2019થી અમલમાં) એવા નાના કરદાતાઓ માટે વેરો લાગુ કરવાની વૈકલ્પિક પદ્ધતિ પૂરી પાડે છે. CLSનો ઉદ્દેશ રિટર્ન રજૂ કરવાની પ્રક્રિયાઓને સરળ બનાવીને, રેકર્ડની સરળ જાળવણી અને વેરાની મર્યાદિત જવાબદારી દ્વારા નાના કરદાતાઓને રાહત પૂરી પાડવાનો છે. CLS વૈકલ્પિક છે, અને પાત્ર વ્યક્તિ GGST અધિનિયમની કલમ 9(1) હેઠળ નિર્ધારિત નિયમિત વેરાના દરના[33] બદલે દરેક ત્રિમાસિકમાં ટર્નઓવરની નિર્ધારિત ટકાવારી પ્રમાણે વેરો ચૂકવવાનું પસંદ કરી શકે છે. ગુજરાત માલ અને સેવા વેરા GST નિયમો, 2017ના નિયમ 3થી 7 સાથે વંચાણે લેતાં કાયદાની કલમ 10, કાયદા અને નિયમો હેઠળ નિર્ધારિત શરતો અને પ્રતિબંધોને આધિન કમ્પોઝિશન યોજના સાથે વ્યવહાર કરે છે.

[33] ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ વેરાના દરો 0; 0.25; 3; 5; 12; 18 અને 28 ટકા છે.

2.2.2 ઓડિટના ઉદ્દેશો

GGST અધિનિયમ હેઠળ કમ્પોઝિશન લેવી યોજનાનું ઓડિટ આ મૂલ્યાંકન માટે હાથ ધરવામાં આવ્યું હતું:

i. શું નિયમો અને પ્રક્રિયાઓ નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા અનુપાલન અને તેના અવલોકન પર અસરકારક તપાસ સુનિશ્ચિત કરવા માટે પૂરતા છે; અને

ii. શું વિભાગે હાલની જોગવાઈઓનું પૂરતું પાલન કર્યું છે અને નોંધાયેલી વ્યક્તિ દ્વારા અનુપાલનનું અસરકારક રીતે દેખરેખ કરી છે.

2.2.3 ઓડિટનો વ્યાપ અને કાર્યપધ્ધતિ

CLS પસંદ કરતી વખતે અથવા તેમાંથી બહાર નીકળતી વખતે નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા અનુપાલનની તપાસ કરવા અને વિભાગની ચકાસણી અને દેખરેખ પ્રક્રિયાઓ માટે ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું. આમાં રજૂ કરેલા રિટર્નની કાયદેસરતાની ચકાસણી, રિટર્નમાં જાહેર કરાયેલા તથ્યો અને આંકડા, જાહેર કરાયેલા અને ચૂકવવામાં આવેલા વેરાની જવાબદારી અને રાજ્ય વેરા સત્તાવાળાઓ દ્વારા શરૂ કરાયેલી આકારણી જો કોઈ હોયે તો નો સમાવેશ થાય છે.

પરિકલ્પિત ઓડિટ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે, 1 જુલાઈ 2017થી 31 માર્ચ 2022 વચ્ચેના સમયગાળા માટે નમૂના તરીકે લેવામાં આવેલા નોંધાયેલી વ્યક્તિઓની પરીક્ષણ તપાસ નવેમ્બર 2022 અને જાન્યુઆરી 2024 વચ્ચે હાથ ધરવામાં આવી હતી. પદ્ધતિમાં GSTN કોમન પોર્ટલ પર ઓનલાઈન રજૂ કરેલા રિટર્ન/પત્રકો ચકાસવા માટે SSOID (સિંગલ સાઇન ઓન આઈડેન્ટિટી) સુવિધાનો ઉપયોગ કરીને નમૂના લેવામાં આવેલા નોંધાયેલી વ્યક્તિઓની વિગતોની ચકાસણીનો સમાવેશ થતો હતો.

આ ઓડિટ માટે એક પ્રારંભિક બેઠક 11 નવેમ્બર 2022ના રોજ ગુજરાત સરકારના નાણા વિભાગના અગ્ર સચિવ સાથે યોજવામાં આવી હતી જેમાં ઓડિટના ઉદ્દેશ્યો, ઓડિટનો વ્યાપ અને કાર્યપદ્ધતિ અને નમૂનાની ચર્ચા કરવામાં આવી હતી. 21 ફેબ્રુઆરી 2025ના રોજ ગુજરાત સરકારના નાણા વિભાગના સચિવ (આર્થિક બાબતો) સાથે સમાપન બેઠક યોજાઈ હતી, જેમાં ઓડિટના તારણો પર ચર્ચા કરવામાં આવી હતી. સમાપન બેઠક દરમિયાન રાજ્ય સરકારે વ્યક્ત કરેલા મંતવ્યો અને મુસદ્દારૂપ અહેવાલના લેખિત જવાબોને સંબંધિત ફકરાઓમાં યોગ્ય રીતે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

વિભાગ દ્વારા આપવામાં આવેલા જવાબો સંબંધિત ફકરાઓમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે (માર્ચ 2025).

2.2.4 નમૂનો

રાજ્ય વેરા વિભાગ 12[34] વિભાગો દ્વારા કાર્ય કરે છે જેમાં 103 ક્ષેત્રીય ઘટકો[35] છે. વિભાગે સંબંધિત ક્ષેત્રીય ઘટકો હેઠળ કમ્પોઝિશન યોજનાનો લાભ લેનારી નોંધાયેલી વ્યક્તિઓનો ડેટા પૂરો પાડ્યો હતો. 12 વિભાગોને ત્રણ સ્તરોમાં (કમ્પોઝિશન યોજના હેઠળ નોંધણીઓની સંખ્યાના આધારે) જૂથબદ્ધ કરવામાં આવ્યા હતા, જેમાંથી પાંચ વિભાગો[36] પસંદ કરવામાં આવ્યા હતા. આ પાંચ વિભાગોમાં, દરેક નાણાકીય વર્ષ માટે સક્રિય/રદ કરાયેલ નોંધાયેલ વ્યક્તિઓ સહિત 257 નમૂનારૂપ કેસ નીચે આપેલા **કોષ્ટક**માં બતાવ્યા પ્રમાણે યાદચ્છિક નમૂનાચયન દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા:

કોષ્ટક 2.6: વર્ષ-વાર પસંદ કરેલા નમૂનાના કેસો

નાણાકીય વર્ષ	નોંધાયેલી વ્યક્તિઓની સંખ્યા			પસંદ કરેલી નોંધાયેલી વ્યક્તિઓ		
	સક્રિય	રદ થયેલ	કુલ	સક્રિય	રદ થયેલ	કુલ
2017-18 (જૂલાઇ 2017 થી)	51,271	21,292	72,563	26	11	37
2018-19	52,889	19,109	71,998	18	05	23
2019-20	56,415	12,799	69,214	60	11	71
2020-21	58,552	6,731	65,283	55	04	59
2021-22	57,388	2,782	60,170	66	01	67
કુલ	2,76,515	62,713	3,39,228	225	32	257

ઉપરોક્ત ઉપરાંત, કમ્પોઝિશન લેવી યોજના માટે ₹ એક કરોડ (નાણાકીય વર્ષ 2018-19 સુધી) અને ₹ 1.5 કરોડ (નાણાકીય વર્ષ 2019-20 થી)ની સ્વીકાર્ય મર્યાદા કરતાં વધુ એકંદર ટર્નઓવર ધરાવતી આવક માટે સંભવિત જોખમવાળી નોંધાયેલી વ્યક્તિઓને અલગથી ઓળખવામાં આવી હતી અને નીચે મુજબ પસંદ કરવામાં આવી હતી:

કોષ્ટક 2.7: વર્ષ-વાર નમૂનાના કેસોની પસંદગી જેમાં એકંદર ટર્નઓવર માન્ય નિયત મર્યાદા કરતાં વધારે હોય

વર્ષ	સક્રિય	રદ થયેલ	કુલ	પસંદ કરેલી નોંધાયેલ વ્યક્તિઓ		
				સક્રિય	રદ થયેલ	કુલ
2017-18	33	3	36	1	0	1
2018-19	480	27	507	38	1	39
2019-20	192	20	212	19	2	21

34 અમદાવાદ (વિભાગ-1); અમદાવાદ (વિભાગ-2); ગાંધીનગર (વિભાગ-3); મહેસાણા (વિભાગ-4); વડોદરા (વિભાગ-5); વડોદરા(વિભાગ-6); સુરત(વિભાગ-7); સુરત(વિભાગ-8); ભાવનગર (વિભાગ-9); રાજકોટ (વિભાગ-10); જુનાગઢ (વિભાગ-11) અને ગાંધીધામ (વિભાગ-12).

35 12 વિભાગોના વહીવટી નિયંત્રણ હેઠળ 103 ઘટકો છે.

36 અમદાવાદ (વિભાગ-1); મહેસાણા (વિભાગ-4); વડોદરા (વિભાગ-5); ભાવનગર (વિભાગ-9) અને જુનાગઢ (વિભાગ-11).

વર્ષ	સક્રિય	રદ થયેલ	કુલ	પસંદ કરેલી નોંધાયેલ વ્યક્તિઓ		
				સક્રિય	રદ થયેલ	કુલ
2020-21	88	0	88	3	0	3
2021-22	10	1	11	0	0	0
કુલ	803	51	854	61	03	64

આમ, પરિકલ્પિત ઓડિટ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે, કુલ 321[37] (257+64) નોંધાયેલી વ્યક્તિઓના નમૂનાને મૂળ ચકાસણી માટે પસંદ કરવામાં આવ્યા હતા.

2.2.5 ઓડિટના માપદંડો

ઓડિટ માપદંડોના સ્ત્રોતમાં ગુજરાત GST/કેન્દ્રીય GST કાયદામાં સમાવિષ્ટ જોગવાઈઓ અને તે હેઠળ ઘડેલા નિયમોનો સમાવેશ થાય છે. વધુમાં, રાજ્ય વેરા વિભાગ, ગુજરાત અને અપ્રત્યક્ષ કરવેરા અને સીમાશુલ્કનું કેન્દ્રીય બોર્ડ (CBIC) દ્વારા જારી કરાયેલ જાહેરનામાઓ અને પરિપત્રો પણ ઓડિટ માપદંડોના હિસ્સા હતા.

2.2.6 ઓડિટ અવલોકનો

ઓડિટ દરમિયાન જોવા મળેલી ખામીઓની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે. ઓડિટના અવલોકનો બે શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા છે એટલે કે અનુપાલનના મુદ્દાઓ અને પ્રણાલીગત મુદ્દાઓ.

અનુપાલનના મુદ્દાઓ

2.2.6.1 ટર્નઓવરની મર્યાદાનો ભંગ છતાં કમ્પોઝિશન લેવી યોજના હેઠળ લાભની અયોગ્ય પ્રાપ્તિ

કમ્પોઝિશન લેવી યોજનાની જોગવાઈઓ ગુજરાત GGST અધિનિયમની કલમ 10 હેઠળ નિયમ 3થી 7 સાથે વાંચતાં આવરી લેવામાં આવી છે, અને નોંધાયેલ વ્યક્તિને લાગુ પડે છે જેનું પાછલા નાણાકીય વર્ષમાં એકંદર ટર્નઓવર, એક નિર્દિષ્ટ મર્યાદા સુધી હોય. નિયમ 6 મુજબ, કમ્પોઝિશન યોજના હેઠળ વેરો ચૂકવવા માટે નોંધાયેલ વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાયેલ વિકલ્પ જ્યાં સુધી GGST અધિનિયમની કલમ 10 અને નિયમોમાં ઉલ્લેખિત શરતો પૂર્ણ થાય ત્યાં સુધી માન્ય રહે છે. કમ્પોઝિશન લેવી યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતાની શરતો **પરિશિષ્ટ-III**માં આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે કમ્પોઝિશન યોજના માટે પાછલા નાણાકીય વર્ષમાં એકંદર ટર્નઓવર માટેની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો હતો, જેની વિગતો આપેલા **કોષ્ટક**માં છે:

[37] વિભાગ-1 અમદાવાદ (11 ઘટકો-71 કેસો); વિભાગ-4 મહેસાણા (સાત ઘટકો-100 કેસો); વિભાગ-5 વડોદરા (નવ ઘટકો-108 કેસો); વિભાગ-9 ભાવનગર (ત્રણ ઘટકો-13 કેસો); વિભાગ-11 જુનાગઢ (છ ઘટકો-29 કેસો).

કોષ્ટક 2.8: કમ્પોઝિશન લેવી યોજના માટે નિયત મર્યાદામાં ફેરફાર

જાહેરનામા નંબર	નિયત મર્યાદા	અસરની તારીખ
જાહેરનામુ નં. (GHN-27) GST-2017-S.10(1)-TH તારીખ 23 જૂન 2017, No 8/2017- રાજ્ય વેરો	₹ 75 લાખ	01 જૂલાઇ 2017
જાહેરનામુ નં. (GHN-97) GST-2017-S.10(1)(2)-TH તારીખ 13 ઓક્ટોબર 2017, No 46/2017-રાજ્ય વેરો	₹ 1 કરોડ	13 ઓક્ટોબર 2017
જાહેરનામુ નં. (GHN-25) GST-2019-S.10(1)(5)-TH તારીખ 7 માર્ચ 2019, No 14/2019-રાજ્ય વેરો	₹ 1.5 કરોડ	01 એપ્રિલ 2019

GGST કાયદાની કલમ 10(1) મુજબ, નોંધાયેલ વ્યક્તિ જેનું પાછલા નાણાકીય વર્ષમાં એકંદર ટર્નઓવર નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ન હોય તે કમ્પોઝિશન યોજના હેઠળ વેરો ચૂકવવાનું પસંદ કરી શકે છે. નિયમ 6(4) હેઠળ, જ્યાં યોગ્ય અધિકારી પાસે એવું માનવાનો કારણ હોય કે નોંધાયેલ વ્યક્તિ કલમ 10 હેઠળ વેરો ચૂકવવા માટે અપાત્ર છે અથવા તેણે GGST કાયદા અથવા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે, તો તે નોંધાયેલ વ્યક્તિને નોટીસ (ફોર્મમાં CMP-05) જારી કરીને આ નોટીસ મળ્યાના 15 દિવસની અંદર કલમ 10 હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ કેમ નકારવો નહીં તેનું કારણ દર્શાવવા કહી શકે છે.

GGST કાયદાની કલમ 50(1) મુજબ, નોંધાયેલ વ્યક્તિએ કરની વિલંબિત ચુકવણી પર 18 ટકાથી વધુ ન હોય તેવા દરે કાઉન્સિલની ભલામણો મુજબ સરકાર દ્વારા જાહેર કર્યા મુજબ વ્યાજ ચૂકવવું પડશે.

ઓડિટમાં એવા કમ્પોઝિશન કરદાતાઓના કિસ્સાઓ ધ્યાન પર આવ્યા હતા જેમણે પાછલા નાણાકીય વર્ષ અને ચાલુ નાણાકીય વર્ષ બંનેમાં ટર્નઓવરની નિર્ધારિત મર્યાદાનો ભંગ કર્યો હતો. ઓડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

i. અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન ટર્નઓવરની નિર્ધારિત મર્યાદાનો ભંગ

GGST અધિનિયમ, 2017ની કલમ 10(1)માં જોગવાઈ છે કે જે નોંધાયેલ વ્યક્તિનું પાછલા નાણાકીય વર્ષમાં એકંદર ટર્નઓવર નિર્ધારિત મર્યાદાથી વધ્યુ ન હોય તે કમ્પોઝિશન લેવી યોજનાનો વિકલ્પ પસંદ કરી શકે છે.

નાણાકીય વર્ષ 2018-19 અને 2019-20 માટે પસંદ કરાયેલા કેસોની ચકાસણી કરતી વખતે ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે, નમૂના તરીકે લેવામાં આવેલા 64 કરદાતાઓમાંથી નવ નોંધાયેલી વ્યક્તિઓનું[38] એટલે કે 2017-18માં સાત કરદાતાઓનું અને 2018-19માં બે કરદાતાઓનું પાછલા નાણાકીય વર્ષના ત્રિમાસિક રિટર્નમાં જાહેર કરેલું એકંદર ટર્નઓવર

[38] સહાયક રાજ્ય વેરા કમિશનર: 8 અમદાવાદ; 9 અમદાવાદ; 30 મહેસાણા; 34 પાલનપુર; 35 ડીસા (બે કેસો); 41 વડેદરા; 42 વડોદરા અને 75 ભાવનગર.

₹ 1.09 કરોડ અને ₹ 1.40 કરોડની વચ્ચે હતું. જોકે, આ કરદાતાઓએ પછીના નાણાકીય વર્ષમાં[39] કમ્પોઝિશન યોજનાનો લાભ મેળવવાનું ચાલુ રાખ્યુ હતું. વધુમાં, આ નવ કરદાતાઓમાંથી, પાંચ નોંધાયેલ વ્યક્તિઓએ[40] નાણાકીય વર્ષ એટલે કે 2018-19માં પણ ટર્નઓવરની નિર્ધારિત મર્યાદાનો ભંગ કર્યો હતો. આના પરિણામે પછીના નાણાકીય વર્ષ જેમાં આ નવ કરદાતાઓએ ટર્નઓવર મર્યાદા ઓળંગી હતી તેમાં ₹ 75.64 લાખનો[41] વેરો ઓછો વસૂલવામાં આવ્યો હતો. આ કરદાતાઓ GGST અધિનિયમની કલમ 50 હેઠળ 18 ટકાના દરે ₹ 55.68 લાખનું વ્યાજ ચૂકવવા માટે પણ જવાબદાર હતા.

આ ધ્યાન પર લાવવામાં આવ્યુ (જાન્યુઆરી 2023 અને જાન્યુઆરી 2024 વચ્ચે) ત્યારે, વિભાગે પાંચ કેસોમાં[42] ₹ 80.70ના નાણાકીય મૂલ્ય સાથેના ઓડિટ અવલોકનનો સ્વીકાર કર્યા હતા (જાન્યુઆરી 2025) અને ચાર કેસોમાં[43] ₹ 65.16 લાખની વસૂલાત થઇ હોવાનું જણાવ્યુ હતું.

ચાર કેસોમાં[44], ઓડિટ અવલોકન સ્વીકારતી વખતે, વિભાગે જણાવ્યું હતું (ડિસેમ્બર 2024 અને જાન્યુઆરી 2025) કે ચૂકવવાપાત્ર વેરાને ₹ 45.83 લાખના ઇનપુટ વેરા શાખ (ITC) સાથે સમાયોજિત કરવામાં આવ્યો હતો અને ₹ 7.93 લાખનો વેરો DRC-03[45] દ્વારા વ્યાજ અને દંડ સહિત ચૂકવવામાં આવ્યો હતો. આ જવાબ ઉપરોક્ત કાયદાની કલમ 16(4)ના સંદર્ભમાં જોવાની જરૂર છે, જે ઇનપુટ વેરા શાખ મેળવવા માટે અવધિની[46] મર્યાદા નક્કી કરે છે. આ કિસ્સામાં ઇનપુટ વેરા શાખનું સમાયોજન મર્યાદા અવધિ પછી કરવામાં આવ્યું હતું જે અનિયમિત હતું.

એક દ્રષ્ટાંતરૂપ કેસ નીચે આપ્યો છે:

સહાયક રાજ્ય વેરા કમિશનર (ACST)-41, વડોદરાના અધિકારક્ષેત્રમાં આવતી એક નોંધાયેલી વ્યક્તિનું પાછલા નાણાકીય વર્ષ 2017-18માં એકંદર ટર્નઓવર (₹ 42.22 લાખના મૂલ્યવર્ધિત વેરાના ટર્નઓવર સહિત) ₹ 1.40 કરોડ થયું હતું. આથી, નોંધાયેલ વ્યક્તિએ નાણાકીય વર્ષ 2018-19ના ₹ 1.45 કરોડના સમગ્ર ટર્નઓવર પર નિયમિત GSTના દરે વેરો ચૂકવવાનો હતો. ઓડિટમાં

39 2017-18 માટેના ટર્નઓવર નક્કી કરવા માટે, તારીખ 6 મે 2022ના ગોડવે ફરનીક્રાફ્ટ્સ વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય અને અન્યમાં આંધ્ર પ્રદેશની હાઈ કોર્ટના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે નાણાકીય વર્ષ 2017-18નું એકંદર ટર્નઓવર નક્કી કરવા માટે મૂલ્યવર્ધિત વેરાના સમયગાળા 2016-17નું ટર્નઓવર વિચારણામાં લેવું જોઇએ.

40 સહાયક રાજ્ય વેરા કમિશનર: 8 અમદાવાદ; 30 મહેસાણા; 34 પાલનપુર; 41 વડોદરા; અને 75 ભાવનગર.

41 નોંધાયેલ વ્યક્તિ દ્વારા પુરી પાડવામાં આવેલા માલ અને સેવાઓને લાગુ પડતા માલ અને સેવા વેરાનો સૌથી ઓછો દર વિચારણામાં લેવો જોઇએ.

42 સહાયક રાજ્ય વેરા કમિશનર: 9 અમદાવાદ; 34 પાલનપુર; 41 વડોદરા; 42 વડોદરા અને 30 મહેસાણા.

43 સહાયક રાજ્ય વેરા કમિશનર: 9 અમદાવાદ; 34 પાલનપુર; 41 વડોદરા; અને 42 વડોદરા.

44 સહાયક રાજ્ય વેરા કમિશનર: 8 અમદાવાદ; 35 ડીસા (બે કેસો) અને 75 ભાવનગર.

45 સ્વેચ્છાએ અથવા કારણદર્શક નોટિસ સામે ચુકવણીની જાણ.

46 નાણાકીય વર્ષ બાદની 30 સપ્ટેમ્બર અથવા વાર્ષિક રિટર્ન રજૂ કરવાની તારીખ જે વહેલું હોય તે.

₹ 4.74 લાખના વ્યાજ સહિત ₹ 10.54 લાખ[47]ની વેરાની જવાબદારી નક્કી કરવામાં આવી હતી (નવેમ્બર 2023).

જ્યારે ઓડિટે આ ધ્યાન પર લાવ્યુ (નવેમ્બર 2023) ત્યારે વિભાગે અવલોકનનો સ્વીકાર કર્યો હતો અને વ્યાજ અને દંડ સહિત ₹ 11.60 લાખનું માંગણું ઉભુ કર્યું હતું.

ii. નાણાકીય વર્ષ દરમિયાન ટર્નઓવરની નિર્ધારિત મર્યાદાનો ભંગ

GGST અધિનિયમ, 2017ની કલમ 10(3) મુજબ, નોંધાયેલી વ્યક્તિ દ્વારા કમ્પોઝિશન યોજના માટેનો મેળવેલો વિકલ્પ નાણાકીય વર્ષ દરમિયાન જે દિવસે એકંદર ટર્નઓવર કલમ 10(1) હેઠળ નિર્દિષ્ટ મર્યાદા કરતાં વધી જાય ત્યારથી સમાપ્ત થઇ જશે. જે દિવસે નોંધાયેલ વ્યક્તિ કમ્પોઝિશન લેવી યોજના માટેની શરતો પૈકી કોઇ પણ શરત પૂર્ણ કરવાનું બંધ કરે તો સામાન્ય દરે વેરો ચુકવવાનો રહેશે અને ત્યારબાદ દરેક વેરાપાત્ર પુરવઠા માટે ટેક્ષ ઇન્વોઇસ જારી કરવાનું રહેશે.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું (ડિસેમ્બર 2022થી ઓક્ટોબર 2023) કે ચાર કેસોમાં[48] નાણાકીય વર્ષ[49] દરમિયાન નોંધાયેલી વ્યક્તિઓનું એકંદર ટર્નઓવર ત્રિમાસિક રિટર્નમાં જાહેર કરેલી નિર્ધારિત મર્યાદાથી વધી ગયું હતું, આથી, નિર્ધારિત મર્યાદાનો ભંગ થયો તે દિવસથી કમ્પોઝિશન યોજના હેઠળ ચાલુ રહેવા માટે અયોગ્ય હતા. તદનુસાર, ચૂક કરનાર નોંધાયેલી વ્યક્તિઓને સામાન્ય કરદાતા તરીકે ગણવાની જરૂર હતી અને GSTના લાગુ પડતા દર ધ્યાને લઇને વેરાની જવાબદારી નક્કી કરવી જરૂરી હતી. આના પરિણામે, ત્રણ કરદાતાઓના કેસોમાં જ્યાં ચાલુ નાણાકીય વર્ષમાં ટર્નઓવરની મર્યાદા વધી ગઇ હતી તેમાં ₹ 9.45 લાખ[50]ના વેરાની ઓછી વસૂલાત થઇ હતી. આ કરદાતાઓ GGST કાયદાની કલમ 50 હેઠળ 18 ટકાના[51] દરે ₹ 5.84 લાખનું વ્યાજ ચૂકવવા માટે પણ જવાબદાર હતા.

આ ધ્યાન પર લાવવમાં આવ્યું (ઓક્ટોબર 2023) ત્યારે, વિભાગે એક કેસ[52]માં ઓડિટ અવલોકનનો સ્વીકાર કર્યો હતો (જાન્યુઆરી 2025) અને વ્યાજ સહિત ₹ 4.34 લાખની વસૂલાતની જાણ કરી હતી.

---

[47] ₹ 1,44,94,789ના ટર્નઓવર પર પાંચ ટકાના દરેક વસૂલવામાં આવેલો ₹ 7,24,740ના વેરાનું એક ટકાના દરેક ચુકવેલા ₹ 1,44,948ના કમ્પોઝિશન વેરા સાથે સમાયોજન કરવામાં આવ્યુ હતું અને બાકીના ₹ 5,79,792ના વેરા પર 1,657 દિવસ માટે 18 ટકાના દરે ₹ 4,73,777 જેટલું વ્યાજ નક્કી કરવામાં આવ્યુ હતું.

[48] સહાયક રાજ્ય વેરા કમિશનર: 10 અમદાવાદ; 38 પાટણ; 40 વડોદરા; અને 75 ભાવનગર.

[49] નમૂનાના કેસોનું નાણાકીય વર્ષ.

[50] (1) ₹ 1,21,648 (ચોથા ત્રિમાસિકના ₹ 30,41,200ના ટર્નઓવર પર પાંચ ટકાના દરે લાગુ કરેલો વેરો ત્રિમાસિકમાં ચુકવેલા ₹ 30,412ના કમ્પોઝિટ વેરા સામે સમાયોજીત); (2) ₹ 1,59,100 (ચોથા ત્રિમાસિકના ₹ 40,18,525ના ટર્નઓવર પર પાંચ ટકાના દરે લાગુ કરવામાં આવેલો વેરો ત્રિમાસિકમાં ચુકવેલા ₹ 41,826ના કમ્પોઝિશન વેરા સામે સમાયોજીત); (3) ₹ 6,63,969 (ચોથા ત્રિમાસિકના ₹ 39,05,715ના ટર્નઓવર પર 18 ટકાના દરે લાગુ કરવામાં આવેલો વેરો અને સમાયોજીત ત્રિમાસિકમાં ચુકવેલો ₹ 39,060 નો કમ્પોઝિશલ વેરો).

[51] (1) ₹ 1,21,648ના વેરા પર 1,686 દિવસો માટે18 ટકાના દરે લાગુ કરવામાં આવેલું ₹ 1,01,144નું વ્યાજ;
(2) ₹ 1,59,100ના વેરા પર 1,024 દિવસો માટે 18 ટકાના દરેક લાગુ કરવામાં આવેલું ₹ 80,343; (3) ₹ 6,63,968ના વેરા પર 1,230 દિવસો માટે 18 ટકાના દરેક ₹ 4,02,747નું વ્યાજ.

[52] સહાયક રાજ્ય વેરા કમિશનરઃ38 પાટણ.

એક કેસ[53]માં જણાવવામાં આવ્યુ હતું (જાન્યુઆરી 2025) કે નાણાકીય વર્ષ 2017-18માં ટર્નઓવર ₹ 97.85 લાખ (₹ 8.87 લાખના વેચાણ પરત સહિત) હતું આથી સંબંધિત નાણાકીય વર્ષની કમ્પોઝિશન યોજના હેઠળ ચાલુ રહેવા માટે તે નિર્ધારિત મર્યાદાથી નીચે હતું. જવાબ પ્રતીતિજનક નથી કારણ કે વેચાણ પરત કલમ 39માં જણાવ્યા મુજબના અગાઉ જણાવેલા ટર્નઓવરમાં જરૂરી સુધારા સહિત નાણાકીય પત્રક સાથે સમર્થિત ન હતું.

એક કેસ[54]માં વિભાગે અવલોકન અસ્વીકાર કરતાં જવાબ આપ્યો હતો (જાન્યુઆરી 2025) કે નાણાકીય પત્રક મુજબ નોંધાયેલી વ્યક્તિનું ખરેખર ટર્નઓવર ₹ 1.49 કરોડ હતું જે GSTR-4માં અજાણતામાં ₹ 1.66 કરોડ તરીકે જણાવવામાં આવ્યુ હતું. જવાબ સ્વીકાર્ય નથી કારણ કે નોંધાયેલી વ્યક્તિએ ₹ 1.66 કરોડના ટર્નઓવર પર એક ટકાના દરે ₹ 1.66 લાખના કમ્પોઝિશન વેરાની ચુકવણી કરી હતી. વધુમાં, ₹ 1.49 કરોડના ટર્નઓવરના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો રજૂ કર્યો ન હતો. એક કેસ[55]માં જવાબ રજૂ કરવામાં આવ્યો ન હતો (માર્ચ 2025). આ કેસમાં, નોંધાયેલ વ્યક્તિએ મિશ્ર ચીજવસ્તુઓનો વ્યવહાર કર્યો હતો જેના પર શૂન્ય અને પાંચ ટકા વેરો લાગતો હતો અને આઉટપુટ મૂલ્ય પર લાદવામાં આવતો વેરો દર નક્કી કરી શકાયો ન હતો. પરિણામે, ઓડિટમાં વેરાની જવાબદારીની ગણતરી કરી શકાઇ ન હતી.

ઉપરોક્ત કેસોમાં, વ્યક્તિગત એકંદર ટર્નઓવર ક્યાં તો પાછલા નાણાકીય વર્ષમાં અથવા ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન નિર્ધારિત મર્યાદા કરતાં વધી ગયું હતું માટે નોંધાયેલ વ્યક્તિઓ કમ્પોઝિશન યોજના હેઠળ ચાલુ રહેવા માટે અયોગ્ય હતી. કલમ 10(5) મુજબ, જોગવાઈના ઉલ્લંઘનની તારીખથી હુકમ[56] જારી કરવાની તારીખ સુધીના સમયગાળા માટે વેરો, વ્યાજ અને દંડ નક્કી કરવા માટે કલમ 73 અથવા 74ની જોગવાઈ હેઠળ તેમની સામે કાર્યવાહી શરૂ થવી જોઈતી હતી.

ભલામણ

1. ***વિભાગે કમ્પોઝિશન યોજના માટે નિર્ધારિત ટર્નઓવરની મર્યાદાનો ભંગ થાય ત્યારે તત્ક્ષણ ચેતવણીઓ મળે તે માટે GSTNમાં માન્યતા ચકાસણી સુનિશ્ચિત કરવા માટે કામગીરી કરવી જોઇએ.***

2. ***વિભાગે કમ્પોઝિશન લેવી યોજના કરદાતાઓના અનુપાલનની ચકાસણી પધ્ધતિની સમીક્ષા કરવી જોઇએ અને ખાતરી કરવી જોઇએ કે જ્યાં CLS કરદાતાએ CLS માટેની પાત્રતા શરતોનો ભંગ કર્યો હોય તેવા કિસ્સાઓમાં યોગ્ય કાર્યવાહી કરવાનું સુનિશ્ચિત કરવામાં આવે.***

[53] સહાયક રાજ્ય વેરા કમિશનર 10 અમદાવાદ.

[54] સહાયક રાજ્ય વેરા કમિશનરઃ 75 ભાવનગર.

[55] સહાયક રાજ્ય વેરા કમિશનરઃ 40 વડોદરા.

[56] નિયમ 6(5) હેઠળ ફોર્મ CMP-07માં નોટીસ.

2.2.6.2 રિટર્ન અને પત્રકોની રજૂઆત

GGST અધિનિયમની કલમ 39(2)ને નિયમ 62(1) સાથે વાંચતાં, કલમ 10 હેઠળ વેરો ચૂકવનાર નોંધાયેલ વ્યક્તિએ, દરેક નાણાકીય વર્ષ અથવા તેના ભાગ માટે, રાજ્યમાં માલ અથવા સેવાઓ અથવા બંનેના આવક પુરવઠાના ટર્નઓવર, ચૂકવવાપાત્ર વેરો અને નિર્ધારિત સમયની અંદર ચૂકવવામાં આવેલા વેરાનું ઇલેક્ટ્રોનિક રીતે રિટર્ન[57] રજૂ કરવું પડશે. નિયમ 80(1) સાથે વાંચતા કલમ 44 હેઠળ, દરેક નોંધાયેલ વ્યક્તિએ દરેક નાણાકીય વર્ષના અંત પછી 31 ડિસેમ્બરના રોજ અથવા તે પહેલાં નિર્ધારિત ફોર્મ અને રીતે દરેક નાણાકીય વર્ષ માટે વાર્ષિક રિટર્ન રજૂ કરવું પડશે. રિટર્નના પ્રકારો, સમયગાળો અને રજૂ કરવાની નિયત તારીખ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

કોષ્ટક 2.9: કમ્પોઝીશન લેવી હેઠળ રજૂ કરવાના રિટર્ન

પત્રકો	વિગતો
ત્રિમાસિક રિટર્ન– GSTR-4 (31-03-2019 સુધી લાગુ)	નાણાકીય વર્ષ 2017-18 અને 2018-19 માટે ત્રિમાસિક રિટર્ન તરીકે રજૂ કરવામાં આવતા આવક અને જાવક પુરવઠાના પત્રકો
વાર્ષિક રિટર્ન– GSTR-4 (01-04-2019થી લાગુ)	નાણાકીય વર્ષના અંત પછી 30 એપ્રિલ સુધી દરેક નાણાકીય વર્ષ માટે રજૂ કરાયેલ વાર્ષિક રિટર્ન (નિયમ 62).
ત્રિમાસિક પત્રક– GST CMP-08 (01-04-2019થી લાગુ)	સ્વ-આકારણી વેરો, જાવક પુરવઠાઓ અને આવક પુરવઠાઓ (રિવર્સ ચાર્જ)ની ચુકવણીની વિગતો ધરાવતું ત્રિમાસિક પત્રક જે આવા ત્રિમાસિક ગાળા પછીના મહિનાની 18મી તારીખ સુધી રજૂ કરવું ફરજીયાત છે. જો ત્રિમાસિક ગાળા દરમિયાન કોઈ કર જવાબદારી બાકી ન હોય તો શૂન્ય પત્રક રજૂ કરવામાં આવશે.
વાર્ષિક રિટર્ન– GSTR-9A	દરેક નાણાકીય વર્ષ માટે ઉક્ત નાણાકીય વર્ષ દરમિયાન કોઈપણ સમયગાળા માટે એકવાર વાર્ષિક રિટર્ન રજૂ કરવાનું રહેશે. નાણાકીય વર્ષ 2017-18, 2018-19 અને 2019-20 માટે GSTR-9A રજૂ કરવાનું વૈકલ્પિક[58] હતું.

રિટર્ન મોડા રજૂ કરવા માટે વિલંબ ફી

GGST કાયદાની કલમ 47 હેઠળ, કોઈપણ નોંધાયેલ વ્યક્તિ જે કલમ 37 અથવા કલમ 38 હેઠળ જરૂરી જાવક અથવા આવક પુરવઠાઓ અથવા કલમ 39 અથવા કલમ 45 હેઠળ જરૂરી રિટર્નની વિગતો નિયત તારીખ સુધીમાં રજૂ કરવામાં નિષ્ફળ જાય તો, આવી નિષ્ફળતા ચાલુ રહે તે દરમિયાન તેણે દરરોજ ₹ 100ની વિલંબ ફી ચૂકવવાની રહેશે, જે મહત્તમ ₹ 10,000ની (કેન્દ્રિય GST અને ગુજરાત GST દરેક હેઠળ ₹ 5,000) વિલંબ ફીને આધીન છે. GST કાઉન્સિલની ભલામણથી, સરકારે રિટર્ન રજૂ ન કરવા બદલ નોંધાયેલી વ્યક્તિઓને રાહત આપતી અને કલમ 47 હેઠળ ચૂકવવાપાત્ર વિલંબ ફી ચૂક થઇ ગયેલા (default) વેરાના સમયગાળાના રિટર્ન

[57] ફોર્મ GSTR-4 અને ફોર્મ GST CMP-08.

[58] નાના કરદાતાઓ જેમનું એકંદર ટર્નઓવર ₹ બે કરોડથી વધુ ન હોય અને જેમણે નિયત તારીખ પહેલાં કલમ 44 અને નિયમ 80 હેઠળ વાર્ષિક રિટર્ન રજૂ કર્યું ન હોય તેમના માટે.

લંબાવવામાં આવેલા સમયગાળામાં રજૂ કરવામાં આવે એ શરતે માફ કરવાની માફી યોજના માટે જાહેરનામાઓ જારી કર્યા હતા.

i. ત્રિમાસિક પત્રક મોડા રજૂ કરવા માટે વિલંબ ફી

ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે 10 નોંધાયેલી વ્યક્તિઓએ[59] નિયત તારીખ સુધીમાં સંબંધિત ત્રિમાસિક વેરાના સમયગાળા માટે તેમના ત્રિમાસિક રિટર્ન[60] રજૂ કર્યા ન હતા. રિટર્ન રજૂ કરવામાં વિલંબ એકથી 1,961 દિવસની વચ્ચે હતો. ઓડિટમાં જોવા મળ્યું કે આ 10 કેસોમાં વિભાગ ₹ 60,150ની વિલંબ ફી લાગુ પાડવામાં અને વસૂલવામાં નિષ્ફળ ગયો હતો.

વધુમાં, રિટર્ન રજૂ કરવામાં વિલંબ માટે અન્ય 15 કેસોમાં[61] વિભાગે ₹ 80,650ને બદલે ₹ 37,550 જેટલી વિલંબ ફી વસૂલ કરી હતી. રિટર્ન રજૂ કરવામાં ત્રણથી 330 દિવસનો વિલંબ થયો હતો. જેના કારણે ₹ 43,100નો ઓછો વેરો લાગુ થયો હતો.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી (જાન્યુઆરી 2023થી જાન્યુઆરી 2024 વચ્ચે) ત્યારે, વિભાગે 24 કેસોમાં ₹ 73,250ની રકમ માટે ઓડિટ અવલોકનો સ્વીકારતાં જણાવ્યું હતું (ઓગસ્ટ 2023થી જાન્યુઆરી 2025 વચ્ચે) કે ચાર કેસો[62]માં નોટિસ જારી કરવામાં આવી હતી અને 20 કેસો[63]માં ₹ 62,300ની વસૂલાત થઇ હોવાનું જણાવવામાં આવ્યુ હતું. જોકે, ઓડિટમાં દર્શાવવામાં આવેલા ₹ 10,100ની વિલંબ ફીની બાકી સામે સ્વીકારવામાં આવેલા બે કેસો[64]માં, માફી યોજના હેઠળ ₹ 600 ચૂકવવામાં આવ્યા હતા અને મૂળ બાકી રકમ સામે વિલંબ ફીની માફીનો લાભ લેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ બે કેસોમાં[65] કરદાતાઓએ ઓડિટ દ્વારા વિલંબ ફીની બિન-ચૂકવણી ધ્યાન પર લાવવામાં આવ્યા બાદ માફી યોજનાનો લાભ મેળવ્યો હતો. મોડા/રજૂ ન કરનારાઓ પર કોઈ કાર્યવાહી કરવામાં નિષ્ફળતા અંગે વિભાગનો જવાબ પણ મૌન હતો.

એક કેસમાં[66] સંયુક્ત રાજ્ય વેરા કમિશનરે જવાબ આપ્યો હતો (જાન્યુઆરી 25) કે 01 જુલાઈ 2018થી 31 માર્ચ 2019ના સમયગાળા માટે ત્રિમાસિક રિટર્ન રજૂ ન કરવાને કારણે, યોગ્ય અધિકારીએ જૂન 2018ની અસરથી GSTIN નંબર સ્વતઃ રદ કર્યો છે (ડિસેમ્બર 2023),

---

[59] સરાવેક: 10 અમદાવાદ; STO-31 વીસનગર; 35 ડીસા (બે કેસો); 39 વડોદરા; 40 વડોદરા; 41 વડોદરા (બે કેસો); 47 દાહોદ અને 84 જુનાગઢ.

[60] નાણાકીય વર્ષ 2017-18 અને 2018-19 માટે GSTR-4.

[61] સરાવેક: 1 અમદાવાદ; 5 અમદાવાદ; 10 અમદાવાદ (બે કેસો); 33 કડી, 35 ડીસા (બે કેસો); 39 વડોદરા; 40 વડોદરા; 41 વડોદરા (બે કેસો); 46 ગોધરા; 47 દાહોદ; 85 જુનાગઢ અને 76 ભાવનગર.

[62] સરાવેક: 40 વડોદરા (બે કેસો) અને 41 વડોદરા (બે કેસો).

[63] સરાવેક: 1 અમદાવાદ; 5 અમદાવાદ; 10 અમદાવાદ (ત્રણ કેસો); 31 વીસનગર; 33 કડી; 35 ડીસા (ત્રણ કેસો); 39 વડોદરા (બે કેસો); 41 વડોદરા (બે કેસો); 46 ગોધરા; 47 દાહોદ (બે કેસો); 76 ભાવનગર; 84 જુનાગઢ અને 85 જુનાગઢ.

[64] સરાવેક: 5 અમદાવાદ અને 84 જુનાગઢ.

[65] સરાવેક: 5 અમદાવાદ અને 84 જુનાગઢ.

[66] સરાવેક: 35 ડીસા.

તેથી, ઉપરોક્ત સમયગાળા માટે વિલંબ ફી ચૂકવવાની જવાબદારી ઊભી થતી નથી. જો કે, વિભાગે ન તો રદ કરવાના આદેશની નકલ પૂરી પાડી હતી કે ન તો સંબંધિત વેરાના સમયગાળા માટે આકારણી કરાયેલ વેરાની જવાબદારી, જો કોઈ હોય, તો તેની વિગતોની જાણ કરી નથી, જે કલમ કલમ 29(2)ની સાથે વાંચતાં કલમ 63માં કરવામાં આવેલી જોગવાઇ મુજબ હાથ ધરવામાં આવ્યુ હતું.

ii. વાર્ષિક રિટર્ન મોડા/ન રજૂ કરવા બદલ વિલંબ ફી

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે 47 નોંધાયેલી વ્યક્તિઓએ[67] નિર્ધારિત તારીખ સુધીમાં વાર્ષિક રિટર્ન રજૂ કર્યું ન હતું. રિટર્ન રજૂ કરવામાં વિલંબ 156થી 1,156 દિવસની વચ્ચે હતો. ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે આ 47 કેસોમાં, વિભાગ ₹ 3,74,000ની વિલંબ ફી લાગુ કરવામાં અને વસૂલવામાં નિષ્ફળ ગયો હતો.

વધુમાં, રિટર્ન રજૂ કરવામાં વિલંબ માટે અન્ય 10 નોંધાયેલી વ્યક્તિઓના[68] કેસોમાં, વિભાગે ₹ 35,800ને બદલે ₹ 15,700ની વિલંબ ફી લાગુ કરવામાં આવી. આના પરિણામે ₹ 20,100ની વિલંબ ફી ઓછી વસૂલવામાં આવી. રિટર્ન રજૂ કરવામાં વિલંબ એકથી 185 દિવસની વચ્ચે હતો.

આ ધ્યાન પર લાવવામાં આવ્યુ (ડિસેમ્બર 2022થી જાન્યુઆરી 2024 વચ્ચે) ત્યારે 55 કેસોમાં ઓડિટ અવલોકનો સ્વીકારતી વખતે (ફેબ્રુઆરી 2023થી ફેબ્રુઆરી 2025 વચ્ચે) વિભાગે 20 કેસોમાં[69] નોટિસ જારી કરવાની અને 35 કેસોમાં[70] ₹ 1,34,500ની વસૂલાતની જાણ કરી હતી.

એક કેસમાં[71] યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો (એપ્રિલ 2024) કે ચૂકવવાપાત્ર વિલંબ ફીની GSTR-4[72]માં આપમેળે-ગણતરી થઇ હતી અને નોંધાયેલી વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવી હતી.

---

[67] સરાવેક: 1 અમદાવાદ (બે કેસો); 3 અમદાવાદ (બે કેસો); 4 અમદાવાદ; 5 અમદાવાદ (ચાર કેસો); 7 અમદાવાદ (ત્રણ કેસો); 8 અમદાવાદ; 9 અમદાવાદ (ચાર કેસો); 11 અમદાવાદ (ત્રણ કેસો); 30 મહેસાણા; 34 પાલનપુર (બે કેસો); 35 ડીસા (બે કેસો); 38 પાટણ; 39 વડોદરા (બે કેસો); 40 વડોદરા (બે કેસો); 42 વડોદરા (પાંચ કેસો); 45 વડોદરા(પાંચ કેસો); 46 ગોધરા (છ કેસો) અને 85 જુનાગઢ.

[68] સરાવેક: 34 પાલનપુર; 38 પાટણ; 40 વડેદરા; 42 વડોદરા; 45 વડોદરા; 46 ગોધરા (ત્રણ કેસો); અને 85 જુનાગઢ (બે કેસો).

[69] સરાવેક: 9 અમદાવાદ; 34 પાલનપુર (બે કેસો); 35 ડીસા (બે કેસો); 38 પાટણ (બે કેસો); 39 વડોદરા; 42 વડોદરા (પાંચ કેસો); 45 વડોદરા (ત્રણ કેસો); અને 46 ગોધરા (ચાર કેસો).

[70] સરાવેક: 1 અમદાવાદ (બે કેસો); 3 અમદાવાદ (બે કેસો); 4 અમદાવાદ; 5 અમદાવાદ (ચાર કેસો); 7 અમદાવાદ (ત્રણ કેસો); 8 અમદાવાદ; 9 અમદાવાદ (ત્રણ કેસો); 11 અમદાવાદ (ત્રણ કેસો); 30 મહેસાણા; 34 પાલનપુર; 39 વડોદરા; 40 વડોદરા (ત્રણ કેસો); 42 વડોદરા; 45 વડોદરા (ત્રણ કેસો); 46 ગોધરા (પાંચ કેસો); અને 85 જુનાગઢ.

[71] સરાવેક: 85 જુનાગઢ.

[72] ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, 2017ના નિયમ 62 હેઠળ, GSTR-4 નાણાકીય વર્ષ 2017-18, 2018-19માં ત્રિમાસિક રિટર્ન હતું જે દરેક ક્વાર્ટરના અંત પછીના મહિનાની 18 તારીખે અથવા તે પહેલાં ફાઇલ કરવાનું ફરજિયાત હતું અને નાણાકીય વર્ષ 2019-20 થી તે વાર્ષિક રિટર્ન બન્યું, જે સંબંધિત નાણાકીય વર્ષના અંત પછી 30 એપ્રિલ ફાઇલ કરવાની અંતિમ તારીખ હતી.

જવાબ પ્રતીતિજનક નથી કારણ કે GSTR-4માં ₹ 25 પ્રતિ દિવસના દરે વિલંબ ફીની આપમેળે-ગણતરી[73] વાર્ષિક રિટર્ન માટે નહીં પરંતુ ત્રિમાસિક રિટર્ન GSTR-4 વિલંબિત રજૂ કરવા માટે હતી.

એક કેસમાં[74] યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો (એપ્રિલ 2024) કે કોવિડ મહામારી કારણે, રિટર્ન રજૂ કરવા માટે સમયગાળો લંબાવવામાં આવ્યો હતો. વિભાગનો જવાબ સ્વીકાર્ય નથી કારણ કે ઓડિટ પહેલાથી જ નીચે દર્શાવેલ વિવિધ જાહેરનામાઓને ધ્યાનમાં લઈ ચૂક્યું છે, જેમાં વાર્ષિક રિટર્ન રજૂ કરવા માટે વિસ્તૃત સમય મર્યાદાની મંજૂરી આપવામાં આવી હતી.

કોષ્ટક 2.10: ફોર્મ GSTR-4 (2018-19 સુધી ત્રિમાસિક રિટર્ન અને 2019-20 પછી વાર્ષિક રિટર્ન) રજૂ કરવા માટે સમયગાળો લંબાવવામાં આવ્યો છે અને તેમાં છૂટ આપવામાં આવી છે.

જાહેરનામા નંબર અને તારીખ	લાગુ પડતો વેરાનો સમયગાળો	લંબાવેલો સમયગાળો	માફી યોજના હેઠળ લેટ ફી જતી કરવી
77/2018-CT તારીખ 31/12/2018	જૂલાઇ 2017થી સપ્ટેમ્બર 2018	22/12/2018થી 31/03/2019	વિલંબ ફીની માફીની કોઇ જોગવાઇ ન હતી.
67/2020-CT તારીખ 21/09/2020	જૂલાઇ 2017થી માર્ચ 2019	22/09/2020થી 30/10/2020	₹ 250થી વધુની વિલંબ ફી માફ ગણાશે અને જ્યાં ઉપરોક્ત રિટર્નમાં ચૂકવવાપાત્ર વેરાની કુલ રકમ શૂન્ય હોય ત્યાં સંપૂર્ણપણે માફ કરવામાં આવશે.
07/2022-CT તારીખ 26/05/2022	2021-22	01/05/2022થી 30/06/2022	ચુકવવાપાત્ર વિલંબ ફી માફ ગણાશે (i) જે કેન્દ્રીય GST અને રાજ્ય GST દરેક માટે રિટર્ન દીઠ ₹ 250 કરતાં અધિક હોય જેમાં વેરાની ચુકવવાપાત્ર રકમ ઉક્ત રિટર્નમાં શૂન્ય હોય (ii) જે કેન્દ્રીય GST અને રાજ્ય GST દરેક માટે રિટર્ન દીઠ ₹ 1,000 કરતાં અધિક હોય
12/2022-CT તારીખ 05/07/2022	2021-22	28/07/2022 સુધી લંબાવ્યો	ઉપર મુજબ
02/2023-CT તારીખ 31/03/2023	જૂલાઇ 2017થી માર્ચ 2019 અને નાણાકીય વર્ષ	01/04/2023થી 30/06/2023	₹ 250થી વધુની વિલંબ ફી માફ ગણાશે અને જ્યાં ઉક્ત રિટર્નમાં ચૂકવવાપાત્ર વેરાની કુલ રકમ શૂન્ય

[73] તારીખ 29/12/17ના જાહેરનામા નંબર 73/2017-સીટી દ્વારા GSTR-4 ભરવામાં નિષ્ફળતા માટે દરરોજ ₹ 25 થી વધુની વિલંબની ફી માફ કરવામાં આવી.

[74] સહાયક રાજ્ય વેરા કમિશનર: 85 જુનાગઢ.

જાહેરનામા નંબર અને તારીખ	લાગુ પડતો વેરાનો સમયગાળો	લંબાવેલો સમયગાળો	માફી યોજના હેઠળ લેટ ફી જતી કરવી
	2019-20થી 2021-22 માટે		હોય ત્યાં સંપૂર્ણપણે માફ કરવામાં આવશે.
22/2023-CT તારીખ 17/07/2023	ઉપર મુજબ	31/08/2023 સુધી લંબાવ્યો	ઉપર મુજબ

આ કેસમાં કરદાતાએ 31 ઓગસ્ટ 2023 સુધીમાં 2020-21ના સમયગાળા માટે વાર્ષિક રિટર્ન રજૂ કરવાનું હતું. જોકે, કરદાતાએ નિયત તારીખ મુજબ વાર્ષિક રિટર્ન રજૂ કર્યું ન હતું.

2.2.6.3 પ્રણાલીગત મુદ્દા

i. નાણાકીય વર્ષમાં ટર્નઓવર માટે નિર્દિષ્ટ મહત્તમ મર્યાદાનો ભંગ

નાણાકીય વર્ષ 2018-19 માટે 13 ઓક્ટોબર 2017ના રોજ જાહેર કરાયેલા જાહેરનામા નંબર 46/2017-સ્ટેટ ટેક્સ મુજબ, લાયક નોંધાયેલ વ્યક્તિ રાહત દરે વેરો ચૂકવી શકે તે માટે એકંદર ટર્નઓવર મર્યાદા ₹ એક કરોડ નક્કી કરવામાં આવી હતી. જો નોંધાયેલ વ્યક્તિનું એકંદર ટર્નઓવર નાણાકીય વર્ષ 2018-19માં ₹ એક કરોડથી વધુ થયું હોય, તો તેમને CLS માંથી બહાર નીકળીને નિયમિત GST યોજનામાં ટ્રાન્ઝીશન કરવાની જરૂર હતી. GST નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે આ ટ્રાન્ઝીશન ફરજિયાત છે. 7 માર્ચ 2019ના રોજ જાહેર કરાયેલા જાહેરનામા નંબર 14/2019-સ્ટેટ ટેક્સ મુજબ, કમ્પોઝિશન યોજના માટેની મહત્તમ મર્યાદા વધારીને ₹ 1.5 કરોડ કરવામાં આવી હતી. આ ફેરફાર નાણાકીય વર્ષ 2018-19 માટે અસરકારક કમ્પોઝિશન યોજના હેઠળ ચાલુ રાખવા માટે ₹ એક કરોડની નિયત મર્યાદાને અસર કર્યા વિના, આગામી નાણાકીય વર્ષ એટલે કે 2019-20 માટે લાગુ પડતો હતો.

31 કેસોમાં[75] ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા તેમના વ્યક્તિગત ત્રિમાસિક રિટર્નમાં જાહેર કરાયેલ જાવક પુરવઠો નાણાકીય વર્ષ[76] માટે નિર્ધારિત એકંદર ટર્નઓવર મર્યાદા કરતાં વધી ગયો હતો. આ નોંધાયેલી વ્યક્તિઓ અયોગ્ય હોવા છતાં કમ્પોઝિશન યોજનામાં ચાલુ રહી હતી.

આ 31 નોંધાયેલી વ્યક્તિઓને 31 માર્ચ 2019 સુધી ₹ એક કરોડની મર્યાદા ઓળંગી ગયાની તારીખથી સામાન્ય કરદાતાઓ તરીકે ગણવાની જરૂર હતી.

[75] સરાવેક: 1 અમદાવાદ; 4 અમદાવાદ; 5 અમદાવાદ (ત્રણ કેસો); 11 અમદાવાદ (બે કેસો); 34 પાલનપુર; 38 પાટણ (ચાર કેસો); 39 વડોદરા (ચાર કેસો); 40 વડોદરા; 41 વડોદરા(બે કેસો); 42 વડોદરા; 45 વડોદરા (ત્રણ કેસો); 46 ગોધરા (પાંચ કેસો); 84 જુનાગઢ; 85 જુનાગઢ અને રાજ્ય વેરા અધિકારી-12 વિરમગામ.

[76] નમૂનાના કેસોનું નાણાકીય વર્ષ એટલે કે 2018-19.

આ ધ્યાન પર લાવવામાં આવ્યું (ડિસેમ્બર 2022થી જાન્યુઆરી 2024 વચ્ચે), ત્યારે વિભાગે 19 કેસોમાં ₹ 113.46 લાખની રકમના અવલોકનો સ્વીકાર્યા હતા (એપ્રિલ 2024થી ફેબ્રુઆરી 2025 વચ્ચે)અને 13 કેસોમાં[77] ₹ 33.32 લાખની વસૂલાતની જાણકારી આપી હતી અને પાંચ કેસમાં[78] DRC-07 દ્વારા માંગણું ઉભુ કરવામાં આવ્યુ હતું અને એક કેસમાં[79] DRC-01 જારી કરવામાં આવ્યું.

ચાર કેસોમાં[80] (ડિસેમ્બર 2024 અને જાન્યુઆરી 2025) એવું જણાવવામાં આવ્યું હતું કે ₹ 53.65 લાખનું માંગણું ઉભુ કરવામાં આવ્યુ હતું. જોકે, આ કેસોમાં નોંધાયેલી વ્યક્તિઓએ માંગણા સામે અપીલ દાખલ કરી હતી.

એક કેસમાં સંયુક્ત રાજ્ય વેરા કમિશનરે (ઘટક-1) એ જવાબ આપ્યો હતો (જાન્યુઆરી 2025) કે કલમ 61 હેઠળ ચકાસણી કાર્યવાહી પૂર્ણ કર્યા પછી, GSTR-9A (2018-19 માટે)માં જાહેર કરાયેલ, નોંધાયેલી વ્યક્તિ દ્વારા ત્રિમાસિક રિટર્નમાં દર્શાવેલ ₹ 1.11 કરોડની સામે વાસ્તવિક ટર્નઓવર ₹ 97.35 લાખ હતું અને તે નાણાકીય પત્રકો, આવકવેરા રિટર્ન, વેચાણ રજિસ્ટર/બેંક ખાતાઓની વિગતોમાં દર્શાવવામાં આવેલા આંકડાઓ સાથે સુસંગત હતું, જેમાં વાર્ષિક રિટર્ન GSTR-9Aનો સમાવેશ થાય છે.

GGST અધિનિયમની કલમ 39 મુજબ, રિટર્ન રજૂ કર્યા પછી, ચૂક અથવા ખોટી વિગતોને કારણે, જાવક સપ્લાયમાં કોઈ સુધારો, સપ્ટેમ્બર મહિના માટે રિટર્ન રજૂ કરવાની નિયત તારીખ પછી અથવા નાણાકીય વર્ષના અંત પછીના બીજા ક્વાર્ટર પછી, જે વિગતો સંબંધિત છે, અથવા સંબંધિત વાર્ષિક રિટર્ન રજૂ કરવાની વાસ્તવિક તારીખ, જે પણ પહેલા હોય તે પછી મંજૂરી આપવામાં આવશે નહીં. નાણાકીય વર્ષ 2018-19 માટે ત્રિમાસિક રિટર્ન (GSTR-4)માં નોંધાયેલ વ્યક્તિએ ₹ 1.11 કરોડના જાવક પુરવઠાના કુલ મૂલ્ય પર એક ટકાના દરે વેરો ચૂકવ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષ (2018-19)ના ત્રિમાસિક રિટર્નમાં કે પછીના નાણાકીય વર્ષ (2019-20) માટે રજૂ કરાયેલા ફોર્મ CMP-08 (ત્રિમાસિક) રિટર્નમાં, ખાસ કરીને 04 ડિસેમ્બર 2019ના રોજ રજૂ કરાયેલા સપ્ટેમ્બર 2019ના અંતમાં પૂર્ણ થતા ક્વાર્ટર માટે, જાવક પુરવઠામાં કોઈ સુધારો થયો નથી કારણ કે તે 29 જૂન 2023ના રોજ રજૂ કરાયેલ 2018-19 માટે વાર્ષિક રિટર્ન GSTR-9A પહેલાનું હતું. વધુમાં, GSTR-9A માં, અગાઉ નોંધાયેલા ₹ 1.11 કરોડના મૂળ ટર્નઓવરમાં ડેબિટ/ક્રેડિટ નોટ્સના કારણે સુધારાને કારણે ₹ 97.35 લાખના જાવક પુરવઠાને ગોઠવણ વિના જાહેર કરવામાં આવ્યા હતા.

એક કેસમાં[81] એવું જણાવવામાં આવ્યું હતું (જાન્યુઆરી 2025) કે નાણાકીય વર્ષ 2018-19માં ટર્નઓવર ₹ 99.75 લાખ હતું (₹ 1.09 લાખના વેચાણ પરત ગોઠવણ કર્યા પછી) તેથી સંબંધિત નાણાકીય વર્ષમાં નિર્ધારિત મર્યાદાથી નીચે હતું. જવાબ પ્રતીતિજનક નથી કારણ કે કલમ 39માં જણાવ્યા મુજબ અગાઉ નોંધાયેલા ટર્નઓવરમાં જરૂરી સુધારા સહિત નાણાકીય પત્રકોથી વેચાણ પરત સમર્થિત ન હતું.

---

[77] સરાવેક: 5 અમદાવાદ (બે કેસો); 11 અમદાવાદ; 12 વિરમગામ; 34 પાલનપુર; 38 પાટણ; 39 વડોદરા (ત્રણ કેસો); 40 વડોદરા; 45 વડોદરા (બે કેસો) અને 84 જુનાગઢ.

[78] સરાવેક: 39 વડોદરા; 41 વડોદરા (બે કેસો); 42 વડોદરા અને 46 ગોધરા.

[79] સરાવેક: 46 ગોધરા.

[80] સરાવેક: 4 અમદાવાદ; 5 અમદાવાદ; 11 અમદાવાદ અને 46 ગોધરા.

[81] સરાવેક: 45 વડોદરા.

ત્રણ કેસોમાં[82] જવાબ આપવામાં આવ્યો હતો (જાન્યુઆરી 2025) કે ₹ 9.97 લાખની વેરાની જવાબદારી સામે ₹ 3.48 લાખનું ITC સમાયોજિત કરવામાં આવ્યું હતું. આ ત્રણ કેસોમાં, બે કેસોમાં નોંધાયેલ વ્યક્તિએ સ્વેચ્છાએ ₹ 5.62 લાખ ચૂકવ્યા હતા. આ બે કેસોમાં, એક કેસમાં ₹ 3.58 લાખનું વ્યાજ ન ચૂકવવાની માંગણી પણ ઉભી કરવામાં આવી હતી. ત્રીજા કેસમાં, વ્યાજ અને દંડ સહિત ₹ 1.92 લાખની માંગણુ ઉભુ કરવામાં આવ્યુ હતું. જવાબ પ્રતીતિજનક નથી કારણ કે અધિનિયમની કલમ 16(4)માં ઇનપુટ વેરા શાખ મેળવવા માટે મર્યાદા અવધિ નિયત કરવામાં આવી છે અને વેરાની જવાબદારી સામે સમય મર્યાદા પછી ઇનપુટ વેરા શાખનું સમાયોજન અનિયમિત હતું

એક કેસમાં[83] સ.રા.વે.ક એ જવાબ આપ્યો (ડિસેમ્બર 2023) કે નાણાકીય વર્ષ 2018-19 માટે, નાણાકીય પત્રક અને વેચાણ રજિસ્ટર મુજબ નોંધાયેલ વ્યક્તિનું ટર્નઓવર ₹ 97.54 લાખ હતું. કલમ 39(9)ને કલમ 39(2) સાથે વંચાણે લેતાં જવાબ સ્વીકાર્ય નથી કારણ કે વર્તમાન વેરાના સમયગાળા એટલે કે નાણાકીય વર્ષ 2018-19 માટે ત્રિમાસિક રિટર્ન GSTR-4માં જાહેર કરાયેલ જાવક પુરવઠામાં ગોઠવણ/સંશોધનો કરવામાં આવ્યા ન હતા. વધુમાં, એક સમય મર્યાદા છે જેમાં રિટર્નમાં આવા સુધારા માન્ય[84] છે અને એવું જોવામાં આવ્યુ હતું કે પાછલા નાણાકીય વર્ષ (2018-19)ના વ્યવહારો માટે 30 સપ્ટેમ્બર 2019ના રોજ પૂરા થતા સમયગાળા માટે રજૂ કરાયેલ CMP-08 ત્રિમાસિક રિટર્નમાં ન તો સંશોધન/સુધારો કરવામાં આવ્યું હતું અને ન તો નાણાકીય વર્ષ 2018-19 માટે રજૂ કરાયેલ વાર્ષિક રિટર્ન GSTR-9Aમાં જણાવવામાં આવ્યું હતું.

એક કેસ[85]માં, જવાબ આપવામાં આવ્યો હતો (જાન્યુઆરી 2025) કે 07 માર્ચ 2019ના જાહેરનામા નં. 14/2019-CTને ધ્યાનમાં લેતા, એકંદર ટર્નઓવર ₹ એક કરોડથી વધારીને ₹ 1.5 કરોડ કરવામાં આવ્યું હતું તેથી નોંધાયેલ વ્યક્તિ કમ્પોઝિશન યોજના હેઠળ પાત્ર હતી. આ જવાબ પ્રતીતિજનક નથી કારણ કે સૂચનાની અસરકારક તારીખ 01 એપ્રિલ 2019 હતી. આ સૂચના પ્રસ્તુત કેસમાં લાગુ પડતી નથી, કારણ કે નોંધાયેલ વ્યક્તિ પહેલાથી જ કમ્પોઝિશન યોજનાનો લાભ લઈ રહી હતી અને કલમ 10(3)ની જોગવાઈનું ઉલ્લંઘન કરતી હતી કારણ કે નાણાકીય વર્ષ 2018-19માં ટર્નઓવર ₹ એક કરોડની નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હતું.

એક કેસ[86]માં, વિભાગે જવાબ આપ્યો (જાન્યુઆરી 2025) કે કેસ અધિકારક્ષેત્ર ધરાવતા સત્તાધારીને[87] મોકલવામાં આવ્યો છે.

---

[82] સરાવેક: 38 પાટણ (ત્રણ કેસો).

[83] સરાવેક: 85 જુનાગઢ.

[84] આગામી નાણાકીય વર્ષની 30 સપ્ટેમ્બર અથવા સંબંધિત નાણાકીય વર્ષનું વાર્ષિક રિટર્ન ફાઇલ કરવાની તારીખ, જે પણ વહેલું હોય તે.

[85] સરાવેક: 46 ગોધરા.

[86] સરાવેક: 46 ગોધરા.

[87] સરાવેક: 43 વડોદરા.

અમુક ઉદાહરણરૂપ કિસ્સાઓ નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે:

a. સ.રા.વે.ક.-46, ગોધરા હેઠળ નોંધાયેલી વ્યક્તિના કેસમાં, નાણાકીય વર્ષ (2018-19)ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ટર્નઓવર ₹1.80 કરોડ થયું હતું જે ₹ 1 કરોડની મર્યાદા કરતાં વધુ હતું. આ ટર્નઓવર પર, ઓડિટમાં ₹5.79 લાખના વ્યાજ સહિત ₹ 13.01 લાખની વેરાની જવાબદારી નક્કી કરી હતી (ઓક્ટોબર 2023). વિભાગે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે વ્યાજ અને દંડ સહિત ₹14.48 લાખનું માંગણું ઉભુ કરવામાં આવ્યુ હતું પરંતુ નોંધાયેલી વ્યક્તિએ અપીલ દાખલ કરી હતી.

b. સ.રા.વે.ક.-4, અમદાવાદમાં નોંધાયેલા એક કેસમાં, નાણાકીય વર્ષ (2018-19)ના ચોથા ત્રિમાસિક ટર્નઓવર એકંદરે ₹ 1.40 કરોડ થયું હતું જે ₹ 1 કરોડની મર્યાદા કરતાં વધુ હતું. ઓડિટમાં ₹ 1.83 લાખના વ્યાજ સહિત ₹ 4.65 લાખની વેરાની જવાબદારી નક્કી કરી હતી (ડિસેમ્બર 2022). સંયુક્ત રાજ્ય વેરા કમિશનરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે વ્યાજ અને દંડ સહિત ₹ 11.75 લાખનું માંગણું ઉભુ કરવામાં આવ્યુ હતું, પરંતુ નોંધાયેલ વ્યક્તિએ અપીલ દાખલ કરી હતી.

ii. ડેટા એન્ટ્રીની ભૂલો

GGST અધિનિયમની કલમ 61 મુજબ, નોંધાયેલ વ્યક્તિ દ્વારા રજૂ કરાયેલા રિટર્ન અને સંબંધિત વિગતોની યોગ્ય અધિકારી દ્વારા ચકાસણી કરી શકાય છે જેથી રિટર્નની ચોકસાઇની ચકાસણી થાય અને ઉપરોક્ત રિટર્નમાં જણાઇ આવતી કોઈપણ વિસંગતતાઓ અથવા અસંગતતાઓ પર યોગ્ય પગલાં લઇ શકાય.

1. ઓડિટના ધ્યાનમાં આવ્યું હતું કે નવ કેસોમાં[88] ત્રિમાસિક રિટર્નમાં જાહેર કરાયેલા ટર્નઓવર અને જેના પર વેરાની જવાબદારી અદા કરવામાં આવી હતી તે ટર્નઓવર વચ્ચે ₹ 87.64 કરોડની અસંગતતાઓ જોવા મળી. આ કેસોમાં, કરદાતાઓએ ₹ 88.54 કરોડનું ટર્નઓવર જાહેર કર્યું હતું જ્યારે માત્ર ₹ 1.15 લાખનો વેરો ચૂકવવામાં આવ્યો હતો, એટલે કે ₹ 89.42 લાખના ટર્નઓવર પર કરની જવાબદારી પૂર્ણ કરવામાં આવી હતી. ઓડિટે વિભાગને એ પણ ખાતરી કરવા કહ્યું હતું કે શું આ કેસોને રેડ ફ્લેગ કરવામાં આવ્યા હતા અથવા ચકાસણી અથવા વિગતવાર તપાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

આ બાબત ધ્યાનમાં લાવવામાં આવી (ડિસેમ્બર 2022થી જાન્યુઆરી 2024 વચ્ચે) ત્યારે, વિભાગે તમામ કેસોમાં જણાવ્યું હતું કે આ વિસંગતતાઓ કરદાતાઓ દ્વારા ત્રિમાસિક રિટર્નમાં ટર્નઓવર વિગતો રજૂ કરતી વખતે ટાઇપની ભૂલોને કારણે હતી. જો કે, વિભાગનો જવાબ વિગતવાર તપાસ માટે આ કેસોની પસંદગી અથવા રેડ ફ્લેગ કરવા અંગે મૌન હતો.

---

[88] સરાવેક: 3 અમદાવાદ; 4 અમદાવાદ; 7 અમદાવાદ; 34 પાલનપુર; 35 ડીસા; 38 પાટણ; 40 વડેદરા; અને 45 વડોદરા (બે કેસો).

2. ઓડિટે વધુમાં અવલોકન કર્યું હતું કે ત્રિમાસિક રિટર્નમાં 12 કરદાતાઓ[89] દ્વારા જાહેર કરાયેલા ટર્નઓવરના અવાસ્તવિક મૂલ્યો જોવા મળ્યા હતા. આ મૂલ્યો ₹ 3,04,65,00,650 કરોડથી ₹ 20,73,48,60,73,486 કરોડ સુધીના હતા.

ઓડિટે વિભાગને એ પણ ખાતરી કરવા કહ્યું હતું કે શું આ કેસ રેડ ફ્લેગ અથવા ચકાસણી અથવા વિગતવાર તપાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા કે કેમ. જો કે, વિભાગનો જવાબ આ અંગે મૌન હતો.

માલ અન સેવા વેરા પ્રણાલીમાં આવા અવાસ્તવિક ઉચ્ચ મૂલ્યોની હાજરી માન્યતાના અભાવ (સોફ્ટ અને હાર્ડ નિયંત્રણો)ને પ્રતિબિંબિત કરે છે અને તેનાથી અનુપાલન કામગીરીમાં ઘટાડો થઈ શકે છે અને વેરા વહીવટ સંસાધનો વેડફવાની સંભાવના રહે છે.

માર્ચ 2021ના રોજ પૂરા થયેલા વર્ષ માટે નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઓડિટ અહેવાલ (2022ના નંબર 5)-કેન્દ્ર સરકારના મહેસૂલ-પરોક્ષ કર વિભાગ-GST માં, ઓડિટમાં પહેલાથી જ GSTN ડેટા ગુણવત્તા સમસ્યા અને GST ડેટામાં નોંધપાત્ર અસંગતતાઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યો હતો અને ભલામણ કરવામાં આવી હતી કે મંત્રાલયે યોગ્ય માન્યતા નિયંત્રણ (ગેરવાજબી ડેટા એન્ટ્રીઓને રોકવા અને/અથવા કરદાતાને ગેરવાજબી ડેટા પ્રત્યે ચેતવણી આપવા માટેના નિયંત્રણો) રજૂ કરવાનું ધ્યાને લેવું જોઈએ. ડેટા એન્ટ્રી ભૂલોને કારણે અસામાન્ય રીતે ઉચ્ચ મૂલ્યોની હાજરી અનુપાલન કાર્યોમાં ઘટાડો અને કર વહીવટી સમયના બગાડની સંભાવના રહી શકે છે.

ભલામણ:

3. ***સરકારે આ મુદ્દો GST કાઉન્સિલ અને મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવવો જોઇએ જેથી ડેટા એન્ટ્રી ભૂલોને રોકવા અને વિભાગના સંસાધનોનો વધુ સારી ચકાસણી અને ઇષ્ટતમ ઉપયોગ કરવા માટે માન્યતા નિયંત્રણો અને સોફ્ટ ચેતવણીઓના વિવેકપૂર્ણ મિશ્રણ પર વિચાર કરી શકાય.***

iii. કમ્પોઝિશન યોજના પસંદ કરવાની સૂચના

GGST અધિનિયમની કલમ 10, કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ પસંદ કરતી નોંધાયેલી વ્યક્તિને તેમાં દર્શાવેલ નિયમો અને શરતોને આધીન ઇનપુટ વેરા શાખ (ITC) મેળવ્યા વિના ઓછા દરે કર ચૂકવવાની મંજૂરી આપે છે. શરતો, પ્રતિબંધો, દસ્તાવેજો સહિતની પ્રક્રિયાઓ નિયમોના પ્રકરણ II (નિયમ 3થી નિયમ 7)માં સમાવિષ્ટ છે.

કમ્પોઝિશન લેવી યોજના માટે જાણ કરનાર નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા અનુપાલન ન કરવાની વિગતો નીચેના ફકરામાં આપવામાં આવી છે.

[89] સરાવેક: 3 અમદાવાદ (બે કેસો); 6 અમદાવાદ; 8 અમદાવાદ; 11 અમદાવાદ; 30 મહેસાણા; 34 પાલનપુર; 35 ડીસા (બે કેસો); 41 વડોદરા; 42 વડોદરા અને 85 જુનાગઢ.

a. નિયત દિવસથી કમ્પોઝિશન યોજના પસંદ કરતી ભૂતપૂર્વ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા હેઠળ નોંધાયેલ વ્યક્તિ

વર્તમાન કાયદા (ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ (GVAT) હેઠળ નોંધાયેલ અને નિયમ 24(1) હેઠળ કામચલાઉ નોંધણી મેળવેલ કરદાતા કલમ 10 અને નિયમ 3(1) હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ પસંદ કરે, તેણે GST કોમન પોર્ટલ પર ફોર્મ GST CMP-01[90]માં ઇલેક્ટ્રોનિક રીતે સૂચના રજૂ કરવી આવશ્યક છે. નિયમ 4(1) મુજબ, કલમ 10 હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ નિયમ 3(1) હેઠળ સૂચના રજૂ કરવામાં આવે તે નિયત દિવસથી[91] અમલમાં આવશે. નિયમ 3(4)માં જણાવાયું છે કે સૂચના રજૂ કરવા ઉપરાંત, નોંધાયેલ વ્યક્તિએ કોમ્પોઝિશન યોજના માટે વિકલ્પનો ઉપયોગ કરવામાં આવ્યો તે દિવસથી નેવું દિવસની[92] અંદર બિનનોંધાયેલ વ્યક્તિઓ પાસેથી પ્રાપ્ત માલના આવક પુરવઠો સહિત સ્ટોકની વિગતોનો ઉલ્લેખ કરતો ફોર્મ GST CMP-03[93] ઇલેક્ટ્રોનિક રીતે કોમન પોર્ટલ દ્વારા અપલોડ કરવું આવશ્યક છે.

કલમ 10 હેઠળ કર ચૂકવવાનો વિકલ્પ પસંદ કરનાર નોંધાયેલ વ્યક્તિએ નીચેની શરતો/પ્રતિબંધોનું પાલન કરવાનું રહેશે.

(i) નિયત દિવસે સ્ટોકમાં રાખેલ માલ આંતર-રાજ્ય વેપાર/આયાત/સ્ટોક ટ્રાન્સફર દરમિયાન ખરીદેલ ન હોવો જોઈએ [નિયમ 5(1)(b)].

(ii) સ્ટોકમાં રાખેલ માલ બિન-નોંધાયેલ પુરવઠાકાર પાસેથી ખરીદેલ ન હોવો જોઈએ અને જો ખરીદેલ હોય, તો કલમ 9(4) [નિયમ 5(1)(c)] હેઠળ રિવર્સ ચાર્જ આધારે વેરો ચૂકવવો જોઈએ.

ઓડિટના ધ્યાનમાં આવ્યુ હતું કે સ્થળાંતરના 23 કેસોમાંથી, બે કેસમાં[94] નોંધાયેલી વ્યક્તિઓએ ફોર્મ GST CMP-03 રજૂ કર્યું હતું. જોકે, આ ફોર્મ ઓડિટ દ્વારા જોઇ શકાતા ન હોવાથી, તેની ચોકસાઇની ખાતરી કરી શકાઈ ન હતી. ધ્યાન દોરવામાં આવ્યુ (ડિસેમ્બર 2022 અને જાન્યુઆરી 2024) ત્યારે, વિભાગે એક કેસમાં[95] જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે CMP-03 રજૂ ન કરવા બદલ ASMT-10 જારી કરવામાં આવ્યો હતો અને અન્ય કેસમાં[96] એવું જણાવવામાં આવ્યુ હતું (જાન્યુઆરી 2025) કે શૂન્ય CMP-03 રજૂ કરવામાં આવ્યો હતો કારણ કે નોંધાયેલ વ્યક્તિ અગાઉના GVAT કાયદાની કમ્પોઝિશન યોજના હેઠળ હતી અને રાખેલા સ્ટોકના મૂલ્ય પર ઇનપુટ વેરા શાખ મેળવવા માટે હકદાર ન હતી. જવાબ સ્વીકાર્ય નથી, ભલે બંને નોંધાયેલી વ્યક્તિઓએ નિયત તારીખમાં કોમન પોર્ટલ પર CMP-03 રજૂ કર્યું હોય, એક કિસ્સામાં વિભાગે ઉપરોક્ત રિટર્ન

---

[90] ફક્ત હાલના કાયદા હેઠળ નોંધાયેલી વ્યક્તિઓ માટે જે નિયત દિવસે સ્થળાંતર કરે છે.

[91] કાયદાની જોગવાઈઓ અમલમાં આવી તે તારીખ એટલે કે 01 જુલાઈ 2017.

[92] ફક્ત હાલના કાયદા હેઠળ નોંધાયેલી વ્યક્તિઓ માટે જે નિયત દિવસે સ્થળાંતર કરે છે.

[93] 17 ઑગષ્ટ 2017ની અસરથી જૂઓ તારીખ 18 ઑગષ્ટ 2017નું જાહેરનામું નં. 22/2017-(GHN-70) GSTR-2017(7)-TH.

[94] સરાવેક: 4 અમદાવાદ અને 82 અમરેલી.

[95] સરાવેક: 4 અમદાવાદ.

[96] સરાવેક: 82 અમરેલી.

રજૂ ન કરવા બદલ ASMT-10 જારી કર્યું હતું. આ દર્શાવે છે કે વિભાગ પોર્ટલ પર દાખલ કરાયેલ CMP-03 સુધી પહોંચી શક્યો નથી કારણ કે રજૂ કરાયેલી વિગતોની ચોકસાઇ અને વેરની જવાબદારી, જો કોઈ હોય તો, તેની ચુકવણી ચકાસવામાં આવી ન હતી. બીજા કિસ્સામાં, નોંધાયેલ વ્યક્તિએ CMP-03 રજૂ કર્યા છતાં, કલમ 10 હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ જે તારીખથી છે તે તારીખના પહેલાના દિવસે રાખેલા તૈયાર માલના સ્ટોકનું મૂલ્ય રજૂ કરવામાં આવ્યું ન હતું. ચૂકવવાપાત્ર કરની ગણતરી ફોર્મ GST CMP-03માં જાહેર કરાયેલ સ્ટોક વિગતો પર કરવામાં આવે છે, કારણ કે સ્ટોકની વિગતો જાહેર કરવામાં આવી ન હતી, જેથી વિભાગ તે ચકાસી શક્યું નથી કે વેરાની જો કોઈ જવાબદારી હોય તો તે નોંધાયેલ વ્યક્તિ દ્વારા ચૂકવવાપાત્ર છે કે નહીં.

બાકીના 21 કેસોમાં[97], હાલના કાયદામાંથી બહાર આવીને નોંધાયેલી વ્યક્તિઓએ 01 જુલાઈ 2017થી કલમ 10 હેઠળ કર ચૂકવવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. જો કે, નિયમ 3(4) હેઠળ રજૂ કરવા માટે જરૂરી નમૂનો GST CMP-03 GST કોમન પોર્ટલમાં ઉપલબ્ધ ન હતું. આમ, ઓડિટ એ નક્કી કરી શક્યું નહીં કે નોંધાયેલી વ્યક્તિઓએ નિયત દિવસ પહેલાં તેમના દ્વારા રાખવામાં આવેલા સ્ટોકની વિગતો યોગ્ય રીતે જાહેર કરી હતી અને વેરની જવાબદારી, જો કોઈ હોય તો, તેને પૂર્ણ કરી હતી કે કેમ.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવતા (ડિસેમ્બર 2022થી જાન્યુઆરી 2024 વચ્ચે), આઠ કેસોમાં[98] સંયુક્ત રાજ્ય વેરા કમિશનર/યોગ્ય અધિકારીઓએ જવાબ આપ્યો હતો (ઓગસ્ટ 2023થી જાન્યુઆરી 2025 વચ્ચે) કે નોંધાયેલી વ્યક્તિઓએ નીચેના કારણોસર CMP-03 રજૂ કર્યું નથી:

i. ચાર કેસોમાં[99], એવું જણાવવામાં આવ્યું હતું (ઓગસ્ટ 2023થી જાન્યુઆરી 2025 વચ્ચે) કે નોંધાયેલી વ્યક્તિઓ અગાઉના ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદાની કમ્પોઝિશન યોજના હેઠળ હતા. જવાબ સ્વીકાર્ય નથી કારણ કે નોંધાયેલી વ્યક્તિઓ તત્કાલિન ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદાની કમ્પોઝિશન યોજના[100] હેઠળ હોવા છતાં, GGST અધિનિયમ, 2017 હેઠળ કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ આપતી વખતે તેમણે ફોર્મ CMP-03માં સ્ટોકની વિગતો જણાવવાની જરૂર હતી.

ii. બે કેસોમાં[101], એવું જણાવવમાં આવ્યું હતું (જાન્યુઆરી 2025) કે નોંધાયેલી વ્યક્તિઓ પાસે શૂન્ય સ્ટોક હતો (30 જૂન 2017) અને અગાઉના ગુજરાત મુલ્યવર્ધિત વેરોથી GGST અધિનિયમમાં સ્થળાંતર કરતી વખતે તેમણે ઇનપુટ વેરા શાખનો લાભ લીધો ન હતો.

---

[97] સરાવેક: 10 અમદાવાદ (બે કેસો); 12 વિરમગામ; 30 મહેસાણા (બે કેસો); 31 વીસનગર; 32 વીજાપુર; 33 કડી; 35 ડીસા (બે કેસો); 40 વડોદરા; 41 વડોદરા; 44 વડોદરા; 46 ગોધરા; 47 દાહોદ; 84 જુનાગઢ; 86 પોરબંદર (બે કેસો); 87 વેરાવળ; 98 જામનગર અને 101 જામ ખંભાળીયા.

[98] સરાવેક: 10 અમદાવાદ (બે કેસો); 12 વિરમગામ; 30 મહેસાણા; 33 કડી; 40 વડોદરા; 44 વડોદરા અને 101 જામ ખંબાળીયા.

[99] સરાવેક: 10 અમદાવાદ, 12 વિરમગામ; 30 મહેસાણા અને 44 વડોદરા.

[100] ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, 2017ની કલમ 14માં રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા દરે કમ્પોઝિશન દ્વારા ઉચ્ચક વેરો ચૂકવવાની જોગવાઈ છે.

[101] સરાવેક: 10 અમદાવાદ અને 40 વડોદરા.

આ જવાબ સ્વીકાર્ય નથી, કારણ કે સ્થળાંતરિત વ્યક્તિ દ્વારા કમ્પોઝિશન પસંદ કરતી વખતે નમૂનો CMP-03માં સ્ટોક વિગતોની જાણ કરવી GGST નિયમો હેઠળ ફરજિયાત છે. વધુમાં, સ્ટોકની શૂન્ય સિલક પુરાવાથી સમર્થિત/પુષ્ટિ કરાયેલ ન હતી.

iii. સ.રા.વે.ક. ઘટક 33, કડીના અધિકારક્ષેત્ર હેઠળના એક કેસમાં એવું જણાવવામાં આવ્યું હતું (જૂન 2024) કે પોર્ટલ CMP-03ના વિલંબથી અપલોડ કરવાની મંજૂરી આપતું નથી, જવાબ સ્વીકાર્ય નથી, કારણ કે સ્થળાંતરિત વ્યક્તિ દ્વારા કમ્પોઝિશન યોજના પસંદ કર્યાના નેવું દિવસની અંદર ફોર્મ CMP-03માં સ્ટોક વિગતોની જાણ કરવી જરૂરી છે. નોંધાયેલ વ્યક્તિ દ્વારા CMP-03 રજૂ કરવા માટે ઉપરોક્ત નિર્ધારિત સમય મર્યાદાનું પાલન કરવામાં આવ્યું ન હતું.

iv. સ.રા.વે.ક. ઘટક 101, જામ ખંભાળીયાના અધિકારક્ષેત્ર હેઠળના એક કેસમાં જણાવવામાં આવ્યું હતું (ફેબ્રુઆરી 2024) કે ટેકનિકલ ખામીને કારણે, નોંધાયેલ વ્યક્તિ કમ્પોઝિશન યોજના પસંદ કરતી વખતે GST પોર્ટલનો ઉપયોગ કરી શકી ન હતી. જવાબ પ્રતીતિજનક નથી કારણ કે GST હેલ્પડેસ્કમાં દાખલ કરાયેલી ફરિયાદ માટે વિનંતી/ટિકિટ નંબરની વિગતો ટેકનિકલ ખામીના દાવો કોઇ હોય તો તેને સાબિત કરવા માટે આગળ મોકલવામાં આવી ન હતી.

બીજા એક કેસમાં[102], યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો (સપ્ટેમ્બર 2023) કે નોંધાયેલ વ્યક્તિ પાસે ₹ 87,366ની કિંમતનો સ્ટોક હોવા છતાં, તે નિર્ધારિત સમયમર્યાદામાં CMP-03 રજૂ કરવામાં નિષ્ફળ ગઇ હતી. તેથી, તેણે મેન્યુઅલી ઉપરોક્ત રિટર્ન રજૂ કર્યું અને વ્યાજ સહિત ₹ 2,000 ચૂકવ્યા. જવાબ પ્રતીતિજનક નથી, કારણ કે CMP-03માં જાહેર કરાયેલા અંતિમ સ્ટોક પર નોંધાયેલ વ્યક્તિએ એક ટકાના કમ્પોઝિશન દરે વેરો ચૂકવ્યો હતો જ્યારે, કલમ 18(4) મુજબ, દરેક વસ્તુ પર ચૂકવવાપાત્ર વેરાની ગણતરી આવા સ્ટોકના મૂલ્ય પર લાગુ પડતા માનક GST દરો લાગુ કરીને તેના પર ચૂકવવાપાત્ર વેરાની સામાન્ય GST દરની સામે કરવાની જરૂર હતી.

છ કેસોમાં[103], એવું જણાવવામાં આવ્યું હતું કે (ઓગસ્ટ 2023થી જાન્યુઆરી 2025 વચ્ચે) નોંધાયેલ વ્યક્તિએ સ્વીકાર્યું હતું કે 30 જૂન 2017ના રોજ ₹ 13.69 લાખના મૂલ્યનો સ્ટોક તેની પાસે હતો, પરંતુ ફોર્મ CMP-03 રજૂ કરવામાં આવ્યું ન હતું. આ છ કેસો પૈકી, ત્રણ કેસોમાં[104] ઓડિટના કારણે ₹ 84,682ની વેરાની જવાબદારી અને વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું જ્યારે, અન્ય ત્રણ કેસોમાં[105] સંયુક્ત રાજ્ય વેરા કમિશનરે જવાબ આપ્યો (જાન્યુઆરી 2025) કે કાયદાની અજ્ઞાનતાના કારણે, ફોર્મ CMP-03 કોમન પોર્ટલ પર રજૂ કરવાને બદલે મેન્યુઅલ સ્વરૂપમાં મોડું રજૂ કરવામાં કરવામાં આવ્યું હતું. જવાબ સ્વીકાર્ય નથી કારણ કે ફોર્મ GST CMP-03 એ GST અધિનિયમની કલમ 10 હેઠળ કમ્પોઝિશન યોજના પસંદ કરતા નોંધાયેલી વ્યક્તિ માટે એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે કારણ

[102] સરાવેક: 87 વેરાવળ.

[103] સરાવેક: 46 ગોધરા; 47 દાહોદ; 35 ડીસા (બે કેસો); 32 વીજાપુર અને 30 મહેસાણા.

[104] સરાવેક 46 ગોધરા; 47 દાહોદ અને 30 મહેસાણા.

[105] સરાવેક 35 ડીસા(બે કેસો) અને સરાવેક 32 વીજાપુર.

કે આ ફોર્મ કમ્પોઝિશન યોજનામાં સરળ ટ્રાન્ઝીશન અને હાલના સ્ટોક પર કોઈપણ વેરાની જવાબદારીઓ હિસાબમાં લેવાનું સુનિશ્ચિત કરે છે.

બે કેસોમાં[106] યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો (ઑગસ્ટ 2024) કે કલમ 61 હેઠળ ચકાસણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. બે કેસોમાં[107] યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો (એપ્રિલ 2024) કે DRC-01[108] અને DRC-07[109] નોંધાયેલી વ્યક્તિને પાઠવવામાં આવ્યા હતા.

એક કેસમાં[110] સં.રા.વે.ક એ જણાવ્યુ હતું (જાન્યુઆરી 2025) કે નોંધાયેલી વ્યક્તિએ વ્યાજ સહિત ₹ 25,658ની ચૂકવણી કરી છે. બાકીના એક કેસમાં[111] યોગ્ય અધિકારીએ જણાવ્યુ હતું (નવેમ્બર 2023) કે નોંધાયેલી વ્યક્તિને નોટીસ આપવામાં આવશે.

b. નાણાકીય વર્ષ 2017-18માં સામાન્ય કરદાતાથી કમ્પોઝિશન યોજનામાં બદલી કરતી નોંધાયેલ વ્યક્તિ

નિયમ 3(3A) હેઠળ, નોંધાયેલ કરદાતા 31 માર્ચ 2018ના રોજ અથવા તે પહેલાં GST કોમન પોર્ટલ દ્વારા ફોર્મ GST CMP-02માં સૂચના રજૂ કરીને સામાન્ય યોજનામાંથી કમ્પોઝિશન યોજનામાં ટ્રાન્ઝીશન કરી શકતો હતો અને કલમ 10 હેઠળ વેરો ચૂકવવાના વિકલ્પનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે દિવસથી 180 દિવસની[112] અંદર નિયમ 44(4) હેઠળ ઇનપુટ વેરા શાખ ઉલટાવવા માટે સૂચના[113] રજૂ કરી શકે છે.

કલમ 18(4)માં નિયમ 3(3A) સાથે વાંચતા જોગવાઈ છે કે જે નોંધાયેલી વ્યક્તિએ ઇન્પુટ વેરા શાખ મેળવી છે અને કમ્પોઝિશન લેવી હેઠળ વેરો ચૂકવવાનું પસંદ કર્યું છે, તેણે ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર અથવા ઇલેક્ટ્રોનિક કેશ લેજરમાં ઉધાર દ્વારા રકમ ચૂકવવી પડશે, જે સ્ટોકમાં રહેલા ઇનપુટસ, અર્ધ-તૈયાર માલ અથવા તૈયાર માલ પર રહેલા ઇનપુટસ અને મૂડી માલ પર રહેલા ઈનપુટ જે આવા વિકલ્પનો તરત પહેલાના દિવસે નિર્ધારિત ટકાવારી પોઇન્ટથી ઘટાડ્યો હોય તેટલી ઈનપુટ વેરા શાખની સમકક્ષ હશે. ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં બાકી ઇન્પુટ વેરા શાખ આવી રકમ ચૂકવ્યા પછી સમાપ્ત થઈ જશે.

ઓડિટના ધ્યાનમાં આવ્યુ હતું કે 2017-18 દરમિયાન, નમૂના તરીકે પસંદ કરવામાં આવેલા 38 કરદાતાઓમાંથી 10 નોંધાયેલી વ્યક્તિઓએ[114] સામાન્ય કરદાતામાંથી કમ્પોઝિશન યોજનામાં

---

106 સરાવેક:86 પોરબંદર (બે કેસો).

107 સરાવેક: 98 જામનગર, 84 જુનાગઢ.

108 નિયમ 142 હેઠળ નોટીસનો સારાંશ ઇલેક્ટ્રોનિક રીતે જારી કરવામાં આવ્યો.

109 નિયમ 142(5)માં સંદર્ભિત હુકમનો સારાંશ સંબંધિત વ્યક્તિ દ્વારા ચુકવવાપાત્ર વેરાની રકમ, વ્યાજ અને દંડ નિર્દિષ્ટ કરે છે.

110 સરાવેક: 31 વીસનગર.

111 સરાવેક: 41 વડોદરા.

112 ફોર્મ GST ITC-03.

113 તારીખ 23 જાન્યુઆરી 2018નું જાહેરનામુ નં. 3/2018-Central Tax.

114 સરાવેક: 5 અમદાવાદ; 35 ડીસા; 40 વડોદરા; 41 વડોદરા; 43 વડોદરા; 45 વડોદરા; 86 પોરબંદર; 101 જામ ખંભાળીયા અને 47 દાહોદ (બે કેસો).

બદલી કરી હોવા છતાં, ઇનપુટ ટેક્સ ક્રેડિટને ઉલટાવવની અને સ્ટોકમાં રાખેલા ઈનપુટ અથવા અર્ધ-તૈયાર માલ અથવા સ્ટોકમાં રાખેલા તૈયાર માલ મૂડી માલ પર મેળવેલા ઇનપુટ સહિત પર વેરાની ચુકવણીની સૂચના આપતું ફોર્મ GST ITC-03, કોમન પોર્ટલ પર રજૂ કર્યું ન હતું.

આ બાબત ધ્યાન લાવવામાં આવી (જુલાઈ 2023થી જાન્યુઆરી 2024 વચ્ચે) ત્યારે, ત્રણ કેસોમાં[115], વિભાગે ₹ 62,636ની વસૂલાતની જાણકારી આપી હતી (ફેબ્રુઆરી 2024થી જાન્યુઆરી 2025 વચ્ચે). બે કેસોમાં[116] યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો (સપ્ટેમ્બર 2023) કે નોંધાયેલ વ્યક્તિએ 180 દિવસની લંબાવેલી સમય મર્યાદામાં ITC-03 રજૂ કર્યું નથી અને ITC-03ની વિગતો ચકાસી શકાય એમ નથી. એક કિસ્સામાં[117] યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો (જુલાઈ 2024) કે ITC-03 રજૂ ન કરવાને કારણે કલમ 61/70[118] હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

અન્ય કેસ[119]માં, ITC-03 રજૂ ન કરવા બદલ, ₹ 60,194ની વેરાની જવાબદારી સાથે DRC-07 નોંધાયેલ વ્યક્તિને આપવામાં આવ્યું હતું. સંયુકત રાજ્ય વેરા કમિશનરે એક કેસ[120]માં જવાબ આપ્યો હતો (ડિસેમ્બર 2024) કે નોંધાયેલ વ્યક્તિએ GSTR-3Bમાં ઇન્પુટ વેરા શાખનો લાભ લીધો ન હતો અને વેરાની જવાબદારી રોકડમાં ચૂકવવામાં આવી હતી, તેથી ITC-03 રજૂ કરવામાં આવ્યુ ન હતું. અન્ય એક કેસમાં[121] એવું જણાવવામાં આવ્યુ હતું કે કાયદાની અજ્ઞાનતાના કારણે ITC-03 રજૂ કરવામાં આવ્યુ ન હતું, તેથી ₹ 4,634ની ઇન્પુટ વેરા શાખ લેજરમાં DRC-03 દ્વારા ઉલટાવી દેવામાં આવી હતી. એક કેસમાં[122] સંયુક્ત રાજ્ય વેરા કમિશનરે જવાબ આપ્યો હતો (જાન્યુઆરી 2025) કે નોંધાયેલ વ્યક્તિના રજૂઆતને વિચારણામાં લીધા પછી જવાબ આપવામાં આવશે.

આમ, કમ્પોઝિશન યોજનામાં ગયા બાદ, નોંધાયેલી વ્યક્તિઓએ 180 દિવસની અંદર ફોર્મ GST ITC-03 અપલોડ કર્યું ન હતું અને તેથી કમ્પોઝિશન વેરાચુકવણીનો લાભ મેળવવા માટે નિર્ધારિત શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ફરજિયાત GST ITC-03 રજૂ ન કરવાને કારણે, વિભાગ ન તો સ્ટોકની વિગતોની ચોકસાઇની ચકાસણી કરી શક્યો કે ન તો સ્ટોકના મૂલ્યના પ્રમાણમાં ઇન્પુટ વેરા શાખ ઉલટાવવાની અને વેરાની ચુકવણીને પ્રમાણિત કરી શક્યો.

---

115 સહાયક રાજ્ય વેરા કમિશનર: 43 વડોદરા; 45 વડોદરા અને 101 જામ ખંભાળીયા.

116 સહાયક રાજ્ય વેરા કમિશનર: 47 દાહોદ (બે કેસો).

117 સહાયક રાજ્ય વેરા કમિશનર: 86 પોરબંદર.

118 કલમ 70: પુરાવા આપવા અને દસ્તાવેજો રજૂ કરવા માટે વ્યક્તિઓને હાજર થવા બોલાવવાની (સમન્સ મોકલવાની) સત્તા.

119 સહાયક રાજ્ય વેરા કમિશનર: 40 વડોદરા.

120 સહાયક રાજ્ય વેરા કમિશનર: 5 અમદાવાદ.

121 સરાવેક: 35 ડીસા.

122 સરાવેક: 41 વડોદરા.

c. નાણાકીય વર્ષની શરૂઆતથી સામાન્ય કરદાતામાંથી કમ્પોઝિશન યોજનામાં બદલી કરનાર નોંધાયેલી વ્યક્તિ

નિયમ 3(3) હેઠળ, નોંધાયેલ વ્યક્તિએ, કલમ 10 હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ નાણાકીય વર્ષ જેના માટે કલમ 10 હેઠળ વેરાની ચુકવણીનો વિકલ્પ આપવાનો છે તે શરૂ થાય તે પહેલાં, GSTના કોમન પોર્ટલ પર ફોર્મ GST CMP-02માં ઇલેક્ટ્રોનિક રીતે સૂચના રજૂ કરવી આવશ્યક છે. નિયમ 4(1) મુજબ, કલમ 10 હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ નાણાકીય વર્ષની શરૂઆતથી અસરકારક રહે છે જ્યાં નિયમ 3(3) હેઠળ જાણ કરવામાં આવે છે.

GGST અધિનિયમની કલમ 18(4) ને નિયમ 3(3) સાથે વાંચતા, સામાન્ય કરદાતામાંથી કમ્પોઝિશન યોજનામાં બદલી કરતી નોંધાયેલ વ્યક્તિએ ફોર્મ GST ITC-03 રજૂ કરવું જરૂરી છે, જેમાં સ્ટોકમાં રાખેલો ઇનપુટસ, અર્ધ-તૈયાર/તૈયાર માલમાં રાખેલો ઇનપુટસ અને મૂડી માલ પર રાખેલા ઇનપુટ જે ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર અને/અથવા ઇલેક્ટ્રોનિક કેશ લેજરમાં ઉધાર દ્વારા વિકલ્પનો ઉપયોગ કરવાની તારીખ પહેલાં નિર્ધારિત ટકાવારીના આધારે સંબંધિત નાણાકીય વર્ષની શરૂઆતથી 60 દિવસની અંદર ઘટાડ્યો હોય તેની સમકક્ષ વેરા શાખના ઉલટવા અને/અથવા ચુકવણીને જાહેર કરવામાં આવે છે.

ઓડિટના ધ્યાન પર આવ્ય હતું કે પાંચ નોંધાયલી વ્યક્તિઓએ[123] કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ પસંદ કર્યો હતો પરંતુ નમૂના GST ITC-03માં જાણ કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

જ્યારે આ બાબતમાં ધ્યાન દોરવામાં આવ્યુ (ડિસેમ્બર 2022થી નવેમ્બર 2023 વચ્ચે), ત્યારે બે કેસોમાં[124] (ડિસેમ્બર 2024 અને જાન્યુઆરી 2025) જવાબ આપવામાં આવ્યો હતો કે નોંધાયેલ વ્યક્તિઓએ વ્યાજ અને દંડ સાથે ₹ 34,223નો વેરો ચૂકવ્યો છે. એક કેસમાં[125] સંયુક્ત રાજ્ય વેરા કમિશનરે જણાવ્યું (ડિસેમ્બર 2024) કે નોંધાયેલ વ્યક્તિને ફોર્મ GST DRC-07 (જુલાઈ 2023) જારી કરવામાં આવ્યું હતું જેમાં વ્યાજ (₹ 50,719) અને દંડ (₹ 6,226) સહિત ₹ 1,19,201ના બાકી લેણાંની જાણ કરવામાં આવી હતી. વધુમાં, એવું જણાવવામાં આવ્યું હતું કે નોંધાયેલ વ્યક્તિએ DRC-07ના બાકી લેણાં સામે અપીલ દાખલ કરી છે.

એક કેસમાં[126], યોગ્ય અધિકારી દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો (એપ્રિલ 2024), કે 31 માર્ચ 2021ના રોજ રહેલા ઇન્પુટ વેરા શાખની સિલકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને માર્ચ 2021ના રિટર્નમાં સમાયોજિત કરવામાં આવ્યો હતો. જવાબ પ્રતિતીજનક નથી કારણ કે નોંધાયેલ વ્યક્તિએ કમ્પોઝિશન યોજના પસંદ કરી હતી પરંતુ નિયમ 44(4)[127]ની શરતોનું પાલન

---

[123] સરાવેકઃ 4 અમદાવાદ; 8 અમદાવાદ; 30 મહેસાણા 41 વડોદરા (બે કેસો).

[124] સરાવેકઃ 8 અમદાવાદ અને 41 વડોદરા.

[125] સરાવેકઃ 4 અમદાવાદ.

[126] સરાવેકઃ 30 મહેસાણા.

[127] ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, 2017ના નિયમ 44 (4)માં જોગવાઈ છે કે નિયમ 44 (1) હેઠળ નક્કી કરાયેલ રકમ ઉલટાવી શકાય છે, જે નોંધાયેલ વ્યક્તિની આઉટપુટ ટેક્સ જવાબદારીનો ભાગ બનશે અને રકમની વિગતો ફોર્મ ITC-03માં રજૂ કરવામાં આવશે, જ્યાં આવી રકમ કલમ 18ની પેટા-કલમ 4માં ઉલ્લેખિત કોઈપણ ઘટના સાથે સંબંધિત હોય અને ફોર્મ GSTR-10 માં, જ્યાં આવી રકમ નોંધણી રદ કરવા સાથે સંબંધિત હોય.

કર્યું ન હતું. વધુમાં, એવું ધ્યાનમાં આવ્યુ હતું કે તેનું ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર ઘણી ઓછી રકમની વણવપરાયેલી ઇનપુટ વેરા શાખ દર્શાવતું હતું જે ઉલટાવવાની જરૂર હતી.

બાકીના એક કેસમાં[128], યોગ્ય અધિકારીએ જણાવ્યુ હતું (નવેમ્બર 2023) કે નોંધાયોલ વ્યક્તિને નોટીસ જારી કરવામાં આવશે.

ભલામણ

4. ***સરકાર GST પ્રણાલીમાં માન્યતા નિયંત્રણો દાખલ કરવા માટે GSTN સાથે આ બાબત ઉઠાવવી શકે છે કે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કોઈપણ કરદાતા CLS યોજના માટે પસંદગી કરે અથવા સામાન્ય યોજનામાંથી કમ્પોઝિશન લેવી યોજનામાં જાય ત્યારે તેની આવશ્યક ફોર્મ જેમ કે ITC-03 નિશ્ચિત સમયગાળામાં ફરજિયાત પણે રજૂ કરે. જો કરદાતાઓ આવા ફોર્મ રજૂ ન કરે તો કરદાતાઓને સ્વચાલિત પ્રણાલીથી નોટીસો જારી કરી શકાય.***

2.2.6.4 નોંધણી રદ કરવી

GGST અધિનિયમની કલમ 29 મુજબ, નોંધાયેલ વ્યક્તિ તેમાં ઉલ્લેખિત શરતોને[129] આધીન રહીને તેની નોંધણી રદ કરવા માટે અરજી કરી શકે છે. નિયમ 22(3)માં જોગવાઈ છે કે જ્યારે કોઈ વ્યક્તિએ તેની નોંધણી રદ કરવા માટે અરજી[130] રજૂ કરી હોય, ત્યારે યોગ્ય અધિકારી અરજી રજૂ કર્યાની તારીખથી અથવા કારણદર્શક નોટીસના જવાબની તારીખથી 30 દિવસની અંદર આદેશ જારી કરશે અને તેમના દ્વારા નક્કી કરવામાં આવનારી તારીખથી નોંધણી રદ કરવાનો કરપાત્ર વ્યક્તિને સૂચિત કરશે, જેમાં તેને કલમ 29(5) હેઠળ ચૂકવવાપાત્ર રકમ સહિત કોઈપણ કર, વ્યાજ અથવા દંડની બાકી રકમ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવશે.

i. રદ કરવાની અરજીની તારીખ પહેલાં નોંધણી રદ કરવી

GGST અધિનિયમ, 2017ના નિયમ 21Aમાં જણાવાયું છે કે જ્યારે કોઈ નોંધાયેલ વ્યક્તિએ નોંધણી રદ કરવા માટે અરજી કરી હોય, તો નોંધણી અરજી રજૂ કર્યાની તારીખથી અથવા જે તારીખથી રદ કરવાની માંગ કરવામાં આવી હોય તે તારીખથી, જે પણ મોડું હોય, નોંધણી રદ કરવાની કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી સ્થગિત માનવામાં આવશે.

વિભાગે 2018માં એક પરિપત્ર[131] જારી કર્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે રદ કરવાનો આદેશ[132] નમૂના GST REG-19માં જારી કરવો જોઈએ અને રદ કરવાની અસરકારક તારીખ

[128] સરાવેક: 41 વડોદરા.

[129] વ્યવસાય બંધ કરવામાં આવ્યો છે; માલિકના મૃત્યુ સહિત કોઈપણ કારણોસર સંપૂર્ણપણે સ્થાનાંતરિત કરવામાં આવ્યો છે, અન્ય કાનૂની એકમ સાથે ભેળવી દેવામાં આવ્યો છે, છૂટો પાડવામાં આવ્યો છે અથવા અન્યથા નિકાલ કરવામાં આવ્યો છે; વ્યવસાયના બંધારણમાં ફેરફાર થયો છે; કરપાત્ર વ્યક્તિ હવે કલમ 22 અથવા કલમ 24 હેઠળ નોંધણી કરાવવા માટે જવાબદાર નથી અથવા કલમ 25(3) હેઠળ સ્વેચ્છાએ કરવામાં આવેલી નોંધણીમાંથી બહાર નીકળવાનો ઇરાદો ધરાવે છે.

[130] નિયમ 20 હેઠળ ફોર્મ GST REG-16.

[131] તારીખ 26 ઓક્ટોબર 2018 નો પરિપત્ર નં, 69/2018.

[132] ફોર્મ GST REG-19.

નમૂના GST REG-16માં અરજદારે રદ કરવાની માંગણી કરી હોય તે તારીખ સમાન જ હોવી જોઈએ અને કોઈપણ કિસ્સામાં અસરકારક તારીખ તેની અરજીની તારીખથી પહેલાની તારીખ ન હોઈ શકે.

ઓડિટના ધ્યાનમાં આવ્યુ હતું કે CLS કરદાતાઓના રદ કરાયેલા 35 રજિસ્ટ્રેશનમાંથી 11 કેસોમાં[133], નોંધણી રદ કરવાની અસરકારક તારીખ કરદાતાઓ[134] દ્વારા અરજી કરવામાં આવેલી તારીખ પહેલાની હતી.

ઓડિટમાં વધુમાં જોવામાં આવ્યુ હતું કે આ 11 કેસો પૈકી, બે કેસોમાં[135], નોંધાયેલી વ્યક્તિ દ્વારા અરજી રજૂ કરવામાં આવી હતી તેના ત્રીસ દિવસની અંદર રદ કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો ન હતો, જેમાં અનુક્રમે 24 અને 115 દિવસનો વિલંબ થયો હતો; પાંચ કેસોમાં[136] રદ કરવાનો આદેશ REG-19 GSTN પોર્ટલમાં ઉપલબ્ધ ન હતો.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતા (એપ્રિલ 2023થી જાન્યુઆરી 2024), વિભાગે સ્વીકાર્યું હતું (ઓક્ટોબર 2023થી ફેબ્રુઆરી 2025 વચ્ચે) કે સાત કેસોમાં[137] રદ કરવાની અસરકારક તારીખ અરજીની તારીખ પહેલાની હતી.

એક કિસ્સામાં[138], યોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો (એપ્રિલ 2024) કે અગાઉ મંજૂર કરાયેલ નોંધણી રદ કરવાની તારીખ (01 જાન્યુઆરી 2022)ના બદલે નોંધણી રદ કરવાની વાસ્તવિક

[133] સરાવેક: 7 અમદાવાદ; 9 અમદાવાદ; 11 અમદાવાદ (બે કેસો); 31 વીસનગર; 32 વીજાપુર; 34 પાલનપુર; 35 ડીસા(બે કેસો); 46 ગોધરા અને 85 જુનાગઢ.

[134]

કેસ	યોગ્ય અધિકારી દ્વારા GSTIN રદ કરવાની તારીખ	નોંધાયેલી વ્યક્તિ દ્વારા GSTIN રદ કરવા માટેની અરજીની તારીખ
1	01/01/2022	17/01/2022
2	01/01/2019	21/02/2019
3	01/10/2019	19/11/2019
4	30/06/2020	14/07/2020
5	30/06/2018	10/08/2018
6	30/06/2020	14/08/2020
7	31/12/2019	14/01/2020
8	31/03/2019	01/05/2019
9	30/09/2020	20/10/2020
10	31/03/2022	07/04/2022
11	31/03/2020	16/10/2020

[135] સરાવેક: 9 અમદાવાદ અને 46 ગોધરા.

[136] સરાવેક: 7 અમદાવાદ; 11 અમદાવાદ (બે કેસો); 31 વીસનગર અને 32 વીજાપુર.

[137] સરાવેક: 7 અમદાવાદ; 31 વીસનગર; 32 વીજાપુર; 34 પાલનપુર; 35 ડીસા; 46 ગોધરા અને 85 જુનાગઢ.

[138] સરાવેક: 9 અમદાવાદ.

અસરકારક તારીખ 17 જાન્યુઆરી 2022 તરીકે જાણ કરતો ફોર્મ GST DRC-01A[139] નોંધાયેલ વ્યક્તિને આપવામાં આવ્યો હતો જેમાં ઉપરોક્ત બે તારીખો વચ્ચેના સમયગાળા માટે રિટર્ન રજૂ કરવાની સૂચના આપવામાં આવી હતી.

બાકીના ત્રણ કેસોમાં[140], યોગ્ય અધિકારીઓએ જવાબ આપ્યો હતો (મે 2023થી ડિસેમ્બર 2023 વચ્ચે) કે નોંધાયેલ વ્યક્તિ પાસેથી જવાબ મેળવવામાં આવશે અને ઓડિટને જાણ કરવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી હતી (માર્ચ 2025).

ii. નોંધણી રદ કરવાના કેસોમાં બિન-આકારણી

GGST કાયદાની કલમ 29(3) સાથે વંચાણે લેતાં કલમ 29(5)માં જણાવાયું છે કે જ્યારે કોઈપણ નોંધાયેલ વ્યક્તિની નોંધણી રદ કરવામાં આવે ત્યારે તેણે આવી રદ કરવાની તારીખના તરત જ પહેલાના દિવસે સ્ટોકમાં રાખેલા માલ પર ચૂકવવાપાત્ર આઉટપુટ ટેક્સ ચૂકવવાનો રહેશે.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે છ નોંધાયેલી વ્યક્તિઓએ[141] પોતાની જાતે જ તેમની નોંધણી રદ કરવા વિનંતી કરી હતી. આ કેસોમાં ફોર્મ GSTR-4A[142]માં એકંદરે ₹ 61.16 લાખની કરપાત્ર ખરીદીઓ જાહેર થઈ હતી. નોંધણી રદ કરવા માટે અરજી કરતી વખતે, નોંધાયેલી વ્યક્તિઓએ ન તો સ્ટોકનું મૂલ્ય જાહેર કર્યું હતું કે ન સ્ટોકના મૂલ્યને અનુરૂપ વેરો ચૂકવ્યો હતો.

આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતા (ફેબ્રુઆરી 2023થી ડિસેમ્બર 2023 વચ્ચે), JCST એ એક કેસમાં[143] જવાબ આપ્યો હતો (ફેબ્રુઆરી 2025) કે નિયમ 100(2)[144] અને 142(1A)[145] હેઠળ, વેરો (₹ 19,79,496), વ્યાજ (₹ 9,79,850) અને દંડ (₹ 1,99,950) નક્કી કરવામાં આવ્યા હતાં અને નોંધાયેલ વ્યક્તિને જાણ કરવામાં આવી હતી.

બીજા એક કેસમાં[146], સંયુક્ત રાજ્ય વેરા કમિશનરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે કલમ 74(5) હેઠળ વેરો નક્કી કરવામાં આવ્યો છે અને નોંધાયેલ વ્યક્તિને જાણ કરવામાં આવી છે.

[139] CGST નિયમોના નિયમ 142(1A)ની જોગવાઇ, યોગ્ય અધિકારી માટે ઔપચારિક કારણદર્શક નોટિસ જારી કરતા પહેલા ફોર્મ GST DRC-01A દ્વારા કરદાતાને નક્કી કરાયેલ વેરો, વ્યાજ અને દંડની જાણ કરવાની પ્રણાલી પ્રદાન કરે છે.

[140] સરાવેક: 11 અમદાવાદ (બે કેસો) અને 35 ડીસા.

[141] સરાવેક: 9 અમદાવાદ; 11 અમદાવાદ; 35 ડીસા(બે કેસો); 45 વડોદરા અને 84 જુનાગઢ.

[142] તેમાં કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ પસંદ કરનાર નોંધાયેલ વ્યક્તિ માટે આવક પુરવઠાની ઓટો-પોપ્યુલેટેડ વિગતો શામેલ છે.

[143] સરાવેક: 9 અમદાવાદ.

[144] યોગ્ય અધિકારી ASMT-14માં એક નોટિસ જારી કરશે જેમાં શ્રેષ્ઠ નિર્ણયના આધારે આકારણી કરવાનો પ્રસ્તાવ છે તેના કારણો હશે અને તેનો સારાંશ પણ આપશે.

[145] કલમ 73 અથવા 74 હેઠળ, કિસ્સા મુજબ, નોટિસ બજાવવામાં આવે તે પહેલાં, યોગ્ય કાર્યાલય, DRC-01Aમાં ઉપરોક્ત અધિકારી દ્વારા નક્કી કરાયેલ બાકી લેણાંની વિગતો જણાવશે.

[146] સરાવેક: 11 અમદાવાદ.

એક કેસમાં[147] યોગ્ય અધિકારીએ જણાવ્યું હતું (ડિસેમ્બર 2023) કે નોંધાયેલ વ્યક્તિએ ₹ 6,900ની ચૂકવણી કરી હતી. વધુમાં, એક કેસમાં[148] યોગ્ય અધિકારીએ જણાવ્યું (એપ્રિલ 2024) કે ફોર્મ DRC-07 જારી કરવામાં આવ્યો હતો જેમાં કર, વ્યાજ અને દંડ માટે ચૂકવવાપાત્ર ₹ 1.14 લાખ નક્કી કરવામાં આવ્યા હતા. બાકીના બે કિસ્સાઓમાં[149] યોગ્ય અધિકારીઓએ જવાબ આપ્યો હતો (જુલાઈથી ડિસેમ્બર 2023) કે જવાબ પ્રાપ્ત થયા પછી અને તેની ચકાસણી બાદ ઓડિટને જવાબ રજૂ કરવામાં આવશે.

iii. વાર્ષિક રિટર્ન રજૂ કર્યું હોવાની ખાતરી કર્યા વિના નોંધણી રદ કરવી

GGST કાયદાની કલમ 39(8) મુજબ, દરેક નોંધાયેલ વ્યક્તિ કે જેના માટે કલમ 39ની પેટા-કલમ (1) અને (2) હેઠળ રિટર્ન રજૂ કરવાનું ફરજિયાત છે, તેણે દરેક વેરાના સમયગાળા માટે રિટર્ન રજૂ કરવાનું રહેશે, પછી ભલે તે વેરાના સમયગાળા દરમિયાન માલ અથવા સેવાઓ અથવા બંનેનો કોઈ પણ પુરવઠો કર્યો હોય કે ન કર્યો હોય. નિયમ 62(1)(ii)ને કલમ 39 સાથે વાંચતાં કલમ 10 હેઠળ વેરાની ચૂકવણી કરનાર દરેક નોંધાયેલ વ્યક્તિએ આવા નાણાકીય વર્ષના અંત પછીની ત્રીસમી એપ્રિલ સુધીમાં, ફોર્મ GSTR-4માં દરેક નાણાકીય વર્ષ અથવા તેના ભાગ માટે ઇલેક્ટ્રોનિક રીતે રિટર્ન રજૂ કરવાનું રહેશે.

ઓડિટના ધ્યાનમાં આવ્યુ હતું કે એક કેસમાં[150], નોંધાયેલ વ્યક્તિએ નોંધણી રદ કરવા માટે અરજી કરી હતી (એપ્રિલ 2022) જેને યોગ્ય અધિકારી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી (ઓગસ્ટ 2022). જો કે, આ નાણાકીય વર્ષ 2021-22 માટે ફોર્મ GSTR-4 રજૂ કરવાની ખાતરી કર્યા વિના કરવામાં આવ્યું હતું.

જ્યારે આ ધ્યાન પર લાવવામાં આવ્યું (ઓક્ટોબર 2023), ત્યારે વિભાગે જવાબ આપ્યો હતો (જાન્યુઆરી 2025) કે નોંધાયેલ વ્યક્તિને એપ્રિલ 2024માં DRC-01 આપવામાં આવ્યો છે. જો કે, GSTR-4 રજૂ કરવાની ખાતરી કર્યા વિના નોંધણી રદ કરવા અંગે વિભાગના જવાબમાં ઉલ્લેખ ન હતો.

iv. યોગ્ય અધિકારી દ્વારા નોંધણી સ્વતઃ રદ કરવાની પહેલ ન કરવી

GGST અધિનિયમની કલમ 29(2)(b) હેઠળ નિયમ 22 સાથે વાંચતા, જો કલમ 10 હેઠળ વેરો ચૂકવનાર વ્યક્તિએ સતત ત્રણ વેરાના સમયગાળા માટે રિટર્ન રજૂ કર્યું ન હોય, તો યોગ્ય અધિકારી કોઈપણ પાછલી તારીખ સહિત, યોગ્ય લાગે તેવી તારીખથી વ્યક્તિની નોંધણી રદ કરી શકે છે. નિયમ 22 હેઠળ નોંધણી રદ કરવાની પ્રક્રિયામાં કારણદર્શક નોટિસ[151] (SCN) જારી કરવી,

[147] સરાવેક: 35 ડીસા.

[148] સરાવેક: 84 જુનાગઢ.

[149] સરાવેક: 35 ડીસા અને 45 વડોદરા.

[150] સરાવેક: 46 ગોધરા.

[151] નમૂનો GST REG-17.

નોંધાયેલ વ્યક્તિ દ્વારા જવાબ[152] રજૂ કરવો અને નિર્ધારિત વેરાની બાકી રકમ સહિત નોંધણી રદ કરવાનો આદેશ[153] જારી કરવો જરૂરી છે.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે નાણાકીય વર્ષ 2018-19, 2019-20, 2020-21 અને 2021-22 માટે ત્રણ નોંધાયેલી વ્યક્તિઓ[154] સતત ત્રણ વેરાના સમયગાળા કરતાં વધુ ત્રિમાસિક રિટર્ન GSTR-4/ (CMP-08) રજૂ કરવામાં નિષ્ફળ રહી હતી. એવું ધ્યાનમાં આવ્યું કે એક નોંધાયેલી વ્યક્તિ[155]ની સ્થિતિ કોમન પોર્ટલ પર સક્રિય દર્શાવવામાં આવી હતી (ઓગસ્ટ 2024) અને અન્ય બે કિસ્સાઓમાં, ઓડિટ દ્વારા ધ્યાન દોરવામાં આવ્યા બાદ નોંધણીઓ સ્વતઃ રદ કરવામાં આવી હતી.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી (ફેબ્રુઆરી 2023થી ડિસેમ્બર 2023 વચ્ચે), ત્યારે એક કેસમાં[156] સંબંધિત JCST એ જણાવ્યું હતું (ડિસેમ્બર 2024) કે REG-17 (એપ્રિલ 2023) જારી કરવાના અનુસંધાને નોંધણી રદ કરવામાં આવી હતી. એક કેસમાં[157], JCST એ જવાબ આપ્યો (જાન્યુઆરી 2025) ₹ 93,239નું (₹ 46,385ના વ્યાજ સહિત) માંગણું ઉભુ કરવામાં આવ્યુ છે. બાકીના એક કેસમાં, જવાબની રાહ જોવાઈ રહી હતી (માર્ચ 2025).

v. કમ્પોઝિશન યોજના હેઠળ નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા અનુપાલન સુનિશ્ચિત કરવા માટેની પધ્ધતિ

GGST અધિનિયમની કલમ 10(4) મુજબ, કમ્પોઝિશન યોજના હેઠળ નોંધાયેલ વ્યક્તિ પ્રાપ્તકર્તા પાસેથી તેના દ્વારા કરવામાં આવેલા પુરવઠાઓ પર કોઈ વેરો વસૂલ કરી શકશે નહીં અને ઇનપુટ વેરાની કોઈપણ ક્રેડિટ માટે હકદાર રહેશે નહીં. વધુમાં, કાયદાની કલમ 31(3)(c) મુજબ, નોંધાયેલ વ્યક્તિ ટેક્સ ઇન્વોઇસને બદલે નિયમ 49માં નિર્ધારિત કર્યા મુજબ પુરવઠાના બિલ જારી કરશે. નિયમ 5(1)(f) બીજી શરત ઉમેરે છે જેમાં જારી કરાયેલ પુરવઠાનો બિલના મથાળે "કમ્પોઝિશન કરપાત્ર વ્યક્તિ, સપ્લાય પર વેરો વસૂલવા માટે લાયક નથી" શબ્દોનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને, 321 નોંધાયેલી વ્યક્તિઓના નમૂનાના સંદર્ભમાં, કાયદા/નિયમોની જોગવાઈઓનું કાળજીપૂર્વક પાલન થાય છે તે સુનિશ્ચિત કરવા માટે, પુરવઠા પર અલગથી વેરો વસૂલવામાં આવતો નથી અને નોંધાયેલી વ્યક્તિઓ દ્વારા ઉલ્લંઘન, જો કોઈ હોય, તો તેને શોધવા માટે અપનાવવામાં આવેલી હાલની પદ્ધતિ/પ્રક્રિયાઓ વિશે શું કાર્યવાહી કરવામાં આવી હતી તેની યોગ્ય અધિકારીઓ પાસેથી ખાતરી કરવામાં આવી હતી.

આ બાબત પર ધ્યાન દોરવામાં આવ્યું (22 ડિસેમ્બરથી 24 જાન્યુઆરી વચ્ચે) ત્યારે, 250 કેસોમાં, વિભાગે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે પ્રાપ્તકર્તાઓ પાસેથી અલગથી વેરો વસૂલવામાં આવ્યો છે કે નહીં તે ઓળખવા માટે કોઈ તકનીકી પદ્ધતિ નથી. કલમ 67 હેઠળ હાથ ધરવામાં આવેલી

[152] નમૂનો GST REG-18.

[153] નમૂનો GST REG-19.

[154] સરાવેક: 9 અમદાવાદ; 35 ડીસા અને 46 ગોધરા.

[155] સરાવેક: 46 ગોધરા.

[156] સરાવેક: 9 અમદાવાદ.

[157] સરાવેક: 35 ડીસા.

કોઈપણ ફરિયાદ અથવા તપાસની પ્રવૃત્તિ અને/અથવા કલમ 73/ કલમ 74 હેઠળ નિર્ણય લેવાના કેસોમાં કાર્યવાહી શરૂ કરી શકાય છે. 54 કેસોમાં JCST વિભાગ-1, અમદાવાદે પણ આ દલીલનો પુનરોચ્ચાર કર્યો હતો. ત્રણ કેસો[158]માં યોગ્ય અધિકારીઓએ જવાબ આપ્યો હતો કે GSTR-1/3B રજૂ કરવાનું લાગુ પડતું નથી કારણ કે વેરાની વસૂલાત કરવાનો અને આગળ મોકલવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. 13 કેસો[159]માં એવું કહેવામાં આવ્યું હતું કે નમૂનાના બિલો સાથે ચકાસણી અથવા નોંધાયેલ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા નિવેદન મુજબ વેરો અલગથી એકત્રિત કરવામાં આવ્યો ન હતો. એક કેસમાં[160] યોગ્ય અધિકારીએ જણાવ્યું હતું (ડિસેમ્બર 2022) કે ચકાસણી પછી જવાબ આપવામાં આવશે.

વિભાગના જવાબ પરથી સ્પષ્ટ થાય છે કે, GGST કાયદા, 2017ની કલમ 10(2) અને કલમ (2A) અને GGST નિયમો, 2017ના નિયમ 5માં નિર્ધારિત CLS માટે પાત્રતા શરતો સુનિશ્ચિત કરવા માટે **પરિશિષ્ટ-III**માં આપવામાં આવ્યું છે એ મુજબ વિભાગમાં કોઈ મજબૂત તકનીકી પદ્ધતિ નથી. વધુમાં, વિભાગનો જવાબ કે કલમ 67 હેઠળ હાથ ધરવામાં આવેલી કોઈપણ ફરિયાદ અથવા તપાસની પ્રવૃત્તિ અને/અથવા કલમ 73/કલમ 74 હેઠળ નિર્ણય શરૂ કરી શકાય છે, તે દર્શાવે છે કે વિભાગની અનુપાલન ચકાસણી પ્રક્રિયા એટલે કે રિટર્નની ચકાસણી, આંતરિક ઓડિટ અને કરચોરી વિરોધી પ્રવૃત્તિઓમાં અપૂરતા CLS કરદાતાઓને આવરી લેવાયા છે.

CLS માટેની પાત્રતા શરતોનું પાલન ન કરવાને કારણે કરદાતાઓ દ્વારા પ્રાપ્તકર્તાઓ પાસેથી વેરો વસૂલવાની શક્યતા નકારી શકાય નહીં. આનાથી આવા CLS કરદાતાઓને અનુચિત લાભ થઈ શકે છે અને યોજનાના લાભ ગ્રાહકોને તબદીલ થતા નથી.

ભલામણ

5. ***વિભાગે દરેક CLS ડીલર કેન્દ્રીય GST નિયમો, 2017ના નિયમ 5નું પાલન કરી રહ્યા છે અને દર્શાવે છે કે તેઓ વેરો વસૂલવા માટે હકદાર નથી તે ચકાસવા માટે પદ્ધતિને મજબૂત બનાવવાની જરૂર છે.***

6. ***વિભાગે કમ્પોઝિશન કરદાતાઓના નમૂનાની સમયાંતરે ચકાસણી કરવા માટે એક પદ્ધતિ ઘડવાની જરૂર છે જેથી ખાતરી કરી શકાય કે તેઓ તેમના વ્યવસાયના સ્થળો અને પુરવઠાના બિલોમાં કમ્પોઝિશન કરપાત્ર વ્યક્તિ તરીકેની તેમની સ્થિતિ દર્શાવવાની શરતોનું પાલન કરી રહ્યા છે.***

7. ***જો પૂરતા પ્રમાણમાં કરદાતાઓ આવરી લેવાયા ન હોય તો, વિભાગે અનુપાલન ચકાસણી કામગીરીમાં કમ્પોઝિશન લેવી યોજનામાં વધુ કરદાતાઓને આવરી લેવાની વિચારણા કરવી જોઇએ.***

[158] સરાવેક: 1 અમદાવાદ; 7 અમદાવાદ (બે કેસો).

[159] સરાવેક: 1 અમદાવાદ (ચાર કેસો); 4 અમદાવાદ (પાંચ કેસો); 8 અમદાવાદ (બે કેસો); 10 અમદાવાદ (બે કેસો).

[160] સરાવેક: 4 અમદાવાદ.

2.2.7 ઉપસંહાર

કમ્પોઝિશન લેવી યોજનાનો ઉદ્દેશ્ય રિટર્ન રજૂ કરવાની પ્રક્રિયાઓને સરળ બનાવીને, રેકોર્ડની મુશ્કેલીમુક્ત જાળવણી અને મર્યાદિત વેરા જવાબદારી દ્વારા નાના કરદાતાઓને રાહત આપવાનો છે. નમૂના તરીકે લેવામાં આવેલા કેસોની વાસ્તવિક તપાસ દરમિયાન, ઓડિટના ધ્યાનમાં આવ્યું હતું કે નોંધાયેલ વ્યક્તિઓનું એકંદર ટર્નઓવર નિર્ધારિત મર્યાદા કરતાં વધી ગયું હોવા છતાં તેમની સામે અપૂરતી વિભાગીય કાર્યવાહી જોવા મળી અને તે નોંધાયેલ વ્યક્તિઓએ કમ્પોઝિશન યોજના હેઠળ ચાલુ રહ્યા. રિટર્ન રજૂ કરવામાં વિલંબને કારણે વિલંબ ફીની ચુકવણી ન કરવાના/ઓછી કરવાના કિસ્સાઓ હતા. કમ્પોઝિશન યોજના પસંદ કરતી વખતે નોંધાયેલ વ્યક્તિઓએ તેમના હાલના સ્ટોક અને ITC રિવર્સલ (CMP-03 અને ITC-03) વિશે ફરજિયાત સ્વ-મૂલ્યાંકન કરેલ ઘોષણા ફોર્મ રજૂ કર્યા ન હતા. કમ્પોઝિશન યોજનામાં પસંદગી કરવા માટેની મૂળભૂત આવશ્યકતાઓ પૂર્ણ થઈ ન હોવા છતાં, વિભાગે ઓડિટ દ્વારા ધ્યાન દોરવામાં ન આવ્યુ ત્યાં સુધી આ કેસ શોધી કાઢ્યા ન હતા. નોંધણી રદ કરવામાં ભૂલો હતી જેમ કે અરજીની તારીખ પહેલાં નોંધણી રદ કરવામાં આવી હતી, રદ કરવાના કેસોની આકારણી ન કરવી, વાર્ષિક રિટર્ન રજૂ કરવાની ખાતરી આપ્યા વિના રદ કરવું અને યોગ્ય અધિકારી દ્વારા સ્વતઃ રદ કરવાની શરૂઆત ન કરવી. ઓડિટે એ પણ અવલોકન કર્યું હતું કે CLS કરદાતાઓના અનુચિત લાભને રોકવા માટે અનુપાલન ચકાસણી પ્રક્રિયામાં CLS કરદાતાઓના પૂરતા આવરી ન લેવા અને યોજનાના લાભો ગ્રાહકોને તબદીલ ન થતા રોકવા માટે CLS માટે પાત્રતા શરતો સુનિશ્ચિત કરવા માટે વિભાગમાં કોઈ મજબૂત તકનીકી પદ્ધતિ નથી.

તદ્ અનુસાર, ઓડિટની ભલામણો નીચે મુજબ છે.

1. *વિભાગે કમ્પોઝિશન યોજના માટે નિર્ધારિત ટર્નઓવરની મર્યાદાનો ભંગ થાય ત્યારે તત્ક્ષણ ચેતવણીઓ મળે તે માટે GSTNમાં માન્યતા ચકાસણી સુનિશ્ચિત કરવા માટે કામગીરી કરવી જોઇએ.*

2. *વિભાગે કમ્પોઝિશન લેવી યોજના કરદાતાઓના અનુપાલનની ચકાસણી પધ્ધતિની સમીક્ષા કરવી જોઇએ અને ખાતરી કરવી જોઇએ કે જ્યાં CLS કરદાતાએ CLS માટેની પાત્રતા શરતોનો ભંગ કર્યો હોય તેવા કિસ્સાઓમાં યોગ્ય કાર્યવાહી કરવાનું સુનિશ્ચિત કરવામાં આવે.*

3. *સરકારે આ મુદ્દો GST કાઉન્સિલ અને મહેસૂલ વિભાગ (કેન્દ્ર સરકાર) સમક્ષ ઉઠાવવો જોઇએ જેથી ડેટા એન્ટ્રી ભૂલોને રોકવા અને વિભાગના સંસાધનોનો વધુ સારી ચકાસણી અને ઇષ્ટતમ ઉપયોગ કરવા માટે માન્યતા નિયંત્રણો અને સોફ્ટ ચેતવણીઓના વિવેકપૂર્ણ મિશ્રણ પર વિચાર કરી શકાય.*

4. *સરકાર GST પ્રણાલીમાં માન્યતા નિયંત્રણો દાખલ કરવા માટે GSTN સાથે આ બાબત ઉઠાવવી શકે છે કે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કોઈપણ કરદાતા CLS યોજના માટે પસંદગી કરે અથવા સામાન્ય યોજનામાંથી કમ્પોઝિશન લેવી યોજનામાં જાય ત્યારે તેની આવશ્યક ફોર્મ જેમ કે ITC-03 નિશ્ચિત સમયગાળામાં ફરજિયાત પણે રજૂ કરે. જો કરદાતાઓ આવા ફોર્મ રજૂ ન કરે તો કરદાતાઓને સ્વચાલિત પ્રણાલીથી નોટીસો જારી કરી શકાય.*

5. વિભાગે દરેક CLS ડીલર કેન્દ્રીય GST નિયમો, 2017ના નિયમ 5નું પાલન કરી રહ્યા છે અને દર્શાવે છે કે તેઓ વેરો વસૂલવા માટે હકદાર નથી તે ચકાસવા માટે પદ્ધતિને મજબૂત બનાવવાની જરૂર છે.

6. વિભાગે કમ્પોઝિશન કરદાતાઓના નમૂનાની સમયાંતરે ચકાસણી કરવા માટે એક પદ્ધતિ ઘડવાની જરૂર છે જેથી ખાતરી કરી શકાય કે તેઓ તેમના વ્યવસાયના સ્થળો અને પુરવઠાના બિલોમાં કમ્પોઝિશન કરપાત્ર વ્યક્તિ તરીકેની તેમની સ્થિતિ દર્શાવવાની શરતોનું પાલન કરી રહ્યા છે.

7. જો પૂરતા પ્રમાણમાં કરદાતાઓ આવરી લેવાયા ન હોય તો, વિભાગે અનુપાલન ચકાસણી કામગીરીમાં કમ્પોઝિશન લેવી યોજનામાં વધુ કરદાતાઓને આવરી લેવાની વિચારણા કરવી જોઇએ.

પ્રકરણ III

અનુપાલન ઓડિટના ફકરાઓ

પ્રકરણ III

અનુપાલન ઓડિટના ફકરાઓ

મહેસૂલ વિભાગ

3.1 સરકારી જમીનની ફાળવણી પર સ્ટેમ્પ ડ્યુટીની બિન/ઓછી વસૂલાત

વિભિન્ન એકમોને ફાળવવામાં આવેલી સરકારી જમીનની બજાર કિંમત પર ફાળવણીના 142 કેસોમાં ₹ 34.07 કરોડની સ્ટેમ્પ ડ્યુટી ક્યાં તો વસૂલાત ન કરેલી અથવા ઓછી વસૂલાત કરવામાં આવેલ.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ 1958ની કલમ 20(એ) મુજબ, તબદીલ-ખત પર સ્ટેમ્પ ડ્યુટી આવા તબદીલ-ખત માટેના અવેજની રકમના 4.9 ટકાના દરે અથવા, કિસ્સા મુજબ, મિલકતની બજાર કિંમત જે આવા તબદીલ-ખતોનું વિષય-વસ્તુ છે, જે પણ વધારે હોય તે દરે વસૂલ કરવામાં આવે છે. વધુમાં, કાયદાની કલમ 30(એ)(વી) મુજબ, જ્યાં પટો 30 વર્ષથી વધુ પરંતુ 98 વર્ષથી વધુ નહીં હોય તેવા સમયગાળા માટે હોવાનો દાવો કરવામાં આવ્યો હોય, ત્યાં કલમ 20 હેઠળ તબદીલ-ખત પર સ્ટેમ્પ ડ્યુટી સરેરાશ વાર્ષિક ભાડાની રકમ અથવા મૂલ્યના ત્રણ ગણા જેટલી વસૂલવામાં આવે છે. મહેસૂલ વિભાગે મહેસૂલ અધિકારીઓને ફાળવણીના હુકમમાં સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની શરતનો સમાવેશ કરવા અને યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં ન આવે ત્યાં સુધી જમીનનો કબજો ન સોંપવા સૂચના આપી[1] હતી (એપ્રિલ 2002). વધુમાં, મહેસૂલ વિભાગે સ્પષ્ટતા કરી હતી[2] (એપ્રિલ 2012) કે જ્યાં સરકારી જમીન ગુજરાત જમીન મહેસૂલ નિયમો 1972 હેઠળ મહેસૂલ મુક્ત/મફત ફાળવવામાં આવે છે અથવા ₹ એકના ભાડાથી ભાડાપટે આપવામાં આવે છે, ત્યાં જમીનની બજાર કિંમતની ગણતરી કરવા માટે જંત્રીનો[3] દર ધ્યાનમાં લેવામાં આવે છે. વધુમાં, 15 મે 2013થી લાગુ થયેલા કાયદાની કલમ 45(f)(ii)(b) હેઠળ, જો મુખત્યરનામા[4] (PoA) ધારક, પરિવારનો સભ્ય ન હોય અને, સ્થાવર મિલકત, અવેજ સાથે અથવા અવેજ વગર, વેચાણ અથવા તબદીલ કરવા માટે અધિકૃત હોય, તો સ્ટેમ્પ ડ્યુટી તબદીલ-ખત પર લાગુ પડતા દરે વસૂલવામાં આવશે.

2014-15થી 2022-23ના સમયગાળા માટે સાત કચેરીઓના[5] રેકર્ડની પ્રતિક ચકાસણી દરમિયાન, ઓડિટમાં જોવામાં આવ્યુ હતું[6] કે **કોષ્ટક** 3.1માં વિગતવાર જણાવ્યા મુજબ 142 કેસોમાં

---

1 સરકારનો તારીખ 01 એપ્રિલ 2002 નો સરકારી ઠરાવ નં. STP-102000-2052-A1.

2 તારીખ 20 એપ્રિલ 2012 નો પરિપત્ર.

3 સ્થાવર મિલકતોની કિમતના નિર્ધારણ અને સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાના હેતુ માટે દર દર્શાવતું સરકાર દ્વારા જારી કરાયેલ દરોનું વાર્ષિક પત્રક.

4 તારીખ 8 મે 2013નું જાહેરનામુ નં. GHM-2013-26M-STP-122013-59-H-I.

5 I: અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર.
II: જીલ્લા કલેક્ટર: (i) અમરેલી, (ii) ડાંગ, (iii) ખેડા, (iv) મોરબી, (v) પોરબંદર અને (vi) વલસાડ.

6 ઑગષ્ટ 2021 અને મે 2024 વચ્ચે.

₹ 34.07 કરોડની સ્ટેમ્પ ડ્યુટી ક્યાં તો વસૂલાત કરવામાં આવી ન હતી અથવા ઓછી વસૂલાત કરવામાં આવી હતી.

કોષ્ટક 3.1: સ્ટેમ્પ ડ્યુટીની બિન/ઓછી વસૂલાતની વિગતો

ક્રમાંક	કચેરી/ કેસોની સંખ્યા / સ્ટેમ્પ ડ્યુટીની બિન/ ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
1	અધિક મુખ્ય સચિવ, ગાંધીનગર 18 કેસો 33.13	• ત્રણ કેસોમાં, 10,25,917 ચોરસ મીટર જેટલી સરકારી જમીન (i) ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, નવી દિલ્હી (AIIMS)[7] (ii) ચિલ્ડ્રન યુનિવર્સિટી[8], ગાંધીનગર અને (iii) જવાહર નવોદય વિદ્યાલય[9], વડોદરાને ગુજરાત જમીન મહેસૂલ નિયમો 1972ના નિયમ 32(1) અને 32-A હેઠળ ભોગવટાના દરે વસૂલાત /મહેસૂલ મુક્ત ફાળવવામાં આવી હતી. જો કે, ન તો મહેસૂલ અધિકારીઓએ આ કેસોમાં લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત કરી હતી કે ન તો જમીનની ફાળવણીના હુકમમાં ઉપરોક્ત સંસ્થાઓ પાસેથી સ્ટેમ્પ ડ્યુટી વસૂલવા અંગે કોઈ શરત દાખલ કરી હતી. આના પરિણામે ₹ 29.97 કરોડની સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવી ન હતી. જવાહર નવોદય વિદ્યાલયના કિસ્સામાં, વિભાગે જણાવ્યું હતું (ડિસેમ્બર 2024) કે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની કલમ 9(a) હેઠળ સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ માટે જાહેરનામું બહાર પાડવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે. AIIMSના કિસ્સામાં, વિભાગે (જાન્યુઆરી 2025) જણાવ્યું હતું કે મિલકત ઉપર બોજાની નોંધ કરવામાં આવી છે. બાકીના એક કેસમાં, જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025). • મહેસૂલ વિભાગે ખેડા જિલ્લાના ત્રણ ગામોમાં આવેલી 14,069 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ (GETCO) ને ₹ 2.79 કરોડની બજાર કિંમત વસૂલ કરીને 66 KV સબ-સ્ટેશનની સ્થાપના માટે ફાળવણી કરવા માટે સરકારી ઠરાવો બહાર પાડવામાં આવ્યા હતા (ફેબ્રુઆરી અને સપ્ટેમ્બર 2022 વચ્ચે). આ કેસોમાં, કલેક્ટર, ખેડાએ જૂન 2015 અને જૂન 2021 વચ્ચે કામચલાઉ ભોગવટાની કિંમતથી બે કેસોમાં ₹ 2.88 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરીને ફાળવણી મેળવનારને કબજો આપી દીધો હતો. જો કે, ફેબ્રુઆરી અને સપ્ટેમ્બર 2022માં અંતિમ ફાળવણી હુકમ બહાર પાડતી વખતે

[7] ગામઃ ખંઘેરી, તાલુકોઃ પડધરી, જીલ્લોઃરાજકોટ ખાતે 6,51,545 ચો.મી. અને ગામઃ પરાપીપળીયા, તાલુકો અને જિલ્લોઃ રાજકોટ ખાતે 1,61,874 ચો.મી.

[8] ગામઃ શાહપુર, તાલુકો અને જીલ્લોઃ ગાંધીનગર ખાતે 1,21,410 ચો.મી.

[9] ગામઃ બહાદુરપુર, તાલુકોઃ સંખેડા, જીલ્લોઃ છોટા ઉદેપુર ખાતે 91,088 ચો.મી.

ક્રમાંક	કચેરી/ કેસોની સંખ્યા / સ્ટેમ્પ ડ્યુટીની બિન/ ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		કલેક્ટરે ₹ 10.78 લાખની તફાવતની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી ન હતી. જો કે, કલેક્ટરે ડેપ્યુટી કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન સંસ્થા) (SDVO) ને પણ અંતિમ ફાળવણી હુકમ ચિહ્નિત કર્યો હતો છતાં, જૂન 2023માં ઓડિટ સમયે ₹ 10.78 લાખની તફાવતની સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત બાકી હતી. • વિભાગે (એપ્રિલ 2021) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલા ચાર ગામોમાં આવેલી 40,58,072 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) ને 'બલ્ક ડ્રગ્સ પાર્ક' માટે 50 વર્ષ માટે ભાડા પટા પર ફાળવી હતી. જમીનનું વાર્ષિક ભાડું પહેલા પાંચ વર્ષ માટે ₹ 6.57 કરોડ દર પાંચ વર્ષના અંતે 10 ટકાના વધારા સાથે રાખવામાં આવ્યું હતું, તેથી, 50 વર્ષ માટે સરેરાશ વાર્ષિક ભાડું પ્રતિ વર્ષ ₹ 10.48 કરોડ થાય છે, જેના પર ₹ 1.54 કરોડની સ્ટેમ્પ ડ્યુટી લાગે (જે ₹ 10.48 કરોડના ત્રણ ગણાના 4.9 ટકા એટલે કે ₹ 31.43 કરોડ). જો કે, જિલ્લા કલેક્ટરે ફક્ત ₹ 71.79 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી હતી (4.88 કરોડના ત્રણ ગણાના 4.9 ટકાના દરે). આના પરિણામે ₹ 82.22 લાખની સ્ટેમ્પ ડ્યુટી ઓછી વસૂલવામાં આવી હતી. • 11 કેસોમાં, વિભાગે (મે 2021 થી માર્ચ 2023 વચ્ચે) સાત જિલ્લાઓમાં[10] આવેલી 4,61,488 ચોરસ મીટર (₹ 52.13 કરોડની બજાર કિંમતની) સરકારી જમીન વિવિધ સંસ્થાઓને ફાળવવાનો આદેશ આપ્યો હતો જેમાં કેન્દ્રીય વિદ્યાલય, નગરપાલિકાઓ, સોસાયટીઓ, ટ્રસ્ટો, ઉદ્યોગ વગેરેનો સમાવેશ થાય છે. સંબંધિત જિલ્લા કલેક્ટરે નવેમ્બર 2021થી મે 2023 વચ્ચે ફાળવણીના આદેશો બહાર પાડ્યા હતા. આ કેસોમાં, છ કેસોમાં જમીન 'શૂન્ય' કબજા કિંમતે ફાળવવામાં આવી હતી જ્યારે ચાર કેસમાં જમીન બજાર કિંમતના 10/50 ટકાના રાહત દરે ફાળવવામાં આવી હતી. બાકીના એક કેસમાં, જમીન સંપૂર્ણ બજાર કિંમતની વસૂલાતથી ફાળવવામાં આવી હતી. આ કેસોમાં, આઠ કેસમાં સંબંધિત કલેક્ટરે લાગુ સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી ન હતી જ્યારે ત્રણ કેસમાં વાસ્તવિક બજાર કિંમતને બદલે રાહત દરની બજાર કિંમત પર ₹ 32.90 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવામાં આવી હતી. આના પરિણામે ₹ 2.23 કરોડની સ્ટેમ્પ ડ્યુટીની બિન/ઓછી વસૂલાત થઈ હતી.

[10] (i) અમદાવાદ, (ii) અમરેલી, (iii) ગાંધીનગર, (iv) જામનગર, (v) મહેસાણા, (vi) મોરબી અને (vii) સાબરકાંઠા.

ક્રમાંક	કચેરી/ કેસોની સંખ્યા / સ્ટેમ્પ ડ્યુટીની બિન/ ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
અન્ય કિસ્સાઓમાં, વિભાગના સંબંધિત વિભાગ અધિકારીએ જણાવ્યું હતું (જુલાઈ 2021/જૂન અને જુલાઈ 2023) કે કેસોની ચકાસણી અને સંબંધિત કલેક્ટર/સત્તાધિકારી પાસેથી વિગતવાર અહેવાલ/માહિતી મેળવ્યા પછી અંતિમ જવાબ આપવામાં આવશે.		
2	જિલ્લા કલેક્ટર, પોરબંદર 11 કેસો 0.06 જિલ્લા કલેક્ટર, અમરેલી 01 કેસ 0.07	• 11 કેસોમાં, જિલ્લા કલેક્ટર, પોરબંદરે (જૂન 2022 અને માર્ચ 2023માં) રાજ્ય સરકારના કર્મચારીઓને રહેણાંકના હેતુ માટે 1,035 ચોરસ મીટર જેટલી ₹ 1.55 કરોડની બજાર કિંમત ધરાવતી સરકારી જમીન ₹ 41.89 લાખની રાહત કિમતે ફાળવી હતી. આ કિસ્સાઓમાં, કલેક્ટરે જમીનના વાસ્તવિક બજાર મૂલ્ય પર ₹ 7.60 લાખની સ્ટેમ્પ ડ્યુટીને બદલે રાહત કિંમત પર ₹ 2.05 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી હતી. આના પરિણામે ₹ 5.55 લાખની સ્ટેમ્પ ડ્યુટી ઓછી વસૂલ કરવામાં આવી હતી. • જિલ્લા કલેક્ટર, અમરેલીએ બાબરા તાલુકાના ચરખા ગામમાં આવેલી 46,200 ચોરસ મીટર જેટલી સરકારી જમીનનો કબજો GETCOને 220 KV સબ-સ્ટેશન માટે આપ્યો હતો (ઓક્ટોબર 2018). જીલ્લા સ્તરીય મૂલ્યાંકન સમિતિ એ જમીનની કિંમત ₹ 3.16 કરોડ (ચોરસ મીટર દીઠ ₹ 625 નો દર) નક્કી કરી હતી (ઓક્ટોબર 2019). આમ, પ્રસ્તુત કિસ્સામાં, ₹ 15.51 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવાની જરૂર હતી. જો કે, કલેક્ટરે ફક્ત ₹ 8.11 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી હતી. આના પરિણામે ₹ 7.40 લાખની સ્ટેમ્પ ડ્યુટીની ઓછી વસૂલાત થઈ હતી. જિલ્લા કલેક્ટર, અમરેલીએ જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે કંપનીને સ્ટેમ્પ ડ્યુટી જમા કરાવવા માટે પત્ર બહાર પાડવામાં આવ્યો છે.
કલેક્ટર, પોરબંદરે જણાવ્યું હતું (માર્ચ 2024) કે જરૂરી કાર્યવાહી માટે આ બાબત નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્ર) ને મોકલવામાં આવી છે.		
3	જિલ્લા કલેક્ટર, ખેડા 14 કેસો 0.41	• 12 કેસોમાંથી, ખેડાના જિલ્લા કલેક્ટરે 58,800 ચોરસ મીટર જેટલી સરકારી જમીનનો (નવેમ્બર 2014 અને ઓક્ટોબર 2019) વચ્ચે GETCOને અગાઉથી કબજો આપતી વખતે, 11 કેસોમાં ₹ 10.34 લાખ રૂપિયાની ઉચ્ચક સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી હતી. આ 12 કેસોમાં ફાળવણીના અંતિમ આદેશો નવેમ્બર 2020 અને એપ્રિલ 2022 વચ્ચે જિલ્લા સ્તરીય મૂલ્યાંકન સમિતિ (DLVC)/રાજ્ય સ્તરીય મૂલ્યાંકન સમિતિ (SLVC) દ્વારા નક્કી કરાયેલ કુલ ₹ 5.92 કરોડ રૂપિયાના ભોગવટાની કિંમતની વસૂલાત પર બહાર પાડવામાં આવ્યા હતા, જેમાં લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની શરત હતી. આ 12 કેસોમાં, વસૂલવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી

ક્રમાંક	કચેરી/ કેસોની સંખ્યા / સ્ટેમ્પ ડ્યુટીની બિન/ ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		₹ 28.98 લાખ[11] રૂપિયા હતી. જો કે, સપ્ટેમ્બર 2022માં ઓડિટના સમયે ₹ 18.64 લાખની[12] તફાવતની સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાની બાકી હતી. વધુમાં, યુનિવર્સિટી[13]/ટ્રસ્ટને[14] સરકારી જમીન (₹ 4.64 કરોડ મૂલ્યની 4,617 ચોરસ મીટર) ફાળવણીના બે હુકમમાં (માર્ચ અને એપ્રિલ 2022માં બહાર પડાયેલ), લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી અંગેની શરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવા છતાં, જિલ્લા કલેક્ટરે ખાસ કરીને ₹ 22.75 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી ન હતી.
	જિલ્લા કલેક્ટર, વલસાડ 07 કેસો 0.16	• સાત કેસોમાં, જિલ્લા કલેક્ટર, વલસાડે 28,673 ચોરસ મીટરની સરકારી/ગૌચર જમીન GETCO/ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (DFCCI)/સોસાયટી/ટ્રસ્ટને ફાળવણી/એડવાન્સ કબજો આપતી વખતે (નવેમ્બર 2008 અને ડિસેમ્બર 2022 વચ્ચે) ₹ 15.97 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી ન હતી. છ કેસોમાં, કલેક્ટરે લાગુ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવા અંગેની શરતનો સમાવેશ કર્યો હતો, તેમ છતાં જૂન 2023માં ઓડિટ સમયે સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવાની બાકી હતી. આના પરિણામે ₹ 15.97 લાખની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવામાં આવી ન હતી.
	જિલ્લા કલેક્ટર, ડાંગ 90 કેસો 0.16	• ડાંગના જિલ્લા કલેક્ટરે 16,666 ચોરસ મીટર જેટલી સરકારી જમીન વ્યક્તિઓ (86 કેસ એટલે કે રહેણાંક 63 કેસ અને વાણિજ્યિક 23 કેસ), ભારત સંચાર નિગમ લિમિટેડ (ટાવરના નિર્માણ માટેના ત્રણ કેસ) અને GWSSB (કચેરીના મકાનના બાંધકામ માટે એક કેસ) ને ફાળવી/આગોતરો કબજો આપ્યો હતો (ઓગસ્ટ 2014 અને ઓગસ્ટ 2022 વચ્ચે). જો કે આ કેસોમાં, કલેક્ટરે ફાળવણીના હુકમમાં લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી માટેની શરત દાખલ કરી હતી, પરંતુ ઓડિટના સમય (જુલાઈ 2023) સુધી સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાની બાકી હતી. આના પરિણામે ₹ 16.38 લાખની સ્ટેમ્પ ડ્યુટીની આવક થઈ શકી નથી. • આમ, આ 111 કેસોમાં સ્ટેમ્પ ડ્યુટીની કુલ ₹ 0.73 કરોડ જેટલી બિન/ઓછી વસૂલાત થઈ હતી.

[11] 4.9/100 x 59152800=₹ 28,98,487.

[12] કુલ ₹ 5.92 કરોડ જેટલી ભોગવટાની કિંમત પર વસૂલ કરવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી અને ઉચ્ચક સ્ટેમ્પ ડ્યુટી (2898487-1034426 = ₹ 18,64,061) વચ્ચેનો તફાવત.

[13] નડીયાદ ખાતે એક યુનિવર્સિટીને જમીનની (2,011 ચો.મી.) ફાળવણીનો(એપ્રિલ 2022) એક કેસ.

[14] નડીયાદ ખાતે સમાધિ સ્થાનને જમીનની (2,606 ચો.મી.) ફાળવણીનો (એપ્રિલ 2022) એક કેસ.

<table>
<tr><th>ક્રમાંક</th><th>કચેરી/
કેસોની સંખ્યા /
સ્ટેમ્પ ડ્યુટીની બિન/
ઓછી વસૂલાત
(₹ કરોડમાં)</th><th>અવલોકનનો પ્રકાર</th></tr>
<tr><td colspan="3">આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટર, ખેડાએ જવાબ આપ્યો (સપ્ટેમ્બર 2022) કે અધિકારક્ષેત્રના નાયબ કલેક્ટર (SDVO) ને ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવા માટે જાણ કરવામાં આવી હતી અને સાથે જ ફાળવણી મેળવનારાઓને આ અંગે જાણ કરવામાં આવી હતી. કલેક્ટર, વલસાડે (જણાવ્યું હતું જૂન 2023) કે હવેથી લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટી સરકારી જમીનની ફાળવણી/આગોતરો કબજો આપતી વખતે વસૂલ કરવામાં આવશે. કલેક્ટર, ડાંગે (જુલાઈ 2023) જણાવ્યું હતું કે રેકર્ડની તપાસ કર્યા પછી વિગતવાર જવાબ આપવામાં આવશે.</td></tr>
<tr><td>4</td><td>જીલ્લા કલેક્ટર,
<u>મોરબી</u>
<u>01 કેસ</u>
0.08</td><td>• મોરબી જિલ્લા કલેક્ટર, મોરબીએ ટંકારાના લજાઈ ગામમાં આવેલી 27,869 ચોરસ મીટર જેટલી સરકારી જમીન સામાજિક અને શૈક્ષણિક હેતુ માટે ટ્રસ્ટને ફાળવી હતી (સપ્ટેમ્બર 2019), જે જમીનના બજાર મૂલ્યના 50 ટકાના રાહત દરે એટલે કે વાસ્તવિક બજાર મૂલ્ય ₹ 3.08 કરોડને બદલે ₹ 1.54 કરોડની ભોગવટાની કિંમત વસૂલ કરીને ફાળવવામાં આવી હતી. ટ્રસ્ટે રજૂઆત કરી હતી (19 જૂન 2019) કે સ્ટેમ્પ અધિક્ષક, ગાંધીનગરના મંતવ્ય (06 જૂન 2019) મુજબ, ટ્રસ્ટ, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, 1958ની કલમ 32Aની જોગવાઈઓ અનુસાર જમીનની વાસ્તવિક બજાર કિંમત પર નહીં પણ ભોગવટાની કિંમત પર સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવા માટે જવાબદાર છે. મહેસૂલ વિભાગે પણ સ્ટેમ્પ અધિક્ષકના અભિપ્રાયને બહાલી આપી હતી અને કલેક્ટરને ભોગવટાની કિંમત પર સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાનો નિર્દેશ આપ્યો હતો (ફેબ્રુઆરી 2020). ટ્રસ્ટે ₹ 15.09 લાખ જેટલી સ્ટેમ્પ ડ્યુટી (₹ 3.08 કરોડના 4.9 ટકા) ચૂકવી દીધી (28 જૂન 2019) હોવાથી, કલેક્ટરે ₹ 7,54,853 જેટલી સ્ટેમ્પ ડ્યુટી પરત કરવાનો આદેશ આપ્યો હતો (નવેમ્બર 2020). મહેસૂલ વિભાગ દ્વારા સ્ટેમ્પ અધિક્ષકનો અભિપ્રાય અને તેની બહાલી ખોટી હતી કારણ કે કલમ 32એ ફક્ત એવા કિસ્સાઓમાં લાગુ પડે છે જ્યાં દસ્તાવેજ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવે છે અને અન્ય કોઈ વ્યક્તિ/એજન્સી દ્વારા નહીં. આના પરિણામે ₹ 7.55 લાખ જેટલી સ્ટેમ્પ ડ્યુટી અનિયમિત રીતે પરત કરવામાં આવી હતી.</td></tr>
<tr><td colspan="3">આ બાબત ધ્યાન પર લાવવામાં આવતા, કલેક્ટર, મોરબીએ જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2023/ઓગસ્ટ 2024) કે ઓડિટ અવલોકન અંગે મહેસૂલ વિભાગ પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે અને વિભાગ તરફથી નિર્દેશ મળ્યા પછી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.</td></tr>
</table>

આ બાબત સરકારને સપ્ટેમ્બર 2020, ઓક્ટોબર 2021, જૂન 2023, ડિસેમ્બર 2023 અને ફેબ્રુઆરી/માર્ચ/એપ્રિલ 2024માં જણાવવામાં આવી હતી. જાન્યુઆરી/ફેબ્રુઆરી 2025માં સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા છે. ઉપરોક્ત સમાવિષ્ટ કેસો સિવાયના અન્ય કેસોમાં જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).

3.2 રૂપાંતર વેરાની બિન/ઓછી વસૂલાત

ખેતીની જમીનમાંથી બિન-ખેતી હેતુ અથવા એક બિન-ખેતી હેતુમાંથી બીજા બિન-ખેતી હેતુમાં જમીનના ઉપયોગના રૂપાંતરના 147 કેસોમાં ₹ 12.52 કરોડનો રૂપાંતર વેરો ઓછો વસૂલ કરવામાં આવ્યો હતો.

ગુજરાત જમીન મહેસૂલ સંહિતા, 1879ની કલમ 67Aમાં જમીનના ઉપયોગની પદ્ધતિમાં ખેતીમાંથી બિન-ખેતી હેતુ અથવા એક બિન-ખેતી હેતુથી બીજા બિન-ખેતી હેતુમાં ફેરફાર પર નિર્ધારિત દરે રૂપાંતર વેરો વસૂલ કરવાની જોગવાઈ છે. જે દિવસે બિન-ખેતીની પરવાનગી આપવામાં આવે અથવા મંજૂર કરવામાં આવે અથવા જે તારીખે જમીન બિન-ખેતી/બીજા બિન-ખેતી ઉપયોગ માટે મૂકવામાં આવે, એમાંથી જે પણ પહેલા હોય તે તારીખથી રૂપાંતર વેરો ચૂકવવાપાત્ર છે, શહેર/ નગર/ સૂચિત વિસ્તાર/ગામની વસ્તીના આધારે રહેણાંક/ ધર્માદા/ કામચલાઉ બિન-ખેતી અને ઔદ્યોગિક/અન્ય હેતુઓ માટે રૂપાંતર વેરાના જુદા જુદા દરો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જ્યાં જમીનનો ઉપયોગ 'અન્ય વિવિધ બિન-ખેતી હેતુઓ' (કહો કે 'બહુહેતુક') માટે કરવાનો હોય ત્યાં રાજ્ય સરકારે ગુજરાત જમૂન મહેસૂલ સંહિતામાં સુધારા (માર્ચ 2016) દ્વારા રૂપાંતર વેરાના દરો નિર્ધારિત કર્યા છે. વધુમાં, ડિસેમ્બર 2006ના સરકારી ઠરાવ[15] મુજબ, સરકારી જમીન બિન-ખેતી હેતુ માટે આપવાના કિસ્સામાં સક્ષમ અધિકારી પાસેથી બિન-ખેતીની પરવાનગી મેળવવાની જરૂરિયાત માફ કરવામાં આવી હોવા છતાં, પ્રવર્તમાન નીતિ અનુસાર રૂપાંતર વેરો અને બિન-ખેતી આકારણી વસૂલ કરવાપાત્ર છે. તેવી જ રીતે, ફેબ્રુઆરી 1979ના પરિપત્ર મુજબ, સંપાદિત અને ફાળવવામાં આવેલી જમીનના કિસ્સામાં સક્ષમ અધિકારી પાસેથી બિન-ખેતી પરવાનગી મેળવવાની જરૂરિયાત માફ કરવામાં આવી હોવા છતાં, ફાળવણી મેળવનાર પ્રવર્તમાન નીતિ અનુસાર લાગુ પડતો રૂપાંતર વેરો ચૂકવવા માટે જવાબદાર હતો. 01 જુલાઈ 2008ના સરકારના ઠરાવમાં ફાળવણી મેળવનારને સંપાદિત જમીનનો કબજો લીધાના 15 દિવસની અંદર લાગુ રૂપાંતર વેરો ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ઉપરોક્ત ઉલ્લેખિત પરિપત્ર અને સરકારના ઠરાવની જોગવાઈઓ મહેસૂલ વિભાગ દ્વારા 05 માર્ચ 2021ના રોજના સરકારી ઠરાવ દ્વારા પુનરાવર્તિત કરવામાં આવી હતી.

2014-15થી 2022-23ના સમયગાળા માટે 13 કચેરીઓના[16] રેકર્ડની પ્રતિક ચકાસણી દરમિયાન, નીચે **કોષ્ટક 3.2**માં આપેલી વિગતો પ્રમાણે 147 કેસોમાં ₹ 12.52 કરોડ જેટલા રૂપાંતર વેરાની બિન/ઓછી વસૂલાત ઓડિટના ધ્યાન પર આવી હતી[17]:

---

[15] તારીખ 18-12-2006 નો નં. JMN-3995-3170-A.

[16] I. અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર;
II. જીલ્લા કલેક્ટરો: (i) અમદાવાદ, (ii) અમરેલી, (iii) ભાવનગર, (iv) બોટાદ, (v) દાહોદ, (vi) ગાંધીનગર, (vii) કચ્છ-ભુજ, (viii) મોરબી, (ix) પંચમહાલ, (x) પાટણ, (xi) સુરેન્દ્રનગર અને (xii) વડોદરા.

[17] ફેબ્રુઆરી 2017 અને એપ્રિલ 2024 વચ્ચે.

કોષ્ટક 3.2: રૂપાંતર વેરાની બિન/ઓછી વસૂલાતની વિગતો

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
1	અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ 03 કેસો 0.60	• 9,24,507 ચોરસ મીટર જેટલી સરકારી જમીન (માર્ચ 2019/ફેબ્રુઆરી 2020/માર્ચ 2023) ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)[18]; રાજકોટ, જવાહર નવોદય વિદ્યાલય[19], વડોદરા, છોટાઉદેપુર જિલ્લાના બહાદુરપુર ખાતે; અને કેન્દ્રીય વિદ્યાલય[20], અમરેલીને ફાળવવામાં આવી હતી. જો કે, વિભાગે લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલ કર્યો નથી કે ફાળવણીના હુકમમાં આ સંદર્ભમાં કોઈ શરત દાખલ કરી નથી. આના પરિણામે ₹ 60.27 લાખનો રૂપાંતર વેરો વસૂલ કરવામાં આવ્યો નથી. આ બાબત ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે, વિભાગે એઇમ્સ (AIIMS) ને ફાળવવામાં આવેલી જમીનના કિસ્સામાં જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે આ મિલકત પર બોજાની નોંધ કરવામાં આવી છે. જવાહર નવોદય વિદ્યાલયના કિસ્સામાં, વિભાગે જણાવ્યું હતું (ડિસેમ્બર 2024) કે લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલ કરવા માટે કલેક્ટર, છોટા ઉદેપુરને જણાવવામાં આવ્યું છે. બાકીના કિસ્સામાં, વિભાગે જણાવ્યું હતું (જૂન 2023) કે કેસની ચકાસણી પછી જવાબ આપવામાં આવશે.
2	જીલ્લા કલેક્ટર, અમદાવાદ 41 કેસો 2.68	• છ કેસોમાં, જિલ્લા કલેક્ટરે ગુજરાત ગણોત અને ખેતીની જમીન અધિનિયમ (ગુજરાત ગણોત અને ખેતીની જમીન અધિનિયમ) 1948ની કલમ 63AA હેઠળ ડિસેમ્બર 2015 અને જૂન 2019 વચ્ચે આ કબજેદારો દ્વારા ખરીદવામાં આવેલી ખેતીની જમીનના ખરા અર્થમાં ઔદ્યોગિક ઉપયોગ માટે કબજેદારોને iORA[21] દ્વારા પરવાનગી/પ્રમાણપત્રો બહાર પડાયેલ હતા (માર્ચ અને ઓક્ટોબર 2020 વચ્ચે). બહાર પડાયેલ પ્રમાણપત્રમાં નિર્ધારિત શરતો અનુસાર, કબજેદારોએ સક્ષમ અધિકારી પાસેથી ગુજરાત જમીન મહેસૂલ સંહિતા હેઠળ બિન-ખેતીની પરવાનગી મેળવવી જરૂરી હતી. જો કે, કબજેદારોએ બિન-ખેતી પરવાનગી માટે અરજી કરી ન હતી (29 જૂન 2021 સુધી). વધુમાં, ખરા અર્થમાં ઔદ્યોગિક ઉપયોગ માટે જમીન ખરીદવાની તારીખ અને ગુજરાત ગણોત

[18] નવા સર્વે નંબર 64 (જુના સર્વે નં. 16P3) ની 8,13,419 ચો.મી., ગામ: ખંડેરી, તાલુકો: પડધરી, જીલ્લો: રાજકોટ અને રેવન્યુ સર્વે નં. 197P, ગામ: પરાપીપળીયા, તાલુકો અને જીલ્લો: રાજકોટ.

[19] ગામ: બહાદુરપુર, તાલુકો: સંખેડા, જીલ્લો: છોટા ઉદેપુર રેવન્યુ સર્વે નં. 437, 438, 441, 771, 772, 773 અને 774 ની 91,088 ચો.મી.

[20] ગામ, તાલુકો અને જિલ્લો: અમરેલી ની રેવન્યુ સર્વે નં. 334 બાગ 5 ની 20,000 ચો.મી.

[21] સંકલિત ઓનલાઇન રેવન્યુ એપ્લીકેશન.

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		અને ખેતીની જમીન અધિનિયમની કલમ 63AA હેઠળ કલેક્ટરને નોટિસ મોકલવાની તારીખ વચ્ચે છથી 50 મહિનાનો તફાવત હતો જેમાં તેમને ખરીદેલી જમીનના ખરા અર્થમાં ઔદ્યોગિક ઉપયોગ માટે જાણ કરવામાં આવી હતી. જો કે, ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ શરૂ કરવાની વાસ્તવિક તારીખ અંગે કોઈ વિગતો રેકર્ડ પર ન હતી. ગુજરાત જમીન મહેસૂલ સંહિતાની કલમ 67A મુજબ, જે દિવસે બિન-ખેતી પરવાનગી આપવામાં આવે અથવા મંજૂર કરવામાં આવે અથવા જે તારીખે જમીન બિન-ખેતી ઉપયોગ માટે મૂકવામાં આવે તેમાંથી જે પહેલા હોય તે તારીખથી. રૂપાંતર વેરો ચૂકવવાપાત્ર છે. આમ, આ છ કેસોમાં, કબજેદારોએ ગુજરાત ગણોત અને ખેતીની જમીન અધિનિયમની કલમ 63AA હેઠળ પ્રમાણપત્ર બહાર પાડવાની તારીખથી અથવા ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ શરૂ કરવાની તારીખથી, જે પહેલા હોય તે તારીખથી રૂપાંતર વેરો ચૂકવવાનો હતો. જો કે, કલેક્ટરે પ્રમાણપત્ર બહાર પાડતી વખતે લાગુ બિન-ખેતી આકારણી વસૂલ કરી હોવા છતાં, સત્તાવાળાએ ₹ 7.49 લાખનો રૂપાંતર વેરો વસૂલ કર્યો ન હતો. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (જુલાઈ 2023) કે ઉપરોક્ત છ કેસોમાં જમીન રેકર્ડમાં બોજાની નોંધો કરવામાં આવી હતી (જુલાઈ 2023). વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025). સાબરમતી રિવરફ્રન્ટ વિકસાવવાના હેતુસર અમદાવાદ મહાનગરપાલિકા (અ.મ્યુ.કો.)[22] ને 7,21,102 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ફાળવવામાં આવી હતી (ફેબ્રુઆરી 2020). માર્ચ 2020માં AMCને જમીનનો આગોતરો કબજો આપવામાં આવ્યો હતો. જો કે, ₹ 2.16 કરોડનો લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલવામાં આવ્યો ન હતો. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે ઓડિટ અવલોકન સ્વીકાર્યું ન હતું, પરંતુ જણાવ્યું હતું (જૂન 2021) કે અંતિમ ફાળવણી હુકમ બહાર પાડતી વખતે AMC પાસેથી અન્ય વેરા સાથે રૂપાંતર વેરો વસૂલવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025). • છ કેસોમાં, કલેક્ટરે 21,083.56 ચોરસ મીટર જેટલી સરકારી/ગૌચર જમીનનો આગોતરો કબજો નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (મુંબઈ-અમદાવાદ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટ

[22] સર્વે નં. બિન-નંબરી(સર્વે નંબર વગર), ગામ(મો): અચેર, મોટેરા, દરિયાપુર-કાજીપુર અને હાંસોલ.

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		માટે 3,969.56 ચોરસ મીટર જમીન), અમદાવાદ મહાનગરપાલિકા (પાણી વિતરણ વ્યવસ્થા માટે 13,272 ચોરસ મીટર જમીન) અને સાણંદ નગરપાલિકા (અલગીકરણ અને સામગ્રીની પુનઃપ્રાપ્તિની સુવિધા માટે 3,842 ચોરસ મીટર જમીન) ને આપ્યો હતો (ઓક્ટોબર 2020 અને મે 2022 વચ્ચે). જો કે, કલેક્ટરે લાગુ પડતો રૂપાંતર વેરો લાગુ કર્યો ન હતો અને વસૂલ કર્યો ન હતો. આના પરિણામે ₹ 6.33 લાખના રૂપાંતર વેરાની વસૂલાત થઇ ન હતી. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2023) કે અંતિમ ફાળવણી હુકમ બહાર પાડતી વખતે અન્ય કરવેરા સાથે રૂપાંતર વેરો વસૂલ કરવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025). ઉપરોક્ત કેસોમાં અમદાવાદના કલેક્ટરનો જવાબ સ્વીકાર્ય નથી કારણ કે ગુજરાત જમીન મહેસૂલ સંહિતાની કલમ 67A સ્પષ્ટપણે જણાવે છે કે જમીનના બિન-ખેતી ઉપયોગ માટે પરવાનગી/માન્ય પરવાનગીની તારીખથી અથવા જમીનનો ઉપયોગ કરવામાં આવે તે તારીખથી, જે પણ વહેલું હોય તે તારીખથી રૂપાંતર વેરો ચૂકવવાપાત્ર રહેશે. વધુમાં, મહેસૂલ વિભાગે ગુજરાત ગણોત અને ખેતીની જમીન અધિનિયમ હેઠળ પ્રમાણપત્ર બહાર પાડતી વખતે લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલવા માટે સક્ષમ અધિકારીને સત્તા આપવા માટે iORA સોફ્ટવેરને અદ્યતન કરવાની વિચારણા કરવી જરૂરી છે. • જિલ્લા કલેક્ટરે 2,98,131 ચોરસ મીટર જમીનના 28 કેસોમાં ગ્રામીણ વિસ્તારોમાં લાગુ પડતા દરે રૂપાંતર વેરો વસૂલ કરીને બિન-ખેતીની મંજૂરી આપી હતી (2020-21 અને 2021-22 માં), જેમાં બહુહેતુક ઉપયોગના 10 કેસ, રહેણાંક ઉપયોગના 14 કેસ, ઔદ્યોગિક ઉપયોગના ત્રણ કેસ અને વાણિજ્યિક ઉપયોગના એક કેસનો સમાવેશ થાય છે. જો કે, આ કેસોમાં સામેલ જમીન અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) એટલે કે શહેરી સમૂહની હદમાં આવતી હતી હતી. આમ, આ કેસોમાં કલેક્ટરે શહેરી વિસ્તારોને ચોક્કસ હેતુ માટે લાગુ પડતા દરો અપનાવીને રૂપાંતર વેરો વસૂલ કરવાની જરૂર હતી. દરોના અયોગ્ય દરો લાગુ પાડવાના કારણે ₹ 38.600 લાખનો રૂપાંતર વેરો ઓછો વસૂલવામાં આવ્યો હતો. આ બાબત ધ્યાન પર લાવવામાં આવતાં, કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2023) કે આ કેસોમાં જમીનના રેકર્ડમાં બોજાની નોંધો કરવામાં

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		આવશે અને રૂપાંતર વેરાની ખૂટતી રકમની વસૂલાત માટે કાર્યવાહી શરૂ કરવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).
3	જીલ્લા કલેક્ટર, ગાંધીનગર 16 કેસો 0.83	• ચાર કેસોમાં, જિલ્લા કલેક્ટરે 3,10,448 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) પુરાણના સ્થળ (લેન્ડફિલ સાઇટ) માટે 2,02,350 ચોરસ મીટર), GWSSB (સબ-હેડવર્ક્સ માટે 7,487 ચોરસ મીટર), કલોલ મ્યુનિસિપાલિટી (કચરાના નિકાલ માટે 48,000 ચોરસ મીટર) અને ગુજરાત બાયોટેક યુનિવર્સિટી (52,611 ચોરસ મીટર) ને ફાળવી/આગોતરો કબજો સોંપ્યો હતો (સપ્ટેમ્બર 2020 અને ઓગસ્ટ 2022 વચ્ચે). આ ચાર કેસોમાં, કલેક્ટરે ત્રણ કેસોમાં લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલ કર્યો ન હતો જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાના કિસ્સામાં, કલેક્ટરે ચોરસ મીટર દીઠ ₹ 30 ના યોગ્ય દરને બદલે ચોરસ મીટર દીઠ ₹ 6ના (ગ્રામીણ વિસ્તારને લાગુ પડતો) દરે રૂપાંતર વેરો વસૂલ્યો હતો, કારણ કે ફાળવવામાં આવેલી જમીન ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં આવતી હતી. આના પરિણામે ₹ 66.57 લાખના રૂપાંતર વેરાની બિન/ઓછી વસૂલાત થઇ હતી. ગાંધીનગરના કલેક્ટરે જવાબ આપ્યો હતો (જાન્યુઆરી 2025) કે તમામ ચાર કેસોમાં મિલકત ઉપર બોજાની નોંધ કરવામાં આવી છે. • જિલ્લા કલેક્ટરે 50,820 ચોરસ મીટર જેટલી જમીનને લગતા 12 કેસોમાં ગ્રામીણ વિસ્તારોમાં લાગુ પડતા ચોરસ મીટર દીઠ ₹ આઠના દરે રૂપાંતર વેરો વસૂલ કરીને બિન-ખેતીની પરવાનગી આપી હતી (જૂન અને જુલાઈ 2020 માં). આ કેસોમાં સામેલ જમીન ગાંધીનગર મહાનગરપાલિકા એટલે કે શહેરી સમૂહની હદમાં આવતી હોવાથી, કલેક્ટરે શહેરી વિસ્તારોને લાગુ પડતા ચોરસ મીટર દીઠ ₹ 40 ના દરે રૂપાંતર વેરો વસૂલવાની જરૂર હતી. દર ખોટી રીતે લાગુ કરવાથી ₹ 16.26 લાખનો રૂપાંતર વેરો ઓછો વસૂલવામાં આવ્યો. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2023) કે સંબંધિત એજન્સી/વ્યક્તિને લાગુ પડતા રૂપાંતર વેરાની ચૂકવણી કરવા માટે જણાવવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
4	જીલ્લા કલેક્ટર, કચ્છ-ભુજ 02 કેસો 0.26	બે કિસ્સાઓમાં, જમીન ધારકો (વ્યક્તિઓ) એ ગાંધીધામ તાલુકાના બે ગામોમાં[23] આવેલી 89,132 ચોરસ મીટર જેટલી ખેતીની જમીનને 'રહેણાંક વત્તા વાણિજ્યિક' ઉપયોગ માટે રૂપાંતર કરવા માટે અરજી કરી હતી. આ કિસ્સાઓમાં, ગાંધીધામ વિકાસ સત્તામંડળ દ્વારા મંજૂર કરાયેલ નકશાના આધારે, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' ઉપયોગ માટે ચોરસ મીટર દીઠ ₹ 10 અને 'વાણિજ્યિક' ઉપયોગ માટે ચોરસ મીટર દીઠ ₹ 30 ના દરે રૂપાંતર વેરો વસૂલ કર્યો હતો. જો કે, અરજદારો દ્વારા રજૂ કરાયેલ નકશાની ચકાસણીમાં, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે- • સિણાય ગામની 58,983 ચોરસ મીટર જેટલી જમીનના કિસ્સામાં, કલેક્ટરે વિકાસ યોજના માર્ગ, આંતરિક રસ્તાઓ માટેનો વિસ્તાર, બગીચો/ઉદ્યાન પ્લોટ અને રહેણાંક પ્લોટનો વિસ્તાર ધ્યાનમાં લીધો હતો, જે કુલ 56,038.16 ચોરસ મીટર 'રહેણાંક' ઉપયોગ હેઠળ હતો જ્યારે બાકીના 2,944.84 ચોરસ મીટરના 'શોપિંગ પ્લોટ' ના વિસ્તારને 'વાણિજ્યિક' ઉપયોગ હેઠળ ગણવામાં આવ્યો હતો. • અંતરજન ગામની 30,149 ચોરસ મીટર જમીનના કિસ્સામાં, કલેક્ટરે માર્ગનો વિસ્તાર, બગીચાનો વિસ્તાર, પાણીની લાઇનનો ભાગ અને રહેણાંક પ્લોટનો કુલ 29,345 ચોરસ મીટર વિસ્તાર 'રહેણાંક' ઉપયોગ હેઠળ ધ્યાનમાં લીધો હતો જ્યારે શોપિંગ વિસ્તાર અને પાણીની લાઇનનો ભાગ ધરાવતા 804 ચોરસ મીટરના બાકીના વિસ્તારને 'વાણિજ્યિક' ઉપયોગ હેઠળ ગણવામાં આવ્યો હતો. • ઓડિટમાં વધુમાં ધ્યાન પર આવ્યુ હતું કે જમીનના વિવિધ ઉપયોગો માટે નકશો સામાન્ય હતો એટલે કે 'રહેણાંક વત્તા વાણિજ્યિક'. આમ, આંતરિક/બહારના માર્ગો, બગીચો/ઉદ્યાન અને પાણીની લાઇનના સામાન્ય વિસ્તારની જમીનના વિવિધ ઉપયોગો થાય છે. તેથી, કલેક્ટરે આ અરજીઓને 'અન્ય વિવિધ બિન-ખેતીના હેતુ' હેઠળ બિન-ખેતીના ઉપયોગ માટે ધ્યાનમાં લેવાની જરૂર હતી. ઉપરાંત, ચોરસ મીટર દીઠ ₹ 10 ના દરે રૂપાંતર વેરો ફક્ત 'રહેણાંક', 'સખાવતી' અને 'કામચલાઉ બિન-ખેતીના હેતુ' ને જ લાગુ પડે છે. આમ, 'રહેણાંક' અને 'વાણિજ્યિક' જમીન ઉપયોગ બંનેને ઉપયોગી આંતરિક રસ્તાઓ, બગીચા/ઉદ્યાન અને પાણીની લાઇનને 'રહેણાંક' વર્ગ હેઠળ ગણવી અને ઓછા દરે રૂપાંતર કર વસૂલ કરવો અયોગ્ય હતો.

[23] (i) અંતરજન અને (ii) સિણાય.

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		ઉપરોક્ત હકીકતોને ધ્યાનમાં રાખીને, 2016ની સુધારેલી જોગવાઈઓ મુજબ, કલેક્ટરે 'અન્ય વિવિધ બિન-ખેતી હેતુ' માટે લાગુ પડતા ચોરસ મીટર દીઠ ₹ 40 દરે રૂપાંતર વેરો વસૂલવાની જરૂર હતી. યોગ્ય દર ન અપનાવવાના પરિણામે ₹ 25.99 લાખનો રૂપાંતર વેરો ઓછો વસૂલ કરવામાં આવ્યો હતો. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, મહેસૂલ વિભાગે જણાવ્યું હતું (જૂન 2024) કે બન્ને કેસોમાં જમીનના રેકર્ડમાં બોજાની નોંધો કરવામાં આવી હતી (ફેબ્રુઆરી 2024). આગળ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ ૨૦૨૫).
5	જીલ્લા કલેક્ટર, કચ્છ-ભુજ 04 કેસો 0.10	• બે કિસ્સાઓ[24] જેમાં જમીન એક લાખથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારમાં આવતી હતી, તેમાં જિલ્લા કલેક્ટરે 'બહુહેતુક' ઉપયોગ માટે પરવાનગી આપતી વખતે, જમીન ગ્રામીણ વિસ્તારમાં આવતી હોવાનું ગણીને ચોરસ મીટર દીઠ ₹ 40 ના યોગ્ય દરના બદલે ચોરસ મીટર દીઠ ₹ 8 ના દરે રૂપાંતર વેરો વસૂલ કર્યો હતો. આના પરિણામે ₹ 8.73 લાખ જેટલા રૂપાંતર વેરાની ઓછી વસૂલાત થઇ હતી. • અંજાર તાલુકાના વરસામેડી ગામમાં આવેલી 4,021 ચોરસ મીટર જમીનના કિસ્સામાં, લાગુ પડતું પ્રીમિયમ વસૂલ કરીને 'નવી અને પ્રતિબંધિત શરત' માંથી 'જૂની શરત'માં 'વાણિજ્યિક' હેતુ માટે જમીન રૂપાંતરિત કરવામાં આવી હતી[25] છતાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' હેતુ માટે લાગુ પડતા (ચોરસ મીટર દીઠ ₹ 10) દરે રૂપાંતર વેરાની વસૂલાત બાબતમાં 'બહુહેતુક' ઉપયોગ માટે આદેશ બહાર પાડવામાં આવેલ હતો. પ્રસ્તુત કિસ્સામાં, કલેક્ટરે 'વાણિજ્યિક' હેતુ માટે લાગુ પડતા ₹ 30 પ્રતિ ચોરસ મીટરના દરે રૂપાંતર વેરો વસૂલવાની જરૂર હતી. આના પરિણામે ₹ 0.80 લાખનો રૂપાંતર વેરો ઓછો વસૂલ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે, તે જ ગામમાં આવેલી 29,227 ચોરસ મીટર જમીનના કિસ્સામાં, કલેક્ટરે ચોરસ મીટર દીઠ ₹ 8 ના યોગ્ય દર (એટલે કે સૌથી વધુ દર) ને બદલે ચોરસ મીટર દીઠ ₹ છના ('વાણિજ્યિક' હેતુ માટે લાગુ) દરે રૂપાંતર વેરો વસૂલ કરીને

[24] (i) ગામ મીઠી રોહર, તાલુકાઃ ગાંધીધામ ખાતે આવેલી 15,530 ચો.મી. જેટલી ગાંધીધામ વિકાસ સત્તામંડળ હેઠળની જમીન અને (ii) ભુજ શહેરમાં આવેલી 11,736 ચો.મી. જેટલી જમીન.

[25] 'નવી અને પ્રતિબંધિત શરત' ની જમીન એટલે જમીનનો કબજો કરવાનો અધિકાર જે જિલ્લા સત્તામંડળની પૂર્વ મંજૂરી વિના બિન-તબદીલીપાત્ર અને સોંપી શકાય છે જ્યારે 'જૂની શરત' ની જમીન એટલે એવી જમીન જે તબદીલીના તમામ નિયંત્રણોથી મુક્ત હોય પરંતુ જમીનના ઉપયોગના પરવાનગી આપેલા હેતુને આધીન હોય.

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		'બહુહેતુક' ઉપયોગ માટે પરવાનગી આપી હતી. આના પરિણામે ₹ 0.58 લાખના રૂપાંતર વેરાની ઓછી વસૂલાત થઇ હતી. આમ, આ ચાર કેસોમાં કુલ ₹ 10.11 લાખ જેટલા રૂપાંતર વેરાની ઓછી વસૂલાત થઇ હતી. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (ઓગસ્ટ 2023) કે ઓડિટ નિરીક્ષણમાં સામેલ જમીનનો લેઆઉટ પ્લાન સંબંધિત સત્તાવાળાઓ પાસેથી મંગાવવામાં આવ્યો હતો. લેઆઉટ પ્લાનની ચકાસણી પછી જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).
6	જિલ્લા કલેક્ટર, સુરેન્દ્રનગર 43 કેસો 0.34	• જિલ્લા કલેક્ટરે જિલ્લાના વિવિધ ગામોમાં આવેલી 6,53,026 ચોરસ મીટર જમીનને લગતા 43 કેસોમાં બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (નવેમ્બર 2018 અને માર્ચ 2022 વચ્ચે). આ કેસોમાં, કલેક્ટરે શહેરી કે ગ્રામીણ વિસ્તારમાં આવતી જમીનના આધારે બહુહેતુક ઉપયોગ માટે લાગુ પડતા ચોરસ મીટર દીઠ ₹ 40 અથવા ચોરસ મીટર દીઠ ₹ આઠ ના દરને બદલે ચોરસ મીટર દીઠ ₹ 10/ ₹ છ/ ₹ બે ના દરે રૂપાંતર વેરો વસૂલ કર્યો હતો. આ કેસોમાં અયોગ્ય દરો લાગુ કરવાથી ₹ 34.09 લાખ જેટલા રૂપાંતર વેરાની ઓછી વસૂલાત થઇ હતી. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2023) કે કેસોની ચકાસણી પછી ખૂટતા રૂપાંતર વેરા વસૂલાત માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આગળ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).
7	જીલ્લા કલેક્ટર, ભાવનગર 01 કેસો 0.13	• મહેસૂલ વિભાગના તારીખ 11 જાન્યુઆરી 2021ના ઠરાવ અનુસાર, જિલ્લા કલેક્ટરે ભાવનગર તાલુકાના નવા રતનપર ગામમાં આવેલી 2,21,417 ચોરસ મીટર જેટલી સરકારી જમીન બિન-લવણીકરણ (ડિસેલિનેશન) પ્લાન્ટ માટે ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL) ને ફાળવી હતી (જાન્યુઆરી 2021). જો કે, કલેક્ટરે ₹ 13.29 લાખનો લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલ કર્યો ન હતો. આ ધ્યાન પર લાવવામાં આવ્યું ત્યારે, કલેક્ટરે જણાવ્યુ હતું (જાન્યુઆરી 2025) કે GWIL પાસેથી ₹ 13.29 લાખ વસૂલ કરવામાં આવ્યા છે.

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
8	જિલ્લા કલેક્ટર, દાહોદ 08 કેસો 0.09	• જિલ્લા કલેક્ટરે દાહોદ, એક શહેરી વિસ્તાર (છ કેસ) અને બે અન્ય ગામોમાં આવેલી 66,584 ચોરસ મીટર જેટલી જમીન માટે સાત કેસોમાં બહુહેતુક ઉપયોગ માટે અને એક કેસમાં રહેણાંક હેતુ માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (એપ્રિલ 2019 અને ઓગસ્ટ 2021 વચ્ચે). શહેરી વિસ્તારમાં આવેલી જમીનના બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતીની પરવાનગીના પાંચ કેસોમાં, કલેક્ટરે શહેરી વિસ્તારોમાં લાગુ પડતા ચોરસ મીટર દીઠ ₹ 40 ના યોગ્ય દરના બદલે ગ્રામીણ વિસ્તારોમાં લાગુ પડતા ચોરસ મીટર દીઠ ₹ આઠ ના દરે રૂપાંતર વેરો વસૂલ કર્યો હતો. તેવી જ રીતે, ગ્રામીણ વિસ્તારોમાં આવેલી જમીનના બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતી પરવાનગીના બે કેસોમાં, કલેક્ટરે ચોરસ મીટર દીઠ ₹ આઠ ના યોગ્ય દરને બદલે ચોરસ મીટર દીઠ ₹ છ (વાણિજ્યિક હેતુ માટે લાગુ પડતા) અને ચોરસ મીટર દીઠ ₹ બે (રહેણાંક હેતુ માટે લાગુ પડતા) ના દરે રૂપાંતર વેરો વસૂલ કર્યો હતો. શહેરી વિસ્તારમાં આવેલા રહેણાંકના હેતુ માટે બિન-ખેતી પરવાનગીના બાકીના એક કેસમાં, કલેક્ટરે ચોરસ મીટર દીઠ ₹ 10 ના યોગ્ય દરના બદલે ચોરસ મીટર દીઠ ₹ આઠ ના દરે રૂપાંતર વેરો વસૂલ કર્યો હતો. આમ, ખોટા દર લાગુ કરવાથી ₹ 9.07 લાખનો રૂપાંતર કર ઓછો વસૂલવામાં આવ્યો. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (ડિસેમ્બર 2023) કે શહેરી કે ગ્રામીણ વિસ્તારમાં વર્ગીકરણ અંગે દાહોદ નગરપાલિકા સાથે પરામર્શ કર્યા પછી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આગળ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).
9	જીલ્લા કલેક્ટર, પંચમહાલ 17 કેસો 0.09	• ગોધરા અને જિલ્લાના અન્ય 13 ગામોમાં આવેલી 1,26,899 ચોરસ મીટરની જમીનને લગતા 17 કેસોમાં બહુહેતુક ઉપયોગ માટે જિલ્લા કલેક્ટરે બિન-ખેતીની પરવાનગી આપી હતી (એપ્રિલ અને ઓગસ્ટ 2019 વચ્ચે). આ કેસોમાં, અરજદારોએ તેમની અરજીઓમાં કોઈ ચોક્કસ બિન-ખેતીના હેતુનો ઉલ્લેખ કર્યો ન હતો. આમ, આ કેસોમાં અરજદારો તેમની જરૂરિયાત(તો) અનુસાર તેમની જમીનના બિન-ખેતીના ઉપયોગ માટે પાત્ર હતા. તેથી, આ કેસોમાં કલેક્ટરે 'બહુહેતુક' ઉપયોગ માટે લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલ કરવાની જરૂર હતી. જો કે, કલેક્ટરે રહેણાંક હેતુ માટે લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલ કર્યો હતો એટલે કે ગ્રામીણ વિસ્તારોમાં આવેલી જમીન માટેના ચોરસ મીટર દીઠ ₹ બે ના દરે (16 કેસ) અને શહેરી વિસ્તારમાં આવેલી જમીન માટે ચોરસ મીટર દીઠ ₹ 10 ના દરે (એક કેસ). આ કેસોમાં લાગુ પડતો સાચો દર ગ્રામીણ વિસ્તારો

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
		માટે ચોરસ મીટર દીઠ ₹ આઠ અને શહેરી વિસ્તાર માટે ચોરસ મીટર દીઠ ₹ 40 હતો. આ કેસોમાં અયોગ્ય દરો લાગુ કરવાથી રૂપાંતર વેરાની ₹ 9.45 લાખની ઓછી વસૂલાત થઇ હતી. આ ધ્યાન પર લાવવામાં આવ્યુ ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2024) કે કેસોની ચકાસણી પછી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).
10	જીલ્લા કલેક્ટર, બોટાદ 01 કેસ 0.07	• મહેસૂલ વિભાગના તારીખ 20 સપ્ટેમ્બર 2018ના સરકારી ઠરાવ અનુસાર, બોટાદ ખાતે આવેલી 1,21,410 ચોરસ મીટર જમીન જવાહર નવોદય વિદ્યાલયને ફાળવવામાં આવી હતી (ઓક્ટોબર 2018). જો કે, વિભાગ કે કલેક્ટરે ₹ 7.28 લાખનો લાગુ રૂપાંતર કર વસૂલ્યો ન હતો. આ બાબત ધ્યાન દોરવામાં આવ્યુ ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2024) કે સરકાર દ્વારા બહાર પડાયેલ નિયમો/નિયમો અને સરકારના ઠરાવ/પરિપત્રોની જોગવાઈઓ ચકાસ્યા પછી જવાબ આપવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).
11	જીલ્લા કલેક્ટર, અમરેલી 01 કેસ 0.05	• મહેસૂલ વિભાગના તારીખ 16 ઓક્ટોબર 2019ના ઠરાવ અનુસાર, જિલ્લા કલેક્ટરે રાજુલાના ચાંચ ગામમાં આવેલી 89,034 ચોરસ મીટર જેટલી સરકારી જમીન બિન-લવણીકરણ (ડિસેલિનેશન) પ્લાન્ટ માટે GWILને ફાળવી હતી (ફેબ્રુઆરી 2020). જો કે, કલેક્ટરે ₹ 5.34 લાખનો લેવાપાત્ર રૂપાંતર વેરો વસૂલ કર્યો ન હતો. આ બાબત ધ્યાન દોરવામાં આવ્યુ ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2024) કે કેસની યોગ્ય ચકાસણી કર્યા પછી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025).
12	જીલ્લા કલેક્ટર, વડોદરા 04 કેસો 3.75	• દસ કેસોમાં, જિલ્લા કલેક્ટરોએ વિવિધ રેલ્વે/માર્ગ પરિયોજનાઓ માટે 2011-12 અને 2022-23 વચ્ચે પશ્ચિમ રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) અને ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (DFCCI) નામની વિવિધ એજન્સીઓને 4,73,95,017 ચોરસ મીટર જમીન ફાળવી હતી. આ રીતે ફાળવવામાં આવેલી જમીનમાં 4,73,65,828 ચોરસ મીટર જેટલી સંપાદિત જમીન અને 29,189 ચોરસ મીટર જેટલી સરકારી જમીન (મોરબી જિલ્લામાં) નો સમાવેશ થાય છે. જો કે, સંબંધિત કલેક્ટરે લાગુ પડતા રૂપાંતર વેરાની વસૂલાત કરી ન હતી. આના પરિણામે ₹ 7.28 કરોડનો રૂપાંતર વેરો વસૂલ કરવામાં આવ્યો ન હતો.
13	જીલ્લા કલેક્ટર, દાહોદ 01 કેસ 0.29	
14	જીલ્લા કલેક્ટર, પાટણ	

ક્રમાંક.	કચેરી/ કેસોની સંખ્યા રૂપાંતરિત વેરાની બિન/ઓછી વસૂલાત (₹ કરોડમાં)	અવલોકનનો પ્રકાર
	02 કેસો 0.05	આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, નાયબ કલેક્ટર (ખાસ જમીન સંપાદન અધિકારી), વડોદરાએ જણાવ્યું હતું (મે 2021, ઓગસ્ટ અને નવેમ્બર 2023) કે એજન્સીઓ લાગુ રૂપાંતર કર ચૂકવવા માટે સંમત થઈ નથી કારણ કે રાજ્યનો વેરો રેલ્વે અધિનિયમ 1989 અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ અધિનિયમ 1956 હેઠળ વસૂલ કરી શકાતો નથી. દાહોદના જિલ્લા કલેક્ટરે (જુલાઈ 2024) જણાવ્યું હતું કે રૂપાંતર વેરો ચૂકવવા માટે પ્રોજેક્ટ ડિરેક્ટર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળના ધ્યાન પર આ બાબત લાવવામાં આવી છે. આગળ કોઈ પ્રતિભાવ મળ્યો નથી. મોરબી અને પાટણ જિલ્લાના જિલ્લા કલેક્ટરો આ બાબતની સમીક્ષા કરવા અને જરૂરી કાર્યવાહી કરવા સંમત થયા હતા. પંચમહાલના જિલ્લા કલેક્ટરે ખાસ જમીન સંપાદન અધિકારીને લાગુ પડતો રૂપાંતર વેરો વસૂલવા સૂચના આપી હતી (ફેબ્રુઆરી 2024). વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (માર્ચ 2025). વડોદરાના નાયબ કલેક્ટરનો જવાબ ખાતરી લાયક નથી કારણ કે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે સમયાંતરે બહાર પડાયેલ વિવિધ પરિપત્રો અને સરકારી ઠરાવ દ્વારા ગુજરાત જમીન મહેસૂલ સંહિતા હેઠળ રૂપાંતર વેરો લાગુ પડતો હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો. વધુમાં, મહેસૂલ વિભાગે જાન્યુઆરી 2024ના તેના પત્રમાં NHAIને લાગુ પડતો રૂપાંતર વેરો ચૂકવવા જણાવ્યું હતું. આથી, ઉપરોક્ત કેસોમાં લાગુ પડતો રૂપાંતર વેરો સંબંધિત ફાળવણી મેળવનાર પાસેથી વસૂલ કરવો જરૂરી છે.
15	જીલ્લા કલેક્ટર, પંચમહાલ 01 કેસો 2.96	
16	જીલ્લા કલેક્ટર, મોરબી 02 કેસો 0.23	

આ બાબતની સરકારને સપ્ટેમ્બર 2020, ઓક્ટોબર 2021, જૂન 2023, ડિસેમ્બર 2023, ફેબ્રુઆરી/માર્ચ/એપ્રિલ/સપ્ટેમ્બર 2024 અને જાન્યુઆરી/ફેબ્રુઆરી 2025માં જાણ કરવામાં આવી હતી. ઉપર સામેલ કરવામાં આવેલા કેસ સિવાય, આ કેસોમાં જવાબ હજુ પણ મળ્યો નથી (માર્ચ 2025).

3.3 વ્યાજની બિન/ ઓછી વસૂલાત

21 કેસોમાં ભોગવટાની કિંમતના તફાવત અથવા પટાના ભાડાની વિલંબિત ચુકવણી પર ₹ 5.74 કરોડનું વ્યાજ ક્યાં તો ઓછું વસૂલ કરવામાં આવ્યું હતું અથવા વસૂલ કરવામાં આવ્યું ન હતું.

તારીખ 7 સપ્ટેમ્બર 2009ના સરકારી ઠરાવની સાથે 23 ફેબ્રુઆરી 2015 નો સરકારી ઠરાવ વંચાણે લેતાં, પ્રવર્તમાન જંત્રી દરો અનુસાર ઉચ્ચક ભોગવટાની કિંમત વસૂલ કર્યા વિના બોર્ડ, કોર્પોરેશન, નગરપાલિકાઓ વગેરેને સરકારી જમીનનો આગોતરો કબજો આપવા પર પ્રતિબંધ મૂકે છે. વધુમાં,

જિલ્લા સ્તરીય મૂલ્યાંકન સમિતિ (DLVC) અથવા રાજ્ય સ્તરીય મૂલ્યાંકન સમિતિ (SLVC), જમીનનો આગોતરો કબજો આપતી વખતે જમીનની કિંમત નક્કી કરશે. ફાળવણી મેળવનાર જમીનનો ભોગવટાની કિંમતનો તફાવત ચૂકવવા માટે જવાબદાર છે, જે આગોતરો કબજો લેતી વખતે ચૂકવવામાં આવેલી ઉચ્ચક ભોગવટાની કિંમત ઉપરાંત અને જમીનના આગોતરા કબજાની તારીખથી ભોગવટાની કિંમતના તફાવતની અંતિમ ચુકવણી સુધીના સમયગાળા માટે વાર્ષિક આઠ/10 ટકાના દરે વ્યાજ ચૂકવવા માટે જવાબદાર છે. વધુમાં, પવન/સૌર/પવન-સૌર હાઇબ્રિડ પાર્કની સ્થાપના માટે સરકારી જમીનની મંજૂરીનું નિયમન કરતા તારીખ 25 જાન્યુઆરી 2019ના સરકારના ઠરાવ મુજબ, જમીનનો કબજો આપતી વખતે વાર્ષિક પટાનું ભાડું અને અન્ય વેરા અગાઉથી ચૂકવવાના રહેશે. જો ભાડે લેનાર 90 દિવસની અંદર પટાનુ ભાડું અને અન્ય વેરા ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વાર્ષિક 12 ટકાના દરે વ્યાજ વસૂલ કરવામાં આવશે. ગુજરાત ઔદ્યોગિક નીતિ 2020 હેઠળ સરકારી જમીનની ફાળવણીને નિયંત્રિત કરતા તારીખ 30 માર્ચ 2021ના સરકારના ઠરાવમાં આવી જ જોગવાઈઓ કરવામાં આવી છે.

અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર અને છ જિલ્લા કલેક્ટર કચેરીઓ[26]ના ઓડિટ દરમિયાન, ઓડિટમાં 21 કેસોમાં ₹ 5.74 કરોડનું વ્યાજ બિન/ઓછી વસૂલાત કરવામાં આવી હોવાનું (નવેમ્બર 2021 અને જાન્યુઆરી 2024 વચ્ચે) સામે આવ્યું હતું. વિગતો નીચે મુજબ છે:

- મહેસૂલ વિભાગના તારીખ 14 સપ્ટેમ્બર 2020ના સરકારી ઠરાવ અનુસાર, કચ્છ જિલ્લા કલેક્ટરે બે કંપનીઓને નવીનીકરણીય ઊર્જા પાર્ક સ્થાપવા માટે 19,000 હેક્ટર અને 9,500 હેક્ટર જેટલી સરકારી જમીન ફાળવી હતી (12 ડિસેમ્બર 2020). આ કિસ્સાઓમાં, ફાળવણી મેળવનારાઓએ જમીનની ફાળવણીના 90 દિવસની અંદર પ્રથમ વર્ષ માટે અનુક્રમે ₹ 28.50 કરોડ અને ₹ 14.25 કરોડ વાર્ષિક પટાનું ભાડું (હેક્ટર દીઠ ₹ 15,000 ના દરે) ચૂકવવાનું હતું. જોકે, એક કંપનીએ 09 નવેમ્બર 2022ના રોજ લાગુ પડતું પટાનું ભાડું ચૂકવ્યું હતું જ્યારે બીજી કંપનીએ 16 ડિસેમ્બર 2022ના રોજ પટાનું ભાડું ચૂકવ્યું હતું. આમ, કલેક્ટરે આ કંપનીઓ પાસેથી અનુક્રમે ₹ 5.69 કરોડ અને ₹ 3.02 કરોડનું વ્યાજ[27] વસૂલ કરવાનું હતું. જો કે, કલેક્ટરે અનુક્રમે ₹ 3.42 કરોડ અને ₹ 1.71 કરોડ જેટલા વ્યાજની વસૂલાત કરી હતી. આના પરિણામે પ્રથમ વર્ષ માટે વાર્ષિક પટાના ભાડાની રકમ જમા કરવામાં વિલંબ માટે કુલ ₹ 3.58 કરોડ (પ્રથમ કંપની: ₹ 2.27 કરોડ, બીજી કંપની: ₹ 1.31 કરોડ) વ્યાજની ઓછી વસૂલાત થઈ.

આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, વિભાગે જણાવ્યું હતું (જૂન 2023) કે કેસોની ચકાસણી પછી જવાબ આપવામાં આવશે. આગળ જવાબ મળ્યો નથી (ફેબ્રુઆરી 2025).

- તારીખ 08 એપ્રિલ 2021ના મહેસૂલ વિભાગના સરકારી ઠરાવ અનુસાર, ભરૂચ જિલ્લા કલેક્ટરે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને બલ્ક ડ્રગ્સ પાર્ક સ્થાપવા માટે 40,58,072 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ફાળવી હતી (03 ઓક્ટોબર 2022). ઉપરોક્ત જમીનનો આગોતરો કબજો 23 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાત ઔદ્યોગિક

[26] (i) આણંદ, (ii) છોટા ઉદેપુર, (iii) મહીસાગર, (iv) પોરબંદર, (v) સુરેન્દ્રનગર અને (vi) વલસાડ.

[27] વાર્ષિક 12 ટકાના દરે.

વિકાસ નિગમને આપી દેવામાં આવ્યો હતો. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે જમીનના આગોતરા કબજાના 90 દિવસની અંદર ₹ 6.57 કરોડ (જમીનની બજાર કિંમત એટલે કે ₹ 109.57 કરોડ ના છ ટકા) વાર્ષિક પટાનું ભાડું ચૂકવવાનું હતું. જોકે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે 28 સપ્ટેમ્બર 2021ના રોજ લાગુ પડતું લીઝ ભાડું ચૂકવી દીધું હતું. લીઝ ભાડાની વિલંબિત ચુકવણી પર ₹ 60.51 લાખ (વાર્ષિક 12 ટકાના દરે) વ્યાજ[28] લાગતું હતું. જો કે, કલેક્ટરે લાગુ પડતા વ્યાજની વસૂલાત કરી ન હતી. આના પરિણામે ₹ 60.51 લાખનું વ્યાજ વસૂલ કરવામાં આવ્યું ન હતું.

ગુ.રા.પો.હા.નિ.લિ. એ જવાબ આપ્યો (સપ્ટેમ્બર 2023 અને ફેબ્રુઆરી 2025) કે ડિસેમ્બર 2019માં સ્થળ મુલાકાત દરમિયાન પોલીસ મહાનિર્દેશક દ્વારા આપવામાં આવેલી મૌખિક પરવાનગી મુજબ કામ શરૂ કરવામાં આવ્યું હતું અને DGPની કચેરી તરફથી ગુ.રા.પો.હા.નિ.લિ.ને કામ શરૂ કરવા માટે કોઈ સત્તાવાર સૂચના આપવામાં આવી ન હતી. ઓડિટમાં રેકર્ડની ચકાસણીમાં પણ જવાબમાં જણાવેલ હકીકતની પુષ્ટિ થઇ હતી કે પોલીસ મહાનિર્દેશકની કચેરી તરફથી કોઈ સત્તાવાર સૂચનાના કોઈ દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ નથી. તેમાં વધુમાં જણાવવામાં આવ્યુ હતું કે ગુ.રા.પો.હા.નિ.લિ.ને સોંપવામાં આવેલા કામોમાં સંકળાયોલી જમીનના માલિકી હક અને માલિકીની વિગતો સામાન્ય રીતે લાભાર્થી એટલે કે જેના માટે ગુ.રા.પો.હા.નિ.લિ. બાંધકામ પ્રવૃત્તિ હાથ ધરે તે વિભાગ દ્વારા જાળવવામાં આવે છે.

[68] પોલીસ સ્ટાફ ક્વાર્ટર ₹ 24.43 કરોડના ખર્ચે વર્ગ B-156 (P+13) અને ₹ 93.56 કરોડના ખર્ચે વર્ગ B-480 (P+12).

ગુ.રા.પો.હા.નિ.લિ. નો જવાબ દર્શાવે છે કે લાભાર્થીઓ તરફથી સત્તાવાર સૂચના અને જમીનના માલિકી હકની યોગ્ય ચકાસણી વિના કામો હાથ ધરવામાં આવી રહ્યા હતા.

કામ નં. 2 માં, ચાર PSQ બ્લોક એટલે કે બ્લોક નં. 3થી 6 (કુલ 13 બ્લોકમાંથી[69]) ની જગ્યા એક સંરક્ષિત સ્મારકના[70] નિયંત્રિત ક્ષેત્રમાં હતી. જોકે, ગુ.રા.પો.હા.નિ.લિ. એ બાંધકામ હાથ ધરવા માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) પાસેથી પહેલેથી પરવાનગી મેળવી ન હતી.

આમ, સિનિયર કન્ઝર્વેશન આસિસ્ટન્ટ, આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, વડોદરા પેટા-વર્તુળ દ્વારા કામ બંધ કરવામાં આવ્યું હતું (માર્ચ 2021) અને ગુ.રા.પો.હા.નિ.લિ. એ રાષ્ટ્રીય સ્મારક સત્તામંડળ (રા.સ્મા.સ) પાસેથી પરવાનગી માટે અરજી કરી હતી (જૂન 2021), પરંતુ રા.સ્મા.સ એ અરજી ફગાવી દીધી હતી (જુલાઈ 2021). કામ બંધ કરતી વખતે (માર્ચ 2021) ચાર બ્લોક સંબંધિત ₹ 6.37 કરોડનું કામ પૂર્ણ થયું હતું. ગુ.રા.પો.હા.નિ.લિ. એ તેના જવાબમાં (ફેબ્રુઆરી 2025) કાર્ય હુકમ સમાપ્ત થયાની સ્થિતિ રજૂ કરી ન હતી પરંતુ જણાવ્યું હતું કે તે નવું ટેન્ડર બહાર પાડવાની યોજના ધરાવે છે. આમ, અધૂરું કામ સ્થગિત છે.

જો ગુ.રા.પો.હા.નિ.લિ. એ કાર્ય હુકમ બહાર પાડતા પહેલા જમીનના માલિકી હક અને વિગતોની ખાતરી કરી હોત, તો તેઓ જાણી શક્યા હોત કે તેમની પાસે સંરક્ષણ જમીન પર બાંધકામ કરવાનો કોઈ અધિકાર નથી અને સંરક્ષિત સ્મારકની નજીક હોવાનો અર્થ એ થાય કે સક્ષમ અધિકારી પાસેથી પરવાનગી લેવી જોઇએ. આમ, ₹ 7.81 કરોડનો ખર્ચ વેડફાયો છે કારણ કે કામ બંધ કરીને સ્થગિત રાખવું પડ્યું છે.

સુધારેલો કાર્ય હુકમ બહાર પાડવાથી ખર્ચમાં વધારો થયો

કામની વિગતો નીચે આપી છે:

કોષ્ટક 3.5: અધિક ખર્ચના કેસની વિગતો

કામ નં.	કામનું નામ	કાર્ય હુકમની તારીખ / કામ બંધ કરવાની તારીખ / કાર્ય હુકમની સત્તાવાર સમાપ્તિની તારીખ	ખર્ચમાં વધારો થવાની શક્યતા (₹ કરોડમાં)
3	₹ 16.21 કરોડના ખર્ચે હાથીજણ, અમદાવાદ ખાતે પોલીસ સ્ટાફ ક્વાર્ટરોનું બાંધકામ.	28 સપ્ટેમ્બર 2020/ 07 ઓક્ટોબર 2020/ 09 સપ્ટેમ્બર 2022	5.27

69 બ્લોક નં. 1 અને 2નું બાંધકામ ઓગસ્ટ 2022માં પૂર્ણ થયું હતું જ્યારે બ્લોક નં. 7થી 13નું બાંધકામ જાન્યુઆરી 2025માં પૂર્ણ થયું હતું.

70 હજીરા અથવા કુતબુદ્દિન મોહંમદ ખાનની દરગાહ, દાંતેશ્વર, વડોદરા.

2015-16ના દરોના પત્રક (SoR) ના આધારે કામ નં. 3ની અંદાજિત કિંમત ₹ 15.59 કરોડ હતી. ગુ.રા.પો.હા.નિ.લિ. એ ₹ 16.21 કરોડની કરારની રકમ માટે કાર્ય હુકમ બહાર પાડવામાં આવ્યો હતો (સપ્ટેમ્બર 2020).

ઓગસ્ટ 2015 માં, મૂળ પ્લોટ નં. 40 ગૃહ વિભાગને ફાળવવામાં આવ્યો હતો. બાદમાં, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને (અ,મ્યુ.કો.) એક સુધારેલી નગર આયોજનની કવાયત હાથ ધરી હતી (નવેમ્બર 2018) જેમાં મૂળ પ્લોટ નં. 40ને ફાઇનલ પ્લોટ નં. 40માં સમાવવામાં આવ્યો હતો. ફાઇનલ પ્લોટ નં. 40ને સમાવતી વખતે, મૂળ પ્લોટ નં. 40ના કેટલાક ભાગો રસ્તાઓ અને અનામત/જાહેર ઉપયોગિતા માટે કાપવામાં આવ્યા હતા જ્યારે અમુક ભાગ ફાઇનલ પ્લોટ નં. 39 (ખાનગી વ્યક્તિનો) માં સમાવવામાં આવ્યો હતો.

ઉપરોક્ત ફેરફારો અંગે અ.મ્યુ.કો. એ જિલ્લા કલેક્ટરને જાણ કરીને(ડિસેમ્બર 2018), 18 ડિસેમ્બર 2018ના રોજ સ્થાનિક પોલીસ અધિકારીઓને ફાઇનલ પ્લોટ નંબર 40 નો કબજો લેવા જણાવ્યું હતું. જો કે, સપ્ટેમ્બર 2020માં કાર્ય હુકમ બહાર પાડ્યા પછી વિભાગે નવેમ્બર 2020માં નવા ફાઇનલ પ્લોટ નંબર 40 (ટીપી સ્કીમ મુજબ) ધરાવતી જમીનનો કબજો લીધો હતો. આ દરમિયાન, ઇજારદારે મૂળ પ્લોટ નંબર 40ના એક ભાગમાં કામ શરૂ કર્યું હતું (ઓક્ટોબર 2020), જેનો એક ભાગ હવે ફાઇનલ પ્લોટ નંબર 39 બની ગયો હતો. જો કે, ફાઇનલ પ્લોટ નંબર 39ના માલિક તરફથી ફરિયાદ મળતાં, અમદાવાદ મહાનગરપાલિકાએ (ઓક્ટોબર 2020) ગુ.રા.પો.હા.નિ.લિ.ને કામ બંધ કરવા કહ્યું. તે મુજબ, ગુ.રા.પો.હા.નિ.લિ. એ (એપ્રિલ 2021) સુધારેલ કાર્ય હુકમ બહાર પાડવામાં આવેલ હતો પરંતુ કોન્ટ્રાક્ટરે જમીનની સ્થિતિ અને યોજનાઓમાં ફેરફારને કારણે FP નંબર 40 પર કામ હાથ ધરવા માટે અસમર્થતા વ્યક્ત કરી હતી (મે અને જુલાઈ 2022).

ગુ.રા.પો.હા.નિ.લિ. એ કરાર સમાપ્ત કર્યો (સપ્ટેમ્બર 2022) અને દરોના પત્રક 2021-22ના આધારે ₹ 20.03 કરોડના અંદાજિત ખર્ચ સાથે કામ માટે નવી બોલી મંગાવી હતી (ડિસેમ્બર 2022). ₹ 23.35 કરોડ જેટલી કરારની રકમ સાથે નવો કાર્ય હુકમ બહાર પાડવામાં આવ્યો હતો (ફેબ્રુઆરી 2023). કામ ચાલુ હતું (જાન્યુઆરી 2025).

જો ગુ.રા.પો.હા.નિ.લિ. એ કાર્ય હુકમ બહાર પાડતા પહેલા જમીનના માલિકી હક અને તેમની ફાળવેલ જમીનની સુધારેલી સીમાઓ નક્કી કરી હોત, તો યોગ્ય જમીનના ટુકડા માટે કાર્ય હુકમ બહાર પાડી શકાયો હોત અથવા 2020માં જ નવી બોલી મંગાવી શકાઇ હોત. મૂળ અને નવા કાર્ય હુકમમાં સમાવિષ્ટ વસ્તુઓની તુલના કરીએ તો, ₹ 5.27 કરોડનો[71] ખર્ચમાં વધારો થયો છે જે ટાળી શકાયો હોત.

ગુ.રા.પો.હા.નિ.લિ. નું મિશન ગૃહ વિભાગ માટે તેમના રહેઠાણ અને અન્ય બાંધકામ જરૂરિયાતો માટે સહાયક પ્રણાલી બનવાનું છે, જે પોલીસ કર્મચારીઓના જીવનની ગુણવત્તામાં વધારો કરે

[71] દરોનું પત્રક (SoR) 2015-16 અને 2021-22 મુજબ બંને અંદાજોમાં આવરી લેવામાં આવેલી સામાન્ય વસ્તુઓ બાબતોને ધ્યાનમાં લેતા અને ફેબ્રુઆરી 2023માં જારી કરાયેલા નવા ટેન્ડરમાં ગુ.રા.પો.હા.નિ.લિ. દ્વારા સ્વીકારવામાં આવેલા SoR 2021-22 મુજબના અંદાજો કરતાં 16.60 ટકા પ્રીમિયમને ધ્યાનમાં લેતા.

અને તેના દ્વારા જાહેર સેવા વિતરણની ગુણવત્તામાં પણ સુધારો કરે. જો કે, ઉપરોક્ત ત્રણ કિસ્સાઓમાં, માત્ર નકામો ખર્ચ અને ખર્ચમાં વધારો થયો નથી, પરંતુ કામ શરૂ કરતા પહેલા પૂરતી તપાસના અભાવે કર્મચારીઓને જરૂરી રહેઠાણ અને ભોજનાલયની સમયસર જોગવાઈ પર પ્રતિકૂળ અસર પડી છે.

ઓડિટને લાગે છે કે ગુજરાત જાહેર બાંધકામ માર્ગદર્શિકાના ફકરા 154 અને 155 મુજબ, કાર્ય શરૂ કરતા પહેલા ગુ.રા.પો.હા.નિ.લિ. પોતાના માટે જરૂરી આવશ્યકતાઓ નક્કી કરવાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં.

ડિસેમ્બર 2024 અને ફેબ્રુઆરી 2025માં આ બાબત ગૃહ વિભાગના ધ્યાન પર લાવવામાં આવી હતી. તેમના પ્રતિભાવની રાહ જોવાઈ રહી હતી (મે 2025).

ભલામણ: ગુ.રા.પો.હા.નિ.લિ. એ જમીનના માલિકી હકની ખાતરી કરવી જોઈએ અને કામો માટે ટેન્ડર બહાર પાડતા પહેલા સંબંધિત જુદા જુદા સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગીઓ મેળવવી જોઈએ.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

3.12 એક્વેટિક્સ ગેલેરીની નબળી જાળવણી

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી (GCSC) એ ચોક્કસ સંખ્યામાં જળચર પ્રજાતિઓની જાળવણી સંબંધિત કરારના નિયમો અને શરતોનું પાલન ન કરવાના કિસ્સાઓમાં ઇજારદારને લાગુ પડતા દંડની વસૂલાત કરી ન હતી, જેના પરિણામે ₹ 7.11 કરોડના દંડની ઓછી વસૂલાત થઇ હતી.

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી[72] (GCSC), અમદાવાદની સ્થાપના 1999માં *'માનવ જીવન સાથે વિજ્ઞાન, ટેકનોલોજી, ઊર્જા અને પર્યાવરણની ક્રિયા-પ્રતિક્રિયાને પ્રોત્સાહન અને પ્રદર્શિત કરવાના'* ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. GCSC એ ઇજારદારને[73] *'એક્વેટિક્સ ગેલેરી'*ના બાંધકામ અને જાળવણીની કામગીરી સોંપી હતી (ઓક્ટોબર 2017). કાર્યક્ષેત્રમાં અન્ય બાબતો સાથે અનુસૂચિ 2માં દર્શાવેલ અને બાંધકામ અને જાળવણીના કરારની અનુસૂચિ 3માં દર્શાવેલ ટેકનિકલ સ્પષ્ટીકરણો અનુસાર પરિયોજનાની[74] જાળવણીની સેવાઓનો સમાવેશ થતો હતો.

68 ટાંકીઓ સહિત કુલ બાંધકામ ₹ 257.51 કરોડના ખર્ચે પૂર્ણ થયું હતું અને ગેલેરી જુલાઈ 2021માં મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. ઇજારદાર નીચેની જાળવણી શરતોના સંદર્ભમાં બાંધકામ અને જાળવણીના કરાર દ્વારા બંધાયેલો હતો:

[72] સોસાયટી નોંધણી અધિનિયમ, 1860 હેઠળ નોંધાયેલી એક સોસાયટી.

[73] મરીનસ્કેપ લિમિટેડ, ન્યુઝીલેન્ડ સાથે કેન્સોર્ટીયમમાં શાપુરજી પાલનજી એન્ડ કંપની લિમિટેડ.

[74] જળચર પ્રજાતિઓની જાળવણી, ખોરાક, પશુચિકિત્સા સહાય સહિત જાળવણી.

- જાળવણીનો સમયગાળો જૂલાઇ 2021થી 60 મહિનાનો હતો;
- જાળવણી સમયગાળા દરમિયાન, ઇજારદાર મૃત જળચર પ્રજાતિઓને પોતાના ખર્ચે એક મહિનાની અંદર 100 ટકા બદલવા માટે જવાબદાર હતા; અને
- જાળવણીના સમયગાળા દરમિયાન, ઓછામાં ઓછી 95 ટકા[75] પ્રદર્શન ટાંકીઓમાં બાંધકામ અને જાળવણીના કરારના પત્રક 3 મુજબ ચોક્કસ સંખ્યામાં જળચર પ્રજાતિઓ હોવી જોઈએ. જો નિર્ધારિત મર્યાદા નો ભંગ થાય, તો ઇજારદારને કસૂરના સમયગાળા માટે બિન-પાલન થયેલી દરેક વધારાની ટાંકી માટે માસિક જાળવણી કિંમતના[76] એક ટકા દંડ લાગશે.

એપ્રિલ 2018થી માર્ચ 2023ના સમયગાળા માટે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટીના ઓડિટ દરમિયાન, એવું જોવામાં આવ્યુ હતું (જૂન 2023) કે એક્વેટિક્સ ગેલેરી ખોલ્યા પછી, અમુક પ્રદર્શન ટાંકીઓમાં બાંધકામ અને જાળવણીના કરારમાં વ્યક્તિગત ટાંકીઓ માટે નિર્ધારિત સંખ્યા કરતા ઓછી જળચર પ્રજાતિઓ હતી. આ ખાધ ઓછામાં ઓછી 23 ટાંકીઓ (જુલાઈ 2021) અને મહત્તમ 42 ટાંકીઓ (જુલાઈ 2022) વચ્ચે હતી, જે ઓછામાં ઓછી 33.82 ટકાથી મહત્તમ 61.76 ટકાની અછત દર્શાવે છે. હકીકતમાં, ટાંકીઓ પૈકી પાંચમાં[77] ચોક્કસ સમયગાળા માટે કોઈ જળચર પ્રજાતિ નહોતી અને 11 પ્રદર્શન ટાંકીઓ[78] એવી હતી કે જુલાઈ 2021થી માર્ચ 2023ના સમયગાળા દરમિયાન નિર્ધારિત જળચર પ્રજાતિઓની ઉણપ રહી હતી **(પરિશિષ્ટ XI)**.

ઉપરાંત, 68 ટાંકીઓમાં પ્રજાતિઓ ભરપાઇ કરવાના સંદર્ભમાં નીચે મુજબ ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું:

- નવ ટાંકીઓમાં[79] (કુલના 13.24 ટકા) નિર્ધારિત લઘુત્તમથી જળચર પ્રજાતિઓ નીચે જવાના પ્રથમ બનાવ બાદ કોઈ પણ પ્રકારની ભરપાઈ કરવામાં આવી ન હતી.
- ઓડિટના સમયગાળા દરમિયાન કરાર મુજબ 51 ટાંકીઓ (કુલના 75 ટકા) ને ફરી ભરવાની જરૂર હતી. ઉપરોક્ત નવ ટાંકીઓને બાદ કરતાં, ઓડિટમાં કસૂરના પ્રથમ કેસ પછી ફરી ભરવા માટે લેવાયેલા મહિનાઓની સંખ્યાનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને જાણવા મળ્યું કે કસૂર પ્રથમ વખત ધ્યાનમાં આવ્યા પછી ઇજારદારે ફરી ભરવા માટે બે મહિનાથી 18 મહિનાનો[80] સમય લીધો.

---

[75] 68 ટાંકીઓ પૈકી 64 ટાંકીઓ જે 196 જળચર પ્રજાતિઓ ધરાવે છે.

[76] ₹ 1.06 કરોડ દર મહિને (જૂલાઇથી નવેમ્બર 2021) અને ₹ 1.09 કરોડ દર મહિને (ડિસેમ્બર 2021થી આગળ).

[77] (i) ટાંકી નં. 42 (સ્ટોન ફીશ), (ii) 49 (કટલફીશ), (iii) 50 (ઓક્ટોપસ), (iv) 55 (મુન જેલીફીશ), અને (v) 56 (સ્પોટેડ જેલીફીશ).

[78] ટાંકી નં. 1, 17, 20, 37, 39, 41, 51, 57, 59, 60, અને 63.

[79] ટાંકી નં. 8, 17, 33, 36, 49, 56, 58, 61 અને 67.

[80] ફરી ભરવા માટે લેવામાં આવેલા મહિનાઓની સંખ્યા (ટાંકીઓની સંખ્યા): (i) એક કરતાં ઓછી (શૂન્ય), (ii) એકથી ત્રણ (છ), (iii) ત્રણથી છ (10), (iv) છથી નવ (12), (v) નવથી બાર (પાંચ), (vi) 12થી વધારે (નવ).

આ બાંધકામ અને જાળવણીના કરારમાં સંમત થયા મુજબ નિર્ધારિત પ્રજાતિઓ અને જરૂરી સંખ્યાઓ સાથે ટાંકીઓની ફરી ભરવામાં વિલંબ દર્શાવે છે. ઓડિટના સમયગાળા દરમિયાન નિર્ધારિત જળચર પ્રજાતિઓની ટકાવારીના સંદર્ભમાં 51 ટાંકીઓમાં પ્રજાતિઓની સંખ્યા હીટ મેપ **(પરિશિષ્ટ XII)**માં દર્શાવવામાં આવી છે.

ઇજારદારના પક્ષે આવી બિન-કાર્યવાહી બદલ ₹ 7.12 કરોડનો[81] દંડ ફટકારવામાં આવ્યો હતો, જે ઓડિટ દ્વારા બાંધકામ અને જાળવણીના કરાર **(પરિશિષ્ટ XI)** મુજબ નિર્ધારિત દરે ગણવામાં આવ્યો હતો. જોકે, GCSC એ ઓક્ટોબર 2022માં ખૂટતી જળચર પ્રજાતિઓ માટે માત્ર ₹ એક લાખનો દંડ લાદ્યો હતો. આમ, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી એ બાંધકામ અને જાળવણીના કરારની શરતોનું પાલન ન કરવાના કિસ્સાઓમાં ઇજારદાર પર લાગુ પડતો દંડ વસૂલ્યો ન હતો.

GCSC એ જણાવ્યું હતું (જુલાઈ 2023) કે માછલીઘર ઉદ્યોગમાં મૃત્યુ સામાન્ય છે. તેમાં વધુમાં જણાવવામાં આવ્યુ હતું કે ઇજારદાર મૃત્યુ પામેલી માછલીઓ ભરપાઇ કરી રહ્યા હતા અને ઉલ્લેખિત પ્રજાતિઓની ઉપલબ્ધતા ન હોવાને કારણે સમયાંતરે ઘણી વિદેશી અને આકર્ષક વધારાની પ્રજાતિઓ રજૂ કરવામાં આવી હતી.

GCSC નો જવાબ ટકી શકે તેવું નથી કારણ કે એક્વેટિક્સ ગેલેરીને તેની પરિકલ્પિત યોજના અને CMCના નિયમો અને શરતો અનુસાર જાળવવાની જરૂર હતી. જરૂરી સંખ્યામાં પ્રજાતિઓ જાળવી રાખવાનો ઉલ્લેખ કરારમાં કરવામાં આવ્યો હતો અને દંડ તેને લાગુ કરાવવા માટેનું એક પગલું હતું. નવી પ્રજાતિઓ દાખલ કરવાની કરારની જવાબદારીઓનું પાલન ન કરવાને યોગ્ય ઠેરવી શકતો નથી. વધુમાં, ભરપાઈ અપૂરતી, વિલંબિત અને કરારની સમજૂતીનું પાલન કરતી ન હતી. યોજનાની વિભાવના સમયે CMCના નિયમો અને શરતોને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી હતી, અને મૃત્યુદરની સંભાવનાની જાણ હતી, અને બંને પક્ષો દ્વારા પણ તેના પર સંમતિ આપવામાં આવી હતી.

આથી, CMCનું પાલન ન કરવું અને ટાંકીઓમાં ભરપાઇ કરવામાં વિલંબ એ GCSC દ્વારા એક્વેટિક્સ ગેલેરીની જાળવણીમાં બેદરકારી દર્શાવે છે.

આ બાબત જાન્યુઆરી અને ફેબ્રુઆરી 2025માં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ધ્યાન પર લાવવામાં આવી હતી. તેમનો પ્રતિભાવ મળ્યો ન હતો (મે 2025).

[81] જુલાઈથી નવેમ્બર 2021 સુધી: ₹ 1,06,48,723 ને એક ટકાથી ગુણાકાર કરીને 126 ટાંકીઓથી ગુણાકાર, ડિસેમ્બર 2021થી માર્ચ 2023 સુધી: ₹ 1,08,66,044 ને એક ટકાથી ગુણાકાર કરીને 532 ટાંકીઓથી ગુણાકાર.

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

3.13 હજીરા ક્ષેત્ર માટે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ નિગમ લિમિટેડ અને NIKO રિસોર્સિસ લિમિટેડ પાસેથી રોયલ્ટી અને વ્યાજની ઓછી વસૂલાત

હજીરા તેલક્ષેત્રનું સંચાલન કરતા સંયુક્ત સાહસે ઉત્પાદન વહેંચણી કરારની શરતો અનુસાર ગુજરાત સરકારના રોયલ્ટી અને વ્યાજના હિસ્સાની ચુકવણી કરી ન હતી, જેના પરિણામે ₹ 6.72 કરોડની રોયલ્ટી અને ₹ 36.52 કરોડની વ્યાજની ઓછી વસૂલાત થઇ હતી.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસમાંથી રોયલ્ટી, મુકરર ભાડુ, જમીન ભાડું, લાઇસન્સ ફી અને દંડ વગેરે રૂપે ખાણકામની આવકની વસૂલાત ઓઇલફિલ્ડ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (ORD) એક્ટ, 1948 અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ (PNG) નિયમો, 1959 અને તેના હેઠળ બનાવેલા PNG સુધારા નિયમો, 2003 હેઠળ નિયંત્રિત થાય છે.

PNG (સુધારા) નિયમો, 2003ના નિયમ 14(1)(a)માં જણાવવામાં આવ્યુ છે કે લીઝની જોગવાઈ મુજબ રોયલ્ટીની માસિક ધોરણે ચૂકવવાપાત્ર રહેશે અને જે સમયગાળા માટે તે ચૂકવવાપાત્ર હોય તે પછીના મહિનાના છેલ્લા દિવસ સુધીમાં ચૂકવવાની રહેશે. વધુમાં, અગાઉ જણાવેલા નિયમોના નિયમ 23માં જણાવવામાં આવ્યું છે કે તમામ લાઇસન્સ ફી, લીઝ ફી, રોયલ્ટી અને અન્ય ચુકવણીઓ, જો આવી ચુકવણી માટે ઉલ્લેખિત સમયમર્યાદામાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારને ચૂકવવામાં ન આવે તો, વિલંબિત સમયગાળા માટે સ્ટેટ બેંક ઇન્ડિયાના મુખ્ય ધિરાણ દર કરતાં 200 બેસિસ પોઇન્ટના દંડના દરથી વધારવામાં આવશે.

ગુજરાત સરકાર ના, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સચિવના કાર્યાલયના એપ્રિલ 2019થી માર્ચ 2022ના સમયગાળા માટેના ઓડિટ દરમિયાન, એવું જોવા મળ્યું (મે 2022) કે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ[82] (GSPC) અને NIKO રિસોર્સિસ લિમિટેડ[83] (NIKO) એ હજીરા ક્ષેત્રમાં ગેસ ઉત્પાદન માટે અનુક્રમે 66.67 ટકા અને 33.33 ટકા ભાગીદારીના હિત સાથે સંયુક્ત સાહસ (હવે પછી GSPC-NIKO JV તરીકે સંદર્ભિત) ની રચના કરી. GSPC-NIKO JV દ્વારા ભારત સરકાર સાથે (સપ્ટેમ્બર 1994) માં કરવામાં આવેલા ઉત્પાદન વહેંચણી કરાર (PSC) ની શરતો અનુસાર, હજીરા ક્ષેત્રમાંથી ઉત્પાદિત કુદરતી ગેસના સંદર્ભમાં કૂવાના મથાળા[84] પર કુદરતી ગેસના મૂલ્યના 10 ટકાના દરે રોયલ્ટી GSPC-NIKO JV દ્વારા ભારત સરકારને ચૂકવવાપાત્ર હતી.

ઉત્પાદન બહેંચણી કરારના અમલીકરણ પછી, GSPC-NIKO JVને ખ્યાલ આવ્યો કે હજીરા ક્ષેત્રના ઉત્પાદક વિસ્તારો દરિયાના તટીય તેમજ દરિયાના અપતટીય વિસ્તારોમાં[85] આવેલા છે. દરિયા કિનારાના વિસ્તારોના સંદર્ભમાં ખાણકામ લીઝ ફક્ત ગુજરાત સરકાર દ્વારા જ મંજૂર કરી શકાતી

---

[82] ગુજરાત સરકાર ના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ રાજ્ય સરકારની માલિકીની ઓઇલ અને ગેસ કંપની.

[83] કેનેડાના કાયદાઓ હેઠળ સ્થપાયેલી એક કંપની.

[84] કૂવા મથાળા પર કુદરતી ગેસનો ભાવ કૂવા મથાળા પછીના કર અને વેચાણ કિંમતમાંથી ચોક્કસ કપાત બાદ કરીને નક્કી કરવામાં આવે છે.

[85] તારીખ 01 સપ્ટેમ્બર 2022 ના પત્રથી GSPC દ્વારા ઓડિટને હકીકતની જાણ કરવામાં આવી હતી.

હોવાથી, PSCની કલમ 15.2માં સુધારો કરવામાં આવ્યો (મે 2005) જેમાં જણાવવામાં આવ્યું હતું કે GSPC-NIKO JV દ્વારા કરવામાં આવનાર રોયલ્ટીની ચૂકવણી ભારત સરકાર અને ગુજરાત સરકાર વચ્ચે અનુક્રમે 47 ટકા અને 53 ટકાના ગુણોત્તરમાં વહેંચવામાં આવશે.

હજીરા ક્ષેત્રમાંથી ઉત્પાદિત કુદરતી ગેસના વેચાણ માટે, GSPC-NIKO JV એ તેના ગ્રાહકો સાથે વર્ષ 2000થી ગેસ વેચાણ કરાર (GSA) કર્યો હતો. GSA એ હજીરા ક્ષેત્રના ગ્રાહકો અને GSPC-NIKO JV વચ્ચે કરાર કર્યો હતો જેમાં GSPC-NIKO JV દ્વારા ભારત સરકાર અને ભારત સરકારને ચૂકવવાપાત્ર રોયલ્ટી ઘટક (ગેસ કિંમત ઉપરાંત) ગ્રાહકોને આપવાની જોગવાઈ હતી. ભારત સરકારે આનો વિરોધ કર્યો અને 2003-04થી 2013-14ના સમયગાળા માટે GSPC-NIKO JV પાસેથી ₹ 17.88 કરોડની રોયલ્ટી અને તેના પર ₹ 16.80 કરોડનું[86] વ્યાજ વસૂલ કર્યું હતું અને દાવો કર્યો હતો કે GSPC-NIKO JV દ્વારા તેના ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતા આવા રોયલ્ટીના ઘટકને ગેસના વધારાના ભાવ તરીકે ગણવામાં આવે. પરિણામે, GSPC-NIKO JV દ્વારા આ વધારાની રકમ પર ભારત સરકારને રોયલ્ટી ચૂકવવાપાત્ર હતી.

ભારત સરકાર દ્વારા GSPC-NIKO JV માંથી રોયલ્ટી ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ[87] (IOCL) દ્વારા GSPC-NIKO JVને ક્રૂડ ઓઇલના વેચાણ માટે કરવામાં આવનારી ચુકવણીમાંથી વસૂલ કરવામાં આવી હતી. GSPC-NIKO JV એ ઉપરોક્ત વસૂલાતનો વિવાદ કરીને (ઓક્ટોબર 2013) મધ્યસ્થી કાર્યવાહી શરૂ કરી અને અન્ય બાબતોની સાથે ભારત સરકાર દ્વારા વસૂલવામાં આવેલી વધારાની રોયલ્ટી પરત કરવાની માંગ કરી હતી.

ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું કે ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે ન તો વધારાની રોયલ્ટીના ગુજરાત સરકારના હિસ્સાની માંગ કરી હતી કે ન તો GSPC-NIKO JV એ ભારત સરકાર દ્વારા વસૂલ કરવામાં આવેલી વધારાની રોયલ્ટી અને મધ્યસ્થી કાર્યવાહી વિશે ગુજરાત સરકારને જાણ કરી. મધ્યસ્થી પંચે (આર્બિટ્રલ ટ્રિબ્યુનલે) ભારત સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો હતો (ઓગસ્ટ 2020) અને GSPC-NIKO JVના વધારાની રોયલ્ટી પરત કરવાના દાવાને નકારી કાઢ્યો હતો.

જૂન 2021 માં, GSPC-NIKO JV દ્વારા આર્બિટ્રેશન એવોર્ડને ન પડકારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઓગસ્ટ 2021 માં, EPD એ GSPCને PSCમાં ગુજરાત સરકારના હિસ્સા મુજબ વ્યાજ સાથે રોયલ્ટી જમા કરાવવા વિનંતી કરી હતી. GSPC એ 2003-04થી 2013-14[88]ના સમયગાળા માટે બાકી રોયલ્ટીના તેના હિસ્સા (66.67 ટકા) માટે ₹ 13.44 કરોડ ચૂકવ્યા હતા (18 ઓગસ્ટ 2021). ત્યારબાદ પેટ્રોલિયમ ડિરેક્ટોરેટ, EPD એ GSPCને રોયલ્ટીના તેના હિસ્સાની ચુકવણીમાં વિલંબ માટે વ્યાજ અને NIKOને પણ રોયલ્ટી તેમજ PSCમાં તેના હિસ્સા (33.33 ટકા) માટે વ્યાજ

[86] 2003-04થી 2013-14 ના સમયગાળા માટે.

[87] ભારત સરકારના માલિકીપણા હેઠળની ઓઇલ અને ગેસ કંપની.

[88] ત્યારબાદ, GSPC-NIKO JV એ વધારાની રોયલ્ટીની ચૂકવણી માસિક ધોરણે કરી હતી.

ચૂકવવા વિનંતી કરી હતી (ઓગસ્ટ 2023). GSPC એ ઓગસ્ટ 2023માં ગુજરાત સરકારને ₹ 1.68 કરોડ[89] જેટલું વ્યાજ ચૂકવ્યું હતું.

ઓડિટમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે GSPC એ વ્યાજની આંશિક ચુકવણી કરી હતી, પરંતુ PNG (સુધારા) નિયમો, 2003ના નિયમ 23 દ્વારા જરૂરી મુજબ 2003-04થી 2013-14ના સમયગાળા માટે રોયલ્ટીની વિલંબિત ચુકવણી પર બાકી રહેલ વ્યાજ ચૂકવ્યું ન હતું. ઓડિટમાં વિલંબિત ચુકવણી પર ₹ 22.63 કરોડના બાકીના વ્યાજની ગણતરી કરવામાં આવી હતી, જે GSPC દ્વારા હજુ સુધી ચૂકવવાનું બાકી છે (ફેબ્રુઆરી 2025). વધુમાં, NIKO એ (સપ્ટેમ્બર 2023) તેના હિસ્સાના ₹ 6.72 કરોડ (33.33 ટકા) ની રોયલ્ટી અને તેના પરનું વ્યાજ ગુજરાત સરકારને ચૂકવ્યું નથી. ઓડિટમાં NIKO દ્વારા રોયલ્ટીની વિલંબિત ચુકવણી પર વ્યાજની ગણતરી કરવામાં આવી હતી, જે ₹ 13.90 કરોડ (2022-23 સુધીની) છે. આના પરિણામે NIKO પાસેથી ₹ 6.72 કરોડની રોયલ્ટીની વસૂલાત થઈ શકી નહીં અને GSPC અને NIKO તરફથી (માર્ચ 2023 સુધી) રોયલ્ટીની વિલંબિત/બિન-ચુકવણી પર ₹ 36.52 કરોડ[90] (**પરિશિષ્ટ XIII**) વ્યાજ મળ્યું.

ઉલ્લેખનીય છે કે NIKO એ નાણાકીય વર્ષ 2017-18 દરમિયાન હજીરા ક્ષેત્રમાં તેનું PI અને ઓપરેટરશીપ સન પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (SPL) ને વેચી દીધું હતું. ત્યારબાદ, આ ફિલ્ડનું સંચાલન (જાન્યુઆરી 2018) SPL દ્વારા કરવામાં આવી રહ્યું છે. GSPC એ પણ નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન આ ફિલ્ડમાં તેનું PI SPLને તબદીલ કર્યું છે. ભલે આ ફિલ્ડ SPL દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હોય, પણ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ઓગસ્ટ 2021 અને ઓગસ્ટ 2023માં GSPC અને NIKO પાસેથી વધારાની રોયલ્ટીની માંગ કરવામાં આવી હતી. તેથી, બાકી રહેલી રોયલ્ટી તેમજ ઉપર જણાવેલ વિલંબિત ચુકવણી માટે વ્યાજ GSPC અને NIKOની જવાબદારી રહે છે.

જવાબમાં, GSPC એ ફકરામાં પહેલાથી જ ઉલ્લેખિત હકીકતોનો પુનરોચ્ચાર કર્યો હતો (માર્ચ 2025) અને જણાવ્યું કે ગુજરાત સરકારને રોયલ્ટીની ચુકવણી મુલતવી રાખવામાં આવી હતી કારણ કે ભારત સરકાર દ્વારા વધારાની રોયલ્ટીની વસૂલાત ન્યાયાધીન હતી અને ઓગસ્ટ ૨૦૨૦માં GSPC એ લવાદમાં પોતાનો દાવો ગુમાવ્યો ત્યારે જ તે સ્પષ્ટ થયું હતું. GSPC નો જવાબ સ્વીકાર્ય નથી કારણ કે લવાદ પછી ઓગસ્ટ 2021માં GSPC દ્વારા વર્ષ 2003-04થી ગુજરાત સરકારને રોયલ્ટી ચૂકવવામાં આવી હતી. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે જ્યારે GSPCને ખ્યાલ આવ્યો હતો કે માંગણું 2003-04થી ઉપાર્જિત થયં હતું અને તે મુજબ, ગુજરાત સરકારને ચુકવણી 2003-04થી બાકી હતી (અને લવાદના નિર્ણયની તારીખથી નહીં), તેઓએ હજુ પણ 2003-04ની અસરથી રોયલ્ટી પર વ્યાજ ન ચૂકવવાનું પસંદ કર્યું હતું. જો રોયલ્ટી 2003-04થી બાકી હતી અને તેની ચુકવણી ઓગસ્ટ 2021માં કરવામાં આવી હતી, તો તેનો અર્થ એ છે કે

[89] ટ્રિબ્યુનલના ચુકાદા પછી ચુકવણીની નિયત તારીખ (30 સપ્ટેમ્બર 2020) થી વાસ્તવિક ચુકવણીની તારીખ (18 ઓગસ્ટ 2021) સુધી 321 દિવસના વિલંબ માટે.

[90] GSPC તરફથી ₹22.63 કરોડ (સપ્ટેમ્બર 2020થી ઓગસ્ટ 2021 ના સમયગાળા માટે ચૂકવવામાં આવેલા વ્યાજના સમાયોજન પછી) અને NIKO તરફથી ₹ 13.90 કરોડ.

વ્યાજના ઘટક માટે પણ તે જ તારીખથી અને તે જ રીત લાગુ કરવી પડશે જે રીતે ભારત સરકારને ચૂકવણી કરવામાં હતી.

આ બાબત વિભાગને મોકલવામાં આવી હતી (નવેમ્બર 2024/ડિસેમ્બર 2024/જાન્યુઆરી 2025/માર્ચ 2025/એપ્રિલ 2025). જો કે વિભાગનો જવાબ હજુ મળ્યો નથી (એપ્રિલ 2025).

(બિજિત કુમાર મુખર્જી)

અમદાવાદ — પ્રધાન મહાલેખાકાર (ઓડિટ-II), ગુજરાત

તા: **17 DEC 2025**

પ્રતિ સહી

(કે. સંજય મૂર્તિ)

નવી દિલ્લી — ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

તા: **18 DEC 2025**

પરિશિષ્ટો

પરિશિષ્ટ I

30 સપ્ટેમ્બર 2023 ની સ્થિતિએ બાકી નિરીક્ષણ અહેવાલો અને ફકરાઓની વર્ષવાર વિગતો

(ફકરા સંખ્યા 1.6.1માં સંદર્ભિત)

ક્રમાંક	વિભાગ	2014-15		2015-16		2016-17		2017-18		2018-19		2019-20		2020-21		2021-22		2022-23		કુલ	
		IR	Para	IR	Para	IR	Para	IR	Para	IR	Para	IR	Para	IR	Para	IR	Para	IR	Para	IR	Para
1	ઉદ્યોગ અને ખાણ	0	0	16	59	24	89	17	91	21	143	11	90	2	10	16	116	6	26	113	624
2	ઊર્જા અને પેટ્રોવકેમિકલ્સ	0	0	3	10	3	13	2	5	2	10	1	2	0	0	1	6	3	16	15	62
3	વન અને પર્યાવરણ	0	0	3	3	8	21	12	46	14	56	3	8	1	1	1	3	2	19	44	157
4	જળવાયુ પરિવર્તન	0	0	1	6	1	3	1	2	1	4	1	4	0	0	0	0	1	6	6	25
5	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી	0	0	0	0	1	2	4	18	3	6	1	4	1	6	0	0	3	43	13	79
6	ગૃહ	0	0	12	27	8	18	13	30	1	2	2	2	3	11	6	34	25	155	70	279
7	કાયદો	0	0	10	46	10	28	13	32	6	10	4	14	3	10	10	45	7	24	63	209
8	બંદરો અને પરિવહન	2	13	26	134	17	70	11	40	15	88	10	74	3	36	20	154	25	215	129	824
9	માર્ગ અને મકાન	0	0	12	25	19	66	25	131	23	148	18	124	5	48	13	89	8	90	123	721
10	સામાન્ય વહીવટ	0	0	8	27	7	21	12	51	1	2	5	36	1	1	0	0	9	61	43	199
11	માહિતી અને પ્રસારણ	0	0	1	2	0	0	1	1	0	0	0	0	1	4	0	0	7	17	10	24
12	વિધાનસભા અને સંસદીય બાબતો	0	0	0	0	0	0	0	0	0	0	0	0	1	5	0	0	1	5	2	10
13	મહેસૂલ (સ્ટેમ્પ ડ્યુટી)	0	0	26	74	20	61	31	81	24	51	35	133	3	15	3	15	5	29	147	459
	મહેસૂલ (જમીન મહેસૂલ)	0	0	12	62	12	79	14	102	14	160	5	35	3	18	5	79	17	87	82	622
14	નાણા	0	0	21	43	17	19	34	73	40	109	39	106	2	5	4	14	12	67	169	436
	કુલ	2	13	151	518	147	490	190	703	165	789	135	632	29	170	79	555	131	860	1029	4730

પરિશિષ્ટ II

મુખ્ય સમસ્યા ક્ષેત્ર

(ફકરા 2.1.5 અને 2.1.8.1માં સંદર્ભિત)

ક્રમાંક	મુખ્ય સમસ્યા ક્ષેત્ર
1	આંતર-રાજ્ય પુરવઠા માટે ઇ-વે બિલો જનરેટ કરતા કમ્પોઝીશન કરદાતાઓ
2	નિયત મર્યાદાથી અધિક જાવક પુરવઠા માટે ઇ-વે બિલો જનરેટ કરતા કમ્પોઝીશન કરદાતાઓ
3	કોઈપણ વર્ષમાં ઇ-વેબિલ દ્વારા સમર્થિત ફક્ત જાવક પુરવઠો ધરાવતા કરદાતાઓ
4	કોઈપણ વર્ષમાં આવક પુરવઠા (ઇ-વેબિલો સમર્થિત) ની તુલનામાં અપ્રમાણસર જાવક પુરવઠો બહાર મોકલતા કરદાતાઓ.
5	ઇન્વોઇસની નકલનો ઉપયોગ કરીને ઇ-વે બિલો જનરેટ કરનારા કરદાતાઓ.
6	શૂન્ય રિટર્ન રજૂ કરનાર દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા.
7	પત્રકોના કસૂરવાર (પત્રક રજૂ ન કરનાર) દ્વારા ઇ-વે બિલો જનરેટ કરવા
8	રદ કરવાની અસરકારક તારીખ પછી ઇ-વે બિલો જનરેટ કરનારા કરદાતાઓ.
9	ઇ-વે બિલ જનરેટ કર્યું હોય એવા કરદાતાઓ જેમની નોંધણી પાછળથી રદ કરવામાં આવી હતી
10	કરદાતાઓ જેમણે ઇ-વે બિલો જનરેટ કર્યા હતા અને પાછળથી રદ્દ કર્યા હતા.
11	એવા કરદાતાઓ જેમણે ઇ-વે બિલો જનરેટ કર્યા હતા અને પાછળથી પ્રાપ્તકર્તા દ્વારા નકારવામાં આવ્યા હતા.
12	કોઈપણ વર્ષમાં જાવક બાજુની તુલનાએ, જે કરદાતાઓએ ઇ-વે બિલ દ્વારા સમર્થિત અપ્રમાણસર આવક પુરવઠો જનરેટ કર્યો હતો.
13	કરદાતાઓ દ્વારા ઇ-વે બિલો સમયમર્યાદા વધારવી
14	જોખમી વાહનો જેમ કે દ્વિચક્રી વાહનનો ઉપયોગ કરીને જનરેટ થતા ઇ-વે બિલો.
15	ચોરીના વાહનોનો ઉપયોગ કરીને જનરેટ થતા ઇ-વે બિલો.
16	નોંધણીના પ્રથમ છ મહિનામાં ઉંચી કિંમતના ઇ-વે બિલો.
17	અમાન્ય પીન કોડનો ઉપયોગ કરીને ઇ-વેબિલો.
18	સ્થગિત કરેલા, ભંગાર, પરત કરેલ અને રદ્દબાતલ વાહનોનો ઉપયોગ કરીને જનરેટ થયેલા ઇ-વે બિલો
19	કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) ની કસૂરવારોની યાદીમાંથી જનરેટ કરાયેલા ઇ-વે બિલો.
20	આવક વેરાના કસૂરવારો દ્વારા જનરેટ થતા ઇ-વે બિલો.
21	DGARM-અન્ય સંસ્થાઓ દ્વારા ઓળખ કરાયેલા કરદાતાઓ દ્વારા જનરેટ કરાયેલા ઇ-વે બિલો.
22	વિદેશ વ્યાપારના મહાનિર્દેશક (DGFT) દ્વારા કાળી યાદીમાં (Black List) મુકાયેલા નિકાસકારો.

પરિશિષ્ટ III

કમ્પોઝિશન લેવી યોજના માટેની પાત્રતા

(ફકરા 2.2.6.1 અને 2.2.6.4 માં સંદર્ભિત)

અધિનિયમની કલમ 10 (2) અને કલમ (2A) મુજબ, કોઇ નોંધાયેલ વ્યક્તિ આ યોજના માટે પાત્ર છે, જો

a. તે રેસ્ટોરન્ટ સેવાઓ સિવાયની સેવાઓના પુરવઠામાં રોકાયેલ નથી. જોકે, ટર્નઓવરના 10 ટકા અથવા ₹ 5 લાખ, જે પણ વધારે હોય તે સુધી સેવાઓના પુરવઠાની મંજૂરી છે;
b. તે કોઈ પણ માલ કે સેવાઓનો પુરવઠો કરવામાં રોકાયેલ નથી, જેના પર અધિનિયમ હેઠળ વેરો લાદવામાં આવતો નથી;
c. તે માલ કે સેવાઓનો કોઈપણ આંતર-રાજ્ય જાવક પુરવઠો કરવામાં રોકાયેલ નથી;
d. તે ઇલેક્ટ્રોનિક વાણિજ્ય સંચાલક જેણે સ્રોત પર વેરો એકત્ર કરવો જરૂરી છે તેના દ્વારા માલ અથવા સેવાઓ નો કોઈપણ પુરવઠો કરવામાં રોકાયેલ નથી;
e. તે સરકાર દ્વારા સૂચિત કરવામાં આવી શકે તેવી વસ્તુઓનો ઉત્પાદક નથી. આ માટે સૂચિત વસ્તુઓ છે-આઈસ્ક્રીમ અને અન્ય ખાદ્ય બરફ' (ટેરિફ આઇટમ 2105 00 00), પાન મસાલા' (ટેરિફ આઇટમ 2106 90 20), તમાકુ અને ઉત્પાદિત તમાકુના વિકલ્પો' અને 'વાયુયુક્ત પાણી';
f. તે ન તો છૂટક વેરાપાત્ર વ્યક્તિ છે કે ન તો બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિ છે;
g. સેવાઓનો પુરવઠાકાર પણ આ યોજના હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ પસંદ કરી શકે છે જો પાછલા નાણાકીય વર્ષમાં તેનું એકંદર ટર્નઓવર ₹ 50 લાખથી વધુ ન હોય.

કમ્પોઝિશન લેવી યોજના માટે અન્ય શરતો અને પ્રતિબંધો

1. જે દિવસે નાણાકીય વર્ષ દરમિયાન કુલ ટર્નઓવર નિર્ધારિત મર્યાદા કરતાં વધી જશે ત્યારથી આ યોજના હેઠળ વેરો ચૂકવવાનો વિકલ્પ સમાપ્ત થશે;
2. તેના દ્વારા કરવામાં આવેલા પુરવઠા પર તે પ્રાપ્તકર્તાઓ પાસેથી કોઈ વેરો વસૂલ કરશે નહીં;
3. ઇન્પુટ વેરાની કોઇ શાખ લેવા માટે હકદાર રહેશે નહીં;
4. જો તે હયાત કરદાતા હોય, તો નિયત દિવસે તેના દ્વારા સ્ટોકમાં રાખેલ માલ, આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન ખરીદવામાં આવ્યો નથી, અથવા ભારતની બહારના સ્થળેથી આયાત કરવામાં આવ્યો નથી, અથવા રાજ્યની બહાર સ્થિત તેની શાખામાંથી અથવા રાજ્યની બહાર તેના એજન્ટ અથવા પ્રિન્સિપાલ પાસેથી પ્રાપ્ત થયો નથી;
5. તેણે સ્ટોકમાં રાખેલો માલ, બિન-નોંધાયેલ પુરવઠાકાર પાસેથી ખરીદવામાં આવ્યો નથી, અને જ્યાં ખરીદવામાં આવ્યો છે, ત્યાં તે રિવર્સ ચાર્જ હેઠળ વેરો ચૂકવે છે;
6. તેણે માલ અથવા સેવાઓના ઇનવર્ડ સપ્લાય પર, અથવા બંને પર, રિવર્સ ચાર્જ હેઠળ, કર ચૂકવવો પડશે;
7. તેણે તેના દ્વારા જારી કરાયેલા પુરવઠાના બિલના મથાળે "કમ્પોઝિશન કરપાત્ર વ્યક્તિ, પુરવઠા પર વેરો વસૂલવાપાત્ર નથી" શબ્દોનો ઉલ્લેખ કરવો જોઈએ; અને
8. તેણે દરેક નોટિસ અથવા સાઇનબોર્ડ પર, જે તેમના મુખ્ય વ્યવસાય સ્થળ પર અને દરેક વધારાના વ્યવસાય સ્થળ અથવા સ્થળોએ પ્રદર્શિત થાય છે, તેના પર "કમ્પોઝિશન કરપાત્ર વ્યક્તિ" શબ્દોનો ઉલ્લેખ કરવો જોઈએ.

પરિશિષ્ટ IV

ઔદ્યોગિક હેતુ માટે જમીનના ઉપયોગમાં વિલંબ માટે વસૂલ કરવાપાત્ર દંડની વિગતો

(ફકરા 3.4(A)માં સંદર્ભિત)

ક્રમાંક	જમીનનું વર્ણન	વિસ્તાર (ચો .મી. માં)/ જંત્રીનો દર (ચો.મી. દીઠ ₹ માં)	જમીનની બજાર કિમત (₹ લાખમાં)	પરવાનગી જારી કરવાની તારીખ	ખરેખર ઔદ્યોગિક ઉપયોગમાં લેવાની તારીખ	પરવાનગી જારી કરવાની/ જમીનની ખરીદી બાદ વિતેલો સમય	દંડની બિન/ઓછી વસૂલાત (₹ લાખમાં)
જીલ્લો: કચ્છ							
1	રે. સ. નં. 490, 491/2 અને 492/2 ગામ: ભચાઉ તાલુકો: ભચાઉ	72,945/ 1,350	984.76	27.03.2008	05.04.2016	08 વર્ષ	492.38
2	રે. સ. નં. 657p1, 657p2 અને 657p3 ગામ: વરસામેડી, તાલુકો: અંજાર	49,541/ 618	306.16	29.01.2008	12.10.2015	07 વર્ષ 08 મહિના	153.08
3	રે. સ. નં. 720 ગામ: વરસામેડી, તાલુકો: અંજાર	31,869/ 618	196.95	25.04.2007	13.04.2016	08 વર્ષ 11 મહિના	98.48
4	રે.સ. નં. 295 ગામ: સમાઘોઘા, તાલુકો: મુન્દ્રા	39,457/ 415	163.74	12.05.2006	06.08.2015	09 વર્ષ 02 મહિના	81.87
5	સર્વે નં. 1210/2, ગામ અને તાલુકો: ભચાઉ	14,872/ 1,100	163.59	14.02.2008	31.08.2020	12 વર્ષ 06 મહિના	65.44
6	રે. સ. નં. 287 ગામ: સમાઘોઘા, તાલુકો: મુન્દ્રા	29,643/ 415	123.01	04.12.2003	06.08.2015	11 વર્ષ 08 મહિના	61.51
7	સર્વે નં. 1, ગામ: પ્રાગપર-2, તાલુકો: મુન્દ્રા	18,919/ 260	49.19	26.07.2006 (15.05.2019 ના રોજ ફરીથી)	20.10.2016	10 વર્ષ 02 મહિના	24.59
8	સર્વે નં.. 3/1, ગામ: પ્રાગપર-2, તાલુકો: મુંદ્રા	11,938/ 260	31.04	15.09.2006 (26.07.2019 ના રોજ ફરીથી)	15.07.2019	12 વર્ષ 10 મહિના	15.52

ક્રમાંક	જમીનનું વર્ણન	વિસ્તાર (ચો .મી. માં)/ જંત્રીનો દર (ચો.મી. દીઠ ₹ માં)	જમીનની બજાર કિમત (₹ લાખમાં)	પરવાનગી જારી કરવાની તારીખ	ખરેખર ઔદ્યોગિક ઉપયોગમાં લેવાની તારીખ	પરવાનગી જારી કરવાની/ જમીનની ખરીદી બાદ વિતેલો સમય	દંડની બિન/ઓછી વસૂલાત (₹ લાખમાં)
						પેટા-સરવાળો	992.87
જીલ્લો: ભરૂચ							
1	સર્વે નં.. 265,267,282,283, 297,298,299,301, 302,305,284,266 ગામ: કસવા તાલુકો: ભરૂચ	2,63,770/ 335	883.63	ફેબ્રુઆરી 2010 અને સપ્ટેમ્બર 2014 વચ્ચે	28.05.2018	મે 2018 ની સ્થિતિએ સાત વર્ષ કરતાં વધારે	146.22
						એકંદર કુલ	1,139.09

ક્રમાંક	જમીનનું વર્ણન	વિસ્તાર (ચો.મી. માં)/ જંત્રીનો દર (ચો.મી. દીઠ ₹)	જમીનની બજાર કિમત (₹ લાખમાં)	પરવાનગી જારી કરવાની તારીખ	બીજી કંપનીને વેચાણ કરવાની તારીખ	દંડની ઓછી વસૂલાત (₹ લાખમાં)
જીલ્લો: અરવલ્લી						
1	રે. સ. નં.375-378, 395, 396 અને 409 ગામ: સેમાલીયા તાલુકો: બાયડ	50,810/ 458	232.71	06.01.2016	25.09.2019	53.45

પરિશિષ્ટ V

વસૂલ કરવી જરૂરી બજાર કિંમતની વિગતો

(ફકરા 3.4(B)માં સંદર્ભિત)

(રકમ ₹ લાખમાં)

ક્રમાંક	કેસોની સંખ્યા	જમીનનો કુલ વિસ્તાર (ચો..મી. માં)	ખેતીની જમીન ખરીદતી વખતે ખરીદનાર- 1 દ્વારા ચૂકવવામાં આવેલો અવેજ / ખરીદનાર-2 દ્વારા ખરીદનાર-1 ને પછીના વેચાણ વખતે ચૂકવવામાં આવેલો અવેજ	પ્રવર્તમાન જંત્રીના દરો મુજબ જમીનની કિમત / ખરીદનાર-1 ને મળેલો નફો	ખરીદનાર-1 અથવા ખરીદનાર-2 દ્વારા, કિસ્સા મુજબ, જમા કરવાની રકમ	નોંધ
1	8	1,64,124	230.53	453.50	79.55	જમીનની બજાર કિમત ખરીદનાર-2 દ્વારા ખરીદનાર-1 ને ચૂકવવામાં આવેલા અવેજ કરતાં વધુ હતું, તેથી, ખરીદનાર-2 એ જમીનની બજાર કિમત અને પછીના વેચાણ સમયે ચૂકવવામાં આવેલી કિમત વચ્ચેનો તફાવત ચૂકવવાનો હતો.
			373.95	143.42		
2	3	68,780	66.10	103.46	60.72	ખરીદનાર-2 દ્વારા ખરીદનાર-1 ને ચૂકવવામાં આવેલ અવેજ જમીનની બજાર કિમત કરતા વધુ હતું. ખેતીની જમીન ખરીદતી વખતે ખરીદનાર-1 દ્વારા ચૂકવવામાં આવેલ અવેજને વળતર તરીકે સમાયોજિત કર્યા પછી, ખરીદનાર-1 એ જમીનની બજાર કિમત ચૂકવવાની જરૂર હતી. જો કે, આ ત્રણ કિસ્સાઓમાં, બજાર કિમત કરતા ઓછો નફો મળવાથી, ખરીદનાર-1 ની ચુકવણીની જવાબદારી કમાયેલા નફા સુધી મર્યાદિત કરવામાં આવી છે.
			126.82	60.72		
3	8	1,59,572	125.00	124.83	124.83	ખરીદનાર-2 દ્વારા ખરીદનાર-1 ને ચૂકવવામાં આવેલ અવેજ જમીનની બજાર કિમત કરતાં વધુ હતું. ખેતીની જમીન ખરીદતી વખતે ખરીદનાર-1 દ્વારા ચૂકવવામાં આવેલ અવેજને વળતર તરીકે સમાયોજિત કર્યા પછી, ખરીદનાર-1 ને તેમના દ્વારા મેળવેલા નફામાંથી જમીનની બજાર કિમત ચૂકવવાની જરૂર હતી, જે જમીનની બજાર કિમત કરતાં વધુ હતું.
			304.60	179.60		
કુલ	19	3,92,476			265.10	

પરિશિષ્ટ VI

કંપનીના વિભાજન/જોડાણ વખતે જમીનની તબદીલી માટે પ્રીમિયમની બિન-વસૂલાત

(ફકરા 3.4(C)માં સંદર્ભિત)

ક: જીલ્લા કલેક્ટર, વડોદરા					
ક્રમાંક	જમીનની તબદીલીનું કારણ	જમીનનું વર્ણન	વિસ્તાર (ચો .મી. માં)	જંત્રી મુજબ બજાર કિંમત	લેવાપાત્ર પ્રીમિયમ (બજાર કિંમતના 10 ટકાના દરે)
1	વિભાજન[1]	ગામઃ અલ્વા, તાલુકોઃ વાઘોડીયાના રેવન્યુ સર્વે નં.. 252 (જુનો નં,.178/19), રે. સ. નં. 256 (જુનો નં. 178/7), રે.સ. નં. 904 (જુનો નં.163)	79,443	5,82,31,719	58,23,172
2	જોડાણ[2]	ગામ: કંબોલા, તાલુકો: સાવલી નો રે.સ. નં.45/5, રે.સ. નં. 45/5/p1, રે.સ. નં.51p1	66,301	1,45,51,895	14,55,190
3	વિભાજન[3]	ગામ: દેથાણ, તાલુકો: કરજણ નો રે.સ. નં.136 (જુનો 112), રે.સ. નં.145 (જુનો 119p), રે.સ. નં.146 (જુનો 119p1), રે.સ. નં.150/p1, રે.સ. નં.216 અને ગામ: વોલણ, તાલુકો: કરજણ રે.સ. નં.2912	43,783	2,61,11,980	26,11,198
		કુલ	1,89,527	9,88,95,594	98,89,560

ખ: જીલ્લા કલેક્ટર, પંચમહાલ					
ક્રમાંક	જમીનની તબદીલીનું કારણ	જમીનનું વર્ણન	વિસ્તાર (ચો .મી. માં)	જંત્રી મુજબ બજાર કિંમત	લેવાપાત્ર પ્રીમિયમ (બજાર કિંમતના 10 ટકાના દરે)
1	વિભાજન[4]	ગામ: ટિંબા, તાલુકો: ગોધરા ના રેવન્યુ સર્વે નં. 974/59, 974/63P1, 974/64P1, અને 974/85.	1,14,883	5,77,86,149	57,78,615

[1] નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ મુંબઇના તારીખ 31 ઑગષ્ટ 2018 ના હુકમથી ત્રણ કંપનીઓમાં વિભાજન થયું.

[2] નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ, ચંદીગઢના તારીખ 22 એપ્રિલ 2019 નો હુકમ.

[3] નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ,અમદાવાદનો તારીખ 12 ફેબ્રુઆરી 2020 નો હુકમ.

[4] નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ,અમદાવાદનો તારીખ 31 મે 2022 ના હુકમથી વિભાજન થયું.

પરિશિષ્ટ VII

બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતીની પરવાનગી આપવામાં આવી હતી એવા કેસોમાં પ્રીમિયમની ઓછી વસૂલાત

(ફકરા 3.5માં સંદર્ભિત)

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
1	જીલ્લા કલેક્ટર, કચ્છ 02 કેસો 3.29	ભુજ તાલુકાના બે ગામોમાં આવેલી 16,964 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના બે કેસોમાં, જિલ્લા કલેક્ટરે એક કેસમાં 'વાણિજ્યિક' દરે અને બીજા કેસમાં 'ઔદ્યોગિક' દરે પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલાત કરી હતી (જુલાઈ અને ઓગસ્ટ 2019 માં). જો કે, ત્યારબાદ કલેક્ટરે આ બે કેસોમાં 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (નવેમ્બર 2019). આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે ₹ 3.29 લાખ જેટલા પ્રીમિયમના તફાવતની વસૂલાત કરવી જરૂરી હતી.
2	જીલ્લા કલેક્ટર, ખેડા 09 કેસો 82.01	ચાર તાલુકાના[5] ચાર ગામોમાં આવેલી 79,632 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર'ના નવ કેસમાંથી, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (ત્રણ કેસોમાં), 'ઔદ્યોગિક' દરે (પાંચ કેસોમાં) અને 'વાણિજ્યિક' દરે[6] (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલાત કરી હતી (મે 2019 અને જુલાઈ 2020 વચ્ચે). જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (ઓગસ્ટ 2019 અને જુલાઈ 2020 વચ્ચે). આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કેસ ફરીથી ખોલીને અને તેને અંતિમ રૂપ આપીને ₹ 82.01 લાખ જેટલો પ્રીમિયમના તફાવતની વસૂલાત કરવી જરૂરી હતી. ઓડિટમાં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવતા, કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે સંબંધિત પક્ષોને નોટિસ પાઠવવામાં આવી છે અને પક્ષકારોને સાંભળ્યા પછી ઓર્ડરમાં સુધારો કરવા અથવા પ્રીમિયમની તફાવતની રકમ વસૂલ કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.
3	જીલ્લા કલેક્ટર, રાજકોટ 14 કેસો 79.17	પાંચ તાલુકાના[7] 10 ગામોમાં આવેલી 2,96,385 ચોરસ મીટર જમીનના' શરતમાં ફેરફાર'ના 14 કેસોમાં, જિલ્લા કલેક્ટરે (જૂન 2018 અને જૂન 2020 વચ્ચે) 'ઔદ્યોગિક' દરે પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલાત કરી હતી. જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે NA પરવાનગી આપી હતી (ડિસેમ્બર 2018 અને જુલાઈ 2021 વચ્ચે). આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે/

[5] (i) કપડવંજ, (ii) કઠલાલ, (iii) મહેમદાવાદ, (iv) ઠાસરા.

[6] જો કે અપનાવવામાં આવેલો દર અયોગ્ય હતો.

[7] (i) ગોંડલ, (ii) કોટડા સાંગાણી, (iii) લોધીકા. (iv) પડધરી, (v) રાજકોટ.

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
		સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ રૂપ આપીને ₹ 79.17 લાખનું તફાવતનું પ્રીમિયમ વસૂલ કરવું જરૂરી હતું.
4	જીલ્લા કલેક્ટર, વડોદરા <u>10 કેસો</u> 806.74	ચાર તાલુકાના[8] સાત ગામોમાં આવેલી 1,41,800 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના 10 કેસો પૈકી, જિલ્લા કલેક્ટરે (ઓગસ્ટ 2019 થી માર્ચ 2020 વચ્ચે) 'રહેણાંક' દરે (પાંચ કેસોમાં), 'ઔદ્યોગિક' દરે (બે કેસોમાં) અને 'ખુલ્લા પ્લોટ' ના દરે (ત્રણ કેસોમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલ કર્યું હતું. જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (નવેમ્બર 2019 થી જુલાઈ 2020 વચ્ચે). આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે ₹ 806.74 લાખ જેટલા પ્રીમિયમના તફાવતની વસૂલાત કરવાનું જરૂરી હતું.
5	જીલ્લા કલેક્ટર, આણંદ <u>07 કેસો</u> 44.78	ત્રણ તાલુકાના[9] સાત ગામોમાં આવેલી 46,093 ચોરસ મીટર જમીનના 'શરતમા ફેરફાર' ના સાત કેસોમાંથી, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (છ કેસમાં) અને 'ઔદ્યોગિક' દરે (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલ કર્યું હતું (મે 2019 થી ડિસેમ્બર 2021 વચ્ચે). જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેકટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતી પરવાનગી આપી હતી (ઓગસ્ટ 2019 થી જાન્યુઆરી 2022 વચ્ચે). આ કેસોમાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને તેને અંતિમ સ્વરૂપ આપીને ₹ 44.78 લાખના પ્રીમિયમના તફાવતની વસૂલાત કરવાનું જરૂરી હતું. આ તરફ ધ્યાન દોરવામાં આવતા, જિલ્લા કલેક્ટર, આણંદે બે કેસોમાં વાંધાવાળી રકમ માટે જમીનના રેકર્ડમાં બોજાની નોંધ કરવા માટે આદેશો આપવામાં આવ્યા હતા (ઓગસ્ટ 2024).
6	જીલ્લા કલેક્ટર, ગાંધીનગર <u>24 કેસો</u> 735.74	ગાંધીનગર તાલુકાના પાંચ ગામોમાં આવેલી 1,89,006 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર'ના 24 કેસમાંથી, જિલ્લા કલેક્ટરે સુધારા પહેલાંના જંત્રીના દરો (14 કેસોમાં), ખુલ્લા પ્લોટ દરો (બે કેસોમાં), રહેણાંક દરો (બે કેસોમાં) અને અનિશ્ચિત દરો (છ કેસોમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલાત કરી હતી (જાન્યુઆરી 2020 અને જૂન 2022 વચ્ચે). જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે (18 કેસોમાં)/ કોઈ ચોક્કસ હેતુનો ઉલ્લેખ કર્યા વિના (છ કેસોમાં) બિન-ખેતી પરવાનગી આપી હતી (જાન્યુઆરી 2020 અને જુલાઈ 2022 વચ્ચે). આ કેસોમાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને અને

[8] (i) ડભોઇ, (ii) પાદરા, (iii) વડોદરા, (iv) વાઘોડીયા.

[9] (i) આણંદ, (ii) આંકલાવ, (iii) ખંભાત.

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
		નવેસરથી અંતિમ સ્વરૂપ આપીને ₹ 735.74 લાખ જેટલો પ્રીમિયમનો તફાવત વસૂલવાની જરૂર હતી.
7	જીલ્લા કલેક્ટર, અરવલ્લી 12 કેસો 32.73	પાંચ તાલુકાના[10] નવ ગામોમાં આવેલી 99,670 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના 12 કેસમાંથી, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (આઠ કેસોમાં) અને 'ઔદ્યોગિક' દરે (ચાર કેસોમાં) પ્રીમિયમ લાગુ કરીને વસૂલાત કરી હતી (માર્ચ 2019 અને જાન્યુઆરી 2020 વચ્ચે). જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતી પરવાનગી આપી હતી (એપ્રિલ 2019 અને જાન્યુઆરી 2020 વચ્ચે). આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને તેને અંતિમ રૂપ આપીને ₹ 32.73 લાખનો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવો જરૂરી હતો.
8	જીલ્લા કલેક્ટર, તાપી (વ્યારા) 04 કેસો 9.31	વ્યારા તાલુકાના ચાર ગામોમાં આવેલી 52,965 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના ચાર કેસમાંથી, જિલ્લા કલેક્ટરે (સપ્ટેમ્બર 2019 અને નવેમ્બર 2019 વચ્ચે) 'રહેણાંક' દરે (ત્રણ કેસમાં) અને 'ઔદ્યોગિક' દરે (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલાત કરી હતી. જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે (ત્રણ કેસમાં) / કોઈ ચોક્કસ હેતુનો ઉલ્લેખ કર્યા વિના (એક કેસમાં) બિન-ખેતીની પરવાનગી આપી હતી (સપ્ટેમ્બર 2019 અને મે 2020 વચ્ચે). આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ રૂપ આપીને ₹ 9.31 લાખનું તફાવતનું પ્રીમિયમ વસૂલ કરવું જરૂરી હતું. કલેક્ટર તાપીએ (ફેબ્રુઆરી 2025) જણાવ્યું હતું કે બિન-ખેતી પરવાનગી ઓનલાઈન આપવામાં આવી હોવાથી, જાતે તૈયાર કરેલો હુકમ સ્વીકાર્ય નથી અને ઈ-ધરામાં કોઈ રેકર્ડ બદલી શકાતો નથી. બિન-ખેતીના હેતુમાં ફેરફાર માટે મંજૂરી આપવા માટે મહેસૂલ વિભાગને (ઓગસ્ટ 2024) એક પત્ર મોકલવામાં આવ્યો છે.
9	જમીન સુધારણા કમિશનર અને હોદ્દાની રૂએ સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર 27 કેસો 123.95	ત્રણ તાલુકાના[11] પાંચ ગામોમાં આવેલી 2,60,014 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના 27 કેસમાંથી, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (છ કેસોમાં) અને 'ઔદ્યોગિક' દરે (21 કેસોમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલ કર્યું હતું (એપ્રિલ 2018 અને જૂન 2019 વચ્ચે). જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (ઓગસ્ટ 2019 અને સપ્ટેમ્બર 2020 વચ્ચે).

[10] (i) બાયડ, (ii) ભીલોડા, (iii) ધનસુરા, (iv) માલપુર, (v) મોડાસા.

[11] (i) ગાંધીનગર, (ii) સાણંદ, (iii) વિરમગામ.

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
		આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને તેને અંતિમ રૂપ આપીને ₹ 123.95 લાખનું તફાવતનું પ્રીમિયમ વસૂલ કરવું જરૂરી હતું.
10	જીલ્લા કલેક્ટર, સુરેન્દ્રનગર 08 કેસો 27.14	પાંચ તાલુકાના[12] સાત ગામોમાં આવેલી 1,40,596 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના આઠ કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલ કર્યું હતું (ઓગસ્ટ 2019 થી ફેબ્રુઆરી 2020). જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (ઓગસ્ટ 2019 થી ફેબ્રુઆરી 2020). આ કિસ્સામાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ રૂપ આપીને ₹ 27.14 લાખનો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવો જરૂરી હતો.
11	જીલ્લા કલેક્ટર, દાહોદ 09 કેસો 15.22	પાંચ તાલુકાના[13] નવ ગામોમાં આવેલી 49,126 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના નવ કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (સાત કેસોમાં), ખાણકામ દરે (એક કેસમાં) અને સુધારા પહેલાના વાણિજ્યિક દરે (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલ કર્યું હતું (સપ્ટેમ્બર 2019 થી એપ્રિલ 2022). જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (જાન્યુઆરી 2020 થી મે 2022). આ કિસ્સામાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને તેને અંતિમ રૂપ આપીને ₹ 15.22 લાખનો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવો જરૂરી હતો. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે જાન્યુઆરી અને માર્ચ 2025 વચ્ચે છ કેસોમાં ₹ 6.18 લાખની વસૂલાત કરી હતી. બાકીના ત્રણ કેસોમાં, મિલકત સામે બોજાની નોંધો કરવામાં આવી છે..
12	જીલ્લા કલેક્ટર, ગોધરા 03 કેસો 10.57	બે તાલુકાના[14] ત્રણ ગામોમાં આવેલી 22,430 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના ત્રણ કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલ કર્યું હતું (સપ્ટેમ્બર 2019 થી ઓક્ટોબર 2022). જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (ડિસેમ્બર 2019). આ કિસ્સામાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે ₹ 10.57 લાખનો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવો જરૂરી હતો. જિલ્લા કલેક્ટરે

[12] (i) ચોટીલા, (ii) દસાડા, (iii) ધ્રાંગધ્રા, (iv) સાયલા, (v) થાનગઢ.

[13] (i) દાહોદ, (ii) ધાનપુર, (iii) લીમખેડા, (iv) સંજાલી, (v) સીનવડ.

[14] (i) ગોધરા, (ii) કાલોલ.

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
		(જાન્યુઆરી/ફેબ્રુઆરી 2025) અરજદારોને પ્રીમિયમની તફાવતની રકમ ચૂકવવા માટે નોટિસ પાઠવવામાં આવી હતી.
13	જીલ્લા કલેક્ટર, બોટાદ 04 કેસો 14.70	ત્રણ તાલુકાના[15] ચાર ગામોમાં આવેલી 41,282 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના ચાર કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (ત્રણ કેસમાં) અને ઔદ્યોગિક દરે (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલ કર્યું હતું (માર્ચ 2019 થી જૂન 2019). જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે (મે 2019 થી ઓક્ટોબર 2019) 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી. આ કિસ્સામાં,બિન-ખેતીની પરવાનગી આપતી વખતે સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ રૂપ આપીને ₹ 14.70 લાખનો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવો જરૂરી હતો.
14	જીલ્લા કલેક્ટર, મોરબી 11 કેસો 102.81	ત્રણ તાલુકાના[16] આઠ ગામોમાં આવેલી 1,16,394 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના 11 કેસોમાં, જિલ્લા કલેક્ટરે (ઓગસ્ટ 2019 થી જૂન 2020) 'રહેણાંક' દરે (10 કેસમાં) અને ઔદ્યોગિક દરે (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કરીને વસૂલાત કરી હતી. જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી (ઓક્ટોબર 2019 થી જુલાઈ 2020). આ કિસ્સામાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને તેને અંતિમ રૂપ આપીને ₹ 102.81 લાખનો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવો જરૂરી હતો. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે એક કેસમાં ₹ 4.51 લાખ વસૂલવામાં આવ્યા હતા (ફેબ્રુઆરી 2025). બાકીના 10 કેસોમાં 07 માર્ચ 2019 (માર્ગદર્શિકા સાથે iORA ની રજૂઆત) અને 22 મે 2020 ની વચ્ચે આદેશો બાહર પાડવામાં આવ્યા હતા જ્યારે બહુહેતુક બિન-ખેતી પરવાનગી આપવા માટે સૌથી વધુ જંત્રી દર ધ્યાનમાં લેવા માટે સ્પષ્ટતા બાહર પાડવામાં આવી હતી. જવાબ ખાતરીજનક નથી કારણ કે બહુહેતુક બિન-ખેતીની પરવાનગી માટે પ્રીમિયમ વસૂલવા માટે સર્વે નંબરના સૌથી વધુ જંત્રી દર ધ્યાનમાં લેવા માટે તમામ કલેક્ટર કચેરીઓને સ્પષ્ટતા બાહર પાડવામાં આવી હતી (22 ઓક્ટોબર 2019).
15	જીલ્લા કલેક્ટર, મહેસાણા 28 કેસો	ચાર તાલુકાના[17] 15 ગામોમાં આવેલી 3,14,958 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના 28 કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (26 કેસોમાં) અને ઔદ્યોગિક દરે (બે કેસોમાં) પ્રીમિયમ લાગુ કર્યું

[15] (i) બોટાદ, (ii) ગઢડા, (iii) રાણપુર.

[16] (i) મોરબી, (ii) ટંકારા, (iii) વાંકાનેર.

[17] (i) કડી, (ii) ખેરાલુ, (iii) મહેસાણા, (iv)વીજાપુર.

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
	229.03	હતું અને વસૂલાત કરી હતી (જુલાઈ 2019 થી જૂન 2022). જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક' ઉપયોગ માટે (27 કેસોમાં)/ કોઈ ચોક્કસ હેતુનો ઉલ્લેખ કર્યા વિના (એક કેસમાં) બિન-ખેતીની પરવાનગી આપી હતી (ઓગસ્ટ 2019 થી ડિસેમ્બર 2022). આ કિસ્સામાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે/ સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ રૂપ આપીને ₹ 229.03 લાખનો પ્રીમિયમનો તફાવતની વસૂલાત કરવાની જરૂર હતી. આ વાત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, જિલ્લા કલેક્ટરે તમામ કેસોમાં તફાવતની રકમ ચૂકવવા માટે નોટિસ પાઠવવામાં આવી હતી (ઓક્ટોબર 2024).
16	જીલ્લા કલેક્ટર, મહેસાણા 09 કેસો 166.54	ત્રણ તાલુકાના[18] સાત ગામોમાં આવેલી 2,88,579 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર'ના નવ કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (આઠ કેસમાં) અને ઔદ્યોગિક દરે (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલાત કરી હતી (જૂન 2018 થી ફેબ્રુઆરી 2020). ઉપરાંત, આ નવ કેસોમાં, એક કેસમાં, વસૂલ કરવાપાત્ર પ્રીમિયમની ગણતરી પણ ખોટી હતી. જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે NA પરવાનગી આપી હતી (ઓગસ્ટ 2019 થી મે 2020). આ કિસ્સામાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને તેને અંતિમ રૂપ આપીને ₹ 166.54 લાખના તફાવતના પ્રીમિયમની વસૂલાત કરવી જરૂરી હતી.
17	જીલ્લા કલેક્ટર, મહીસાગર 04 કેસો 30.41	બે તાલુકાના[19] ચાર ગામોમાં આવેલી 15,193 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના ચાર કેસોમાં, જિલ્લા કલેક્ટરે ફેબ્રુઆરી 2020 થી જુલાઈ 2020 સુધી 'રહેણાંક' દરે (ત્રણ કેસમાં) અને ઔદ્યોગિક દરે (એક કેસમાં) પ્રીમિયમ લાગુ કર્યું હતું અને વસૂલાત કરી હતી. જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેકટરે 'બહુહેતુક ઉપયોગ' (ત્રણ કેસમાં) / કોઈ ચોક્કસ હેતુનો ઉલ્લેખ કર્યા વિના (એક કેસમાં) બિન-ખેતીની પરવાનગી આપી હતી (માર્ચ 2020 થી જુલાઈ 2020 સુધી). આ કિસ્સામાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે ₹ 30.41 લાખ જેટલું તફાવતનું પ્રીમિયમ વસૂલવું જરૂરી હતું. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે મિલકતો સામે બોજાની નોંધો કરવામાં આવી છે..

[18] (i) કડી (ii) મહેસાણા, (iii) વીસનગર.

[19] (i) લુણાવાડા (ii) વીરપુર.

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
18	જીલ્લા કલેક્ટર, પાટણ 14 કેસો 196.04	છ તાલુકાના[20] 12 ગામોમાં આવેલી 1,95,770 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર' ના 14 કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે (11 કેસોમાં) અને ખુલ્લા પ્લોટ દરે (ત્રણ કેસોમાં) પ્રીમિયમ લાગુ કરીને વસૂલાત કરી હતી (જૂન 2019 થી જાન્યુઆરી 2020). જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેકટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી(ઓગસ્ટ 2019 થી જુલાઈ 2020). આ કેસોમાં, બિન-ખેતીની પરવાનગી આપતી વખતે સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ સ્વરૂપ આપીને ₹ 196.04 લાખ જેટલો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવાનું જરૂરી હતું. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે પાંચ કેસોમાં મિલકત સામે બોજાની નોંધો કરવામાં આવી છે અને એક કેસમાં મામલતદારને મિલકત સામે બોજાની નોંધ કરવા માટે જણાવવામાં આવ્યુ છે. સાત કેસમાં પ્રીમિયમની અલગ રકમ ચૂકવવા માટે નોટિસ પાઠવવામાં આવી છે અને એક કેસમાં ₹ 0.32 લાખ વસૂલ કરવામાં આવ્યા છે.
19	જીલ્લા કલેક્ટર, અમરેલી 02 કેસો 42.98	લાઠી તાલુકાના અકાલા ગામમાં આવેલી 33,791 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર'ના બે કેસોમાં, જિલ્લા કલેક્ટરે 'રહેણાંક' દરે પ્રીમિયમ લાગુ કરીને વસૂલ કર્યું હતું (ઓગસ્ટ 2019). જો કે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે NA પરવાનગી આપી હતી (ઓક્ટોબર 2019). આ કેસોમાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણાના પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ સ્વરૂપ આપીને ₹ 42.98 લાખ જેટલા પ્રીમિયમના તફાવતી વસૂલાત કરવાનું જરૂરી હતું. જિલ્લા કલેક્ટર, અમરેલીએ જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે બંને કિસ્સાઓમાં નાયબ કલેક્ટર (SDVO) ને પ્રીમિયમની સાચી રકમ નક્કી કરવા માટે પત્રો મોકલવામાં આવ્યા છે (જુલાઈ 2024).
20	જીલ્લા કલેક્ટર, ગોધરા 07 કેસો 119.34	ગોધરા તાલુકાના દયાળ ગામમાં આવેલી 47,754 ચોરસ મીટર જમીનના 'શરતના ફેરફાર' ના સાત કેસોમાં, જિલ્લા કલેક્ટરે સુધારણા પહેલાંના જંત્રી દરે પ્રીમિયમ લાગુ કર્યુ હતું અને વસૂલ કર્યુ હતું (સપ્ટેમ્બર 2019 થી ઓક્ટોબર 2019). જોકે, આ કેસોમાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતી પરવાનગી આપી હતી (ઓક્ટોબર 2019 થી નવેમ્બર 2019). આ કેસોમાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી

[20] (i) હારીજ (ii) પાટણ, (iii) રાધનપુર, (iv) સમી, (v) સાંતલપુર (vi) સિધ્ધપુર.

ક્રમાંક	કચેરી/કેસોની સંખ્યા/ પ્રીમિયમની ઓછી વસૂલાત (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
		અંતિમ સ્વરૂપ આપીને ₹ 119.34 લાખનું તફાવતનું પ્રીમિયમ વસૂલ કરવાનું જરૂરી હતું. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે જમીનનો ઉપયોગ ઔદ્યોગિક હેતુ માટે થઈ રહ્યો છે. જવાબ પ્રતીતિજનક નથી કારણ કે બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતી પરવાનગી જમીનના ઉપયોગ પર આધારિત નથી પરંતુ જમીન માલિકને ફરીથી બિન-ખેતી પરવાનગી મેળવ્યા વિના જમીનનો ઉપયોગ બદલવા માટે એક વખતના પગલા તરીકે ઉપલબ્ધ છે. તેથી, બહુહેતુક માટે NA પરવાનગી માટે પ્રીમિયમની ગણતરી માટે સર્વે/ગ્રીડનો સૌથી વધુ લાગુ જંત્રી દર ધ્યાનમાં લેવો જરૂરી હતો.
21	જીલ્લા કલેક્ટર, બોટાદ 01 કેસ 3.77	રાણપુર તાલુકાના રાણપુર ગામમાં આવેલી 9,915 ચોરસ મીટર જમીનની 'શરતમા ફેરફાર'ના એક કેસમાં, જિલ્લા કલેક્ટરે રહેણાંક જંત્રી દરે પ્રીમિયમ લાગુ કર્યુ હતું અને વસૂલ કર્યુ હતું (મે 2019). જો કે, આ કિસ્સામાં, ત્યારબાદ કલેક્ટરે 'બહુહેતુક ઉપયોગ' માટે NA પરવાનગી આપી હતી (ડિસેમ્બર 2019). આ કિસ્સામાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે/ સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ સ્વરૂપ આપીને ₹ 3.77 લાખનું તફાવતનું પ્રીમિયમ વસૂલ કરવાનું જરૂરી હતું. જિલ્લા કલેક્ટર, બોટાદે (નવેમ્બર 2024) જણાવ્યું હતું કે મહેસૂલ વિભાગના 03.12.2011 ના પરિપત્ર ને ધ્યાનમાં રાખીને પ્રીમિયમ યોગ્ય રીતે વસૂલ કરવામાં આવ્યું છે. જવાબ પ્રતીતિજનક નથી કારણ કે બિન-ખેતી પરવાનગી બહુહેતુક ઉપયોગ માટે આપવામાં આવી છે, પ્રીમિયમની ગણતરી માટે સર્વે/ગ્રીડનો સૌથી વધુ જંત્રી દર ધ્યાનમાં લેવો જોઈતો હતો.
22	જીલ્લા કલેક્ટર, ભરૂચ 01 કેસ 2.42	અંકલેશ્વર તાલુકાના કાપોદ્રા ગામમાં આવેલી 1,100 ચોરસ મીટર જમીનના 'શરતમાં ફેરફાર'ના એક કેસમાં, જિલ્લા કલેક્ટરે રહેણાંકના જંત્રી દરે પ્રીમિયમ લાગુ કર્યુ હતું અને વસૂલ કર્યુ હતું (જુલાઈ 2021). જો કે, આ કિસ્સામાં, ત્યારબાદ કલેક્ટરે (ઓગસ્ટ 2021) 'બહુહેતુક ઉપયોગ' માટે બિન-ખેતીની પરવાનગી આપી હતી. આ કિસ્સામાં, બિન-ખેતી પરવાનગી આપતી વખતે / સ્પષ્ટતા અને સુધારણા પરિપત્રની જોગવાઈઓને ધ્યાનમાં લઈને કેસ ફરીથી ખોલીને અને નવેસરથી અંતિમ રૂપ આપીને ₹ 2.42 લાખનો પ્રીમિયમનો તફાવત વસૂલ કરવાનું જરૂરી હતું. ભરૂચ જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે ₹ 2.42 લાખ વસૂલ કરવામાં આવ્યા હતા (ફેબ્રુઆરી 2025).

પરિશિષ્ટ VIII

પ્રીમિયમ કિંમતની બિન/ઓછી વસૂલાત

(ફકરા 3.6માં સંદર્ભિત)

'બહુહેતુક' ઉપયોગ માટે બિન-ખેતીની પરવાનગીના કિસ્સામાં, ગામ/સર્વે નંબર માટે સૌથી વધુ જંત્રી દરે પ્રીમિયમ વસૂલ કરવામાં આવ્યું ન હતું.

પ્રીમિયમ વસૂલ કરવા માટેની મિલકતની બજાર કિંમત જંત્રી દરો અનુસાર અને તેમાં નિર્ધારિત શરતોને આધીન નક્કી કરવામાં આવે છે. 07 માર્ચ 2019 ના પરિપત્રની[21] કલમ નં. 15 ને તારીખ 22 ઓક્ટોબર 2019 ના સ્પષ્ટીકરણ સાથે વંચાણે લેતાં અને 22 મે 2020 ના સુધારણા પરિપત્ર મુજબ, 'બહુહેતુક' ઉપયોગ માટે બિન-ખેતીની પરવાનગીના કિસ્સામાં, ગામ/સર્વે નંબર માટે સૌથી ઉંચા જંત્રી દરે પ્રીમિયમ ચૂકવવું જરૂરી છે.

ઓડિટ અવલોકન:

(i) ચાર કેસોમાં (મે 2022 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલ), કલેક્ટર, કચ્છ કચેરીએ (એપ્રિલ 2018 અને જાન્યુઆરી 2019 માં) ભુજ તાલુકાના મિરઝાપર ગામની 93,619 ચોરસ મીટર (ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ/બાડા હેઠળ આવતી) નવી અને પ્રતિબંધિત શરતની ખેતીની જમીનને બિન-ખેતી (રહેણાંક) હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાની મંજૂરી નાયબ કલેક્ટર (SDVO), ભુજના અભિપ્રાય મુજબ આપી હતી. જો કે, જંત્રી 2011 ના વેલ્યુ ઝોન નકશા, BADA નકશા, ભૂજના જિલ્લા નિરીક્ષક ભૂમિ રેકર્ડ (DILR) કચેરી દ્વારા રજૂ કરાયેલ નકશા અને જંત્રી 2006 ના વેલ્યુ ઝોન નકશાની વિગતવાર તપાસ કરતાં; ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું કે નાયબ કલેક્ટર (SDVO) એ જમીનને ખોટા વેલ્યુ ઝોન હેઠળ વર્ગીકૃત કરી હતી. આના પરિણામે ખોટા જંત્રી દર અપનાવવામાં આવ્યા હતા અને પરિણામે ₹ 581.56 લાખ જેટલા પ્રીમિયમની ઓછી વસૂલાત કરવામાં આવી હતી.

(ii) ચાર કેસોમાં (મે 2022 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), કલેક્ટર, કચ્છ કચેરીએ (જૂન 2018 અને ઓક્ટોબર 2019 ની વચ્ચે) ભુજ અને માંડવી તાલુકાના વિવિધ ગામોની 98,979 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત માલિકીની ખેતીની જમીનને પ્રીમિયમ વસૂલ કરીને બિન-ખેતી હેતુ માટે (બે કેસમાં બહુહેતુક અને બે કેસમાં ઔદ્યોગિક) જૂની શરતમાં રૂપાંતરિત કરવાની મંજૂરી આપી હતી. જોકે, 'બહુહેતુક' ઉપયોગના કિસ્સાઓમાં, કલેક્ટરે ગામ માટે સૌથી ઉંચો જંત્રી દર અપનાવ્યો ન હતો જ્યારે 'ઔદ્યોગિક' ઉપયોગના કિસ્સાઓમાં, કલેક્ટરે નાયબ કલેક્ટર (SDVO) દ્વારા મંતવ્ય મુજબના દર અપનાવ્યા ન હતા. આ ચાર કેસોમાં જંત્રી દર ખોટી રીતે અપનાવવાથી ₹ 17.26 લાખનો પ્રીમિયમ ઓછો વસૂલવામાં આવ્યો હતો.

(iii) બે કેસોમાં (ફેબ્રુઆરી 2022 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), કલેક્ટર, રાજકોટ ઓફિસે બે ગામોની 8,296 ચોરસ મીટરની નવી અને પ્રતિબંધિત માલિકીની ખેતીની જમીનને પ્રીમિયમ વસૂલ કરીને બિન-ખેતી હેતુ માટે જૂની માલિકીમાં રૂપાંતરિત કરવાની પરવાનગી આપી હતી (જાન્યુઆરી 2018 અને ફેબ્રુઆરી 2021 ની વચ્ચે) (એક કેસમાં બહુહેતુક અને એક કેસમાં જ્યાં બિન-ખેતી હેતુનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો). જોકે, 'બહુહેતુક' ઉપયોગના એક કેસમાં/જ્યાં NA હેતુનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, કલેક્ટરે ગામ માટે સૌથી વધુ જંત્રી દર અપનાવ્યો ન હતો. આ બે કેસોમાં જંત્રી દર ખોટી રીતે અપનાવવાને કારણે ₹ 2.86 લાખનો પ્રીમિયમ ઓછો વસૂલવામાં આવ્યો.

(iv) ચાર કેસોમાં (મે 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલ), પાલનપુર કલેક્ટર કચેરીએ (જાન્યુઆરી 2020 અને જૂન 2022 ની વચ્ચે) વિવિધ ગામોની 20,993 ચોરસ મીટર જેટલી નવી અને

[21] નં. No. NSJ/102006/571/J (part-2).

પ્રતિબંધિત શરતની ખેતીની જમીનને બિન-ખેતી માટે જૂની શરતની જમીનમાં પ્રીમિયમ વસૂલ કરીને રૂપાંતરિત કરવાની પરવાનગી આપી હતી (ત્રણ કેસોમાં બહુહેતુક અને એક કેસ જેમાં બિન-ખેતી હેતુનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો). જોકે, કલેક્ટરે ગામ માટેનો સૌથી ઉંચો જંત્રી દર અપનાવ્યો ન હતો. આ ચાર કેસોમાં જંત્રી દર ખોટી રીતે અપનાવવાને કારણે ₹ 59.19 લાખ જેટલું પ્રીમિયમ ઓછું વસૂલ કરવામાં આવ્યુ હતું. કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે અરજદારોને પ્રીમિયમની તફાવતની રકમ ચૂકવવા માટે છેવટની નોટિસ પાઠવવામાં આવી છે અને રકમ ચૂકવવામાં નિષ્ફળતાના કિસ્સામાં, મિલકત સામે બોજાની નોધ કરવામાં આવશે.

જંત્રીમાં ઉપલબ્ધ નજીકના સર્વે/બ્લોક નંબરોના દરોના આધારે મિલકતની બજાર કિંમત નક્કી કરવામાં આવી ન હતી.

તારીખ 30 એપ્રિલ 2011 ના પરિપત્ર પત્ર દ્વારા સ્ટેમ્પ અધિક્ષકે તમામ નાયબ કલેક્ટરો (સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન કચેરી) / સબ-રજિસ્ટ્રારને સૂચના આપી હતી કે જો શહેરી અથવા ગ્રામીણ વિસ્તારોનો કોઈ શહેર સર્વે/બ્લોક/મહેસૂલી સર્વે નંબર, જે કિસ્સો હોય એ મુજબ, જંત્રીમાં ન હોય, તો મિલકતની બજાર કિંમત જંત્રીમાં ઉપલબ્ધ નજીકના સર્વે/બ્લોક નંબરોના દરના આધારે નક્કી કરવામાં આવશે, જેમાં ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં ન મળતો શહેર સર્વે/બ્લોક/મહેસૂલ સર્વે નંબર પડતો હોય.

ઓડિટ અવલોકન:

(i) છોટા ઉદેપુર જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 52,801 ચોરસ મીટર જમીનને બિન-ખેતી હેતુઓ (રહેણાંક/ઔદ્યોગિક/વાણિજ્યિક) માટે નવી અને પ્રતિબંધિત શરતની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના આઠ કેસોમાં (નવેમ્બર 2021 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં સર્વે/બ્લોક નંબરોના દરો ન હતા. કલેક્ટરે ન હોય એવા સર્વે/બ્લોક નંબરોના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે/બ્લોક નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જો કે, કલેક્ટરે અગાઉની જંત્રી 2006 માં સર્વે/બ્લોક નંબરો માટે નિર્ધારિત દરો (જુલાઈ 2015 અને નવેમ્બર 2020 વચ્ચે) અપનાવ્યા હતા. આના પરિણામે ₹ 16.09 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઇ હતી.

(ii) કચ્છ જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 8,22,825 ચોરસ મીટર જમીનને બિન-ખેતીના હેતુઓ (રહેણાંક/ઔદ્યોગિક/બહુહેતુક/અનિર્દિષ્ટ હેતુ) માટે નવી અને પ્રતિબંધિત શરતની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના 25 કેસોમાં (મે 2022 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં આ સર્વે/બ્લોક નંબરોના દરો ન હતા. કલેક્ટરે જંત્રીમાં ન હતા એવા સર્વે/બ્લોક નંબરોના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે/બ્લોક નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જો કે, કલેક્ટરે અગાઉના જંત્રી 2006 માં સર્વે/બ્લોક નંબરો માટે નિર્ધારિત દરો અથવા 03 ડિસેમ્બર 2011 ના GR દ્વારા નિર્ધારિત ફોર્મ્યુલા મુજબના દરો અપનાવ્યા હતા (ઓક્ટોબર 2016 અને નવેમ્બર 2021 વચ્ચે). આના પરિણામે ₹ 202.94 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી.

(iii) વડોદરા જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 1,42,736 ચોરસ મીટર જમીનને બિન-ખેતીના હેતુઓ (રહેણાંક/ઔદ્યોગિક/બહુહેતુક) માટે નવી અને પ્રતિબંધિત શરતની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના સાત કેસોમાં (ઓક્ટોબર 2021 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવ્યા હતા), જંત્રી 2011 માં આ સર્વે નંબરોના દરો ગુમ હતા. કલેક્ટરે સર્વે નંબરો ન હતા તેના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે (ઓગસ્ટ 2018 અને જૂન 2021 વચ્ચે) અગાઉની જંત્રી 2006 માં સર્વે નંબરો માટે નિર્ધારિત દરો અપનાવ્યા હતા. આના પરિણામે પ્રીમિયમ કિંમતની ₹ 24.83 લાખ જેટલી ઓછી વસૂલાત થઈ. કલેક્ટર, વડોદરા કચેરીએ જણાવ્યું હતું કે સંબંધિત સર્વે નંબર માટે લાગુ જંત્રી દર અંગે નાયબ કલેક્ટર (SDVO) ના અભિપ્રાય મેળવ્યા પછી પ્રીમિયમ વસૂલ કરવામાં આવ્યું હતું. પ્રીમિયમ વસૂલ કરવા માટે જમીનના મૂલ્યાંકન માટે

ધ્યાનમાં લેવાયેલો જંત્રી દર સ્ટેમ્પ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા બહાર પડાયેલ સૂચનાઓ સાથે સુસંગત ન હોવાથી આ જવાબ પ્રતીતિજનક નથી.

(iv) ખેડા જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 92,790 ચોરસ મીટર જમીનને બિન-ખેતીના હેતુઓ (રહેણાંક/ઔદ્યોગિક) માટે નવી અને પ્રતિબંધિત શરતની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના છ કેસોમાં (ઓક્ટોબર 2021 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં આ સર્વે/બ્લોક નંબરોના દરો ન હતા. કલેક્ટરે ન હતા એવા સર્વે નંબરોના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે/બ્લોક નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે અગાઉની જંત્રી 2006 માં સર્વે નંબરો માટે નિર્ધારિત દરો અપનાવ્યા હતા (નવેમ્બર 2017 અને સપ્ટેમ્બર 2021 વચ્ચે). આના પરિણામે ₹ 46.64 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી. આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતા, કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે નાયબ કલેક્ટર (SDVO) ના અભિપ્રાયના આધારે, અરજદારોને તફાવતના પ્રીમિયમની વસૂલાત માટે નોટિસ પાઠવવામાં આવી છે. તફાવતની પ્રીમિયમ રકમ ચૂકવવામાં ન આવે તો મિલકતો સામે બોજાની નોંધ કરવામાં આવશે.

(v) રાજકોટ જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 28,329 ચોરસ મીટર જમીનને ખેતી/બિન-ખેતી હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતની માલિકીની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના ત્રણ કેસોમાં (ફેબ્રુઆરી 2022 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવ્યા હતા), જંત્રી 2011 માં આ સર્વે નંબરોના દરો ન હતા. કલેક્ટરે ન હતા એવા સર્વે નંબરોના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે દૂરના સર્વે નંબરોને લગતા દરો અથવા ખોટા દરો અપનાવ્યા હતા (જાન્યુઆરી 2018 અને સપ્ટેમ્બર 2019 વચ્ચે). આના પરિણામે ₹ 8.50 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી. આ બાબત ધ્યાનમાં લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે ત્રણ કેસોમાં બોજાની નોંધ કરવામાં આવી છે.

(vi) નવસારીના જુદા જુદા ગામોમાં આવેલી 1,31,967 ચોરસ મીટર જમીનને બિન-ખેતીના હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતમાંથી જૂની શરતમાં રૂપાંતરિત કરવાના આઠ કેસોમાં (એપ્રિલ 2023 માં ઓડિટ દ્વારા દર્શાવવામાં આવ્યા હતા), જંત્રી 2011 માં આ સર્વે નંબરોના દરો ન હતા. કલેક્ટરે ન હતા એવા સર્વે નંબરોના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જો કે, કલેક્ટરે દરો તારીખ 3 ડિસેમ્બર 2011 ના સરકારના ઠરાવ દ્વારા નિર્ધારિત સૂત્ર મુજબ અપનાવ્યા હતા (ફેબ્રુઆરી 2017 અને સપ્ટેમ્બર 2019 વચ્ચે). આના પરિણામે પ્રીમિયમ કિંમતની ₹ 209.72 લાખ જેટલી ઓછી વસૂલાત થઇ હતી.

(vii) ગાંધીનગર જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 41,217 ચોરસ મીટર જમીનને રહેણાંક હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતમાંથી જૂની શરતમાં રૂપાંતરિત કરવાના ચાર કેસોમાં (જૂન 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં સર્વે નંબરોના દરો ન હતા. જમીન સુધારણા કમિશનર અને હોદ્દાની રૂએ સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગરને ન મળેલા સર્વે નંબરોના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જોકે, જમીન સુધારણા કમિશનર અને હોદ્દાની રૂએ સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગરે દરો 03 ડિસેમ્બર 2011 ના GR દ્વારા નિર્ધારિત ફોર્મ્યુલા મુજબ અપનાવ્યા હતા (ડિસેમ્બર 2018 અને ઓક્ટોબર 2020 વચ્ચે). આના પરિણામે ₹ 101.11 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી.

(viii) સુરેન્દ્રનગર જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 34,753 ચોરસ મીટર જમીનને ઔદ્યોગિક/વાણિજ્યિક હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના બે કિસ્સાઓમાં (એપ્રિલ 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં સર્વે નંબરોના દરો ન હતા. કલેક્ટરે મળેલા સર્વે નંબરોના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરોના દરો અપનાવવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે અયોગ્ય દરો અપનાવ્યા હતા (મે 2018 અને ઓક્ટોબર 2018 વચ્ચે). આના પરિણામે ₹ 6.57 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઇ હતી.

(ix) મહેસાણા જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 48,919 ચોરસ મીટર જેટલી જમીનને બિન-ખેતી હેતુઓ માટે (એક કેસમાં ઔદ્યોગિક, બે કેસોમાં બહુહેતુક અને એક કેસમાં હેતુનો ઉલ્લેખ નથી) નવી અને પ્રતિબંધિત શરતની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના ચાર કેસોમાં (જાન્યુઆરી 2024 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં સર્વે નંબરોના વાણિજ્યિક દરો (એટલે કે સૌથી વધુ દરો) મળ્યા ન હતા. પાછળથી, આ બધા કેસોમાં બહુહેતુક ઉપયોગ માટે બિન-ખેતી ઉપયોગ માટે પરવાનગીઓ મેળવવામાં આવી હતી (ઓક્ટોબર 2019 થી ડિસેમ્બર 2021). કલેક્ટરે ગુમ થયેલા સર્વે નંબરના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરના વાણિજ્યિક દરો અપનાવવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે અયોગ્ય દરો અપનાવ્યા હતા (સપ્ટેમ્બર 2019 અને ડિસેમ્બર 2021 વચ્ચે). આના પરિણામે ₹ 60.92 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઇ હતી.

(x) મહીસાગર જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 40,225 ચોરસ મીટર જમીનને બિન-ખેતી હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતમાંથી જૂની શરતમાં રૂપાંતરિત કરવાના 15 કેસોમાં (જાન્યુઆરી 2024 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવ્યા હતા), જંત્રી 2011 માં સર્વે નંબરોના દરો ન હતા. કલેક્ટરે ન મળતા સર્વે નંબરના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરના દરો અપનાવવાની જરૂર હતી. જો કે, કલેક્ટરે ASR-2006 ના દરો અથવા ખોટા વેલ્યુ ઝોનના દરો અપનાવ્યા હતા (ઓક્ટોબર 2018 અને સપ્ટેમ્બર 2021 વચ્ચે). આના પરિણામે ₹ 99.23 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે મિલકતોની સામે બોજાની નોંધો કરવામાં આવી છે.

(xi) અમરેલી જિલ્લાના જુદા જુદા ગામોમાં આવેલી 32,259 ચોરસ મીટર જેટલી જમીનને બિન-ખેતીના હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતની જમીનમાંથી જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના ત્રણ કેસોમાં (ફેબ્રુઆરી 2024 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં સર્વે નંબરોના દરો ન હતા. કલેક્ટરે ન મળતા સર્વે નંબરના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરના દરો અપનાવવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે (જૂન 2021 અને ફેબ્રુઆરી 2023 વચ્ચે) ASR-2006 ના દરો અપનાવ્યા હતા (બે કિસ્સાઓમાં) અથવા તારીખ 3 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવ દ્વારા નિર્ધારિત ફોર્મ્યુલા મુજબનો દર મેળવ્યો હતો (એક કિસ્સામાં). આના પરિણામે ₹ 45.47 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત કરવામાં આવી હતી. આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતાં, કલેક્ટર, અમરેલીએ જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે પત્ર નાયબ કમિશનર (રાજ્ય સ્તરીય મૂલ્યાંકન તંત્ર) ને તેમના અભિપ્રાય માટે મોકલવામાં આવ્યો છે અને અભિપ્રાય મળ્યા પછી જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

(xii) ગોધરાના જુદા જુદા ગામોમાં આવેલી 88,210 ચોરસ મીટર જમીનને બિન-ખેતી હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતમાંથી જૂની શરતમાં રૂપાંતરિત કરવાના નવ કેસોમાં (એપ્રિલ 2024 માં ઓડિટ દ્વારા દર્શાવવામાં આવેલા) જંત્રી 2011 માં સર્વે નંબરોના દરો ન હતા. કલેક્ટરે ન મળતા સર્વે નંબરના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરના દરો અપનાવવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે ખોટા દરો (ત્રણ કેસોમાં), ASR-2006 ના દરો (ત્રણ કેસોમાં) અને તારીખ 3 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવ દ્વારા નિર્ધારિત ફોર્મ્યુલા મુજબ દરો (ત્રણ કેસોમાં) અપનાવ્યા હતા (નવેમ્બર 2018 અને ફેબ્રુઆરી 2023 વચ્ચે). આના પરિણામે ₹ 57.63 લાખ જેટલી પ્રીમિયમ કિંમત ઓછી વસૂલ કરવામાં આવી હતી. આ બાબત ધ્યાન પર લાવવામાં આવતા, ગોધરાના કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે સાત કેસોમાં બોજાની નોંધો કરવામાં આવી છે. એક કિસ્સામાં, અરજદારને પ્રીમિયમની તફાવતની રકમ ચૂકવવાનું કહેવામાં આવ્યું છે. બાકીના એક કેસમાં કોઈ જવાબ મળ્યો નથી.

(xiii) અમદાવાદ જિલ્લાના વિવિધ ગામોમાં આવેલી 89,759 ચોરસ મીટર જમીનને ખેતી/બિન-ખેતી હેતુ માટે નવી અને પ્રતિબંધિત શરતમાંથી જૂની શરતમાં રૂપાંતરિત કરવાના નવ કેસોમાં (મે 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા), જંત્રી 2011 માં સર્વે નંબરોના દરો ગુમ હતા. કલેક્ટરે ગુમ થયેલા સર્વે નંબરના સમાન ગ્રીડ/વેલ્યુ ઝોન નકશામાં આવતા નજીકના/નજીકના સર્વે નંબરના દરો અપનાવવાની

જરૂર હતી. જોકે, કલેક્ટરે ASR-2006 ના દરો (સાત કેસોમાં), ખોટો દર (એક કેસમાં) અને ખોટો વેલ્યુ ઝોનનો જંત્રી દર (એક કેસમાં) અપનાવ્યો હતો (માર્ચ 2021 અને માર્ચ 2022 વચ્ચે). આના પરિણામે ₹ 89.78 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી. અમદાવાદ જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે તમામ કેસોમાં મિલકતો સામે બોજાની નોંધો કરવામાં આવી છે.

3 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવમાં સમાવિષ્ટ સૂચનાઓ અનુસાર નક્કી કરાયેલ જંત્રીમાં નિર્ધારિત ન હોય તેવા સર્વે નંબર માટેનો દર અગાઉના જંત્રીમાં આપવામાં આવેલા દરો કરતા ઓછો હતો.

તારીખ 3 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવમાં જોગવાઈ છે કે રહેણાંક/ઔદ્યોગિક/વાણિજ્યિક હેતુઓ માટે નવી અને પ્રતિબંધિત શરતની જમીનને જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના કિસ્સામાં, જ્યાં તે સર્વે નંબર માટેનો દર જંત્રીમાં નિર્ધારિત નથી, ત્યાં પ્રીમિયમ વસૂલ કરવાના હેતુ માટે મિલકતના સમાન સર્વે નંબરના ખેતી દરના અનુક્રમે બે/ત્રણ/ચાર ગણા દર ધ્યાનમાં લેવા જોઈએ. આ રીતે ગણવામાં આવેલા દર 1 એપ્રિલ 2008 થી 31 માર્ચ 2011 સુધી અમલમાં આવેલી અગાઉની જંત્રીમાં પૂરા પાડવામાં આવેલા દરો કરતા ઓછા ન હોવા જોઈએ.

30 ડિસેમ્બર 2011 ના રોજના સરકારી ઠરાવમાં જોગવાઈ છે કે જ્યારે જંત્રીમાં પિયત અને બિન-પિયત બંને ખેતી દર ઉપલબ્ધ હોય, ત્યારે બિન-ખેતી હેતુઓ માટે બજાર કિંમતની ગણતરી માટે ઉંચો દર ધ્યાનમાં લેવો જોઈએ.

ઓડિટ અવલોકન:

(i) (નવેમ્બર 2021 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલ) 3,500 ચોરસ મીટર નવી અને પ્રતિબંધિત શરતની ખેતીની જમીનને જૂની શરતની બિન-ખેતી જમીનમાં રૂપાંતરિત કરવાના એક કિસ્સામાં, કલેક્ટર, છોટાઉદેપુરની કચેરીએ તારીખ 03 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવ દ્વારા નિર્ધારિત સૂત્ર મુજબ જંત્રી દર અપનાવ્યા હતા (ઓગસ્ટ 2020 માં), જે 31 માર્ચ 2011 સુધી અમલમાં રહેલી અગાઉની જંત્રીમાં નિર્ધારિત દરો કરતા ઓછા હતા. આમ, નીચા જંત્રી દર અપનાવવાથી 03 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવ નું પાલન થયું નથી અને ₹ 0.25 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઇ છે.

(ii) (મે 2022 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) 16,188 ચોરસ મીટરની નવી અને પ્રતિબંધિત શરતની ખેતીની જમીનને રૂપાંતરિત કરવાના એક કિસ્સામાં. જૂની શરતના બિન-ખેતી હેતુ માટે, કલેક્ટર, કચ્છની કચેરીએ તારીખ 03 ડિસેમ્બર ૨૦૧૧ના સરકારી ઠરાવ દ્વારા નિર્ધારિત સૂત્ર મુજબ જંત્રી દરો અપનાવ્યા હતા (જાન્યુઆરી 2019માં), જે 31 માર્ચ 2011 સુધી અમલમાં રહેલી અગાઉની જંત્રીમાં નિર્ધારિત દરો કરતા ઓછા હતા. નીચા જંત્રી દરો અપનાવવાથી 3 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવ નું પાલન થયું નથી અને ₹ 0.52 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત કરવામાં આવી છે.

(iii) 27,620 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની ખેતીની જમીનને જૂની શરતની બિન-ખેતીના બહુહેતુક ઉપયોગમાં રૂપાંતરિત કરવાના એક કિસ્સામાં (જૂન 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલ), જમીન સુધારણા કમિશનર અને હોદ્દાની રૂએ સચિવ, મહેસૂલ વિભાગ,ગાંધીનગરે (ફેબ્રુઆરી 2019માં), પ્રીમિયમ કિંમત વસૂલ કરવા માટે બિન-પિયત દરોને બદલે ચાર ગણા પિયત દરો લઈને જંત્રી દરો અપનાવ્યા હતા. આમ, નીચા જંત્રી દર અપનાવવાથી ₹ 22.09 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી.

'ખુલ્લા પ્લોટ' ના દરોના બદલે 'ખુલ્લા પ્લોટ (ઔદ્યોગિક)' માટે લાગુ પડતા જંત્રીના દર અપનાવવા

18 એપ્રિલ 2011 થી અમલમાં આવતી જંત્રીમાં શહેરી વિસ્તારો માટે દર ની બે શ્રેણીઓ છે, એટલે કે 'ખુલ્લા પ્લોટ દર' અને 'ખુલ્લા પ્લોટ દર (ઔદ્યોગિક)'. મહેસૂલ વિભાગે 5 જાન્યુઆરી 2015 ના રોજ એક પરિપત્ર બહાર પાડીને નવી અને પ્રતિબંધિત શરતની જમીનને જૂની શરતના ઔદ્યોગિક હેતુ માટે રૂપાંતરિત કરવા માટે પ્રીમિયમ વસૂલવા માટેની બે શ્રેણીઓમાંથી જંત્રી દર પસંદ કરવામાં રહેલી અસ્પષ્ટતાને દૂર કરી હતી. પરિપત્ર મુજબ, શહેરી વિસ્તારોમાં ખેતીની જમીનને કોઈપણ બિન-ખેતી ઉપયોગ માટે નવી અને પ્રતિબંધિત

શરતની જમીનને જૂની શરતની કોઈ પણ બિન-ખેતીના હેતુ માટે રૂપાંતરિત કરવા માટે પ્રીમિયમ 18 એપ્રિલ 2011 થી અમલમાં આવતી જંત્રીમાં પૂરા પાડવામાં આવેલા 'ખુલ્લા પ્લોટ દર' ના આધારે વસૂલવામાં આવશે.

ઓડિટ અવલોકન:

13,456 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને જૂની શરતની ઔદ્યોગિક હેતુ માટે રૂપાંતર કરવાના એક કિસ્સામાં (ફેબ્રુઆરી 2022 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવ્યું હતું), રાજકોટ કલેક્ટર કચેરીએ 'ખુલ્લા પ્લોટ' દરોને બદલે 'ખુલ્લા પ્લોટ (ઔદ્યોગિક)' માટે લાગુ પડતા જંત્રી દર અપનાવ્યા હતા. આના પરિણામે ₹ 6.03 લાખની પ્રીમિયમ કિંમત ઓછો વસૂલ કરવામાં આવી હતી. આ તરફ ધ્યાન દોરવામાં આવતા, કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે પ્રીમિયમ વસૂલ કરવા માટે ખુલ્લા પ્લોટ (ઔદ્યોગિક) જંત્રીનો સૌથી ઉંચો દર ધ્યાનમાં લેવામાં આવ્યો છે. જવાબ પ્રતીતિજનક નથી કારણ કે 05 જાન્યુઆરી 2015 ના મહેસૂલ વિભાગના પરિપત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યુ છે કે શહેરી વિસ્તારોમાં ખેતીની જમીનને કોઈપણ બિન-ખેતી ઉપયોગ માટે નવી અને પ્રતિબંધિત શરત માંથી જૂની શરતમાં રૂપાંતરિત કરવા માટે પ્રીમિયમ જંત્રીમાં પૂરા પાડવામાં આવેલા 'ખુલ્લા પ્લોટ દરો' ના આધારે વસૂલવામાં આવશે.

જંત્રીના અયોગ્ય દરો અપનાવવા

'નવા અને પ્રતિબંધિત શરત' હેઠળ જમીન (શહેરી વિસ્તારો, નગરો, શહેરો, નગરપાલિકા વિસ્તારો વગેરેમાં આવેલી) ને 'જૂની શરત' માં રૂપાંતરિત કરવાના કિસ્સામાં, નિર્ધારિત દરે પ્રીમિયમ વસૂલવું જરૂરી છે.

નગર આયોજનના વિસ્તારમાં ખેતીની જમીનનું બજાર મૂલ્ય જંત્રીમાં દર્શાવેલ ખુલ્લા પ્લોટ જમીન માટે લાગુ પડતા દર મુજબ નક્કી કરવું જોઈએ.

મહેસૂલ અધિકારીઓ દ્વારા જમીન રેકોર્ડમાં 'નવી અને પ્રતિબંધિત શરત' શબ્દોનો ઉલ્લેખ કરવામાં અજાણતા થયેલી ભૂલને કારણે શરતના ભંગને નિયમિત કરવા અને ત્યારબાદ વાસ્તવિક ખરીદદારો દ્વારા પરવાનગી અને પ્રીમિયમ ચૂકવ્યા વિના કરવામાં આવેલા જમીનના વેચાણને નિયમિત કરવા માટે, મહેસૂલ વિભાગે તારીખ 17-03-2017 નો એક પરિપત્ર નંબર GNT/ 3016/2135/Z બહાર પાડ્યો હતો. આ પરિપત્ર મુજબ, મહેસૂલ વિભાગે પ્રવર્તમાન નિયમો/સરકારી ઠરાવ મુજબ પ્રીમિયમ વસૂલ કરીને જમીનને ખેતીમાંથી ખેતી અથવા બિન-ખેતી હેતુ (નવી શરત થી જૂની શરત) માં રૂપાંતરિત કરવાની મંજૂરી આપી હતી, આ વેચાણને વાસ્તવિક (શુદ્ધબુદ્ધિ) વેચાણ એટલે કે ખેતીને ખેતી તેમજ ખેતીને બિન-ખેતી તરીકે ગણીને આવા તબદીલીના હેતુ અને ગુણોના આધારે.

ઓડિટ અવલોકન:

(i) છોટા ઉદેપુર ગામ અને તાલુકા એટલે કે શહેરી વિસ્તારમાં આવેલી 16,895 ચોરસ મીટર જેટલી 'નવી અને પ્રતિબંધિત માલિકીની' જમીનના બે કિસ્સાઓમાં (નવેમ્બર 2021 વચ્ચે ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) છોટા ઉદેપુરના મામલતદારે ₹ 9.43 લાખનું લાગુ પડતું પ્રીમિયમ વસૂલ કર્યા વિના જમીનની શરતને 'ખેતીના હેતુ માટે જૂની શરત' માં રૂપાંતરિત કરી હતી (જુલાઈ 2009 અને એપ્રિલ 2017માં).

(ii) 15,440 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને ઔદ્યોગિક હેતુ માટે જૂની શરત' માં રૂપાંતરિત કરવાના એક કિસ્સામાં (મે 2023માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) કલેક્ટર, હિંમતનગરની કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર અપનાવ્યા હતા (ઓગસ્ટ 2018). આના પરિણામે ₹ 11.92 લાખ જેટલી પ્રીમિયમ કિંમત ઓછી વસૂલવામાં આવી હતી.

(iii) આઠ કેસોમાં (માર્ચ 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) 29,979 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને બિન-ખેતી હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, જેમાં કલેક્ટર, ગીર સોમનાથની કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે શહેરના સર્વે નંબરો મુજબ જંત્રી દર અપનાવવાને બદલે મહેસૂલના સર્વે નંબરો મુજબ જંત્રીના દર અપનાવ્યા હતા (મે 2018

અને જુલાઈ 2022 વચ્ચે). આ મહેસૂલ સર્વે નંબરોને 1996 માં શહેરના સર્વે નંબરો સોંપવામાં આવ્યા હતા. આના પરિણામે ₹ 136.79 લાખની પ્રીમિયમ કિંમત ઓછી વસૂલવામાં આવી હતી. આ બાબત ધ્યાનમાં લાવવામાં આવી ત્યારે, જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે જમીન માલિકોને નાયબ કલેક્ટર (SDVO) દ્વારા નક્કી કરાયેલ જંત્રી દરને ધ્યાનમાં રાખીને પ્રીમિયમની તફાવતની રકમ ચૂકવવા માટે જાણ કરવામાં આવશે.

(iv) 28,277 ચોરસ મીટરની નવી અને પ્રતિબંધિત શરતની જમીનને રહેણાંક હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના બે કિસ્સાઓમાં (જૂન 2023માં ઓડિટ દ્વારા નિર્દેશિત), જમીન સુધારણા કમિશનર અને હોદ્દાની રૂએ સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર અપનાવ્યા હતા (ઓગસ્ટ 2020). આના પરિણામે પ્રીમિયમ કિંમત ₹ 11.31 લાખ ઓછી વસૂલ કરવામાં આવી હતી.

(v) 64,061 ચોરસ મીટરની નવી અને પ્રતિબંધિત શરતની જમીનને બિન-ખેતી હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના સાત કિસ્સાઓમાં (જુલાઈ 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) વલસાડ કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર અપનાવ્યા હતા. આના પરિણામે પ્રીમિયમ કિંમત ₹ 12.66 લાખ ઓછી વસૂલ કરવામાં આવી હતી. આ બાબત ધ્યાનમાં લાવવામાં આવતા, કલેક્ટરે જણાવ્યું હતું (જાન્યુઆરી 2025) કે તમામ કિસ્સાઓમાં બોજાની નોંધ કરવામાં આવી છે.

(vi) 77,194 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને બિન-ખેતી હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના ત્રણ કેસોમાં (એપ્રિલ 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) કલેક્ટર, સુરેન્દ્રનગરની કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર અપનાવ્યા હતા (નવેમ્બર 2018 અને જાન્યુઆરી 2020 વચ્ચે). એક કેસમાં, રહેણાંક/ખુલ્લા પ્લોટ દરને બદલે ખેતી દર અપનાવવામાં આવ્યો હતો અને બે કેસમાં, વાણિજ્યિક દરને બદલે રહેણાંક દર અપનાવવામાં આવ્યો હતો. આના પરિણામે ₹ 42.67 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઇ હતી.

(vii) 35,309 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને ઔદ્યોગિક હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના ચાર કેસોમાં (ઓક્ટોબર 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) કલેક્ટર, મોરબી ની કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર અપનાવ્યા હતા (જુલાઈ 2019 માં). આ કિસ્સાઓમાં, ઔદ્યોગિક દરને બદલે રહેણાંક દર અપનાવવામાં આવ્યો હતો. આના પરિણામે ₹ 14.12 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું (ફેબ્રુઆરી 2025) કે તમામ કેસોમાં વસૂલાત પૂર્ણ થઈ ગઈ છે.

(viii) 46,508 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને બહુહેતુક ઉપયોગ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના એક કેસમાં (જાન્યુઆરી 2024 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવ્યો હતો), કલેક્ટર, પાટણ ની કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલ કરવા માટે ખોટો જંત્રી દર અપનાવ્યો હતો (નવેમ્બર 2022). આના પરિણામે ₹ 6.88 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, કલેક્ટરે જણાવ્યું (ફેબ્રુઆરી 2025) કે મિલકત સામે બોજાની નોંધ કરવામાં આવી છે.

(ix) 84,682 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનના રૂપાંતરના પાંચ કેસોમાં (એપ્રિલ 2024 માં ઓડિટ દ્વારા દર્શાવવામાં આવ્યું હતું). ખેતી અથવા બિન-ખેતી હેતુઓ માટે જૂની શરતની જમીનના હકને ધ્યાનમાં રાખીને, ગોધરાની કલેક્ટર કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર અપનાવ્યા હતા (નવેમ્બર 2021 અને એપ્રિલ 2022 વચ્ચે). જેના પરિણામે ₹ 12.30 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઇ હતી.

(x) 1,541 ચોરસ મીટરની નવી અને પ્રતિબંધિત શરતની જમીનને બિન-ખેતી હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના બે કિસ્સાઓમાં (જાન્યુઆરી 2024 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલા) દાહોદની કલેક્ટર કચેરીએ પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર અપનાવ્યા હતા (જુલાઈ

2021 અને મે 2022 વચ્ચે). એક કિસ્સામાં, વાણિજ્યિક દરને બદલે રહેણાંક દર અપનાવવામાં આવ્યો હતો અને બીજા કિસ્સામાં, ASR-2011 ના વાણિજ્યિક દરને બદલે ASR-2008સનો વાણિજ્યિક દર અપનાવવામાં આવ્યો હતો. આના પરિણામે ₹ 0.28 લાખની પ્રીમિયમ કિંમત ઓછી વસૂલવામાં આવી હતી. આ બાબતમાં ધ્યાન દોરવામાં આવતા, દાહોદના કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે બંને કિસ્સાઓમાં વસૂલાત પૂર્ણ થઈ ગઈ છે.

(xi) 9,245 ચોરસ મીટરની નવી અને પ્રતિબંધિત શરતની જમીનને રૂપાંતરિત કરવાના એક કિસ્સામાં (ઓક્ટોબર 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલો) ઔદ્યોગિક હેતુ માટે જૂની શરતની જમીનમાં, કલેક્ટર કચેરી, મોરબીએ (ફેબ્રુઆરી 2020) પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ઔદ્યોગિક દરને બદલે રહેણાંક દર અપનાવ્યો. આના પરિણામે ₹ 1.55 લાખની પ્રીમિયમ કિંમત ઓછી વસૂલવામાં આવી હતી.

(xii) 88,059 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને ખેતી અથવા બિન-ખેતીના હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના ત્રણ કિસ્સાઓમાં (જૂન 2023 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવ્યા હતા), કલેક્ટર કચેરી, ભરૂચે પ્રીમિયમ કિંમત વસૂલવા માટે ખોટા જંત્રી દર/વિસ્તાર અપનાવ્યા હતા (જુલાઈ 2018 અને જુલાઈ 2020 વચ્ચે). એક કિસ્સામાં, મહેસૂલ સર્વે નંબર મ્યુનિસિપલ હદમાં હોવા છતાં ઓછો ખેતી દર અપનાવવામાં આવ્યો. એક કિસ્સામાં, ભેળવેલા કરેલા વિસ્તારના સંદર્ભમાં પ્રીમિયમ વસૂલવામાં આવ્યું ન હતું. એક કિસ્સામાં, બહુહેતુક ઉપયોગ માટે 03 ડિસેમ્બર 2011 ના સરકારી ઠરાવ દ્વારા નિર્ધારિત સૂત્ર મુજબ જંત્રી દર અપનાવવામા આવ્યા, જે ASR-2008 માં નિર્ધારિત વાણિજ્યિક દરો કરતા ઓછા હતા. આના પરિણામે ₹ 8.53 લાખની પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ. ભરૂચના કલેક્ટરે જણાવ્યું હતું (માર્ચ 2025) કે બે કેસમાં ₹ 3.27 લાખ વસૂલ કરવામાં આવ્યા છે. બાકીના એક કેસમાં જવાબ મળ્યો નથી (માર્ચ 2025).

(xiii) 17,604 ચોરસ મીટર જેટલી નવી અને પ્રતિબંધિત શરતની જમીનને ઔદ્યોગિક હેતુ માટે જૂની શરતની જમીનમાં રૂપાંતરિત કરવાના એક કિસ્સામાં (એપ્રિલ 2024 માં ઓડિટ દ્વારા ધ્યાન પર લાવવામાં આવેલ), કલેક્ટર કચેરી, ગોધરાએ બિન-ખેતી દરે પ્રીમિયમ કિંમત વસૂલ કર્યા પછી આદેશો બહાર પાડ્યા હતા (સપ્ટેમ્બર 2018). મૂળરૂપે, જમીન નવી શરતની હતી અને અગાઉ, આ જમીન કલેક્ટરની પરવાનગી વિના અને ખેતીના હેતુ માટે પ્રીમિયમ કિંમત વસૂલ્યા વિના ખેતીના હેતુ માટે વેચવામાં આવી હતી. વિભાગે ફક્ત બિન-ખેતીના હેતુ માટે પ્રીમિયમ કિંમત વસૂલ કરી હતી પરંતુ ખેતીના હેતુ માટે પ્રીમિયમ કિંમત વસૂલવામાં નિષ્ફળ ગયો હતો. આના પરિણામે ₹ 7.22 લાખની પ્રીમિયમ કિંમતની વસૂલાત થઇ ન હતી.

પરિશિષ્ટ IX

સર્વિસ ચાર્જની ઓછી વસૂલાત

(ફકરા 3.7માં સંદર્ભિત)

ક્રમાંક	કચેરી/ સમયગાળો/ કેસોની સંખ્યા/ રકમ (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
1	જીલ્લા કલેક્ટર, કચ્છ-ભુજ 2016-21 28 કેસો 32.26	ઓડિટમાં ધ્યાનમાં આવ્યું હતું (ફેબ્રુઆરી 2019 અને મે 2022 માં) કે 28 કેસોમાં, પવનચક્કીઓ સ્થાપવાના હેતુ માટે, 10 અરજદારોએ પાંચ તાલુકાના 26 ગામોના વિવિધ મહેસૂલ સર્વે નંબરો પર આવેલી 30,25,000 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ફાળવવા માટે અરજી કરી હતી. જંત્રી દર મુજબ, ઉપરોક્ત જમીનની બજાર કિંમત ₹ 61.22 કરોડ હતી. આમ, આ કિસ્સાઓમાં, જિલ્લા કલેક્ટરે અરજીઓની પ્રક્રિયા કરતા પહેલા ₹ 61.22 લાખ (જમીનની બજાર કિંમતના એક ટકા) નો સર્વિસ ચાર્જની ચૂકવણીની ખાતરી કરવી જરૂરી હતી. જોકે, અરજદારોએ તેમની અરજીઓ સાથે જ ₹ 28.96 લાખનો સર્વિસ ચાર્જ ચૂકવ્યો હતો. તેથી, કલેક્ટરે તેમની અરજીઓને અંતિમ રૂપ આપતા પહેલા અરજદારો પાસેથી ₹ 32.26 લાખનો સર્વિસ ચાર્જનો તફાવત વસૂલ કરવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે ₹ 32.26 લાખનો સર્વિસ ચાર્જનો તફાવત લાગુ પાડ્યો નથી કે વસૂલ કર્યો નથી. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, જિલ્લા કલેકટરે જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2023) કે ચાર કેસોમાં[22] બે અરજદારો પાસેથી ₹ 2.04 લાખની આંશિક રકમ વસૂલ કરવામાં આવી છે. સર્વિસ ચાર્જની બાકીની રકમની વસૂલાતની સ્થિતિ રાહ જોવાઈ રહી હતી (ફેબ્રુઆરી 2025).
2	જીલ્લા કલેક્ટર, સુરેન્દ્રનગર 2017-22 02 કેસો 67.91	ઓડિટમાં જોવામાં આવ્યુ હતું (એપ્રિલ ૨૦૨૩) કે બે કિસ્સાઓમાં, રહેણાંક વસાહતના બાંધકામ/વીજ સબ-સ્ટેશન સ્થાપવાના હેતુ માટે, બે અરજદારોએ બે તાલુકાના બે ગામોના જુદા જુદા મહેસૂલી સર્વે નંબરો પર આવેલી 39,16,076 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ફાળવવા માટે અરજી કરી હતી. જંત્રી દર મુજબ, ઉપરોક્ત જમીનની બજાર કિંમત ₹ 77.45 કરોડ હતી. આમ, આ કિસ્સાઓમાં, ફાળવણીના અંતિમ આદેશો બહાર પાડતી વખતે, જીલ્લા કલેક્ટરે ₹ 77.45 લાખ (જમીનની બજાર કિંમતનો એક ટકો) નો સર્વિસ ચાર્જની ચૂકવણીની ખાતરી કરવી જરૂરી હતી. જોકે, અરજદારોએ માત્ર ₹ 9.54 લાખનો સર્વિસ ચાર્જ ચૂકવ્યો હતો. તેથી, ફાળવણીના અંતિમ આદેશો બહાર પાડતા પહેલા કલેક્ટરે અરજદારો પાસેથી ₹ 67.91 લાખનો સર્વિસ

[22] ખાનભાલા અને નાડાપા ગામ ખાતે એક કંપનીના બે કેસ અને લક્ષ્મીપર (નેત્રા) અને વડવા ભોપાવાળા ગામ ખાતે બીજી કંપનીના બે કેસ.

ક્રમાંક	કચેરી/ સમયગાળો/ કેસોની સંખ્યા/ રકમ (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
		ચાર્જનો તફાવત વસૂલ કરવાની જરૂર હતી. જોકે, કલેક્ટરે ₹ 67.91 લાખનો સર્વિસ ચાર્જ લાગુ કર્યો નથી કે વસૂલ કર્યો નથી. આ બાબત ધ્યાન પર લાવવામાં આવી ત્યારે, જિલ્લા કલેક્ટરે જવાબ આપ્યો હતો (માર્ચ 2023) કે ખૂટતો સર્વિસ ચાર્જ વસૂલ કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (ફેબ્રુઆરી 2025).
3	જીલ્લા કલેક્ટર, સુરેન્દ્રનગર 2017-22 13 કેસો 7.89	ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું (એપ્રિલ 2023) કે 13 કેસોમાં, પવનચક્કીઓ સ્થાપવાના હેતુ માટે, એક અરજદારે બે તાલુકાના 13 ગામોના વિવિધ મહેસૂલ સર્વે નંબરો પર આવેલી 5,70,000 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ફાળવવા માટે અરજી કરી હતી. જંત્રી દર મુજબ, ઉપરોક્ત જમીનની બજાર કિંમત ₹ 11.98 કરોડ હતું. આમ, આ કેસોમાં, જિલ્લા કલેક્ટરે અરજીઓની પ્રક્રિયા કરતા પહેલા ₹ 11.98 લાખ (જમીનની બજાર કિંમતના એક ટકા) નો સર્વિસ ચાર્જની ચૂકવણીની ખાતરી કરવી જરૂરી હતી. જોકે, અરજદારે તેની અરજીઓ સાથે જ ₹ 4.09 લાખનો સર્વિસ ચાર્જ ચૂકવ્યો હતો. તેથી, કલેક્ટરે અરજદાર પાસેથી તેમની અરજીઓને અંતિમ સ્વરૂપ આપતા પહેલા ₹ 7.89 લાખ જેટલો સર્વિસ ચાર્જનો તફાવત વસૂલ કરવાનો હતો. જોકે, કલેક્ટરે ન તો ₹ 7.89 લાખનો સર્વિસ ચાર્જ લાગુ કર્યો હતો કે ન તો વસૂલાત કરી હતી. આ બાબતમાં ધ્યાન દોરવામાં આવ્યુ ત્યારે, જીલ્લા કલેક્ટરે જવાબ આપ્યો હતો (માર્ચ 2023) કે ખૂટતા સર્વિસ ચાર્જની વસૂલાત માટે જરૂરી પગલાં લેવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (ફેબ્રુઆરી 2025).
4	અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર 2021-23 03 કેસો 16.47	ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું (જુલાઈ 2023) કે ત્રણ કેસોમાં, રહેણાંક વસાહતના બાંધકામ/વીજ સબ-સ્ટેશન સ્થાપવાના હેતુ માટે, બે અરજદારોએ ત્રણ તાલુકાના ત્રણ ગામોના જુદા જુદા મહેસૂલી સર્વે નંબરો પર આવેલી 10,62,932 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ફાળવવા માટે અરજી કરી હતી. જંત્રી દર મુજબ, ઉપરોક્ત જમીનની બજાર કિંમત ₹ 49.82 કરોડ હતી. આમ, આ કેસોમાં, મહેસૂલ વિભાગના આદેશો અનુસાર ફાળવણીના અંતિમ આદેશો જારી કરતી વખતે, જીલ્લા કલેક્ટરે ₹ 49.82 લાખ (જમીનની બજાર કિંમતનો એક ટકો) નો સર્વિસ ચાર્જની ચૂકવણીની ખાતરી કરવી જરૂરી હતી. જોકે, અરજદારોએ માત્ર ₹ 33.35 લાખનો સર્વિસ ચાર્જ ચૂકવ્યો હતો. તેથી, ફાળવણીના અંતિમ આદેશો બહાર પાડતા પહેલા કલેક્ટરે અરજદારો પાસેથી ₹ 16.47 લાખનો સર્વિસ ચાર્જનો તફાવત વસૂલ કરવાની જરૂર

ક્રમાંક	કચેરી/ સમયગાળો/ કેસોની સંખ્યા/ રકમ (₹ લાખમાં)	અવલોકનનો પ્રકાર
		હતી. જોકે, કલેક્ટરે ₹ 16.47 લાખનો સર્વિસ ચાર્જ લાગુ કર્યો નથી કે વસૂલ કર્યો નથી. આ બાબત ધ્યાન દોરવામાં આવતા, વિભાગે જવાબ આપ્યો હતો (જૂન 2023) કે આ બાબત જરૂરી કાર્યવાહી માટે જિલ્લા કલેક્ટરને મોકલવામાં આવશે. વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (ફેબ્રુઆરી 2025).
5	કલેક્ટર, અમદાવાદ 2020-22 02 કેસો 64.07	ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું (મે 2023) કે બે કિસ્સાઓમાં, સોલાર પ્લાન્ટ સ્થાપવાના હેતુ માટે, એક અરજદારે પચ્છમ ગામના વિવિધ મહેસૂલી સર્વે નંબરો પર આવેલી 22,74,986 ચોરસ મીટર જેટલી સરકારી જમીન ફાળવવા માટે અરજી કરી હતી. જંત્રી દર મુજબ, ઉપરોક્ત જમીનની બજાર કિંમત ₹ 64.07 કરોડ હતી. આમ, આ કિસ્સાઓમાં, અરજીઓની પ્રક્રિયા કરતા પહેલા જિલ્લા કલેક્ટરે ₹ 64.07 લાખ (જમીનની બજાર કિંમતના એક ટકા) નો સર્વિસ ચાર્જની ચૂકવણીની ખાતરી કરવી જરૂરી હતી. આમ છતાં, ન તો અરજદારે સર્વિસ ચાર્જ ચૂકવ્યો હતો કે ન તો કલેક્ટરે અરજીઓને અંતિમ રૂપ આપતા પહેલા અરજદાર પાસેથી ₹ 64.07 લાખનો સર્વિસ ચાર્જ વસૂલ કર્યો હતો. જિલ્લા કલેક્ટરના જવાબની રાહ જોવાઈ રહી છે (ફેબ્રુઆરી 2025).
6	કલેક્ટર, અમરેલી 2018-23 01 કેસ 9.62	ઓડિટમાં ધ્યાનમાં આવ્યું હતું (ફેબ્રુઆરી 2024) કે એક કિસ્સામાં, ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાના હેતુ માટે, અરજદારે ચાંચ ગામ ખાતે આવેલી 89,034 ચોરસ મીટર સરકારી જમીન ફાળવવા માટે અરજી કરી હતી. જંત્રી દર મુજબ, ઉપરોક્ત જમીનની બજાર કિંમત ₹ 9.62 કરોડ હતી. આમ, આ કિસ્સામાં, ફાળવણીનો અંતિમ હુકમ બહાર પાડતી વખતે, જીલ્લા કલેક્ટરે ₹ 9.62 લાખ (જમીનના બજાર કિંમતનો એક ટકો) નો સર્વિસ ચાર્જની ચૂકવણીની ખાતરી કરવી જરૂરી હતી. જોકે, ફાળવણીનો અંતિમ હુકમ બહાર પાડતા પહેલા ન તો અરજદારે સર્વિસ ચાર્જ ચૂકવ્યો, ન તો કલેક્ટરે અરજદાર પાસેથી ₹ 9.62 લાખનો સર્વિસ ચાર્જ વસૂલ કર્યો. આ બાબત ધ્યાન દોરવામાં આવ્યુ ત્યારે જીલ્લા કલેક્ટરે જણાવ્યું (જાન્યુઆરી 2025) કે અરજદારને સર્વિસ ચાર્જ ચૂકવવા માટે જણાવવામાં આવ્યુ છે (જુલાઈ 2024). વધુ જવાબની રાહ જોવાઈ રહી છે (ફેબ્રુઆરી 2025).

પરિશિષ્ટ X

કામ નં. 1 નો ઘટનાક્રમ: લેવલ ક્રોસીંગ 81 ની જગ્યાએ રેલ ઓવર બ્રિજ

(ફકરા 3.9માં સંદર્ભિત)

પરિશિષ્ટ XI

નિર્ધારિત સંખ્યા કરતાં ઓછી જળચર પ્રજાતિઓ હોય એવી પ્રદર્શન ટાંકીઓની મહિના-મુજબ વિગતો અને વસુલવાપાત્ર દંડ

(ફકરા 3.12માં સંદર્ભિત)

મહિનો	પ્રજાતિઓની સંખ્યા ઓછી હોય એવી ટાંકીઓની સંખ્યા (કુલ 68 ટાંકીઓની ટકાવારી)	ટાંકીનો ચોક્કસ નંબર(રો)	નોંધ	બનાવોની સંખ્યા (એટલે કે મંજૂરીપાત્ર ચાર ટાંકીઓ[23] કરતાં અધિક બિન-અનુપાલન ટાંકીઓની સંખ્યા
જૂલાઇ 2021	23 (33.82)	1, 2, 5, 12, 16, 17, 18, 19, 20, 22, 24, 26, 27, 29, 37, 39, 41, 51, 57, 59, 60, 63, 64		19
ઑગષ્ટ 2021	30 (44.12)	1, 2, 5, 6, 12, 16, 17, 18, 19, 20, 22, 23, 24, 26, 27, 28, 29, 37, 39, 41, 46, 51, 55, 56, 57, 59, 60, 62, 63, 64		26
સપ્ટેમ્બર 2021	30 (44.12)	1, 2, 5, 6, 12, 16, 17, 18, 19, 20, 22, 23, 24, 26, 27, 28, 29, 37, 39, 41, 46, 51, 55, 56, 57, 59, 60, 62, 63, 64		26
ઓક્ટોબર 2021	31 (45.59)	1, 2, 5, 6, 12, 16, 17, 18, 19, 20, 22, 23, 24, 26, 27, 28, 29, 37, 39, 41, 46, 51, 55, 56, 57, 59, 60, 61, 62, 63, 64		27
નવેમ્બર 2021	32 (47.06)	1, 2, 5, 6, 12, 16, 17, 18, 19, 20, 22, 23, 24, 26, 27, 28, 29,		28

[23] કરારની શરતો મુજબ, ઓછામાં ઓછા 95 ટકા પ્રદર્શન ટાંકીઓ (એટલે કે 68 ટાંકીઓમાંથી 64) માં જળચર પ્રજાતિઓની નિર્દિષ્ટ સંખ્યા હોવી આવશ્યક છે.

મહિનો	પ્રજાતિઓની સંખ્યા ઓછી હોય એવી ટાંકીઓની સંખ્યા (કુલ 68 ટાંકીઓની ટકાવારી)	ટાંકીનો ચોક્કસ નંબર(રો)	નોંધ	બનાવોની સંખ્યા (એટલે કે મંજૂરીપાત્ર ચાર ટાંકીઓ[23] કરતાં અધિક બિન-અનુપાલન ટાંકીઓની સંખ્યા
		37, 39, 41, 45, 46, 51, 55, 56, 57, 59, 60, 61, 62, 63, 64		
			બનાવોનો પેટા-સરવાળો	126
			લેવાપાત્ર દંડ (પ્રત્યેક બનાવ માટે મહિને એક ટકો)	₹ 1,06,48,723 ગુણ્યા એક ટકો ગુણ્યા 126 = ₹ 1,34,17,391
ડિસેમ્બર 2021	37 (54.41)	1, 2, 5, 6, 7, 9, 12, 16, 17, 18, 19, 20, 22, 23, 24, 26, 27, 28, 29, 37, 39, 41, 44, 45, 46, 49, 51, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64	ટાંકી નં.49 (કટલફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	33
જાન્યુઆરી 2022	37 (54.41)	1, 2, 5, 6, 7, 9, 12, 16, 17, 18, 19, 20, 22, 23, 24, 26, 27, 28, 29, 37, 39, 41, 44, 45, 46, 49, 51, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64	ટાંકી નં.49 (કટલફીશ), 55 (મુન જેલી ફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	33
ફેબ્રુઆરી 2022	28 (41.18)	1, 5, 6, 12, 17, 20, 27, 28, 37, 39, 41, 42, 44, 45, 46, 49, 51, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64	-do-	24
માર્ચ 2022	30 (44.12)	1, 5, 6, 12, 17, 18, 19, 20, 27, 28, 37, 39, 41, 42, 44, 45, 46, 49, 51, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64	-do-	26

મહિનો	પ્રજાતિઓની સંખ્યા ઓછી હોય એવી ટાંકીઓની સંખ્યા (કુલ 68 ટાંકીઓની ટકાવારી)	ટાંકીનો ચોક્કસ નંબર(રો)	નોંધ	બનાવોની સંખ્યા (એટલે કે મંજૂરીપાત્ર ચાર ટાંકીઓ[23] કરતાં અધિક બિન-અનુપાલન ટાંકીઓની સંખ્યા
એપ્રિલ 2022	32 (47.06)	1, 5, 6, 12, 17, 18, 19, 20, 26, 27, 28, 37, 39, 41, 42, 44, 45, 46, 49, 50, 51, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64	-do-	28
મે 2022	36 (52.94)	1, 3, 5, 6, 12, 17, 18, 19, 20, 26, 27, 28, 36, 37, 39, 41, 42, 43, 44, 45, 46, 49, 50, 51, 52, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64	ટાંકી નં.42 (સ્ટોન ફીશ), 49 (કટલફીશ),50 (ઓક્ટોપસ), 55 (મુન જેલીફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	32
જૂન 2022	39 (57.35)	1, 3, 5, 6, 9, 10, 12, 17, 18, 19, 20, 26, 27, 28, 32, 36, 37, 39, 41, 42, 43, 44, 45, 46, 49, 50, 51, 52, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64	-do-	35
જૂલાઇ 2022	42 (61.76)	1, 3, 5, 6, 9, 10, 12, 17, 18, 19, 20, 24, 26, 27, 28, 31, 32, 33, 36, 37, 39, 41, 43, 44, 45, 46, 49, 50, 51, 52, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64, 67	ટાંકી નં.49 (કટલફીશ), 50 (ઓક્ટોપસ), 55 (મુન જેલીફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	38
ઑગષ્ટ 2022	42 (61.76)	1, 3, 5, 6, 9, 10, 12, 17, 18, 19, 20, 26, 27, 28, 31, 32, 33, 36, 37, 39, 41, 42,	-do-	38

મહિનો	પ્રજાતિઓની સંખ્યા ઓછી હોય એવી ટાંકીઓની સંખ્યા (કુલ 68 ટાંકીઓની ટકાવારી)	ટાંકીનો ચોક્કસ નંબર(રો)	નોંધ	બનાવોની સંખ્યા (એટલે કે મંજૂરીપાત્ર ચાર ટાંકીઓ[23] કરતાં અધિક બિન-અનુપાલન ટાંકીઓની સંખ્યા
		43, 44, 45, 46, 49, 50, 51, 52, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 64, 67		
સપ્ટેમ્બર 2022	38 (55.88)	1, 3, 5, 6, 9, 10, 12, 17, 18, 19, 20, 26, 27, 28, 32, 33, 36, 37, 39, 41, 43, 44, 45, 46, 48, 49, 51, 52, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 67	ટાંકી નં.49 (કટલફીશ), 55 (મુન જેલીફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	34
ઓક્ટોબર 2022	39 (57.35)	1, 3, 5, 6, 9, 10, 12, 17, 18, 19, 20, 26, 27, 28, 32, 33, 36, 37, 39, 41, 43, 44, 45, 46, 48, 49, 50, 51, 52, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 67	ટાંકી નં.49 (કટલફીશ), 50 (ઓક્ટોપસ), 55 (મુન જેલીફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	35
નવેમ્બર 2022	42 (61.76)	1, 2, 3, 5, 6, 9, 10, 12, 17, 18, 19, 20, 22, 24, 26, 28, 32, 33, 36, 37, 39, 41, 42, 43, 44, 45, 46, 48, 49, 51, 52, 53, 55, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 67	ટાંકી નં.49 (કટલફીશ), 55 (મુન જેલીફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી.	38
ડિસેમ્બર 2022	39 (57.35)	1, 2, 3, 5, 6, 8, 12, 17, 19, 20, 22, 26, 28, 32, 33, 36, 37, 39, 41, 42, 43, 44, 45, 46, 48, 49, 51, 52, 53, 55, 56, 57,	ટાંકી નં.42 (સ્ટોન ફીશ), 49 (કટલફીશ), 55 (મુન જેલીફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં	35

મહિનો	પ્રજાતિઓની સંખ્યા ઓછી હોય એવી ટાંકીઓની સંખ્યા (કુલ 68 ટાંકીઓની ટકાવારી)	ટાંકીનો ચોક્કસ નંબર(રો)	નોંધ	બનાવોની સંખ્યા (એટલે કે મંજૂરીપાત્ર ચાર ટાંકીઓ[23] કરતાં અધિક બિન-અનુપાલન ટાંકીઓની સંખ્યા
		58, 59, 60, 61, 62, 63, 67	પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	
જાન્યુઆરી 2023	38 (55.88)	1, 2, 3, 6, 8, 10, 12, 17, 19, 20, 22, 26, 28, 32, 33, 36, 37, 39, 41, 42, 43, 44, 45, 46, 48, 49, 51, 52, 53, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 67	ટાંકી નં.42 (સ્ટોન ફીશ), 49 (કટલફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	34
ફેબ્રુઆરી 2023	37 (54.41)	1, 2, 3, 6, 8, 9, 12, 17, 19, 20, 22, 26, 28, 32, 33, 36, 37, 39, 41, 42, 43, 44, 45, 46, 48, 49, 51, 52, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 67	ટાંકી નં. 42 (સ્ટોન ફીશ), 49 (કટલફીશ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	33
માર્ચ 2023	40 (58.82)	1, 2, 3, 5, 6, 8, 9, 17, 19, 20, 22, 23, 26, 28, 31, 32, 33, 36, 37, 39, 41, 42, 43, 44, 45, 46, 48, 49, 50, 51, 52, 56, 57, 58, 59, 60, 61, 62, 63, 67	ટાંકી નં. 49 (કટલફીશ), 50 (ઓક્ટોપસ) અને 56 (સ્પોટેડ જેલીફીશ) માં પ્રજાતિઓની સંખ્યા 'શૂન્ય' હતી	36
			બનાવોનો પેટા-સરવાળો	532
			લેવાપાત્ર દંડ (પ્રત્યેક બનાવ માટે મહિને એક ટકો)	₹ 1,08,66,044 ગુણ્યા એક ટકો ગુણ્યા 532 = ₹ 5,78,07,354
			કુલ લેવાપાત્ર દંડ	₹ 7,12,24,745

પરિશિષ્ટ XII

ઓડિટ સમયગાળા દરમિયાન પર્યાપ્ત સંખ્યા કરતાં ઓછી પ્રજાતિઓ ધરાવતી ટાંકીઓ દર્શાવતો હીટ મેપ

(ફકરા 3.12માં સંદર્ભિત)

ટાંકી નં.	જૂલા -21	ઑગ -21	સપ્ટે -21	ઓક્ટો-21	નવેv-21	ડિસે-21	જાન્યુ-22	ફેબ્રુ-22	માર્ચ-22	એપ્રિલ -22	મે-22	જૂન-22	જૂલાઇ -22	ઑગ ષ્ટ-22	સપ્ટે-22	ઓક્ટો-22	નવે-22	ડિસે-22	જાન્યુ -23	ફેબ્રુ-23	માર્ચ-23
ટાંકી 1	81	76	76	76	76	76	76	76	59	59	59	33	77	97	46	50	53	64	73	82	73
ટાંકી 2	94	94	94	94	94	94	94	100	100	100	100	100	100	100	100	100	94	94	94	94	94
ટાંકી 3	100	100	100	100	100	100	100	100	100	100	62.5	63	88	88	88	88	75	75	75	75	75
ટાંકી 5	95	95	95	95	95	95	95	95	95	94	94	94	94	94	94	94	94	94	100	100	98
ટાંકી 6	100	92	85	85	85	77	77	92	85	85	85	85	85	85	85	85	85	85	85	85	85
ટાંકી 7	100	100	100	100	100	83	83	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100
ટાંકી 8	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	99	99	98	98
ટાંકી 9	100	100	100	100	100	94	91	100	100	100	100	94	94	94	94	94	94	100	100	97	97
ટાંકી 10	100	100	100	100	100	100	100	100	100	100	100	83	83	83	83	91	87	100	99	100	100
ટાંકી 12	93	92	91	91	91	91	91	99	99	99	99	86	81	81	88	95	90	90	90	95	100
ટાંકી 16	99	99	99	99	98	97	97	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100
ટાંકી 17	97	97	97	97	97	97	97	93	91	91	91	90	88	88	88	88	87	87	87	87	85
ટાંકી 18	95	95	90	90	85	85	85	100	85	80	60	55	50	95	90	60	55	100	100	100	100
ટાંકી 19	98	98	98	98	98	98	98	100	99	99	99	99	99	99	99	99	98	98	98	98	97
ટાંકી 20	99	99	98	98	98	98	98	97	93	93	93	73	94	94	94	94	93	93	93	93	93
ટાંકી 22	98	97	96	95	93	93	91	100	100	100	100	100	100	100	100	100	99	99	99	99	99
ટાંકી 23	100	98	98	98	98	98	98	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	98
ટાંકી 24	87	87	87	87	87	87	87	100	100	100	100	100	93	100	100	100	93	100	100	100	100
ટાંકી 26	87	85	85	83	83	82	81	100	100	97	97	96	67	98	95	97	91	97	96	98	94
ટાંકી 27	92	92	92	91	88	84	80	78	75	75	56	56	58	77	73	73	100	100	100	100	100
ટાંકી 28	100	100	100	99	89	89	89	99	97	97	84	72	50	43	50	67	63	73	60	54	70
ટાંકી 29	98	98	98	98	98	98	98	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100
ટાંકી 32	100	100	100	100	100	100	100	100	100	100	100	59	59	59	84	84	83	81	79	75	72

ટાંકી ID	જૂલાઇ -21	ઓગ- 21	સપ્ટે- 21	ઓક્ટોt -21	નવે- 21	ડિસે- 21	જાન્યુ -22	ફેબ્રુ- 22	માર્ચ- 22	એપ્રિલ- 22	મે- 22	જૂન- 22	જૂલાઇ -22	ઓગ- 22	સપ્ટે -22	ઓક્ટો- 22	નવે- 22	ડિસે- 22	જાન્યુ -23	ફેબ્રુ- 23	માર્ચ- 23
ટાંકી 33	100	100	100	100	100	100	100	100	100	100	100	100	98	94	93	90	87	86	84	84	84
ટાંકી 36	100	100	100	100	100	100	100	100	100	100	95	95	95	95	95	85	80	55	40	90	90
ટાંકી 37	86	86	84	84	84	84	84	84	84	44	44	10	16	29	29	31	33	33	31	41	43
ટાંકી 39	95	95	95	95	95	85	85	85	85	85	85	85	87	91	55	56	56	56	64	62	62
ટાંકી 41	80	80	73	73	58	48	43	55	55	15	15	5	5	23	50	63	53	55	63	65	65
ટાંકી 42	100	100	100	100	100	100	100	67	67	67	0	0	100	67	100	100	33	0	0	0	33
ટાંકી 43	100	100	100	100	100	100	100	100	100	100	91	84	85	85	80	80	80	86	81	76	93
ટાંકી 44	100	100	100	100	100	97	96	96	94	94	68	69	81	81	86	86	86	80	77	79	79
ટાંકી 45	100	100	100	100	96	91	90	90	89	89	89	35	35	20	16	15	15	14	14	15	16
ટાંકી 46	100	100	98	98	98	97	96	100	97	97	97	11	9	19	19	18	25	33	33	33	57
ટાંકી 48	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	100	94	81	81	94	93	89	89
ટાંકી 49	100	100	100	100	100	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0
ટાંકી 50	100	100	100	100	100	100	100	100	100	0	0	0	0	0	100	0	100	100	100	100	0
ટાંકી 51	99	99	99	99	99	98	98	99	79	79	76	4	15	11	6	55	53	50	23	27	45
ટાંકી 52	100	100	100	100	100	100	100	100	100	100	83	60	53	43	57	57	57	57	67	70	70
ટાંકી 53	100	100	100	100	100	100	100	98	90	90	50	50	88	70	100	100	95	78	78	100	100
ટાંકી 55	100	60	60	60	60	60	0	0	0	0	0	0	0	0	0	0	0	0	100	100	100
ટાંકી 56	100	20	4	4	4	4	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0
ટાંકી 57	99	99	99	99	99	98	98	96	89	89	89	85	88	92	92	96	95	96	97	98	98
ટાંકી 58	100	100	100	100	100	80	80	80	80	80	80	80	80	80	80	80	80	80	80	80	80
ટાંકી 59	90	65	65	65	65	25	25	25	25	25	25	45	45	45	45	45	45	45	45	45	45
ટાંકી 60	92	92	92	92	91	91	91	91	91	91	91	73	68	71	73	61	71	71	77	82	82
ટાંકી 61	100	100	100	83	83	83	83	83	83	83	83	83	83	83	83	83	83	83	83	83	83
ટાંકી 62	100	97	97	97	97	97	97	97	97	97	97	97	97	97	72	63	63	71	77	88	86
ટાંકી 63	97	97	97	97	97	97	97	97	97	97	97	97	97	97	75	75	75	77	85	92	92
ટાંકી 64	96	96	96	96	96	96	96	96	96	96	96	96	96	96	100	100	100	100	100	100	100
ટાંકી 67	100	100	100	100	100	100	100	100	100	100	100	100	75	75	75	75	75	75	75	75	75

હીટ મેપમાં, ઘેરો લાલ રંગ જરૂરી પ્રજાતિઓના 2/3 કરતા ઓછી ધરાવતી બધી ટાંકીઓને અનુરૂપ છે. પછી રંગ આછો થાય છે, ટાંકીમાં રહેતી 100 ટકા જળચર પ્રજાતિઓ માટે સફેદ સુધી.

પરિશિષ્ટ XIII

ગુજરાત સરકારને ચૂકવવાપાત્ર રોયલ્ટી અને વ્યાજ

(ફકરા 3.13માં સંદર્ભિત)

વર્ષ	ગુજરાત સરકાર અને ભારત સરકારને ચૂકવવાપાત્ર કુલ રોયલ્ટી (₹ માં)	ગુજરાત સરકારનો 53 ટકા રોયલ્ટીનો હિસ્સો (₹ માં)	ભારત સરકારનો રોયલ્ટીનો 47 ટકા હિસ્સો (₹ માં)	2021-22 માં GSPC દ્વારા ગુજરાત સરકારને ચૂકવાયેલી રોયલ્ટી (66.67 ટકા) (₹ માં)	NIKO દ્વારા ગુજરાત સરકારને ચૂકવવાપાત્ર રોયલ્ટી (33.33 *ટકા*) (₹ માં)	GSPC માટે વર્ષોની સંખ્યા (2020-21 સુધી)	સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાનો પ્રાઇમ લેન્ડીંગ દર * (ટકામાં)	200 બેસીસ પોઇન્ટ (ટકામાં)	GSPC દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ (₹ માં)	NIKO માટે વર્ષોની સંખ્યા (2022-23 સુધી)	NIKO દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ (₹ માં)
1	2	3= 2*0.53	4=2*0.47	5=3*0.6667	6=સ્તંભ. 3*0.3333	7	8	9= 8 વત્તા 2 ટકા	10= 5*7*9/100	11	12= 6*9* 11/100
2003-04	64836383.00	34363282.99	30473100.01	22910000.77	11453282.22	17	10.25	12.25	47710076.60	19	26657514.37
2004-05	65918805.00	34936966.65	30981838.35	23292475.67	11644490.98	16	10.25	12.25	45653252.30	18	25676102.62
2005-06	73145803.00	38767275.59	34378527.41	25846142.64	12921132.95	15	10.25	12.25	47492287.09	17	26908259.38
2006-07	49785802.00	26386475.06	23399326.94	17591862.92	8794612.14	14	10.25	12.25	30170044.91	16	17237439.79
2007-08	33382377.00	17692659.81	15689717.19	11795696.30	5896963.51	13	12.25	14.25	21851527.39	15	12604759.51
2008-09	37853572.00	20062393.16	17791178.84	13375597.52	6686795.64	12	12.25	14.25	22872271.76	14	13340157.30
2009-10	20336070.00	10778117.10	9557952.90	7185770.67	3592346.43	11	11.75	13.75	10868478.14	13	6421319.24
2010-11	12825821.00	6797685.13	6028135.87	4532016.68	2265668.45	10	11.75	13.75	6231522.93	12	3738352.95
2011-12	9605713.00	5091027.89	4514685.11	3394188.29	1696839.60	9	13.00	15.00	4582154.20	11	2799785.33
2012-13	8211546.00	4352119.38	3859426.62	2901557.99	1450561.39	8	14.45	16.45	3818450.32	10	2386173.49
2013-14	4573656.00	2424037.68	2149618.32	1616105.92	807931.76	7	14.45	16.45	1860945.97	9	1196142.97
કુલ	380475548.00	**201652040.44**	**178823507.56**	134441415.36	**67210625.07**				**243111011.61**		**138966006.95**

* સંબંધિત નાણાકીય વર્ષ માટેનો સૌથી નીચો પ્રાઇમ લેન્ડીંગ રેટ ધ્યાને લીધો છે.

ક લવાદના ચુકાદા બાદ ગુજરાત સરકાર પાસે રોયલ્ટી જમા કરવામાં વિલંબ માટે GSPC દ્વારા ચૂકવવામાં આવેલું વ્યાજ (30.09.2020 થી 18.08.2021 @14.25 ટકા: ₹ 16848454.33

ખ GSPC દ્વારા ચૂકવવાપાત્ર બાકીનું વ્યાજ (₹ 243111011.61 *બાદ* ₹ 16848454.33) : ₹ 226262557.28

ગ NIKO દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ : ₹ 138966006.95

ઘ GSPC અને NIKO દ્વારા ગુજરાત સરકારને ચૂકવવાપાત્ર કુલ વ્યાજની રકમ : ₹ 365228564.23

ચ NIKO દ્વારા ગુજરાત સરકારને ચૂકવવાપાત્ર રોયલ્ટી : ₹ 67210625.07

© ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

www.cag.gov.in

https://cag.gov.in/ag2/gujarat/en